શ્રી

# શત્રુંજય પ્રકાશ

અને

# જૈનો વિરૂદ્ધ પાલીતાણા.

લેખક,

શેઠ દેવચંદ દામજી કુંડલાકર.

અધિપતિ 'જૈન.'

પ્રકાશક,

જૈન પત્રની ઓફીસ.

ભાવનગર.

કીંમત રૂા. ૧-૦-૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ઉપોદ્‌ઘાત.

ગયા વર્ષમાં એક સવારે એવો પત્ર મળ્યો કે-" તીર્થાધિરાજ શ્રી શત્રુંજયને અંગે રાજકીય હકુમતની દોરવણી કરવાના કામ પાછળ રાજ્યના મુખ્ય કારભારી મહીનાઓથી સર્વસ્વ લક્ષ આપી રહ્યા છે " ત્યારે સ્વાભાવિક રીતે મને એ પ્રશ્ન થયો કે જે સ્થાન અનાદિ કાળથી કેવળ આત્મકલ્યાણ અર્થે તીર્થસ્વરૂપે સ્થાપિત હોઇને પુણ્ય-પવિત્ર મનાય છે, આર્ય રાજવી બહાદુરસિંહજીની હાર્દિક વિશાળતાને માટે ઉચ્ચ મત છે તેવા સંજોગોમાં ધાર્મિક સ્વતંત્રતા ઉપર હક્ક અને હકુમતની ઇમારતો ચણવાની કલ્પના કેમ હોઇ શકે ? છતાં આ ખબરમાં ચેતવણીનું રહસ્ય છુપાયેલું હતું તેથી એક પત્રકાર તરીકે આ સમયોચિત સુચના તરફ છેક ઉપેક્ષા કરવી તે પણ મને ઠીક ન લાગ્યું; કેમકે વર્તમાન યુગ કાયદા અને કલમની આંટીઘુંટીનો હોવાથી કેવળ ધર્મ, શ્રદ્ધા કે મોંની વાતો ઉપર મદાર બાંધીને બેસી રહેનારી પ્રજાનાં જગતમાં નામ નિશાન પણ નથી રહ્યાં. એ ઇતિહાસપ્રસિદ્ધ વાત હોવાથી આ સાવચેતીના પરિણામે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપરના સ્થાપિત હક્ક અને કબજા ભોગવટાનો સપ્રમાણ ઇતિહાસ અવલોકવો એ જરૂરી હતું.

સાદી નજરે જોતાં તો " શત્રુંજય રીખવ સમોસર્યા ભલા ગુણ ભર્યા રે, સિધ્યા સાધુ અનંત તીરથ તે નમું રે " આદિ સ્તવનો અને મહાત્મ્યના ગ્રંથો શત્રુંજય સાથેના જૈનના શાશ્વત સબંધનું ભાન કરાવવાને બસ હતા; પરંતુ અત્યારનો પ્રશ્ન કાયદાની સરાણે ચઢવાનો હોવાથી કેવળ આટલા આધાર ઉપર બેસી ન રહેવાય. તેથી જાહેર પુરૂષોની કસોટીએ ચઢેલો અને કાયદાની આંકણીથી અંકાએલો ઇતિહાસ જાણવો જોઇએ. કેમકે જેમ મુખાકૃતિ જોવા માટે આરસીની અગત્ય રહે છે તેમ આંતરપ્રદેશ અવલોકવાને પૂર્વ પ્રસંગનો ઇતિહાસ એજ આવશ્યક સાધન ગણી શકાય. એટલા માટે પ્રભુશ્રી મહાવીર સ્વામીના સમયથી આજ લગભગ પચીસો વર્ષમાં જૈનોનો શ્રી શત્રુંજય સાથેનો અસ્ખલિત સંબંધ કેવી રીતે જળવાઇ રહ્યો છે તે જોવાનું હતું. આ પ્રશ્નને અંગે જેમ જેમ ઉંડો ઉતરતો ગયો તેમ તેમ પ્રાચીન રાસાઓ, કથાનકો-ઇતિહાસો અને પૂર્વ પુરૂષો રચિત ચરિત્રોનું વિશાળ સાહિત્ય મળી આવ્યું તેથી ઐતિહાસિક દૃષ્ટિએ શૃંખલાબદ્ધ ગોઠવવાનું રહ્યું અને તેમાં જ્યાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્યાં મારી બુદ્ધિ ન પહોંચી શકી ત્યાં જાહેર પ્રશ્ન ચર્ચીને ઇતિહાસરસિક સાક્ષરોની સ્હાય લેવામાં આવી.

મને જણાવતાં હર્ષ થાય છે કે મારા આ કાર્યમાં ઇતિહાસ રસિકો, સાક્ષરો અને આગેવાનોને જ્યારે મેં જે જે શ્રમ આપ્યો છે ત્યારે ત્યારે તેમણે બનતી સલાહ આપવાને લાગણી બતાવવાથી એવા આપ્ત પરિજનોની હુંફમાંજ હું આ કામ હાથ ધરી શકયો અને તેમાં લગભગ સો જેટલા પૂર્વાચાર્યો રચિત ગ્રંથ સંગ્રહનો ઓથ મને ઉપકારક થઇ પડયો છે.

આ અનુકુળતા વચ્ચે મારે તો ફક્ત સર્વ ઉપકારકોની શકિતને આ લેખમાં ઉતારવાની હોવાથી તે કાર્ય આગળ ધપાવ્યો જતો હતો, તેવામાં પાલીતાણા સ્ટેટની અરજી હાથમાં આવી. આ ઐતિહાસિક મહાસાગર ઓળંગવાની પુરી અગત્યતા છતાં તે વિકટ અને લાંબો પંથ કાપવાનું મુલતવી રાખવાની ફરજ પડી. કેમકે આ અરજી હક્ક અને હકુમતના નામે એક આર્ય રાજવીને હાથે ધાર્મિક સ્વતંત્રતા ઉપર આક્રમણ હતું એટલે નજીકની વસ્તુસ્થિતિનો વિચાર કરવાને નામદાર ઠાકોર સાહેબને તક મળે, જાહેર પ્રજા આ કેસનું વાસ્તવિક સ્વરૂપ સમજી શકે તે માટે છેલ્લા એક હજાર વર્ષનો ટુંકો ઇતિહાસ તારવી લઇ આ ગ્રંથ દ્વારા જાહેરની દૃષ્ટિમાં મુકવાની અગત્ય વિચારી છે. એક જૈન તરીકે શ્રી શત્રુંજય તીર્થને અંગે જૈન પ્રજાના સ્થાપિત હક્કોનું સંશોધન કર્યું છે; છતાં તેમાં પક્ષપાત કે કલ્પનાનો રંગ ન પુરાય તે માટે પુરતી કાળજી રાખી છે.

ટુંકમાં શ્રી શત્રુંજય તીર્થનો દીર્ઘકાળથી જૈનો અબાધિત કબજો-ભોગવટો ધરાવે છે તેની ખાત્રી માટે કાળજુના ઇતિહાસને આગળ રાખી તેમજ શીલાલેખો, પ્રાચિન દેવ-મંદિરો, રસ્તાઓ, આરામસ્થાનો, કુંડો વગેરે પ્રત્યક્ષ પુરાવારૂપે છેક સંપ્રતિ રાજાથી શરૂ કરી ગુર્જરેશ્વરોના જૈન અમાત્યો અને શ્રીમાનોની નિરાબાધ તીર્થભક્તિનો ઇતિહાસ લખાઇ રહ્યો છે તેની પુરવણીરૂપે આ ઐતિહાસિક દોહન છે જ્યારે તેવીસો વર્ષનો જુનો ઇતિહાસ જુદો જ તૈયાર થાય છે જે અમારા તરફથી હવે પછી બહાર પડશે.

આ પુરવણી ગ્રંથ તૈયાર કરવાની ખબર આપતાંજ એક અઠવાડીઆમાં તેની થયેલી માગણી જોતાં જૈન પ્રજાનો તીર્થપ્રેમ અને વિચારજાગૃતિનું માપ થાય છે; એટલુંજ નહિ પરંતુ ગ્રંથની વસ્તુ નજરે જોવા પહેલાંજ તેના માટે અકેક હાથથી ડઝનબંધ કોપી-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓની સામટી માગણી થાય તેમાં મારા તરફના પ્રેમ અને વિશ્વાસ તરી આવે છે તેમ જોઇ આ સવ ભાઇઓનો આ તકે આભારી છું. ખરૂં કહું તો વર્તમાન પ્રવૃત્તિને નિયમીત પહોંચી વળતાં અવિશ્રાંત બોજા વચ્ચે વખત મેળવીને ગણ્યા દિવસોમાં પુરવણી તૈયાર કરવાના મુશ્કેલ કાર્યને સફળતા મળી શકે તે યશ તેમનેજ ઘટે છે. એટલુંજ નહીં પણ અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીને આંગણે શ્રીસંઘના સંમેલનના ખબર મળ્યા પછી એકજ દિવસનો આંતરો હોવા છતાં મારા ઉતાવળીયા અને અસંબદ્ધ મેટરને હાથમાં લઇ એક દિવસમાં અગ્યાર ફરમા તૈયાર કરી આપવા પાછળ પ્રેસના સાઠ માણસોએ જે તનતોડ મહેનત ઉઠાવી મારા મનને સંતોષ્યું છે તે માટે અમારે ભાઇ ગુલાબચંદ અને આખા સ્ટાફની કદર કર્યા વિના ચાલતું નથી.

છેવટમાં એટલુંજ કહેવું બસ થશે કે આ ગ્રંથમાં બતાવેલ ઇતિહાસના દરેક મુદ્દા જાહેર પ્રમાણભૂત ગ્રંથો અને લેખોના સપ્રમાણ હવાલા છે એટલે તેની મહત્વતાનો યશ તેના મૂળ લેખકોને ઘટે છે જ્યારે અસાધારણ ઉતાવળથી કાંઇ લક્ષદોષની ભૂલ રહી જવા પામેલ હોય તો મારી અપૂર્ણતા માટે ક્ષમા માગું છું.

લી૦ સંઘનો નમ્ર,

**દેવચંદ.**

---

__ખાસ સૂચના:__

અમારા પ્રેસમાં ગુજરાતી, સંસ્કૃત યા ઇંગ્રેજી કોઈપણ જાતના ટાઈપમાં કોઈપણ સાઈઝમાં નાનું યા મોટું પાના કે પોથી આકારે સ્વચ્છ અને રેગ્યુલર કામ કરી આપવામાં આવે છે. પ્રેસખાતામાં પ્રુફ વાંચનારા પંડિતો, દરેક જાતના કાગળોનો સ્ટોક તેમજ બાઈન્ડીંગને લગતા તમામ સાધનો હોવાથી છપાવનારાઓને ઘણી સગવડતા રહે છે. અમારી આ સૂચના તરફ આપણી જૈન સંસ્થાઓ, મુનિ મહારાજાઓ અને ગૃહસ્થોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ. સાથે જણાવવું જોઈએ કે આ પ્રેસ જૈન માલેકીનું હોવાથી છપાયેલ ફોર્મની આશાતના ન થાય તેની ખાસ ચીવટ રાખવામાં આવે છે. લખો—

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી

# શત્રુંજય પ્રકાશ.

## ઐતિહાસીક પુરવણી.

**પ્રસ્તાવ—**

શ્રી શત્રુંજયગિરિરાજના ઉદ્ધાર અને ભક્તિને અંગે સમ્રાટ **સંપ્રતિ**–**વિક્રમાદિત્ય**–**શાલિવાહન**–**શિલાદિત્ય**–**આમરાજા**–**કુર્ણ**-દેવ–**સિદ્ધરાજ** જયસિંહ–કુમારપાળ–**વીર**ધવળ આદિ રાજા મહારાજાઓ તેમજ **જાવડશા**, ઉદયનમંત્રી, **સાજણ**, (સજ્જન મંત્રી) **વાગભટ** દેવ (બાહડ મંત્રી), **શાંતુ** મંત્રી, **વસ્તુપાળ**–તેજપાળ, **પુનડશા**, **પેથડ**મંત્રી (પૃથ્વીધર), જગડુશા, **સમરાશા** (તિલંગદેશનો સુબો સમરસિંહ) **કુરમાશા**, **તેજપાળ** સોની વિગેરેની પ્રત્યક્ષ અને પરોક્ષ અનન્ય ભક્તિનો સપ્રમાણ ઇતિહાસ[1] તેમજ તે સમયનાં દૃષ્ટિગોચર થતાં દેવાલયો–કુંડો–રસ્તા–લલીતસાગર તળાવ આદિ કાળજુનાં વિદ્યમાન ચિન્હોની સ્મરણાંજલી ઉપરથી તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિ શાશ્વત અને ચિરસ્થાયી તીર્થ છે એ વાત આગલા પ્રકરણોથી સ્પષ્ટ થઇ ગયેલ છે. જ્યારે એ પૂર્વ પ્રકરણોના **પ્રસંગમાં** શ્રીશત્રુંજયતીર્થને ઐતિહાસિક દૃષ્ટિયે મળેલું રાજકીય **સંરક્ષણ** તથા **સ્હાનુભૂતિનો** ઇતિહાસ ઉકેલવાની તક લઉં છું.

---

[1] જુઓ શ્રી શત્રુંજય પ્રકાશ–પૂર્વાર્ધ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## રાજ્ય પલટા—

વલ્લભીપુરના નાશ વખતે કચ્છના રણની સરહદે વઢીઆરમાં આવેલું **પંચાસર** ગામ[1] ગુજરાતમાં આબાદી ભોગવતું હતું. તેથી વલ્લભીપુરમાંથી નાસી છુટેલી વસ્તીનો મોટો ભાગ ત્યાં જઇને રહ્યો હતો. આ રીતે પંચાસરની જાહોજલાલી વધી જવાથી તેને દાબી દેવા કાન્યકુબ્જ ( કનોજ[2] ) નો રાજા ભુવડ ચડી આવ્યો. દુશ્મનનું બળ વધારે જોઇને જયશીખરે તેની સ્ત્રી રૂપસુંદરીને–તે ગર્ભવતી હોવાથી–પોતાના સાળા સુરપાળ સાથે વનમાં મોકલી આપી. ને પોતે આ તોફાનમાં મરતાં સુધી લડયો.

આ સમયે ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં રાજસત્તા અનિયંત્રિત થઇ જતાં, એ તકનો લાભ લઇને બાબરીયા, આહેર વગેરે કાંડાબળીઆ કોમોએ સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો. અને ધીમે ધીમે પોતાનું બળ વધારવા લાગ્યા.

બીજી તરફ વનમાં જન્મેલા જયશીખરના પુત્ર વનરાજને જૈનાચાર્ય શ્રી **શી**લાંગાચાર્ય ( શીલગુણસૂરિ ) નું રક્ષણ મળ્યું, અને ઉમ્મર લાયક થતાં **ચાંપા**[3] (જામ્બ) નામે શૂરવીર સેનાપતિનો

---

૧ આ ગામ અને તેના ખંડીયરો અત્યારે પણ શ્રી સંખેશ્વર નજીક વિદ્યમાન છે.

૨ પંચાસર ઉપર કલ્યાણી ( દક્ષિણ ) ના રાજાએ ચડાઇ કરી હતી તેમ કેટલાક ઇતિહાસકારો જણાવે છે; પરંતુ દક્ષિણ કલ્યાણમાં કોઇપણ બળવાન સત્તા જન્મી હોય તેવો પુરાવો મળતો નથી. જ્યારે આ૦ શ્રીમેરૂતુંગસૂરિ જણાવે છે તેમ આ સમયે કાન્યકુબ્જ ( કનોજ ) દેશમાં કલ્યાણકટક નગરમાં ભૂદેવ ( ભૂયડ–ભૂવડ ) રાજા હતો. એ જોતાં પંચાસર ઉપર કનોજનો ભુયડ ચડી આવ્યાની વાત સંભવિત લાગે છે.

૩ વનરાજ એક વખત તેના બે સોબતી સાથે વગડામાં ફરતો હતો ત્યારે તે રસ્તેથી ચાંપો વાણીયો પસાર થતો જોઇને તેને રોકયો, ચાંપાયે નિર્ભયતાથી સામે આવી પોતાનું ધનુષ્ય સજ્જ કર્યું; પરંતુ તેના પાસે પાંચ તીર હોવાથી બે ભાંગીને ફેંકી દીધાં. એ જોઇ વનરાજે તેનું કારણ પૂછ્યું એટલે ચાંપાયે જણાવ્યું કે–'તમે ત્રણ છો તેથી મારૂં એકેક તીર એકેકને માટે પુરતું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સહયોગ થવા પછી ધીમેધીમે બળ જમાવીને ગુજરાત કબજે કર્યું. અને અણહીલ્લપુર વસાવી ત્યાં રાજધાની સ્થાપી.[૧]

ત્યારપછી ચાવડા વંશના રાજપુતોનો થોડે ઘણે અંશે સૌરાષ્ટ્રમાં પગપેસારો રહ્યો હતો, પરંતુ તેમનું મુખ્ય લક્ષ ગુજરાત અને આસપાસના દક્ષિણ પશ્ચિમ પ્રદેશ તરફ હતું, જ્યારે સૌરાષ્ટ્રના પાટનગર [૨]વામનસ્થળીમાં [૩]ચુડાસમાની સત્તા હતી.

## મુંડકાના મુહૂર્ત—

સૌરાષ્ટ્રની દક્ષિણે આવેલું પ્રભાસ[૪] તીર્થ 'ચુડાસમા'ની સરહદમાં આવેલું હતું. અહીં દેશદેશાવરમાંથી સોમનાથ મહાદેવના દર્શને મોટી સંખ્યામાં યાત્રીઓનો અવર–જવર જોઇને તેના પાસેથી 'મુંડકા' ને નામે યાત્રાવેરાનો રાજહક્ક લેવાને તે વખતના રાજા [૫]ગ્રહરિપુને લાલચ થઇ.

---

જાણીને વધારાના તીર નકામા સમજી ભાંગી નાંખ્યા છે.' ચાંપાના આ છાતીકઢા જવાબથી તેના શૌર્ય માટે વનરાજને માન થયું, ને ત્યારથી તેને સ્હાયક તરીકે સાથે રાખી છેવટ મંત્રીપદ આપ્યું. ત્યારબાદ ચાંપાયે લાટ તથા માળવાની સરહદે પોતાના નામથી ચાંપાનેર નગર વસાવી તેને મજબૂત કીલ્લો બંધાવ્યો હતો.

૧ અણહીલ્લપુર પાટણની સ્થાપના કરી તે સાથે વનરાજે ત્યાં એક વિશાળ જીનાલય બંધાવી તેમાં–પંચાસરમાં તેમના માતુશ્રી રૂપસુંદરી પૂજા કરતાં હતાં તે–શ્રી પાર્શ્વનાથના બીંબ મંગાવીને પ્રતિષ્ઠા કરી હતી. જે અત્યારે પણ પાટણ (ગુજરાત) માં પંચાસરા પાર્શ્વનાથને નામે વિદ્યમાન છે. જ્યારે વનરાજ ચાવડાની શસ્ત્ર-છત્રધારી મૂર્તિ પણ તેજ સ્થાને ખડી–ઉભી દ્રષ્ટિગોચર થાય છે.

૨ જુનાગઢ નજીકનું વંથલી ગામ આ પ્રસંગે સૌરાષ્ટ્રની રાજધાનીનું શહેર હતું.

૩ ચુડાસમા રાજા જાદવવંશમાંથી ઉતરી આવેલા હતા.

૪ પ્રભાસનું મૂળ નામ દેવપટ્ટન હતું, અને હાલ તે વેરાવળ નજીક પ્રભાસપાટણના નામે ઓળખાય છે.

૫ ગ્રહરિપુનું રૂઢ નામ 'ગારિત્યો' હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અત્યાર સુધીના ઇતિહાસમાં આવા તીર્થોનું દરેક રાજ રજવાડા રક્ષણ–પોષણ કરવાની ફરજ સમજતા હતા અને કોઇપણ ધર્મ તરફ ઉદાર અને વફાદાર રહેતા. જ્યારે ચુડાસમાની ગાદીયે આવેલો ગ્રહરિપુ રાજધર્મ ભૂલ્યો અને સલાહકાર નબળો મળી જવાથી પરિણામે તેણે યાત્રિકો પાસેથી ' મુંડકું ' લેવાને સોરઠની સરહદે નાકા ગોઠવ્યાં.

દરમિયાન ગુજરાતના પાટનગર અણહીલ્લપુર પાટણમાં ચાવડાવંશની ગાદી મૂળરાજે હસ્તગત કરી ત્યાં સોલંકીની સત્તા જમાવી દીધી હતી.

એક વખત મૂળરાજની ભત્રીજીને સોરઠી સોમનાથના દર્શનની ઇચ્છા થઇ. તેથી તેને થોડા રસાલા સાથે મૂળરાજે સોરઠ તરફ રવાના કરી. આ રસાલો સોરઠની સરહદમાં આવી પહોંચ્યો એટલે ગ્રહરિપુના માણસોએ ' મુંડકું ' માગ્યું, તે જોઇ રાજબાળાનું દિલ ઉશ્કેરાઈ ગયું. પ્રભુના દર્શનની આડે આવા અધર્મના અંતરાય તેને અસહ્ય લાગ્યા, અને આવી રીતે ધાર્મિક સ્વતંત્રતા લુંટાવા દઇને યાત્રા કરવા જવામાં પાપ માનીને અણહીલ્લપુર તરફ રથ પાછો વાળ્યો.

રાજબાળાને આ રીતે એકાએક પાછા આવેલા જોઇ મૂળરાજે તેનું કારણ પૂછયું, રાજબાળાએ ગ્રહરિપુના ઉન્માદની વાત કરતાં ઉમેર્યું કે–" સોરઠનો ક્ષત્રીરાજા ધર્મરક્ષક મટી ધર્મભક્ષક થયો છે. આ રીતે જો તમારા જેવા ગુર્જરેશ્વરના અમલમાં નભ્યે જાય તો મારે જાત્રા કરવાથી સર્યું. "

સોરઠનો ગ્રહરિપુ ધર્મ ઉપર ધાડ પાડે છે તે ખબર મૂળરાજને મળવાથી બીજે દિવસે રાજસભામાં આ વાત ચર્ચાતાં તેના પ્રધાન જંબુક અને ખેરાળુના રાજા જેહુલે જણાવ્યું કે–' સોરઠનો ગ્રહરિપુ અને કચ્છનો લાખોકુલાણી બંને મિત્રો હોવાથી ગ્રહરિપુ મર્યાદા ચુકયો હોય તે બનવાજોગ છે. '

મૂળરાજે તુર્ત ચડાઇની તૈયારી કરી. ઈ. સ. ૯૭૯ માં સોરઠને સીમાડે યાદવાસ્થળી મંડાણી. લાખોકુલાણી ગ્રહરિપુની મદદે આવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહોંચ્યો; પરંતુ મૂળરાજની પ્રબળ તૈયારી અને બળને પરિણામે લાખો મરાણા ને ગ્રહરિપુ કેદ પકડાયો. ગ્રહરિપુની સ્ત્રીઓએ મૂળરાજ પાસે પતિની ભીક્ષા માગી એટલે તેને આંગળી કાપીને છોડી મૂકયો. આ રીતે મુંડકાના મૂળ ઉખેડી નાંખીને રાજબાળાને સોમનાથની યાત્રા કરાવી.

## મુસ્લીમ પ્રવેશ—

ઇ. સ. ૧૦૦૧ થી અફઘાનના સુલતાન મહમદગીજનીનું હિંદની સમૃદ્ધિ તરફ ધ્યાન ખેંચાવાથી તેણે પંજાબ સિંધ આદિ ઉત્તરના વિભાગો ઉપર ૧૬ સ્વારી કરીને ઘણું દ્રવ્ય લુંટયું અને છેલ્લી સત્તરમી ચડાઇ ઇ. સ. ૧૦૨૪ માં સૌરાષ્ટ્ર ઉપર કરી. તેમાં સોરઠી સોમનાથને લુંટી પુષ્કળ દ્રવ્ય ઉપાડી ગયો.[1]

આ સમયે વાળાક કોળીઓને તાબે હતું. જ્યારે જુનાગઢ તરફ ચુડાસમાની સત્તા હતી. અને સમ્રાટ સત્તા અણહીલપુરના ભીમદેવની હતી.

મહમદે સોમનાથ (દેવપટ્ટન) લુંટવાના ખબર મળતાં ભીમદેવ સોરઠની બ્હારે ચડયો, પણ તેમાં તેને થાપ ખાવી પડી હતી; છતાં પછીના ટુંક સમયમાં આસપાસનું બળ વધારીને અજમેરના રાજા વિશળદેવને મળ્યો. અને મહમદ તેને દેશ જતો હતો ત્યારે રસ્તો રોકયો. એટલે ટુંકે રસ્તે જતાં મહમદ ગીજનીનું લશ્કર સિંધના રણમાં ભુલું પડવાથી ઘાસ, પાણી અને અનાજ વિના પાયમાલ થઇ ગયું.

ભીમદેવે તે પછી પોતાની સત્તા ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપરાંત માળવા, ચેંદી, સીંધુ પ્રદેશ અને લાટની સરહદ સુધી ફેલાવી હતી.[2] તેમજ સોમનાથના મંદિરને આ લુંટમાં નુકશાન થયેલું હતું તેથી તે ફરી બંધાવવાને શરૂઆત કરી હતી.

---

૧ આ લુંટમાં મહમદને ૨૦ લાખ દીનાર જેટલી લુંટ મળી હતી. આ દેવાલયને ૫૬ થાંભલા હતા અને ઘંટ બાંધવાને ૨૦ મણની સોનાની સાંકળ હતી.

૨ ભીમદેવની આ જીતમાં મુખ્ય હાથ વિમળમંત્રીનો હતો તેમ અમારી ઓફીસ તરફથી બહાર પડેલ 'વિમળમંત્રીનો વિજય' નામક નોવેલથી જોવાશે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ રીતે અગ્યારમી સદીમાં ગીજની વંશના મુસ્લીમ સુલતાનો, બારમી સદીમાં ગોરીવંશના રાજાઓ અને તેરમી સદીમાં ગુલામ વંશના રાજાઓના આક્રમણો હિંદ ઉપર થતાં રહ્યાં હતાં અને તે અરસામાં તેમણે દીલ્હીમાં ગાદી પણ જમાવી દીધી હતી. પરંતુ મહમદ પછી કોઇ ગુજરાત–સૌરાષ્ટ્ર સુધી પહોંચ્યું નહોતું.

**જૈન સત્તાનો યુગ—**

ખરૂં કહીયે તો આ પ્રસંગે ગુજરાતના રાજતંત્રની આબાદીમાં જૈનોનો મુખ્ય ફાળો હતો. આપણે પ્રથમ જોઇ ગયા તેમ ચાવડા વંશની શરૂઆતમાં વનરાજ ચાવડાનો શૂરવીર સ્હાયક ચાંપો, તેમજ વનરાજનો દંડનાયક લહીર જૈન હતા, તે પછી દુર્લભરાજનો મંત્રી વીર અને ભીમદેવનો મહામંત્રી વિમળ પણ જૈન હતા. વિમળ મંત્રીએ આબૂ ઉપર દેલવાડામાં તેમજ આરાસુર[1] પહાડ ઉપર કુંભારીયામાં સને ૧૦૩૨ ( સંવત ૧૦૮૮ ) માં બંધાવેલા નકશીદાર ભવ્ય દેરાસરો [2]વિમળવસહિને નામે અત્યારે પણ વિમલ મંત્રીની ધર્મભાવના માટે સાક્ષી પુરી રહ્યાં છે.

એકંદર ચાવડા વંશના રાજાઓનું સૌરાષ્ટ્ર તરફ ઓછું લક્ષ હતું. જ્યારે મૂળરાજની ચડાઇ પછી સોલંકી રાજાઓ સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા જમાવી રહ્યા હતા.

મૂળરાજે ગ્રહરિપુને જો કે છોડી મુકયો હતો; છતાં તેના હૃદયને પરાજય પામવાથી એટલો તો આઘાત થયો કે લડાઈ પછી ત્રીજે વર્ષે તે ગુજરી ગયો. ગ્રહરિપુ પછી તેની ગાદીએ રા' ક્વાટ આવ્યો. તે વખતે તળાજા પંથક ઉગાવાળાના હાથમાં હતું. જ્યારે શીયાળ બેટમાં વીરમદેવ નામનો પરમાર રાજા દૂર દૂરના રાજા–રાણાઓને દગાથી પોતાના ટાપુમાં ખેંચી જઇ હેરાન કરતો. તેણે

---

૧ આબુ અને આરાસુરના દેરાસરો વચ્ચે જવા આવવાને ભોંયરાનો માગ છે, તેમ રાસમાળા ભા. ૧ લામાં જણાવ્યું છે.

૨ શ્રી શત્રુંજય ઉપર પણ ' વિમળવસહિ ' ની ટુંક વિદ્યમાન છે. તેનો વિમળમંત્રી સાથેનો સંબંધ અમને શ્રેણીબંધ ઉપલબ્ધ થયો નથી. તેથી ઇતિહાસરસિકોનું તે તરફ ધ્યાન ખેંચવા તક લઇએ છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભોળા રા' કવાટને પણ આવી રીતે એક વખત સોમનાથના કિનારે સમુદ્રમાં ફરવા જતાં ફસાવ્યો હતો.

તેના પછી વામનસ્થળીની ગાદીએ ઇ. સ. ૧૦૦૩ માં રા' દયાસ (મહીપાળ) આવ્યો. તેણે અણહિલ્લપુરથી સોમનાથ જતા સોલંકીના જનાનાને અડચણ કરવાથી (ઇ. સ. ૧૦૧૦) માં દુર્લભસેને સોરઠ ઉપર ચડાઇ કરી. તેમાં મહીપાળ મરાણો, વામનસ્થળી ભાંગ્યું અને મહીપાલનો કુંવર રા' નોંઘણ નાનો હોવાથી તેને દેવાયત આહિરે પોતાના દિકરાના ભોગે રક્ષણ આપ્યું. એટલુંજ નહિ પણ નોંઘણ ઉમ્મરલાયક થતાં આહેરોએ મળી સોલંકીના થાણદારને મારી રા' નોંઘણને ઇ. ૧૦૨૦ માં સોરઠની ગાદીએ બેસાર્યો.

આ વખતે વામનસ્થળી ભાંગી જવાથી તથા શત્રુ સામે ટકવામાં ગીરનારનું પડખું અનુકુળ જોઇને રા' નોંઘણે જુનાગઢમાં[1] રાજધાની સ્થાપી.

રા' નોંઘણ પછી રા' ખેંગારે ત્રેવીશ વર્ષ સોરઠની સરદારી ભોગવી. તે પછી રા' નોંઘણ બીજો એકત્રીશ વર્ષ રહ્યો. તેણે શ્રી નેમીનાથ પ્રભુની ભક્તિ અર્થે સારૂં દ્રવ્ય ખરચ્યું હતું.[2] તેનો પુત્ર રા' ખેંગાર બીજો થયો. તેની સતી સ્ત્રી રાણકદેવીને ખાતર સિદ્ધરાજે તેના ઉપર ચડાઇ કરી. તેમાં બાર વર્ષે રાણકદેવી અને રા' ખેંગારના ભોગે સિદ્ધરાજે ઇ. સ. ૧૧૧૫ માં સોરઠ સર કર્યો. અને જુનાગઢ તથા માંગરોળમાં પોતાનું થાણું બેસાર્યું.

સિદ્ધરાજે તે પછી સોમનાથ, ગીરનાર તથા શત્રુંજયની યાત્રા કરી દરેકના રક્ષણ માટે ગામડાં ભેટ કર્યાં[3] હતાં.

સિદ્ધરાજને પુત્ર ન હોવાથી વૃદ્ધાવસ્થાએ તેનું મન અસ્વસ્થ

---

૧ હાલ આ ભાગ ઉપરકોટના નામે જુનાગઢમાં ઓળખાય છે.

૨ નેમીનાથની ટુંકના દરવાજે એક લેખમાં જણાવ્યું છે કે—" સં. ૧૧૧૫ ચૈત્ર શુ. ૭ રા' માંડલિકે નેમીમંદિર સુવર્ણપત્રથી મઢાવ્યું છે."

૩ વિસ્તારથી જુઓ 'શ્રી શત્રુંજય પ્રકાશ'–પૂર્વાર્દ્ધ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહેતું. તેનો લાભ લઇને આ પ્રસંગે મોરબીમાં રહેલા [૧]ગોહેલોએ માંગરોળના સુબાને હાંકી કાઢ્યો હતો.[૨]

સિદ્ધરાજ પછી ગુજરાતની ગાદીએ કુમારપાળ આવ્યો. દરમિયાન અણહીલ્લપુરની ગાદીના અટપટા સંયોગોનો લાભ લઇને માંગરોળમાં પેઠેલા ગોહેલો પોતાની હકુમત વધારતાજ રહ્યા હતા. એટલુંજ નહિ પણ શાહજીનો પુત્ર સોમરાજ[૩] (સમરસિંહ) માથાભારે થઇ પ્રજાને રંજાડવા લાગ્યો. આ ખબર કુમારપાળને મળતાં તેણે અણહીલ્લપુરથી ઉદયન મંત્રીને મોટી સેના લઇને સોરઠ ઉપર ચડાઇ કરવાને મોકલ્યો. ત્યાં તેણે સોમરાજને હરાવી સોરઠનો કબજો લીધો. આ લડાઈમાં ઉદયનને કારી ઘા વાગવાથી તેની વ્યથામાં પાછા ફરતાં તેનો સ્વર્ગવાસ થયો. તેની અંતિમ આજ્ઞાને અનુસરી તમના પુત્ર બાહડ મંત્રીએ તુર્ત ગીરનારજીને ત્રેસઠ લાખના ખર્ચે પગથિયાં બંધાવવાનું કામ શરૂ કરાવી તેની દેખરેખ માટે કપર્દી મંત્રીને રોકયો. અને બાહડ ચાર હજારના લશ્કર સાથે શત્રુંજય આવ્યો, ને ત્યાં બાહડપુર[૪] વસાવી કરોડોના ખર્ચે

---

૧ આ ગોહેલોને હાલના પાલીતાણાના ગોહેલ વંશ સાથે કશો સંબંધ નથી. પરંતુ તે વલ્લભીપુરના રાજા ગ્રહસેનના ફટાયા વંશજા હતા.

૨ માંગરોળમાંથી મળેલા એક લેખમાં જણાવ્યું છે કે 'સં. ૧૨૦૨ (ઇ. સ. ૧૧૪૬) માં સોમરાજના પિતા શાહજી ગોહેલે સિદ્ધરાજના સુબાને હાંકી કાઢયો હતો.' આ વાત બનવાજોગ છે. કેમકે આ સમયે મોરબીમાં વલ્લભીપુરના ગ્રહસેનના વંશજો 'ગોહેલ' ની ગાદી હતી. એટલે સિદ્ધરાજે સોરઠ સર કર્યા પછી ૪૪ વર્ષ તેઓ સિદ્ધરાજની ઉત્તરાવસ્થાનો લાભ લેવા લલચાયા હોય.

૩ સોમરાજને જૈન ઇતિહાસકારોએ સમરશી (સાઉરસ) ના નામથી ઓળખાવેલ છે.

૪ બાહડે સં. ૧૨૧૧ માં શ્રી સિદ્ધાચળ આવીને જીનાલય ચણાવવાનુ કામ શરૂ કર્યું. તેમાં એટલા બધા માણસો રોકવાં પડ્યાં કે જેનાં વસવાટથી એક શહેર વસી ગયું. આ શહેર બાહડપુરના નામે ઓળખાયું હશે. આ જીર્ણોદ્ધારનું કામ બે વર્ષે પુરૂં થવાથી સં. ૧૨૧૩ માં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તેથી બાહડના જીર્ણોદ્ધાર માટે કેટલાક ગ્રંથોમાં સં. ૧૨૧૧ અને કેટલાકમાં સં. ૧૨૧૩ નો સંવત લખાયો છે. બાહડપુરનાં ખંડીયર અત્યારે પણ પાલીતાણાની પૂર્વ દિશાએ છે તેમ ત્યાં મળતી ઇંટો, નળીયા, છીપો અને બંગડીયોના કટકા ઉપરથી રાસમાળામાં જણાવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઈ. સ. ૧૧૫૭ ( સંવત ૧૨૧૭ ) માં શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કર્યો; તથા મહારાજા કુમારપાળે શ્રી શત્રુંજયનો સંઘ કાઢીને 'કુમાર વિહાર' મંદિર તથા કુંડ બંધાવ્યો એટલું જ નહિ પણ શત્રુંજય નજીકનાં ૨૪ ગામ દેવપૂજામાં અર્પણ કર્યાં.[૧]

કુમારપાળનો રાજવિસ્તાર પૂર્વે કુરૂ–મથુરા–પાંચાલ અને મગધ સુધી, ઉત્તરે કાશ્મીરના પહાડી પ્રદેશ સુધી, દક્ષિણે લાટ–મહારાષ્ટ્રથી છેક તિલંગ સુધી અને પશ્ચિમે સૌરાષ્ટ્ર–વાળાક–પંચનદ–સિંધ સુધી ફેલાયો હતો.

કહેવાની જરૂર નથી કે મહારાજા કર્ણદેવ–સિદ્ધરાજ જયસિંહ તેમજ મહારાજા કુમારપાળના સમયમાં ગુજરાતના રાજતંત્રની લગામ જૈન મંત્રીઓના હાથમાં હતી. તે દરમિયાન તેમણે કાંડાબળે રાજ્ય વધારતા રહીને ઘણીજ કુશળતાપૂર્વક રાજકારભાર ચલાવ્યો હતો. એટલુંજ નહિ પણ દંડનાયક સાજણ ( સજ્જનમંત્રી ), મુંજાલ મંત્રી, મંત્રીશ્વર શાંતુ મહેતા, ઉદયન મંત્રી, નગરશેઠ શ્રીદત્ત, બાહડ મંત્રી વગેરેના હાથથી કરોડોના ખર્ચે થયેલી તીર્થસેવા[૨] જગજાહેર છે.

આ રીતે વનરાજ ચાવડાથી છેક કુમારપાળ સુધી ગુજરાતના મહારાજ્યમાં મંત્રી, દંડનાયક, સેનાપતિ, કોષાધ્યક્ષ તથા નગરશેઠ આદિના મુખ્ય મુખ્ય અધિકારો લગભગ જૈનોના હાથમાં રહ્યા હતા, જો કે જૈનોની આ એકસરખી ચડતી જોઈને બ્રાહ્મણ મુસદ્દીયો અને જૈનો વચ્ચે હરીફાઈ થતી, છતાં તેમાં એકધારા ટકી રહીને જૈન મુસદ્દીઓએ રાજ્યની વ્યવસ્થા, ધર્મનું રક્ષણ અને પ્રજાની આબાદી જાળવવામાં સારી કુશળતા બતાવી હતી. તેમ ઇતિહાસ સ્પષ્ટ કહી રહ્યો છે.

કુમારપાળના અંતિમકાળમાં અફઘાનીસ્થાનના સુલતાન શાહબુદ્દીન ઘોરીએ હિંદ ઉપર આક્રમણ શરૂ કર્યાં હતાં. જેમાં

---

૧ કુમારપાળે આ પ્રસંગે બંધાવેલ મંદિર તથા ટુંક અત્યારે પણ વિદ્યમાન છે.

૨ વધારે માટે જુઓ 'શત્રુંજય પ્રકાશ'–પૂર્વાર્દ્ધ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજી ચડાઇ તેણે ઇ. સ. ૧૧૭૮ માં ગુજરાત ઉપર કરી. આ પ્રસંગે અણહીલ્લપુરની ગાદીયે ભીમદેવ બીજો ( ભોળોભીમ ) હતો;[1] તે પોતાના માંડલીકો[2] સાથે શાહબુદ્દીન સામે ચઢ્યો અને તેને ઝેર કરી હાંકી કાઢયો.

ત્યારબાદ હિંદના રાજપુત રાજ્યોએ જર,[3] જમીન અને જોરૂ[4] ને માટે માંહોમાંહે લડવાનું શરૂ કર્યું. તેનો લાભ લઇને શાહબુદ્દીન ઘોરીયે હિંદ ઉપર અનુક્રમે નવ ચઢાઇઓ કરી જેમાં દીલ્હીના પૃથ્વીરાજ ચૌહાણ, કનોજના જયચંદ રાઠોડ તથા ચિત્તોડના સમરસિંહ રાણા વગેરે હિંદના બળવાન રાજાઓને હાર કરી પોતાની સત્તા વધારી તથા ગુજરાતને પણ નબળું પાડયું.

આ સમયે ધવલક્કપૂર (ધોળકા)માં પાટણના માંડલીક રાજા **વીર**ધવળનો અમલ હતો. તેને મંત્રી તરીકે વસ્તુપાળ-તેજપાળ[5] નામે કુશળ અને સમર્થ બે ભાઇયો મળવાથી તેણે અણહિલ્લપુરના માંડલિકોને પોતાના કાબુમાં લીધા, પછી સૌરાષ્ટ્રમાં જઇ સોરઠની સત્તા ભોગવતા વામનસ્થળીના સાંગણ અને ચામુંડરાયને[6] મારી દંડ લીધો, ને સોરઠની ગાદી ચામુંડરાયના પુત્રને સોંપી. સોરઠમાં તે સમયે રહેલા વાજા, નગજેંદ્ર, ચુડાસમા, વાળા આદિ ઠાકોરો પાસેથી ખંડણી લઇ ઓખામંડળ અને કચ્છ કબજે કર્યું. તે પછી મહીકાંઠામાં ગોદ્રહ ( ગોધરા ) નો રાજા ધુંધલ, ત્યાંથી યાત્રાર્થે નીકળતા સંઘ અને વણજારાને હેરાન કરતો હતો તેમ ખબર મળતાં તેજપાલે તેને હરાવી કેદ કર્યો. તથા માળવા, લાટ અને છેક મહારાષ્ટ્ર સુધી સત્તા વિસ્તારી, ઉત્તરમાં મારવાડ તથા સીંધવને

---

૧ ભોળાભીમ પાસે અમરસિંહ શેવડા ( યતિ ) નો લાગવગ હતો તેમ ફાર્બસ જણાવે છે.

૨ જુનાગઢનો રા' માંડલિક પણ આ ચઢાઇમાં આવેલો હતો તેમ ઉલ્લેખ મળે છે. ૩ પૈસો. ૪ સ્ત્રી.

૫ વસ્તુપાળ-તેજપાળ એ સમર્થ જૈન હતા. તેમના બાહુબળ-બુદ્ધિબળ અને ધર્મપ્રેમનો ઇતિહાસ ' વીરશિરોમણી વસ્તુપાળ ' નામક નોવેલ રૂપે ત્રણ ભાગમાં અમારી ઓફીસ તરફથી બહાર પડયો છે.

૬ તે વીરધવળના સાળા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર કર્યા, તેમજ વડવાના શંખ રાજાને કબજે કરી સમુદ્ર તથા જમીન માર્ગે વ્યાપાર વધાર્યો.

આટલા વખત દરમીયાન શાહબુદ્દીન ઘોરી ગુજરી જવા પછી તેનો ભત્રીજો નબળો જણાવાથી તેના સુબાઓ ( ગુલામ ) સ્વતંત્ર થઈ દીલ્હીની ગાદી પચાવી બેઠા હતા.

વસ્તુપાળે રાજ્યનો વિસ્તાર વધારવા સાથે તે સમયના દીલ્હીના ગુલામ બાદશાહ બહેરામની સાથે સંબંધ બાંધીને ગુજરાત તથા તીર્થોને નિર્ભય કર્યા. એટલુંજ નહિ પણ શત્રુંજય[1] ગીરનાર તથા આબુ ઉપર કરોડોના ખર્ચે દેવમંદિરો વસાવીને શ્રી શત્રુંજયનો ચઢાવ ને પગથિયાં બંધાવ્યાં.[2] આ ઉપરાંત નવલાખ જીનબીંબ ૧૩૧૩ નવાં મંદિરો, ૩૩૦૦ જીર્ણોદ્ધાર, ૮૪ સરોવર,[3] તથા ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, શીવાલયો, જૈનેતર દેવગ્રહો, ભોજનગ્રહો વગેરે પાછળ અઢળક દ્રવ્ય ખરચ્યું હતું; તેમજ રાજકાર્યભાર પણ કુશળતાપૂર્વક સંભાળી તેમના ભાઇ સેનાપતિ તેજપાળ સાથે ૬૩ લડાઈમાં જીત મેળવી રાજસમૃદ્ધિ વધારી હતી અને ૩૨ શહેરોને કીલ્લા બંધાવ્યા હતા.

આ અરસામાં ગુજરાતના બાદશાહ મૌજુદ્દીન સાથે નાગપુરના પુનડશાને ઘરવટ જેવો સંબંધ બંધાયો હતો. તેથી પુનડશાએ શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો ત્યારે સુલતાને સારી સગવડ કરી આપી હતી.

---

૧ વસ્તુપાળે સને ૧૨૪૦ ( સં. ૧૨૯૬ ) માં શત્રુંજયનો ઉદ્ધાર કર્યો હતો. તે માટે વિશેષ જુઓ 'શત્રુંજય પ્રકાશ'—પૂર્વાર્દ્ધ.

૨ શ્રી શત્રુંજય ઉપર સગાળપોળમાં હોલાખાડીની દીવાલ ઉપર આવેલા શીલાલેખમાં ' વસ્તુપાળે શત્રુંજયના પગથિયાં બંધાવ્યાનો ઉલ્લેખ છે. તેમજ ઇતિહાસકારો પણ ' વસ્તુપાળે કુમારકુંડ ' થી ધોળી પરબ સુધી પગથિયાં બંધાવ્યાનું જણાવે છે.'

૩ શત્રુંજયની તળાટીમાં તેમણે પોતાની સ્ત્રી લલીતાદેવીના પુણ્યસ્મરણાર્થે લલીતસાગર સરોવર બંધાવ્યું હતું તથા તેજપાળની સ્ત્રી અનોપમાદેવીના પુણ્યસ્મરણાર્થે આબુના મંદિરોમાં અઢળક દ્રવ્ય ખરચ્યું હતું. તેના સ્મરણ ચિન્હો અત્યારે પણ મોજુદ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાણા **વી**રધવળના મરણુ પછી **ધ**વલક્કપુરની ગાદી **વ**સ્તુપાળની સ્હાયથી **વી**શળદેવને મળી. ત્યારપછી **વ**સ્તુપાળને માંદગી શરૂ થતાં પોતાનું અંતિમ જીવન **શ્રી**શત્રુંજયની છાયામાં વિતાવવા રાજ-રસાયત સાથે નીકળ્યા. પરંતુ તે લીંબડી નજીક અંકેવાળીયા ગામ પાસે પહોંચ્યા એટલામાં દર્દનું જોર વધી જતાં ત્યાંજ સ્વર્ગવાસ થયો. આ બનાવથી ખેદીત થતાં **તે**જપાળ તથા **જ**યંતસિંહે તેમના દેહને **શત્રું**જયની છાયામાં લઇ જઇ ત્યાં અગ્નિસંસ્કાર કર્યો અને તે સ્થળે શ્રીઋષભદેવનો ' સ્વર્ગારોહ પ્રાસાદ ' બંધાવ્યો.

**ધ**વલક્કપુરમાં રાણા **વી**શળદેવને આ ખબર મળતાં તેણે બહુ ખેદ દર્શાવ્યો તથા તેનો સ્વર્ગવાસ થયો હતો તે ગામ ( અંકે-વાળીયા ) દેવાલયના ખર્ચ માટે અર્પણ કર્યું. તે પછી **અ**ણહીલ્લ-પુરનો ગાદીપતિ **ભી**મ ( બીજો ) ગુજરી જતાં **વી**શળદેવે અણ-હીલ્લપુરનો કબજો લઇ ત્યાં વાઘેલાવંશની ગાદી સ્થાપીને ગુર્જરેશ્વર તરીકે પોતાની આણ ચલાવી.

**વી**શળદેવ અણહીલ્લપુરની ગાદીએ આવ્યો ત્યારે દીલ્હીમાં ગુલામ બહેરામનો અમલ હતો. આ અરસામાં[1] ભયંકર દુષ્કાળ પડયો, તે ત્રણ વર્ષ લંબાવાથી રાજ–રજવાડાનાં અન્નના ભંડાર પણ ખાલી થઇ ગયા. એક દ્રમના ગણીને તેર દાણાના ભાવથી મુશીબતે ચણા મળતા. આ વખતે ભદ્રેશ્વર ( કચ્છ ) માં જગડુશા શેઠ રહેતો હતો. તેણે ગામોગામ દાનશાળા સ્થાપી ભુખ્યાને અન્ન દેવા માંડયું. જગડુશાહે ગામોગામ અગાઉથી અન્નના કોઠાર ભરાવી રાખ્યા હતા. તે જાણીને અણહીલ્લપુરમાં તેણે સંગ્રહેલા ભંડાર ખરીદી લેવા વીશળદેવે જગડુને અણહીલ્લપુર બોલાવ્યો અને મોં માગ્યા દામથી કોઠાર માગ્યા. જગડુયે તો તે કોઠાર ગરીબો માટેજ ભરાવી રાખ્યા હતા તેથી ગરીબોને દેવા અર્થે વીશળને સોંપ્યા. તે ખોલતાં ' આ કણ રાંકોના અર્થેજ રાખ્યા છે ' તેમ કોઠારના મોંયે નોંધ હતા. તે જોઇ વીશળદેવ પ્રસન્ન થયો. આ રીતે જગડુશાયે દીલ્હીના બાદશાહ બહેરામ–મોઝુદ્દીન, ઉજ્જનના રાજા મદનવર્મા, સિંધના

---

૧ સં. ૧૩૧૨ ( ઇ. સ. ૧૨૫૬ ) નો કાળ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજા હમીર વગેરે તે સમયના મુખ્ય મુખ્ય દેશના દરેક રાજા-રજવાડાઓને અન્ન પુરૂં પાડયું અને અઢાર કરોડ દ્રામ યાચકોને આપ્યા. અને તે પછી જગડુએ રાજ્યના માન સાથે શ્રી શત્રુંજયની યાત્રા કરી. આ પૂર્વ ઇતિહાસથી જોવાશે કે વિક્રમની ચૌદમી સદીની શરૂઆત સુધીમાં જૈનસત્તાનો યુગ ઝળકી રહ્યો હતો, એટલું જ નહિ પણ રાજ્યસત્તાના સંપૂર્ણ માન સાથે શ્રી શત્રુંજય તીર્થનો જૈનો સ્વતંત્રતાપૂર્વક લાભ લેતા હતા.

## પાલીતાણા રાજ્યના પૂર્વજો—

પાલીતાણા રાજ્યના પૂર્વજો અત્યારસુધી મારવાડમાં લુણી નદી ઉપર આવેલા **ખેર**ગઢ ગામમાં વસતા હતા. આપણે ઉપર જોઇ ગયા તેમ શાહબુદ્દીન ઘોરીયે કનોજનો કબજો લીધો એટલે તેમાંથી બચેલા રાઠોડ **શીવ**જી થોડા અંગત માણસોને એકઠા કરી ઇ. સ. ૧૨૧૨ માં બીકાનેર નજીક કોલુમદના સોલંકી રાજાના આશ્રયે રહ્યો. અહીં મારવાડના કુલગઢ ગામ (કિલ્લે કુલેરા)નો રાજા લાખો કુલણ ચડાઇ લઇ આવતાં શીવજીયે હાથ બતાવી તેને હાંકી કાઢ્યો. તે પછી શીવજી દ્વારકાની યાત્રાયે જતાં માર્ગમાં અણહીલ્લપૂરનો મેમાન થયો. તે લાગ જોઇને લાખે ચઢાઈ કરી, પરંતુ તેમાં શીવજીયે તેની પૂંઠ પકડી મારવાડ પહોંચતા લાખાને માર્યો. અને ત્યાંથી આગળ વધી ખેરગઢના ગોહેલ સેજકજીને ઝેર કરી ત્યાં ઈ. સ. ૧૨૪૦ માં ગાદી નાખી.[1]

આ તોફાનમાંથી નાસી છુટેલા ગોહેલ સેજકજી ઈ. સ. ૧૨૪૦ ( સં. ૧૨૯૬ ) માં પાંચાળ ( સોરઠ ) માં ઉતર્યા.

આ પ્રસંગે ગુજરાતના વાઘેલા નબળા પડવાથી સોરઠ જુનાગઢના રા' મહીપાળની[2] સ્વતંત્ર રાજસત્તામાં હતું. તેણે

---

૧ કનોજના રાઠોડોયે ખેરગઢ ઇ. સ. ૧૨૪૦ માં સર કર્યું હતું તેમ ટોડરાજસ્થાન જણાવે છે.

૨ ગોહેલોના ઇતિહાસમાં સેજકજી ઇ. સ. ૧૨૬૦ માં ખેરગઢથી આવ્યાનું જણાવ્યું છે. પરંતુ જુનાગઢની ગાદીયે રા'મહીપાળ ઇ. સ. ૧૨૩૦ થી ૧૨૫૩ સુધી હતો. અને તેનો કુંવર રા'ખેંગાર ૧૨૫૩ થી ૧૨૬૦ સુધી હતો. વળી ખેરગઢમાં રાઠોડો પણ ઇ. સ. ૧૨૪૦ માં આવી પહોંચ્યા હતાં. એ જોતાં સેજકજી ઇ. સ. ૧૨૪૦ પછી નજીકમાં જ સોરઠ તરફ આવ્યા હોય તે બનવાજોગ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના મંત્રી મોતીશાહની સલાહમળતાં સેજકજીને પટાવત તરીકે રાખ્યા. ને તે પછી તેમના પરાક્રમથી પ્રસન્ન થઇ બાર ગામનો પટો કરી આપ્યો. સેજકજીયે રા'ના વિશેષ સંબંધમાં આવતાં પોતાની પુત્રી વાલમકુંવરબાને રા'મહીપાળના કુંવર રા'ખેંગાર સાથે પરણાવ્યાં તથા શાપુરના ટીંબા પાસે સેજકપુર ગામ વસાવ્યું. તથા આસપાસના ચાલીશ ગામો આબાદ કરી પોતાની સરહદ વધારી.

વાલમકુંવરબા સાથે તેમના ભાઇ સારંગજી તથા શાહજી જુનાગઢ રહ્યા હતા. એટલે રા'ખેંગાર ત્રીજા ગાદીયે આવવા પછી તેણે સારંગજીને[1] અરઠીલા ( હઠીલા ) ની તથા શાહજીને માંડવીની ચોવીશી (ચોવીશ ગામનો કસબો) જાગીરમાં આપી. એટલે ઈ. સ. ૧૨૬૦ ( સં. ૧૩૧૬ ) લગભગમાં શાહજી માંડવી[2] આવીને વસ્યા.

આ પ્રસંગે માંડવીની આસપાસ ભીમડાદમાં વાળા અને ઉમરાળામાં કોળીયોની સત્તા હતી, જ્યારે ગોઘામાં મુસલમાન અને પીરમમાં બારીયા જાતના કોળીનું રાજ હતું. આ રીતે સૌ થોડા થોડા ગામના વાડા સંભાળી રહેલા. તે પછી દીલ્હીની ગાદી ગુલામવંશના રાજા પાસેથી અફ્ઘાનના પઠાણ જલાલુદ્દીન ખીલજીયે લઇ લીધી, પરંતુ તે ભોળો, દયાળુ અને સાદો હોવાથી તેના ભત્રીજા અલાઉદ્દીને તેને મારી નાખીને ઇ. સ. ૧૩૯૫ માં તે દીલ્હીના તખ્તે આવ્યો.

ગુજરાતમાં અત્યારે અણુહીલ્લપુરની ગાદીએ વાઘેલાવંશના કરણ રાજાનો અમલ હતો. તેણે પોતાના નાગર મંત્રી માધવની સ્ત્રી ઉપર કુડી દૃષ્ટિ કરી. એટલે માધવે દીલ્હીના સુલ્તાનને ગુજરાત ઉપર ચઢાઇ કરવાને પ્રેરણા કરી.

અલાઉદ્દીન ક્રૂર અને લોભી હતો. તેને આ તક મળી જવાથી તેણે ઇ. સ. ૧૨૯૭ માં પોતાના ભાઇ અલપખાન તથા વજીર નુસ-

---

૧ સારંગજીના વંશજો હાલ લાઠીની ગાદીયે છે.

૨ આ ગામ પાલીતાણાના નૈઋત્યકોણ ઉપર ચાર-પાંચ ગાઉ દૂર ડુંગરની ધારોમાં આવેલું છે.

રતખાનને મોટા લશ્કર સાથે મોકલી ગુજરાત સર કર્યું, ને કરણ દક્ષિણ તરફ નાસી ગયો.

ત્યારબાદ અલાઉદ્દીને દક્ષિણમાં દેવગીરી તેલંગણ અને છેક રામેશ્વર સુધી પોતાની સત્તા ફેલાવી તથા ચિત્તોડ જીતી મેવાડ માળવામાં ધાક બેસારી. તથા ઈ. સ. ૧૩૦૪ માં અલપખાનને ગુજરાતનો સુબો નીમ્યો. તેણે અણહીલ્લપૂરમાં પડાવ નાખીને સૌરાષ્ટ્ર ઉપર હુમલા[1] કરવા શરૂ રાખ્યા અને રાણપુર તથા માંડવી[2] વગેરે સ્થળોમાં થાણા ગોઠવી દીધાં.

માંડવીમાં આ વખતે શાહજીના પુત્ર સરજણજી ગોહેલ હતા. એટલામાં અલાઉદ્દીન ખીલજીનું થાણું ત્યાં પડવાથી બાદશાહી સ્વારોનો અવર જવર વધી જતાં તેમને કનડગત થવા લાગી, એટલે કંટાળીને ગોહેલ સરજણજી ત્યાંથી નજીક આવેલા ગારીયાધાર ગામમાં જઈને રહ્યા.

## અશાંતિનો યુગ.

અલ્લાઉદ્દીને આખા દેશમાં અસાધારણ ત્રાસ વર્તાવ્યો, સંખ્યાબંધ દેવળો લુટયાં, અને મંદિરો તોડી મસ્જીદો કરાવી. તેમજ માણસોને નિર્દય રીતે મારી લોહીની નદીયો ચલાવી જેથી તે અલ્લાઉદ્દીન ખુનીના ઉપનામથી ઓળખાયો હતો. જોકે અંતે અલાઉદ્દીન તેના માણસના હાથે કમોતે મરાયો ને તે પછી ટુંક વખતમાં ઢેઢમાંથી મુસલમાન થયેલ ખુશરૂ મલેકે ખીલજીવંશનો નાશ કરી દીલ્હીનું તખ્ત પોતાના હાથમાં લીધું હતું.

ખુશરૂની ઇચ્છા હિંદમાંથી મુસ્લીમ સત્તા તદ્દન ઉખેડી નાખવાની હતી, પરંતુ રજપુત રાજાઓએ ખુશરૂ હલકી જાતનો

---

૧ અલાઉદ્દીનની સેના કાઠીયાવાડમાં સોમનાથ તથા શત્રુંજય સુધી પહોંચી હોય તે માટે એ મત છે; પરંતુ શ્રીજિનપ્રભસૂરિકૃત વિવિધ તીર્થકલ્પમાં તેમજ રત્નમંદિરગણીકૃત ઉપદેશતરંગણીમાં આ તીર્થોને મુસ્લીમસેનાને હાથે ઓછાવધતા અંશે ખમવું પડયું હોય તેમ જણાવ્યું છે.

૨ અહીં મુસ્લીમ થાણાદારો આવવા પછી ગામને ફરતો ગઢ તેમજ તળાવો અને મકરબા બંધાવેલા હતા. જે અત્યારે પણ મોજુદ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોવાથી તેના પડખે ઉભા રહેવામાં અપમાન માન્યું. જ્યારે મુસલમાનો તેનો જાતિદ્વેષ જાણી જવાથી સામે થયા. ને તેને ઠાર કરી તુઘલુખવંશી પંજાબના સુબાએ દીલ્હીની ગાદી લઇ લીધી. તે પછી ઇ. સ. ૧૩૨૫માં મહમદ તુઘલુખ ગાદીયે આવ્યો. તેણે તાંબાનું તથા ચામડાનું નાણું ચાલુ કર્યું. તથા દીલ્હીની ગાદી દેવગિરિમાં લઇ જઇ તેનું દોલતાબાદ નામ રાખ્યું. તે શરૂઆતમાં ચીન તથા ઈરાન ઉપરની ચડાઇના ઉન્માદે ચઢીને ખુવાર થયો હતો. તેનો લાભ લઇને ગુજરાતના રાજ્યો તેના સુબાને મારીને સ્વતંત્ર થઇ ગયાં હતાં. તેથી ક્રોધથી ધગધગી જઇને ગાંડાની પેઠે જુલ્મ વરસાવતો મહમદ ગુજરાત ઉપર ચડયો. તેણે ભરૂચ–ખંભાત અસારવા થઇ કડીનો કબજો લીધો, એટલે અણુહીલ્લવાડ કબજે કરી બેઠેલા એકત્ર મળી સામે થયા; પરંતુ તેમાં તેને કડી લેવા જતાં પાટણ પરવારીને સીંધમાં નાસી જવું પડયું. તે પછી મહમદ તુઘલુખે ગુજરાતને સંભાળવા માટે અણુહીલ્લપુરમાં સુબો, સીપેસલાર (સેનાપતિ) તથા વજીર રોકયા અને કેટલાકને જાગીરો આપી.

ત્યારબાદ સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા પાથરવાને મહમદ ઈ. સ. ૧૩૪૭ માં પીરમ ઉપર ચઢયો, આ લડાઇમાં પીરમનો ગોહેલ મોખડાજી ગોઘા સુધી સામે આવીને લડયો. જેમાં અંતે તે મરાવાથી[1] પીરમ કબજે કરી મહમદ સોમનાથ જવા નીકળ્યો. આ પ્રસંગે તે રસ્તામાં શ્રી શત્રુંજય ઉપર ગયો; પરંતુ ત્યાં પૈસાની ભુખ ભાંગે તેવું કંઇ ન જણાવાથી[2] આગળ વધી ઊંડ રસ્તે નાઘેરમાં થઇને સોમનાથ પહોંચ્યો.[3] અહીંથી જુનાગઢ–ગોંડલ થઇ માર્ગના નાના

૧ મોખડાજી ગોઘા પાસે મરાવા પછી તેનું ધડ સાત ગાઉ સુધી લડયું હતું તેમ ઇતિહાસકારો જણાવે છે;

૨ મહમદ પીરમથી નીકળી શત્રુંજય ચઢયો ત્યારે તેને ડુંગર ઉપરનાં પ્રભુ મંદિરો મૂર્ત્તિ વિનાના ખાલી દેખાયાં હતાં. તે શાસન દેવોની જ્વલંત શકિતનો પ્રભાવ જોઇ જૈન ઇતિહાસકારોયે ‘ ગીજનીનો બાદશાહ આવ્યો ત્યારે પ્રભુ બીંબને ત્રણ પહોર સુધી ચક્રેશ્વરી દેવીયે ગુમ કર્યાં હતાં.’ તેમ જણાવ્યું છે.

૩ મહમદે ગોઘાથી માધવપુર સુધીનો કંઠાળ પ્રદેશ જીતીને સોમનાથમાં સુબો મૂકયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટા રાજ્યોને લુંટતો કચ્છમાં ગયો. અને ત્યાં પોતાનો હાથ બતાવી સીંધમાંના ઠઠ્ઠા[1] ગામે પહોંચતાં તબીયત બગડી જવાથી અંતે ત્યાંજ ગુજરી ગયો. એટલે ફીરોઝ તુઘલુખે સૌરાષ્ટ્ર સંભાળવા ફઝરખાનને સોરઠનો સુબો નીમ્યો હતો.

તે પછી દીલ્હીમાં તુઘલુખ વંશની સત્તા થોડો વખત રહી હતી; પરંતુ તે ધીમે ધીમે નબળા પડતા જતા હતા. એટલામાં સમરકંદનો સુલતાન તૈમુર ઇ. સ. ૧૩૯૮ માં હિંદ ઉપર ચડી આવ્યો, તેણે તુઘલુખ વંશનો નાશ કર્યો. અને પોતે હિંદમાં ન રહેતાં પુષ્કળ દ્રવ્ય લઈને પોતાને દેશ ચાલ્યો ગયો.

આ પ્રસંગે ગુજરાતમાં તુઘલુખ ગાદીની સુબેદારી મુજફ્ફરખાનના હાથમાં હતી. તેણે ગુજરાતના સુલતાનનું પદ ધારણ કરી મુજફ્ફરશાહના નામથી પોતાનો સીક્કો ચલાવ્યો, ઇડર, દીવ તથા સોમનાથ ઉપર ચડયો તથા દરેક રાજ્યો પાસેથી ખંડણી લેવી શરૂ કરી. તેના પછી અણહીલ્લપુરની ગાદીયે સુલતાન અહમદ શાહ થયો. તેણે ભરૂચ તરફ જતાં સાબરમતીને કિનારે આવેલા આશાવળ ગામના હવા પાણી સારાં જોઇને ઈ. સ. ૧૪૧૨ માં ત્યાં [2]અહમદાવાદ વસાવ્યું. અને ગુજરાતનું પાયતખ્ત અણહીલ્લપુરથી અહીં ફેરવી નાંખ્યું.

આ પ્રસંગે સૌરાષ્ટ્રમાં ધ્યાન ખેંચનારી સત્તા વાઘેલા, ગોહેલ,[3] ચુડાસમા (રા), સોઢા, સરવૈયા, વગેરેની હતી તથા કચ્છમાંથી બાબરીયા–હાટી તથા વાળા–ખાચર અને ખુમાણ કાઠીભાઇઓનો પરીવાર સોરઠમાં પ્રવેશ કરી ચૂકયો હતો.

સુલતાન અહમદે એ સર્વ નાના મોટા રાજ્યો પાસેથી ખંડણી લેવી શરૂ કરી. તેમાં જુનાગઢનો રા' જયસિંહ માથાભારે જણાવાથી અહમદશાહે સોરઠ ઉપર ચડાઈ કરીને તેને ખંડીયો કર્યો.

અહમદશાહ પછી ત્રણ પેઢી સુધી સામાન્ય ફારફેર વચ્ચે

૧ રાસમાળાના કર્તા, મહમદ તુઘલુખ ગોંડલમાં ગુજરી ગયાનું જણાવે છે.

૨ આઇન–ઈ–અકબરીમાં અહમદાવાદ ઇ. સ. ૧૪૧૧ માં વસાવ્યાનું જણાવ્યું છે. ૩ ભાવનગરના પૂર્વજો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેશનું તંત્ર ચાલ્યું. ત્યારબાદ ઈ. સ. ૧૪૪૯ માં અહમદાવાદની ગાદીયે સુલતાન મહમદ ( બીજો ) થયો. તેણે ગુજરાતમાં ઈડર-વાગડ વગેરે ભાગો સર ક્યાં. ખાનદેશ ઉપર ચડાઇ કરી તથા તે વખતે હિંદમાં દાખલ થયેલા પરદેશી પોર્ટુગીઝોને માહીમ અને દમણ સુધી હાંકી કાઢ્યા. તે ઉપરાંત ગુજરાતનો ડુંગરીગઢ ચાંપાનેર અને કાઠિયાવાડનો જુનાગઢ ( ગીરનાર ) ના રાજાને હરાવી તે બે-ગઢનો માલીક ( મહમદ-બેગડો ) કહેવાયો. તેણે જુનાગઢ ઉપર ફરી ફરીને ચઢાઇ કરી ચુડાસમાની સત્તાનો અંત આણ્યો, ને તેના છેલ્લા રાજા રા' માંડલિક (ત્રીજા) ને અમદાવાદ ઉપાડી જઇ ઇ. સ. ૧૪૭૩ માં મુસલમાન[1] કર્યો. તથા જુનાગઢનું નામ મુસ્તફાબાદ રાખી પોતે ત્યાં આઠ વર્ષ રહ્યો. દરમિયાન પોતાની સરહદના ચાર ભાગ પાડી ઓખામંડળના બેટ-દ્વારકામાં, મહીકાંઠાના ગામ ગોદ્રહ ( ગોધરા ) માં, ગુજરાત માટે અમદાવાદમાં અને વાળાક ( કાઠિયા-વાડ ) માટે [2]સોનગઢમાં થાણાં ગોઠવ્યાં, અને નિયમીત ઉઘરાતની તથા સત્તાની જમાવટ કરી પોતે અમદાવાદ ગયો ત્યારે જુનાગઢમાં તાતારખાન નામના હાકેમને જોરતલબી ઉઘરાવવા મુકતો ગયો.

સુલતાન મહમદ પછી અમદાવાદની ગાદીયે મુઝફ્ફર ( બીજો ) થયો. તે સાહિત્યરસિક તેમજ જ્યોતિષ અને સંગીતવિદ્યાનો જાણકાર હતો. તેને સીકંદર નામે પાટવીપુત્ર હોવાથી નાના બહાદુરખાનને થોડી જાગીર આપવાનું કહેતાં નારાજ થઈને દેશાટણ કરવા નીકળી પડ્યો. તે ફરતાં ફરતાં ચિત્રકુટ[3] ( ચિત્તોડ ) પહોંચ્યો. ત્યારે ત્યાં રાણા સંગ્રામસિંહ (રાણા-સંગ)નો અમલ હતો.

---

૧ રા' માંડલિકનું નામ મુસ્લીમ ધર્મમાં ' ખાનજહાન ' રાખેલું તેની કબર માણેક ચોકમાં અત્યારે પણ છે.

૨ સોનગઢમાં પહેલો થાણદાર ઇમામ બુલમુલ્કને મુકવામાં આવ્યો હતો.

૩ અલ્લાઉદ્દીને ચિત્તોડ જીતી લેવા પછી કુંભારાણાએ તે પાછું મેળવ્યું હતું તથા કોમલમેર-આબુ વગેરે ઉપર કિલ્લા બંધાવી માળવા-મેવાડમાં રાણાની આણ ફેલાવી હતી. તેમના સમયમાં સાદરી પાસે રાણકપુરમાં ૧૪૪૪ થાંભલાનું ત્રણ માળનું ભોંયરાવાળું વિશાળ દેરાસર જૈન મંત્રીએ ઈ. સ. ૧૪૩૮ માં બંધાવતાં તેની ટીપમાં કુંભારાણાએ ૮૦૦૦૦ સોનામહોર ( બાર લાખ રૂપિયાની રકમ ) આપી હતી તેમ રાસમાળામાં જણાવ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહાદુરખાન ચિત્તોડ આવ્યો ત્યારે ત્યાંના કરમચંદ મંત્રી[1] ( કરમાશા ) એ તેનું સારી રીતે સ્વાગત કર્યું. અને ખરચી માટે પોતાના પદરથી એક લાખ જેટલી મોટી રકમની મદદ કરી. તે પછી બહાદુરખાનનો ભાઇ ગુજરી જવાથી તે સુલતાન બહાદુરશાહના નામથી અમદાવાદની ગાદીએ આવ્યો, ત્યારે તેણે કરમચંદને બોલાવી સારૂં માન આપ્યું અને દેવું અદા કરવા ઉપરાંત કોઈ ગામ–ગીરાસની માગણી કરવાને કહ્યું. ત્યારે કરમચંદે જણાવ્યું કે– ' આપની કૃપાથી મારે કોઇ વાતની ખામી નથી. છતાં જો આપ કંઇ આપવાને ચાહતા જ હો તો અમારા ધર્મસ્થાનોના રક્ષણ માટે આપની મદદ અને રક્ષણ આપશો તો મને સંતોષ થશે. '

આ ઉપરથી બહાદુરશાહે ખુશી થઇને કરમાશાહને શ્રી શત્રુંજયની તીર્થયાત્રા તથા ઉદ્ધારમાં દરેક મદદ કરવાને તેના સોરઠના સુબેદાર મયાદખાન ( મુઝાહિદખાન ) ઉપરનું શાહી ફરમાન લખી આપ્યું હતું.

આ લાંબા સમય દરમિયાન દીલ્હીની ગાદીયે અનુક્રમે સૈયદ તથા લોદીવંશના બાદશાહો આવી ગયા હતા; પરંતુ તેમની સત્તા બહુ સાંકડી થઇ ગયેલી. આ વખતે સમરકંદના બાદશાહ તૈમુરની પેઢીમાં થયેલો બાબર અફઘાનીસ્થાનનો અમીર બની બેઠો હતો. તેને ચિતોડના રાણા સંગ તથા પંજાબના સુબાએ મળી દીલ્હી ઉપર ચઢાઈ કરવા નોતરૂં દીધું. આ ઉપરથી બાબરે મોટા સૈન્ય સાથે ચઢાઈ કરી દીલ્હી કબજે કર્યું. ને ત્યાં મોગલ શહેનશાહતની ઇ. સ. ૧૫૨૬ માં સ્થાપના કરી.

રાણા સંગે બાબરને હિંદુરાજ્યોની મદદને માટે નોતર્યો હતો, તેને બદલે તે ધણી થઇ બેસવાથી રાણાએ હિંદુરાજ્યોને એકઠા

---

૧ શ્રી વિવેકધરગણીએ કર્માશાહને વ્યાપારી જણાવેલ છે. ત્યારે શત્રુંજય ઉપર આવેલા શીલાલેખમાં राजव्यापार भार धौरेयः અર્થાત્ રાજમંત્રીનું વિશેષણ આપેલું છે. શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધસારમાં શ્રી જીનવિજયજીએ તેમને બંગાળ–ચીન આદિ દેશો સાથે ક્રયવિક્રય કરનારા કાપડના મહાન વેપારી તરીકે વર્ણવેલ છે. એ ગમે તેમ હોય છતાં એટલું તો ખરૂં છે કે કરમાશા આમરાજાના વંશમાંથી ઉતરી આવેલા રાજમાન્ય પુરૂષ હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી સીક્રીનું યુદ્ધ આરંભ્યું; પરંતુ તેમાં બાબરની ફતેહ થઈ. તેના પછી દીલ્હીની ગાદીયે આવેલો હુમાયુ માળવા રસ્તે ગુજરાત ઉપર ચઢ્યો. ત્યારે ચાંપાનેર કબજે કર્યું હતું; પરંતુ બીજે જ વર્ષે બહાદુરશાહે તે પાછું જીતી લીધું. આ તકનો લાભ લઈને જુનાગઢમાં રહેતો તેનો સૌરાષ્ટ્રનો સુબો તાતારખાન ઘોરી ઇ. સ. ૧૫૩૫ માં સ્વતંત્ર થઇ બેઠો હતો.

બહાદુરશાહ પછી ગુજરાતમાં સુલતાનોની સત્તા પાંત્રીશ વર્ષ ટકી હતી. દરમિયાન દીલ્હીમાં હુમાયુને મારીને શેરશાહ, સલીમ વગેરે સૂરવંશના રાજાઓ આવી ગયા હતા; પરંતુ અંતે તેમને હુમાયુએ ઇરાનના શાહની મદદથી હરાવીને દીલ્હીની ગાદી પાછી લીધી. તે પછી બીજે જ વર્ષે ઇ. સ. ૧૫૫૬ ( સં. ૧૬૧૨ ) માં અકબર દીલ્હીની ગાદીએ આવ્યો.

## તીર્થરક્ષા—

ઉપર આપણે જોઇ ગયા કે ઈ. સ. ૧૦૦૧ થી મુસ્લીમ સત્તાયે હિંદમાં છમકલાં શરૂ કર્યાં હતાં. પરંતુ રાજપુત રાજ્યો અને જૈન મંત્રીઓના પ્રખર ભૂજાબળે મહમદગીજની કે શાહબુદીન ઘોરી જેવાને પણ ટકવા દીધા નહોતા. આ પ્રમાણે છેક ઇ. સ. ની તેરમી સદી સુધીમાં પ્રવર્ત્તેલો જૈનયુગ અને શ્રી સિદ્ધાચળ પ્રદેશની સ્વતંત્ર હકુમત સાથે ભક્તિ પાછળ ખરચાએલ કરોડો દ્રવ્યનો ઇતિહાસ આપણે પાછળ જોઈ ગયા છીયે. પછી તેરમી સદીમાં મુસ્લીમ સત્તાનું જોર વધવા લાગ્યું. તે છતાં શ્રી સિદ્ધાચળજી તરફ દેશદેશાંતરમાંથી જૈન સંઘોનું આગમન અસ્ખલિત રહ્યા કર્યું હતું. ઇ. સ. ૧૨૩૦ ( સં. ૧૨૮૬ ) માં નાગપુરથી પુનડશાનો સંઘ શ્રી શત્રુંજયની યાત્રાયે આવ્યો ત્યારે ખુદ મુસ્લીમ બાદશાહ તરફથી તેને રક્ષણ મળ્યું હતું તેમ આપણે જોઇ ગયા છીયે. તે પછી ઇ. સ. ૧૨૫૯ (સં. ૧૩૧૫) માં કચ્છ (ભદ્રેશ્વર) ના અન્નદાતા જગડુશાહે પણ બાદશાહી માન સાથે શત્રુંજયનો સંઘ કાઢયો હતો તે પણ આપણે અગાઉ જોઈ ગયા છીયે.

આ પ્રસંગે માળવામાં પણ જૈન પ્રજાનું અસ્તિત્વ એટલુંજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રબળ હતું. માળવાના પાટનગર માંડવગઢમાં **પેથડશા (પૃથ્વીધર)** મંત્રીસ્થાને હતા. માંડવગઢની અત્યારે અપૂર્વ જાહોજલાલી હતી. ઝાંઝડશાહ, સંગ્રામસિંહ સોની વગેરે હજારો કોટ્યાધિપતિ જૈનો અહીં વસતા હતા.[૧] ઈ. સ. ૧૨૬૪ (સં. ૧૩૨૦) માં પેથડમંત્રીએ માંડવગઢમાંથી સંઘ કાઢયો. તેણે સિદ્ધાચળ ઉપર શ્રી શાંતિજીનનું સુવર્ણ રસિત જીનાલય બંધાવ્યું. આ ઉપરાંત ખંભાતમાંથી નાગરાજ સોનીએ, ને મારવાડમાંથી આભુ મંત્રીએ સંઘ કાઢી તીર્થભકિત કરી હતી. ટુંકામાં ગુજરાત કે કચ્છ, મારવાડ કે મેવાડ, મધ્યપ્રાંત કે પૂર્વપ્રદેશ દરેક ભાગોમાંથી શ્રી શત્રુંજયની યાત્રાનો લાભ લેવાને અસ્ખલિત યાત્રિકોના સંઘ આવ્યા કરતા હતા.

હવે આપણે **ચૌદમી** સદીમાં આવીએ. **ચૌદમી** સદીની શરૂઆતમાં મુસ્લીમ બાદશાહ **અલ્લાઉદ્દીન** ખીલજી ( ખુની ) એ ગુજરાતમાં પહેલો પગપેસારો કર્યો ત્યારે તેના સુબા અલપખાને સૌરાષ્ટ્રમાં રાણપુર–માંડવી વગેરે સ્થળે ઇ. સ. ૧૩૦૯ માં થાણાં ગોઠવ્યાનું આપણે જોઇ ગયા છીએ.

માંડવીમાં પડેલી મુસ્લીમ સેના આસપાસ રજળ્યા કરતી હતી. ત્યાંથી શત્રુંજય નજીક હોવાથી અહીં પેથડમંત્રીએ સુવર્ણ રસિત દેવગ્રહો બંધાવ્યાં છે તે વાત તેમના જાણવામાં આવી. એટલે આ નિરંકુશ સેનાની એક ટોળી શત્રુંજય ઉપર પહોંચી.

આ પ્રસંગે પાલીતાણા–બાહડપુર વગેરે આસપાસના ગામોની હકુમત સંભાળતા **જૈન** મુસદ્દીઓએ ચેતી જઇને મુસ્લીમ સેનાનું થાણું નજીકમાંજ થવાથી ડુંગર ઉપરનું જોખમ તથા પ્રભુબીંબને પાછલે રસ્તે [૨]ગુંદાળાગઢના માર્ગે થઇને નજીકમાં આવેલા

---

૧ માંડવગઢમાં એટલા બધા જૈન શ્રીમંતો વસતા હતા કે ત્યાં કોઇ **જૈન** નવો રહેવા આવતો તેને દરેક શ્રીમંત ઘર તરફથી એકેક રૂપિયો ચાંદલાનો આપવાને બંધારણ હતું. જેના પરીણામે આવનારો વગર મુડીનો મુસાફર તુર્ત શ્રીમંત બની જતો.

૨ હાલનું ગુંદી–કોળીયાક આ પ્રસંગે ગુંદાળાગઢના નામે ઓળખાતું હતું. અહીં સંપ્રતિરાજાના સમયના જીનાલયના ખંડીયરો અત્યારે પણ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પીરમબેટમાં [1] સલામત છુપાવી દીધાં હતાં.[2] એટલે મુસ્લીમ સેના સામાન્ય રંજાડ કરી પાછી ફરી.

આ ખબર જોતજોતામાં અણહીલ્લપુર[3] પહોંચ્યા. તે વખતે અણહીલ્લપુરમાં આચાર્ય શ્રી સિદ્ધસૂરિ બીરાજમાન હતા. તેઓશ્રીને આ ખબરથી બહુ લાગી આવ્યું. સંઘપતિ દેસલશાહને ત્યાંના અલપખાન સાથે સારો સંબંધ હતો. જ્યારે તેનો પુત્ર સમરોશા ( સમરસિંહ ) તિલંગ દેશનો સુબેદાર હતો તથા તેનું દીલ્હીપતિ અલ્લાઉદ્દીન પાસે સારૂં માન હતું.[4] આ બધો વિચાર કરીને તીર્થરક્ષા માટે ખુદ બાદશાહદ્વારા કામ લેવાનું ઉચિત ધાર્યું. સમરોશા તથા તેના ભત્રીજા સારંગશા આ વખતે દીલ્હીમાં હતા. તેમને શ્રીશત્રુંજય ઉપર બાદશાહી ફોજના માણસોયે અપમાન કરવાના ખબર મળતાં તુર્ત તે અલ્લાઉદ્દીનને મળ્યા. બાદશાહે તીર્થની મરામ્મત કરાવવામાં મદદ કરવાને ફરમાન કાઢી આપ્યું તે લઇ અણહીલ્લપુર આવ્યા અને અલપખાનને મળી તેમના તરફથી પણ દરેક મદદ માટે હુકમ મેળવી લીધો. ત્યારબાદ ત્રિસંગમપુરના રાજા મહીપાળને મળીને તેના તાબાની આરાસુરની ખીણમાંથી નવાં બીંબ માટે ફલહી મેળવવાનું કામ ત્યાંના જૈનમંત્રી

---

૧ પીરમબેટ ઘોઘાપાસે અરબી સમુદ્રના વમળમાં છે. પીરમ જતાં સમુદ્રના તળીયામાં એવી તો પહાડી આંટી ઘુંટી છે કે કોઇ પણ અજાણ્યા આવી શકે નહિ. આ પ્રસંગે પીરમ ટાપુ બારીયા જાતના ત્રિકાલીયા કોળીના તાબામાં હતો તથા જૈન વસ્તીનું પણ ત્યાં જોર હતું. તેમ અત્યારે પણ ત્યાં જોવાતાં જીનાલયના ખંડીયરોથી સ્પષ્ટ થાય છે.

૨ આ બીંબ બસો વર્ષ પહેલાં પીરમના ખંડીયરોમાંથી મળ્યાં હતાં. જે ( શ્રી ઋષભદેવ ) હાલ ભાવનગરના મોટા દેરાસરજીમાં બીરાજમાન છે. તેમ શ્રી ' સિદ્ધાચળના વર્તમાન વર્ણન' માં જણાવ્યું છે.

૩ શત્રુંજય તીર્થ અને આસપાસની સત્તાનો વહીવટ આ પ્રસંગે અણહીલ્લપુરનો સંઘ સંભાળતો હતો.

૪ અલ્લાઉદ્દીન સમરાશાને ' ચચ્ચા ' કહી બોલાવતા—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાતાશાહને સોંપ્યું. તથા જુનાગઢના રા'માંડલિકના ગુરૂ[1] બાલ-ચંદ્રમુનિ, શિલ્પશાસ્ત્રી ધીરગણી તથા શ્રી વિવેક મંડન પાઠકની દેખરેખ નીચે ચૈત્યોદ્ધાર તથા બીંબ ઘડવાનું કામ શરૂ થયું. તે પુરૂં થતાં ઈ. સ. ૧૩૧૪ ( સં. ૧૩૭૧ ) માં શ્રી સિદ્ધાચળનો સંઘ કાઢી પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. આ પ્રસંગે ગુજરાતના સુબા અલપખાને સંઘના રક્ષણુ માટે સૈન્ય સોંપ્યું. તીર્થરાજ ઉપર સમરસિંહ ઉપરાંત લંઢુકશા, જેત્રસંઘવી, કૃષ્ણુસંઘવી, કેશવશા, વગેરેએ પણુ જુદા જુદા મંદિરો સમરાવી પ્રતિષ્ઠા કરાવી. સંઘમાં ગચ્છભેદ વિના શ્રી વિનયચંદ્ર સૂરિ, બૃહદગચ્છીય શ્રી રત્નાકર સૂરિ, દેવસૂરગચ્છીય શ્રી પદ્મચંદ્ર સૂરિ, સંડેર ગચ્છીય શ્રી સુમતિ સૂરિ, ભાવડા ગચ્છીય શ્રી વીરસૂરિ, થારપદ્ર ગચ્છીય શ્રી સર્વદેવ સૂરિ, બ્રહ્માણુ ગચ્છીય શ્રી જગતસૂરિ, નિવૃત ગચ્છીય શ્રી આમ્રદેવસૂરિ, નાણુકગચ્છીય શ્રી સિદ્ધસેનસૂરિ, બ્રહદગણુ ગચ્છીય શ્રી ધર્મઘોષસૂરિ, નાગેંદ્રગચ્છીય શ્રી પ્રભાનંદસૂરિ, હેમસૂર સંતાનીય શ્રી વજ્રસેનસૂરિ વગેરે સેંકડો ધર્મગુરૂઓ અને છેક મારવાડ, મેવાડ તથા માળવામાંથી પણુ અનેક યાત્રાળુઓ સાથે આવેલા હતા.

દેશલ સાહે સં. ૧૩૭૫ ( ઇ. સ–૧૩૧૯ ) માં ફરી શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢ્યો. તેમના પછી સમરાશાના પુત્ર સાજ-ણુશી અને તેમના વારસોએ તીર્થરક્ષા અને વ્યવસ્થામાં આગેવાની ભર્યો ભાગ લેવા લાગ્યા.

આ પ્રમાણે ત્રીશ વર્ષ શાંતિમાં પસાર થયાં તેટલામાં મહમદ તુઘલુખ પીરમ જીતીને સોમનાથ જતાં[2] શત્રુંજય ઉપર ચઢ્યો. પરંતુ ત્યાં આગળના ભાગમાં પીરની દરગાહ[3] અને દૂરથી મંદિરોની ટોચ ઉપર મીનારાના નિશાન જોયાં[4] તેથી ધર્મસ્થાનનો ખ્યાલ કરીને

૧ રા'-માંડલિક બાલચંદ્ર મુનિને પિતૃત્વ (કાકા) શબ્દથી સંબોધતા હતા.

૨ ઇ. સ. ૧૩૪૭ ( સં–૧૪૦૩ ) માં.

૩ અંગારશા પીરની જગા હશે. તેના અંગે વિગતવાર હકીકત માટે 'શત્રુંજય પ્રકાશ–પૂર્વાર્ધ' જુઓ.

૪ સમરાશાહે ભવિષ્યનો વિચાર કરી દેરાસરોની ટોચે આગલી બાજુ મસજીદ જેવા ઘાટના બે મીનારા કરાવ્યા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમજ અહીં દ્રવ્યની ભુખ ભાંગે તેવું કશું ન દેખવાથી તે ડુંગર ઉપર કશી પણ રંજાડ કર્યા વિના[1] નાઘેર તરફ ચાલ્યો ગયો.

મહમદના જવા પછી પણ વખતો વખત યાત્રિકોના જુથ (સંઘ) એકત્ર મળીને યાત્રાનો લાભ લેતાં જીનાલયો બંધાવતાં અને વ્યવસ્થા સંભાળતા.[2]

આ લાંબા ગાળામાં ચોતરફ અશાંતિ લુંટફાટ અને મારે તેની તલવાર જેવો સમય પસાર થતો હોવાથી માલનો અવર જવર વણ-જારાઓ ચોકી પહેરાની સગવડ રાખીને કરતા, તેવે વખતે પણ જૈનો શ્રી શત્રુંજયની યાત્રાનો લાભ લેવાને મોટા સમૂહમાં એકઠા મળી આવ્યા કરતા. આ સંઘ (સમૂહ) પોતાની સાથે તંબુ, ચોકી પહેરાની સગવડ રાખતા. મુનિરાજો અને નિત્ય પૂજા માટે દેવમંદિર સાથે લેતા, આવનાર સંઘો યાત્રાનો લાભ લેવાની ખુશાલીમાં યાચકોને દાન દેતા અને શ્રીગિરિરાજ ઉપર રોકાએલા પૂજારીઓને ઇનામ આપી રાજી કરતા. તેથી તેનો લાભ લેવાને આસપાસથી રાંક–ઢીક, કોળી–ઠાકરડાં, બાવાં–અતીત[3] વગેરે વર્ણ માન વિના

---

૧ મહમદ તુઘલુખ સં ૧૪૦૩ માં આવ્યો હતો. જ્યારે સં. ૧૩૮૯ નો શ્રી દેવસૂરિનો લેખ, શ્રી અષ્ટાપદજીના દેરાસર પાસેના ગોંખમાં, સં. ૧૩૯૧ નો ભરત બાહુબળના વગેરે શીલાલેખો અત્યારે પણ વિદ્યમાન છે, એ બતાવે છે કે મહમદે શત્રુંજય ઉપર કશી રંજાડ કરી નહોતી.

૨ સં. ૧૪૧૪ ના લેખ સાથે નવા આદીનાથના દેરાસરમાં દેવગુપ્તસૂરિ સ્થાપિત સમરાશાની મૂર્તિ તથા રાણા મહીપાળની મૂર્તિ, સં ૧૪૨૪ ના લેખ-વાળી અષ્ટાપદ પાસે શ્રાવકની મૂર્તિ, સં. ૧૪૩૦ ના જેઠ વદ ૪ ના લેખવાળી મંત્રી તથા તેમની સ્ત્રીની જીનોદયસૂરિ સ્થાપીત રાયણપગલા પાસેની મૂર્તિ, સં. ૧૪૩૧ ના લેખવાળી અષ્ટાપદમાં નેમીનાથની મૂર્તિ, સં. ૧૪૮૪ ના લેખવાળી અમદાવાદના મુળીની મૂર્તિ અત્યારે પણ વિદ્યમાન છે, એ બતાવે છે કે પન્નરમી સદીમાં શત્રુંજય ઉપર ચાલુ સંઘો આવ્યા કર્યા હતા. અને તેમાં કેટલાકે નવા મંદિરો અને મૂર્તિઓની પ્રતિષ્ઠા પણ કરી હતી.

૩ અતિત મુળ માળવામાંથી આવીને નજીકના ખેરવા (વીરપુર) ગામમાં રહેલા. ત્યાંથી કાશીભારથીયે પાલીતાણે આવી ધુળીયા વંડા પાસે મઠ બાંધ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંખ્યાબંધ લોકો એકઠા થતાં ત્યારે લલીતસાગરને કાંઠે મોટું શહેર વસી જતું.

આ વખતે પાલીતાણાગામ ખારાના વોંકળાને સામે કાંઠે હાથી-યાધાર ઉપર હતું.[1] જ્યારે ગિરિરાજની વિજયતળાટી અને ગામ વચ્ચે લલિતસાગર નામે તળાવ મોટા વિસ્તારમાં પથરાએલું હતું. એટલે આવનાર સંઘો આ તળાવની પાળે પોતાના તંબુ નાંખી ઉતરતા અને યાત્રા કરીને દાન–પુણ્ય કરતા.

આ પ્રસંગે અણહીલ્લપુર તથા ગુજરાતમાં બારોટો લડાયક અને પ્રમાણિક તરીકે જાણીતા હતા, તેઓનો વસવાટ મોટા ભાગે જૈનો સાથે હોવાથી તે જીનસેવક તરીકે પ્રખ્યાત હતા. તેમાં કેટલાક પોઠોનો સંગ્રહ રાખી વણજારૂ કરતા, તેમનો જૈન સંઘો સાથે શ્રીસિદ્ધા-ચળજીમાં અવરજવર થયો. તેમાંથી કેટલાક કુટુંબો તીર્થસેવા તથા સંઘ–સરભરા માટે ત્યાંજ[2] રોકાઈ ગયા. અને લડાયક વર્ગ આગળ વધી આસપાસના ગામડાં કબજે કરી બેઠો.[3]

ગુજરાતમાં ખંભાત બંદર પ્રાચિન, સમૃદ્ધિવાળું અને સમુદ્ર-કિનારે હોવાથી એ વેપારનું મોટું મથક હતું. જૈનોનું મહાન્ તીર્થ હતું. તેથી અણહીલ્લપુરની રાજધાની અમદાવાદમાં ગઈ તે સાથે

---

હતો. તેઓ ધીરધાર કરતા અને રજવાડા પેઠે ડેલીયો બાંધી રહેતા. ધનેન્દ્રસૂરિ તથા મેઘભારથી સંસારપક્ષે ભાઈયો હતા. તેથી એક બીજાના કામમાં મદદ-ગાર થતા તેવી કિંવદંતી છે.

૧ આચાર્યશ્રી પાદલિપ્તસૂરિના સ્મરણાર્થે સિદ્ધ નાગાર્જુને વિક્રમ સંવત-ની શરૂઆતમાંજ પાદલિપ્તપુર ( પાલીતાણા) વસાવ્યું હતું. વધુ વિગત માટે જુઓ 'શત્રુંજય પ્રકાશ પૂર્વાર્ધ' પૃષ્ટ ૧૬થી૧૮

૨ બારોટોએ લલીતસાગર તળાવને કાંઠે જ્યાં સંઘોના તંબુ ખેંચાતા હતા ત્યાં નજીકમાં વસવાટ કર્યો. જ્યાં હાલ ભાટનો ચોરો છે.

૩ બાંભણીયું, અણીયાળી વગેરે બાર ગામો ઉપર અત્યારે પણ બારોટો-ની હકુમત છે. જ્યારે ત્યાં દીવાની ફોજદારી એજન્સી ( ગોઘાજીલ્લા )ના તથા કેટલાક ગામોમાં ભાવનગરની છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વસ્તીનો મોટો ભાગ પણ અમદાવાદ અને ખંભાત જઇ વસવા લાગ્યો. અહીણુલ્લપુરના સંઘપતિ સાજણશીયે રાજધાની ફરતાં પોતાની પેઢી થોડા વખતથી ખંભાતમાં ખોલી દીધી હતી, તેથી તેમને પણ ખંભાતમાં વસવાટ કરવાનું નક્કી થયું.

જ્યારે અણુહીલ્લપુરની જાહોજલાલી હતી ત્યારે ઉદેપુર રાજ્યના ધર્મગુરૂ તપગચ્છાચાર્યની ગાદી અણુહીલ્લપુરમાં રાખવામાં આવી હતી. તેથી તેઓ ઉત્તરોત્તર તીર્થરક્ષામાં સ્હાયક અને સલાહકાર થતા.

અણુહીલ્લપુરે ઉચાળા ભરવાથી જ્યારે શ્રી સિદ્ધાચળજીનો વહીવટ સંભાળવાનો પ્રશ્ન સંઘ પાસે આવ્યો ત્યારે બીજી તરફથી દૂર બેસીને વહીવટ કરવાની મુશ્કેલીનો વિચાર કરી આચાર્યશ્રીયે પોતાની ગાદીની શાખા ગિરિરાજના ચરણમાંજ રાખી સંભાળ લેવાને યોગ્ય ધાર્યું. તેથી પાટણ, રાધનપુર તથા ખંભાતના આગેવાનોની કમિટિ નીમી તીર્થવ્યવસ્થા જાળવવાને ગોઠવણ થઇ એટલે આ. શ્રી. ની ગાદી પાલીતાણે આવી.[1]

બીજી તરફથી જોધપુર, બીકાનેર, જેસલમેર વગેરે રાઠોડ રાજ્યના ગુરૂ ખરતરગચ્છાચાર્ય જીનકુશળસૂરિની પાટેથી પણ કેટલાક યતિઓને મોકલવામાં આવ્યા.[2]

આ પ્રમાણે અશાંતિના યુગમાં પણ શ્રી સિદ્ધાચળની છાયામાં શાંતિ જળવાઇ રહેવાથી ધીમે ધીમે અહીં વ્યાપારીઓ અને વસ-

---

૧ અહીં શ્રી જીનેંદ્રસૂરિ, ધનેંદ્રસૂરિ, મુનિચંદ્રસૂરિ વગેરે સમર્થ યતિઓ ઉત્તરોત્તર થઇ ગયા, તેમની ગાદી તથા ઉપાશ્રય હાલ ગોડીજીના દેરાસર સામે વિદ્યમાન છે. અહીં જીનેંદ્રસૂરિયે છાલ્લાકુંડ નજીક 'જીનેંદ્રટુંક' બંધાવી છે જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જીનાલય, પગલાં, કુંડ તથા વિશ્રામસ્થાનો વિદ્યમાન છે.

૨ આ ગાદીયે શ્રી કલ્યાણચંદજી, દેવચંદજી (દેવોજી) કરમચંદજી વગેરે યતિઓ આવ્યા હતા. તેમના સમયમાં ૧૬૧૮ માં ખરતરસહી બંધાણી હતી. અત્યારે પણ તેમના પાટ રાજકચેરી નજીક છે. અહીં દેરાસર વગેરે ઘણી જમીન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાયા વિગેરે આવીને વસ્યા તથા સામે કિનારે પાદલીપ્તપુરમાં રહેલાં ઘરો પણ નવા પાલીતાણામાં આવી રહ્યાં. આ પ્રમાણે ચૌદમી સદીમાં યાત્રાળુઓના અવલંબનથી પાલીતાણાની જમાવટ થવા લાગી.

ઇ. સ. ની પન્નરમી સદીમાં ગુજરાતમાં સુલતાન સત્તા જામી તે પૈકી ત્રીજા સુલતાન મહમદ બેગડે સોરઠ સર કર્યું તેમ આપણે જોઈ ગયા છીયે, તે વખતમાં પણ શ્રી સિદ્ધાચળ જૈનો માટે સ્વતંત્ર અને નિરાબાધ હતું. એટલુંજ નહિ પણ હડાળાના ખેમા દેદરાણીએ દુષ્કાળમાં આખું વર્ષ સુલતાનની હદમાં મફત અનાજ આપીને જૈન પ્રજા માટે 'શાહ' નું બીરૂદ મેળવ્યું હતું.[1] તે પછી ખીમાશાહે શ્રી શત્રુંજયનો સંઘ કાઢયો હતો. બાદશાહે મહાજન ( શાહ )

---

૧ મહમદશાહે જીતેલા ચાંપાનેરમાં નગરશેઠ ચાંપશી મહેતા, સારંગ મહેતા, જેતો શાહ વગેરે શ્રીમંત જૈનોની મોટી વસ્તી હતી. તેના સ્તુતિ સાંભળીને ત્યાંના બાદશાહી સુલતાનને અદેખાઇ આવી. તે પછી લગભગ સં. ૧૫૧૨ માં ભયંકર દુષ્કાળ પડયો એટલે ઉમરાવે મહમદ સુલતાનને ઉશ્કેરી કાંતો વાણિયા વરસ ઉતરાવે કે શાહની પદવી છોડી દ્યે તેમ ફરમાન કઢાવ્યું. સત્તર હજાર ગામના ધણીને જોઇતું અનાજ ૩૬૦ દિવસ પુરૂં પાડવાના બાદશાહી દબાણથી ચાંપાનેરનો સંઘ વિચારમાં પડયો. પરંતુ આ નાકનો સ્વાલ હતો તેથી ટીપ કરવા નીકળ્યા. તેઓ પાટણ (અણહીલપુર) ધોલકા વગેરે મુખ્ય શહેરોમાંથી વીશ દિવસનો ખર્ચ ભરાવી ધંધુકે જતા હતા. માર્ગમાં હડાળા ગામ આવ્યું. અહીં ખેમો દેદરાણી રહેતો હતો, તેણે મહાજનને જમતા જવાનો આગ્રહ કર્યો. ખીમાના ખડબચડાં ખાદીના કપડાં અને ગામડીયા દેખાવથી અહીં વખત ન ખોવા માટે હા–ના થઇ, પણ અત્યાગ્રહથી રોકાયા. જમીને ખીમાને ટીપમાં કંઇ ભરવું હોય તો તે માટે સામાન્ય ધ્યાન ખેંચ્યું. ખીમો 'આવ્યો અવસર કેમ ચૂકે ?' ખીમે તેના વૃદ્ધ પિતાની સલાહ લઇ પૂરા ૩૬૦ દિવસનો ખર્ચ ટીપમાં ભરી દીધો. ચાંપાનેરના શ્રીમંતો તાજુબ થઇ ગયા; પરંતુ ખીમા પાસે અન્નના ભંડાર જોઇ ખુશી થતા તેને પાલખીમાં બેસારી સુલ્તાન પાસે લઇ ગયા. ખીમાયે આખું વર્ષ આખા દેશને મફત અન્ન આપ્યું. તેથી બાદશાહે મહાજનને 'શાહ' ની પદવી સાથે ધન્યવાદ આપ્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ના માનમાં શત્રુંજય તથા ચાંપાનેરના[૧] તીર્થનું રક્ષણ કર્યું હતું.[૨]

તે પછી સોળમી સદીમાં દેવગિરિ ( દૌલતાબાદ–દખણ ) માં રહેતા સંઘવી ધનરાજ તથા નાગરાજે શ્રી સિદ્ધાચળજી–આબુજી વગેરેના સંઘ કાઢયા હતા. તેમનો સંઘ ચિત્રકુટ (ચિત્તોડ) ના યાત્રાયે ગયો ત્યારે ત્યાં ચિત્રકુટ પહાડ ઉપર અલૌકિક જીનાલયો,[૩] ઉપાશ્રયો, જ્ઞાનાલયો તથા સરોવરો વગેરેની આલ્હાદજનક સગવડો જોઇ આનંદ થયો.

સંઘમાં આ પ્રસંગે શ્રી ધર્મરત્નસૂરિ સાથે હતા, તેમને મંત્રી કરમચંદ વંદન કરવા આવ્યા એટલે તિર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર આવા ભવ્ય જીનાલયો હોય તો ‘ સોનામાં સુગંધ મળે ’ તેમ ધ્યાન ખેંચ્યું.

તે પછી ચિત્તોડમાં બહાદુરખાન આવતાં કરમાશાહે મદદ આપવાથી જ્યારે બહાદુરખાન ગુજરાતનો બહાદુરશાહ સુલતાન થયો ત્યારે તેના આગ્રહથી શ્રી શત્રુંજયના ઉદ્ધાર માટે કરમાશાહે ફરમાન મેળવ્યું હતું તે આપણે આગળ જોઇ ગયા છીયે.

કરમાશાહે આ ફરમાન મેળવવા પછી શત્રુંજયના ઉદ્ધારનું કામ શરૂ કરાવ્યું, ત્યારે સોરઠમાં બાદશાહનો સુબો મયાદખાન

---

૧ ચાંપાનેરના પાવાગઢ ઉપર નેમીનાથનું તીર્થ છેક અઢારમી સદી સુધી હતું તેમ શ્રી શીલવિજયજીકૃત તીર્થમાળા, વિદ્યાસાગર રાસ આદિ ઉપરથી જોવાય છે. અહીં મહાકાળીદેવીનું મંદિર પણ તે સમયનું હતું જે અત્યારે વિદ્યમાન છે, ત્યારે જૈનમંદિરના નિશાનો પણ નથી સચવાયાં. મુસ્લીમ જમાનામાં રક્ષાયેલાં જીનાલયોનો બ્રીટીશ જમાનામાં પત્તો પણ ન મળે એ કાળની બલીહારી છે.

૨ મહમદે ગુજરાતમાં જૈનેતરોનાં દેવળો તોડયાં હતાં ત્યારે જુનાગઢ અને ચાંપાનેર જીતવા છતાં આ બન્ને સ્થળે આવેલાં જૈન તીર્થો તરફ નજર પણ નાંખી નહોતી.

૩ ચિત્રકુટ ઉપર ત્યાંના કરમચંદ મંત્રીયે પણ શ્રી પાર્શ્વનાથ તથા સુપાર્શ્વનાથના ભવ્ય જીનાલયો બંધાવ્યાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( મુઝાહિદ ખાન ) હતો. અને મુખ્ય કારભારી રવો ( રવિરાજ ) અને નરશી ( નૃસિંહ ) હતા[1] તેમણે અધિક સગવડો પુરી પાડી. ઉદ્ધારનું કામ પુરૂં થતાં શ્રી વિદ્યામંડન સૂરિ અને વિનયમંડન પાઠકના નેતૃત્વ નીચે વિરાટ સંઘ સહ વર્તમાન કરમાશાએ સં. ૧૫૮૭ માં[2] પ્રતિષ્ઠામહોત્સવ કર્યો.

આ પ્રમાણે અકબરનો અમલ શરૂ થતાં સુધી શ્રી શત્રુંજય તીર્થનું અબાધીતપણે રક્ષણ અને સ્વતંત્રતાપૂર્વક સેવા–ભક્તિ જૈનો કરતા આવ્યા હતા.

## ગારીયાધારમાં ગોહેલો—

આ લાંબા સમય દરમિયાન ગારીયાધારની સાંકડી સરહદ સંભાળી બેઠેલા પાલીતાણા રાજ્યના પૂર્વજોની પેઢીના સરજણજી ગોહેલ પછી અનુક્રમે અરજણજી, નોંઘણજી, ભારોજી,[3] બનોજી, સવોજી ( પહેલા ) અને હદ્દોજી પછી ઇ. સ. ૧૫૭૦ ના અરસામાં ગોહેલ કાંધાજી ( પહેલા ) થયા.

આટલા વખતમાં ગારીયાધારના ગોહેલો એટલા સાંકડા ક્ષેત્રમાં પડ્યા હતા કે તેનો જાણવા જેવો ઈતિહાસ પાલીતાણા રાજ્ય પણ અત્યાર સુધી મેળવી શક્યું નથી. ફક્ત કાઠિયાવાડ ઐતિહાસીક સંગ્રહ ઉપરથી એટલું સમજાય છે કે ગોઘાના ગોહેલ રામજી–ગાદીના માલેક સારંગજી તરફના રાજદ્રોહથી બચવા માટે ગારીયાધાર તથા લાઠીના ભાયાતોની મદદ લેવા પ્રેરાયા હતા, પરંતુ તેમના તરફથી જોઇતી સ્હાય મળે તેવું ન દેખવાથી રામજીને સારંગજીને શરણે જવું પડયું હતું. મતલબ કે ઇ. સ. ૧૫૭૦ સુધીમાં ઇતિહાસની દૃષ્ટિયે ગારીયાધારના ગોહેલો ગણત્રીમાં નહોતા.

---

૧ રવો તથા નરશી જૈન હતા તેમ 'એપિગ્રાફિકા ઓફ ઇન્ડીયા' પુસ્તક પહેલું જણાવે છે.

૨ કરમાશાહના ઉદ્ધારની પ્રતિષ્ટા ( ઇ. સ. ૧૫૩૧ ) સંવત ૧૫૮૭ ના વૈશાક વદી ૬ ( ગુજરાતી–ચૈત્ર વદી ૬ ) રવિવારે થયેલ છે.

૩ પાલીતાણા સ્ટેટના સ્કૂલ શિક્ષણ માટે લખાએલ ઈતિહાસમાં પાંચમી પેઢીયે ' જસોજી ' નામ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રસંગે શીહોરના બાર ગામમાં જાની તથા રણા ( દવે ) બ્રાહ્મણોનો[1] અમલ હતો. બન્ને પક્ષની બેઠક માટે ગામ વચ્ચે ઉંચાણમાં ચોરો બાંધ્યો હતો. અહીં બેઠેલા એક યુવાને ઉઘાડે માથે જાનીના ઘરમાં કામ કરતી સ્ત્રીની ટકોર કરી. આ બાઇ દવેની દિકરી હતી, તેથી બન્ને પક્ષવાળા વાત વાતમાં વઢી પડ્યા, એટલે રણા ગારીયાધારના ગોહેલ કાંધાજીની મદદ લેવા દોડયા અને જાની પક્ષવાળા ગોઘાના ગોહેલ[2] વીસાજીની મદદ લેવા ગયા. બન્ને પક્ષ વચ્ચે કાપાકાપી શરૂ થઇ તેમાં છેવટ કાંધાજી નાસી જતાં વીસાજીયે શીહોરનો કબજો લઈ ત્યાં પોતાની ગાદી સ્થાપી.

આ લાંબા ગાળા દરમિયાન સૌરાષ્ટ્રમાં ઘણા રાજપલટા થઇ ગયા હતા. છેક જસદણ–પાલીયાદથી મહુવા–તળાજા સુધીના મોટા વિસ્તારમાં ખુમાણ, ખાચર અને વાળા–કાઠીની પ્રબળ સત્તા પથરાયેલી હતી. ખુમાણોયે પોતાની રાજધાની [3] ખેરડીમાં નાંખેલી.

શીહોરની લડાઇમાંથી નાસી છૂટેલા કાંધાજી ગોહેલ ગુજરી જવા પછી ગારીયાધારની સત્તા નોંઘણજી ( બીજા ) ગોહેલના હાથમાં આવી ત્યારે ખેરડીમાં લોમા ખુમાણ પોતાની સત્તા આગળ વધાર્યે જતો હતો. તેની દૃષ્ટિ ગારીયાધાર તરફ જવાથી ઇ. સ. ૧૬૧૯ માં તે મોટી સેના સાથે ગારીયાધાર ઉપર ચઢયો.

ગારીયાધારના ગોહેલોને શીહોરની લડાઇની કળ હજી ઉતરી નહોતી, તેવામાં ખુમાણની સેનાનું મોટું દળ જોઇ તેના સામે ઉભા રહેવું આકરૂં જાણી નોંઘણજી ગોહેલ પોતાના ભાયાત ધુનાજી[4] ની મદદ લેવા શીહોર ગયા. ખુમાણનું બળ ધુનાજીના ધ્યાન બહાર નહોતું છતાં પોતાના ભાયાતને આશ્રય આપવાની ફરજ સમજી વળામાંથી સીરબંધી સેનાને ચેતાવવા ચાલ્યા. પરંતુ ખુમાણની સેના ગારીયાધારથી નોંઘણજી પાછળ નીકળી ચૂકી હતી તેથી ગોહેલો

૧ શીહોર તાલુકો સિદ્ધરાજે બ્રાહ્મણોને દાનમાં આપ્યો હતો.

૨ ભાવનગરના પૂર્વજો.

૩ ખેરડી ગામ ગારીયાધારથી આઠેક ગાઉ દૂર ઉંડમાં આવેલું છે.

૪ ભાવનગરના પૂર્વજો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તૈયારી કરે તેટલામાં બંને સૈન્યનો વેળાવદર પાસે ભેટો થતાં ત્યાં લડાઈ જામી. તેમાં ધુનાજી મરાણા અને નોંઘણજી ત્યાંથી નાસીને બારૈયાની ઝાડીમાં છુપાઇ ગયા; એટલે લોમા ખુમાણે ગારીયાધાર પ્રગણું પોતાને કબજે લઈ ત્યાં ખુમાણની આણ ફેલાવી.

નોંઘણજીને ખુમાણ પાસેથી ગારીયાધાર પાછું મેળવવું તે હાથીના મોં આગળથી પૂળો ખેંચવા જેવું આકરૂં કામ હતું[1] તેથી તેઓ બારૈયાની ઝાડીમાં આવેલા જવાસ ગામમાં જઇને રહ્યા. આ ગામમાં બારૈયા કોળીનો અમલ હતો. તેમને આંગણે વખાના માર્યા ગોહેલ મ્હેમાન થવાથી તેઓએ નોંઘણજીનો સત્કાર કર્યો અને પરસ્પર પરિચય વધવા પછી પોતાની પુત્રી પરણાવી સંબંધ વધાર્યો.

આ પ્રમાણે નોંઘણજી ગોહેલે જવાસ ગામમાં વીશ વર્ષ ગાળ્યાં. દરમિયાન પોતાની પૂર્વભૂમિનો પ્રેમ જાગૃત થવાથી ઇ. સં. ૧૬૪૦ માં ત્યાંના બારૈયાની એક ટુકડી લઇ શીહોર આવ્યા અને ત્યાંથી અખેરાજજી ગોહેલની વધુ મદદ લઈ ગારીયાધારને શીમાડે ગયા.

ગારીયાધારના પટેલને આ ખબર મળવાથી તે શીમાડે જઇને ગોહેલને મળ્યો. અને ખુમાણની પ્રબળ જમાવટનો ખ્યાલ આપી જણાવ્યું કે હું સંધ્યા વખતે ધણ લુંટાયાની બુમ પાડીશ. એટલે ગૌ-ભક્ત કાઠી ધણ વાળવાને એક તરફ દોડશે તે તકનો લાભ લઇને તમે બીજી તરફથી ગામમાં પેસીને ગઢ હાથ કરી શકો તોજ ફાવો તેમ છો.

આ વાત ઠીક જણાવાથી સાંજના જ્યારે ગારીયાધારમાં રહેલું ખુમાણનું દળ ધણના ચોરને પકડવા પશ્ચિમે ઉપડયું ત્યારે પૂર્વ દરવાજેથી ગોહેલ નોંઘણજીયે પોતાના સાથીઓ સાથે ગઢનો કબજો લીધો. પરંતુ આ રીતે લોમા જેવા બળવાન શત્રુ સામે ટકવું મુશ્કેલ હતું તેથી રાતોરાત નોંઘણજી ખેરડી ગયા.

---

૧ અમદાવાદના છેલ્લા સુલતાન મુઝફ્ફરને ઇ. સ. ૧૫૮૩ માં દીલ્હીના સુબા અઝીઝકોકાયે પદભ્રષ્ટ કર્યો ત્યારે ખેરડીનો લોમો ખુમાણ તથા જામસત્રાજી વગેરેયે મદદ કરી હતી. એ ખુમાણોના બળનો ખ્યાલ આપે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોમા ખુમાણુ પોતાના ગઢની ડેલીયે દાયરો મેળવી બેઠા હતા તેવામાં નોંઘણુજીને આવેલા જોઈ આવકાર દીધો. નોંઘણુજીયે લોમાની સ્રીને બ્હેન કહી ચણી ગામની વીરપસલી કરી. એટલામાં ગારીયાધારથી લોમાના માણસોએ આવીને બધી વાત કહી; પરંતુ આંગણે આવેલ મ્હેમાનને આશ્રય આપવો એ ધર્મ[1] સમજી ગારીયાધારમાંથી લોમાયે પોતાનું થાણું પાછું ખેંચી લીધું.

## મુગલ સામ્રાજ્યમાં શત્રુંજય—

અકબરશાહ ઈ. સ. ૧૫૫૬ માં દીલ્હીની ગાદીએ આવ્યાનું પ્રથમ જોઇ ગયા છીએ તેણે પોતાના અમલમાં ત્રાસ અને મારફાડ ને બદલે પ્રેમ અને ઉદારતા દાખલ કરીને વિશ્વાસ વધાર્યો. જજીયાવેરો કાઢી નાંખી દરેક ધર્મોને માન આપવા લાગ્યો તથા રાજ્ય વ્યવસ્થાને બંધારણપૂર્વક ગોઠવી ન્યાય અને રક્ષણને માટે દરેક પ્રાંતોમાં સુબેદાર, કાજી, દીવાન અને ફોજદારને રોકયા. અકબર બાદશાહની આ રાજનીતિ લોકપ્રિય થઇ પડતાં દિવસાનુદિવસ તેમની સત્તાનો વિકાસ થવા લાગ્યો. ઇ. સ. ૧૫૭૨ માં અકબરે ગુજરાતના છેલ્લા સુલતાનને હરાવી, પોતાના સુબા અઝીઝકોકાને નીમ્યો અને ૧૫૮૩ થી તેની સત્તા સુદ્રઢ થઇ.

આ વખતે સૌરાષ્ટ્ર–જામનગરમાં[2] જામ સત્તાનું, ખરેડીમાં લોમાખુમાણનું, મોરબીમાં ફતેખાન બલોચનું, તથા મધ્યમાં વાળા, ખાચર, જટ, ખસીયા, બાબરીયા વગેરે કાઠીઓ અને કોળીઓનાં રાજ્યોનું જોર હતું. અમદાવાદનો છેલ્લો સુલતાન મુઝફ્ફર ભાગીને સોરઠમાં ભરાણો તેને જામસત્રાજીનું અને લોમા ખુમાણની સાથે સાથે જુનાગઢના સુબા દોલતખાન ગોરીએ મદદ આપવાથી ધ્રોળ પાસે યુદ્ધ થયું તેમાં મુગલોની જીત થવાથી ઇ. સ. ૧૫૯૧ માં સોરઠ સર કરી ૧૫૯૨ માં સર્વોપરી સત્તા સ્થાપી.

---

૧ આંગણે આવેલા દુશ્મનને પણ પ્રેમથી પોતાનો માની લેવા અને શરણાંગતને સ્હાય કરવી એ કાઠીયોનો કુલધર્મ મનાતો હતો.

૨ કચ્છમાંથી જામરાવળ ૧૫૩૫ માં સૌરાષ્ટ્રમાં આવ્યા. તેણે ૧૫૪૦ માં જામનગર વસાવ્યું ને તે પ્રાંતનું નામ નાનો કચ્છ ( હાલાર ) પાડયું. તેના પછી જામ વિભાજીના પુત્ર જામસત્રાજી થયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ મુદત દરમ્યાન તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના દર્શનાર્થે દેશ–પરદેશના સંઘોનો અવર–જવર શરૂજ હતો. જેના દ્વારા ઈ. સ. ૧૫૮૩ ( સં. ૧૬૩૯ ) માં અકબર બાદશાહને કાને આચાર્યશ્રી વિજયહીરસૂરિની પ્રશંસા સાંભળવામાં આવી તેથી અમદાવાદના સુબા માર્ફત આચાર્યશ્રીને પધારવા આમંત્રણ મોકલ્યું.

આચાર્યશ્રી વિજયહીરસૂરિ આ વખતે ખંભાત હતા. જ્યારે બાદશાહ અકબરનો મુકામ ફતેહપુર–સીક્રીમાં હતો. એટલે લાંબો પંથ કાપવાની મુશ્કેલી છતાં શાસનસેવા માટે લાભનું કારણ જાણી ૬૭ થાણાના બહોળા પરિવાર સાથે વિહાર કરીને આચાર્યશ્રી ફતેહપુર પધાર્યા. આ મુલાકાતમાં અકબર બાદશાહે આચાર્યશ્રીના જ્ઞાનબળ તથા આકરા આચાર–વિચારથી પ્રસન્ન થઇ તેમના શિષ્ય પં. ભાનુચંદ્રજી માર્ફત શાનશાહતની સરહદમાં આવેલાં સિદ્ધાચળજી, ગીરનારજી, તારંગાજી, કેસરીયાનાથજી, આબુ, રાજગૃહીજીના પાંચ પહાડ, સમેતશીખર ઉર્ફે પાર્શ્વનાથ પહાડ વગેરે જૈન તીર્થો અને બીજી બધી ભકિત કરવાની જગાઓ ઉપરના જૈનોની સ્વતંત્રતા અને ' યાવચ્ચંદ્રદિવાકરૌ ' અબાધિત કબજા ભોગવટાનો તથા તેનો ખ્યાલ રહેવા આ ખરીતામાં માળવા, શાહજહાનાબાદ, લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર મીરજ, ગુજરાત ( સૌરાષ્ટ્ર ) બંગાળ, તથા શાનશાહત તાબાના સઘળા મુલકોના સુબાઓ જોગ ચેતવણી આપી.

## બાદશાહી ખેરીતો—

આચાર્ય શ્રી વિજયહીરસૂરિએ શાહીમાન સાથે ગુજરાત તરફ પાછો વિહાર કર્યો ત્યારે તેમને માર્ગમાં દરેક નાના મોટા રાજ્યો અને સુબાઓથી સારૂં માન મળ્યું. તેઓશ્રી અમદાવાદ પહોંચ્યા ત્યારે ત્યાંનો સુબો આઝમખાંન સંવત ૧૬૪૮ માં સોરઠના જામ ઉપર ચડતો હતો. તેમણે આચાર્યશ્રીને કામકાજ માટે પૂછતાં તીર્થરક્ષાની ભલામણ કરી. ત્યાંથી સંવત ૧૬૪૯ માં પાટણ પધારતાં ત્યાંના સુબા કાસિમખાને સારૂં માન આપ્યું હતું.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહીંથી આચાર્યશ્રી સહવર્તમાન શ્રી સિદ્ધાચળની યાત્રાએ જવાનો શ્રી સંઘે નિર્ણય કર્યો, આ ખબર ચોતરફ પહોંચતાં માળવામાંથી ડાયરશાહે, મેવાડથી કલ્યાણ બંબુએ, મેડતાથી સદારંગશાહે સંઘ કાઢયા તથા લાહોર, આગ્રા, મુલતાન, કાશ્મીર, જેસલમેર, શિરોહી, નાંદલાઈ અને બંગાળ આદિ દૂર દૂરના દેશોમાંથી હજારો યાત્રીકો પાટણ એકઠા થયા. પાટણથી સં. ૧૬૫૦ (ઈ. સ ૧૫૯૪) માં શ્રી શત્રુંજયની યાત્રાએ સંઘ નીકળ્યો તે અમદાવાદ પહોંચતાં ત્યાંના સુબા મુરાદે[૧] સૂરીશ્વરનું સન્માન કરી સંઘ સાથે પોતાનાં માણસો મોકલ્યાં, અહીંથી સંઘ ધોલકે આવ્યો ત્યાં ખંભાતથી તેજપાલ સોની છત્રીશસેજવાળાં[૨] સાથે આવી પહોંચ્યા. એ સિવાય વીસનગર, સિદ્ધપુર, મહેસાણા, ઇડર, અહમદનગર, આંબલી, કપડવંજ, માતર, સોજીત્રા, નડીયાદ, વડનગર, ડાભલુ, કડા, મહેમદાવાદ, બારેજા, વડોદરા, આમોદ, સીનોર, જંબુસર, કેરવાડા, ગંધાર, સુરત, ભરૂચ, રાનેર, દેવગિરિ, વીજાપુર, વૈરાટ, નંદરબાર, રાધનપુર, વડલી, કુણબેર, પ્રાંતિજ, મહીઅજ, પેથાપુર, બોરસદ, કડી, ધોલકા, ધંધુકા, વીરમગામ, કાલાવડ વગેરે ગામોના સંઘો પણ આવી મળ્યા. સકળ સમુદાય મુકામ કરતો પાલીતાણા નજીક પહોંચ્યો ત્યાં સૌરાષ્ટ્રનો સેનાપતિ નવરંગખાન સામે આવ્યો. અને બાદશાહી ખેરીતો જોઇ ખુશી થતાં સૂરિજીને બહુમાન આપ્યું તથા જોઇતી સગવડો પુરી પાડી. સોરઠમાંથી આ પ્રસંગે જામનગર, ઊના, દીવ, ઘોઘા, માંગરોળ, વેરાવળ, જુનાગઢ વગેરેથી પણ સંઘો આવી પહોંચ્યા હતા. એકંદર ૭૨ સંઘ, એક હજારથી વધારે સાધુ–સાધવી તથા લગભગ બે લાખ યાત્રિકોના સમૂહે તીર્થયાત્રાનો લાભ લીધો.[૩] તેજપાળ સોનીયે આ પ્રસંગે મૂળ ટુંકનો ઉદ્ધાર કર્યો તથા બીજા સંઘોએ જુદાં જુદાં દેરાસરો સમરાવ્યાં અને બંધાવ્યાં.

---

૧ ભવિષ્યનો સુલ્તાન મુરાદ ( જહાંગીર. )

૨ આ સંઘમાં શાહ શ્રીમલ્લ સાથે પાંચસો સેજવાળાં હતા.

૩ આ સમયે તળાટીમાં લલીતસાગર તળાવ હતું. અને ડુંગર ઉપર મરૂદેવા ટુંક, ચોમુખજી, પેથડશાના જીનાલયો, છીપા વસહી, સ્વર્ગારોહણ પ્રાસાદ નજીક અનુપમ ( અનોપમા દેવીનું ) તળાવ, ગીરનાર રચના, ખરતરવસહી, વીમળવસહી આદિ વિદ્યમાન હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## દાદાની ટુંકનો ઉદ્ધાર—

ઉપર મુજબ સં. ૧૬૫૦ માં દાદાની મુખ્ય ટુંકનો ઉદ્ધાર થવા પછી તીર્થાધિરાજની યાત્રાએ સંઘો આવ્યા કરતા હતા. દમણથી હરખચંદ સં. ૧૬૬૦ માં સંઘ લઇને આવ્યા. તથા બીજા પણ છુટક સંઘ-સમુદાય આવતા રહ્યા હતા.

આ અરસામાં બીકાનેરના મંત્રી કરમચંદ અકબર બાદશાહ પાસે જઇને રહ્યા હતા. અકબરની ધર્મસભામાં આ વખતે વિજયસેનસૂરિ વગેરે મુનિ મંડલને જોઇ તેમણે ખરતરગચ્છાચાર્ય જીનચંદ્રસૂરિની વિદ્વત્તા તરફ બાદશાહનું ધ્યાન ખેંચ્યું અને તેમની મુલાકાતથી ખુશી થઇ તીર્થોની સ્વતંત્રતા અને સંરક્ષણ માટેનો વધુ ખરીતો તેમને કરી આપ્યો. તે પછી અમદાવાદના શેઠ રૂપજી[1] એ સંઘ સાથે શ્રી સિદ્ધાચલની યાત્રા કરી સં. ૧૬૭૫ (ઇ. સ. ૧૬૧૯) માં **શ્રી-ચોમુખજીની ટુંકનો જીર્ણોદ્ધાર કર્યો.** આ પ્રસંગે જેસલમેરથી ભણુશાળી પુનશીનો સંઘ આવ્યો હતો. તે પછી સં. ૧૬૭૬ તથા સં. ૧૬૭૮ ( ઈ. સ. ૧૬૨૦-૨૨ ) માં મળી બે વખત જામનગરથી જસા જામ ( જસવંતસિંહજી ) ના મંત્રી વર્ધમાન[2] અને પદ્મસિંહ અચળગચ્છાચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિ સાથે મોટો સંઘ લઇને આવ્યા હતા. તેમના પછી સંવત ૧૬૮૬ માં દોલતાબાદથી ધરમદાસજીનો સંઘ આવી ગયો. ત્યારબાદ સં. ૧૬૯૦ માં નાડલાઇ ( મારવાડ ) થી શા મેહાજલનો સંઘ આવ્યો.

આવા છૂટાછવાયા આવતા સંઘોની દાનપ્રતિષ્ઠાથી આકર્ષાઇને તેની માલ-મીલ્કત સંભાળવાને આસપાસના કાઠી-ગરાસીયા આવવા લાગ્યા હતા. તેવી એક ટોળી, આ સંઘના માણુસોએ ડુંગર ચઢવાને શરૂ કર્યું ત્યારે પૈસા માગવા આડી ઉભી. સંઘમાં વીશ

---

૧ રૂપજીના પિતા સોમજી અને કાકા સવોશાની સંપત્તિનું આ ફળ હોવાથી શ્રી ચોમુખજીની ટુંક ' સવા-સોમજીની ટુંક ' ના નામે ઓળખાય છે. વિગત માટે જુઓ ' શ્રી શત્રુંજય પ્રકાશ-ઉત્તરાર્ધ. '

૨ શ્રી શત્રુંજય ઉપર તેમજ જામનગરમાં તેમનાં બંધાવેલાં ભવ્ય જીનાલયો અત્યારે પણ વિદ્યમાન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હજાર માણસોનો મોટો સમૂહ હોવાથી તેમના રક્ષણ માટે હથી-ચારબંધ સેના સાથે હતી. તેથી આ ટોળી સામે થતાં તેઓ નાસીને ઘેટીની કાંટમાં ભરાઇ ગયા.[१]

આ રીતે એક તરફથી શ્રી સંઘો સંપૂર્ણ સ્વતંત્રતાથી શ્રી શત્રુંજયની યાત્રા કર્યે જતા હતા. ત્યારે બીજી તરફથી મુગલ શાનશાહતમાં થયેલા ઉત્તરોત્તર બાદશાહ જહાંગીરે પોતાના રાજ્ય અમલના ત્રીજા વર્ષ (ઇ. સ. ૧૬૦૭–૦૮) માં આચાર્ય શ્રી વિજયસેનસૂરિ, આ૦ શ્રીવિજયદેવસૂરિ તથા જતિ પરમાનંદજી દ્વારા જૈનસમાજને સમગ્ર તીર્થની સ્વતંત્રતા અને કબજા ભોગવટાનું ફરમાન તાજું કરી આપ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદમાં શાંતિદાસ શેઠનો લાગવગ વધતો રહી તે બાદશાહના સંબંધમાં આવ્યા હતા.[१] તેમજ ધર્મકાર્યમાં પણ તેઓ આગેવાનીભર્યો ભાગ લેવા લાગ્યા હતા. આ ઉપરથી શ્રી શત્રુંજય તીર્થનો વહીવટ શ્રીસંઘે તેમને સુપ્રત કરતાં તેમણે તીર્થોના બાદશાહી ખરીતા તાજા કરાવવાને શાનશાહતને અરજ કરી હતી. જેથી ઇ. સ. ૧૬૨૯ માં શાંતિદાસ શેઠના વહીવટમાં રહેલ શ્રી શત્રુંજય, સંખેશ્વર, કેશરીયાજી, અમદાવાદ, સુરત, ખંભાત અને રાધનપુરના દેરાસરો તથા શ્રી સંઘની મીલ્કતની સ્વતંત્ર કબજા ભોગવટાનો ખરીતો બાદશાહ શાહજહાને પોતાના અમલના બીજા વર્ષ (ઈ. સ. ૧૬૨૯) માં કરી આપ્યો, એટલુંજ નહિ પણ તેમના રાજ્ય અમલના ૩૧ મા વર્ષે તા. ૧૯ મી રમજાન (ઈ. સ. ૧૬૫૭) માં બે લાખની ઉપજનું પાલીતાણા પરગણું શાંતિદાસ શેઠને બક્ષીસ આપીને તેની સનંદ ઉપર બાદશાહી મહોર કરી.

ત્યારપછી શાહજહાન માંદગીને બીછાને પડતાં, તેનો પુત્ર

---

૧ જુઓ સં. ૧૬૯૭ માં લખાએલ પ્રેમલાલચ્છી રાસ.

૧ અકબર બાદશાહના હુરમ અમદાવાદ શાહજાદા સાથે આવેલાં ત્યારે શાંતિદાસ શેઠે તેમની સરભરા કરી હતી. ત્યારથી જહાંગીર બાદશાહ શાંતિદાસ શેઠને મામા કહેતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઔરંગઝેબ કે જે દક્ષિણનો સુબેદાર હતો તેણે પોતાના ભાઈ મુરાદ કે જે ગુજરાતનો સુબો હતો તેને ઉશ્કેરી ગાદી હાથમાં લીધી, મુરાદને આ પ્રસંગે શાંતિદાસના પુત્ર લક્ષ્મિચંદ શેઠ તરફથી સાડાપાંચ લાખ રૂા. ધીરવામાં આવ્યા હતા. જે તેમણે માર્ગમાં ઉજ્જનના વિજય પ્રસંગે જ પ્રાંતોની ઉપજમાંથી પહોંચતા કર્યા. એટલુંજ નહિ પણ સુલતાનપદે આવતાં તુર્ત શ્રી પાલીતાણા પરગણાની ઉઘરાત કબજા ભોગવટાનો પરવાનો તાજો કરી દીધો.[1]

ઔરંગજેબે મુરાદને ગાદી અપાવવાને સાથે લીધો હતો; પરંતુ અંદરખાને તેને પોતાને ગાદી જોઇતી હતી તેથી બીજા વર્ષે મુરાદને મારી ઔરંગજેબ ગાદીએ આવ્યો. જ્યારે તેણે પણ પહેલીજ તકે શ્રી શત્રુંજય તીર્થ અર્થે અર્પણ થયેલ પાલીતાણા પરગણા માટે શાંતિદાસ શેઠનો કબજો ભોગવટો તાજો કરનારી સનંદ આપી હતી.[2]

## જૈનો અને ગોહેલોનું જોડાણ—

ગોહેલ નોંઘણજીએ એકવીશ વર્ષે (ઇ. ૧૬૪૦) માં ગારીયાધાર પુનઃ પ્રાપ્ત કરવા પછી ગારીયાધારની ગાદીયે અનુક્રમે અરજણજી—ખાંધાજી—સવાજી તથા સરતાનજી આવી જવા બાદ ખાંધાજી (ત્રીજા) થયા. ત્યાં સુધીમાં સવાજી ગોહેલને કાઠીઓએ સતાવવા સિવાય ગોહેલો ગારીઆધાર સાચવી રહ્યા હતા.

ખાંધાજીની શરૂઆતમાં ઔરંગજેબના અત્યાચારથી મુગલાઇની પડતીનો પાયો નંખાઇ ચુકયો હતો. એ તકનો લાભ લઇને સોરઠમાં પોરબંદર, મોરબી, ધ્રાંગધ્રા, શીહોર વગેરે રાજ્યોએ મરાઠાને ખંડણી આપવાની બંધ કરી, તથા આખા પ્રાંતમાં પાછી

---

૧. એલફીનસ્ટન જણાવે છે કે, મુરાદના બળથી ઉજ્જનની જીત થતાં (૧૭૬૮) જમાદળ આખરે મુરાદની સત્તા મુકરર થઇ હતી. તે પછી ઔરંગજેબે તેને પડખે રાખી પોતાના બીજા બે ભાઇ દારા તથા સુજાને માર્યા બાદ મુરાદને કેદ કર્યો હતો. એટલે આ મોગલ રાજ્યમાં તોફાનનો કાળ હતો; છતાં મુરાદે શાંતિદાસ શેઠને તા. ૨૯ મી રમજાને આપેલી સનંદ સંભવિત છે.

૨. દરેક અસલ સનંદો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં છે. અને તેને બંગાળ તથા કાઠિયાવાડના ન્યાયાધિકારીઓએ ખરા પુરાવા તરીકે મંજુર રાખેલ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અશાંતિ વધવા લાગી તેથી શ્રી શત્રુંજય તીર્થના ચોકી પહેરા માટે તેમજ આવતા જતા યાત્રીકોને તેડવા (મલણું કરવા) અને મુકવા જવા (વળાવું કરવા) માટે રક્ષકો ગોઠવવાની જરૂર જણાતાં શેઠ શાંતિદાસ સહસકરણ તથા શાહ રતનસૂરા વિગેરે વહીવટદારોએ પાલીતાણાના કડવો દોશી વગેરે શ્રાવકો અને તીર્થની ભક્તિ માટે રહેલા ભાટ પરબત માર્ફત ગારીયાધારના ગોહેલ કાંધાજીને રોકવાની ગોઠવણ કરી; પરંતુ તેમાં યાત્રાળુપાસેથી બદલો લેવામાં એકસરખાં ધોરણની જરૂર જણાતાં સં. ૧૭૦૭ ( સને ૧૬૫૧ ) ગોહેલ કાંધાજીને અમદાવાદ બોલાવતાં તેમણે ત્યાં જઈ છૂટક યાત્રાળુ માટે અરધી જામી ( કોરી જેવું ચલણુ ) અને સંઘ પાસેથી સુખડી મણુ ૧ તથા લુગડાં બદલ અઢી જામી લઈ રક્ષણુ કરવાને લખત[1] કરી આપ્યું.

ઉપરના કરાર પ્રમાણે [2]ગારીયાધારના ગોહેલો સાથે જૈનોનો સંબંધ બંધાયા પછી અનુક્રમે જૈનો અને ગોહેલો વચ્ચે સ્નેહ વધવા લાગ્યો. સંઘોનું આવાગમન શરૂ રહ્યા કરતું અને કોઇ કોઇ મોટા સંઘ પણુ આવ્યા કરતા. તેમાં સં. ૧૭૨૨ માં જુનાગઢથી સહસવીર સંઘવી મોટો સંઘ લઇ આવતાં તેમાં જુનાગઢના નવાબ સરદારખાને સેના મોકલી હતી. તથા સૌરાષ્ટ્રના ઘણા શહેરોના સંઘ–સમુદાય તેમાં જોડાયા હતા. તે પછી સં. ૧૮૦૪ માં સુરતથી રવજીશાનો સંઘ ડુમસ થઇને દરિયા રસ્તે ભાવનગર ઉતરીને આવ્યો ત્યારે ગારીયાધારમાં કાંધાજીના પુત્ર પૃથ્વીરાજજીનો અમલ હતો. તેમણે કુમાર નોંઘણજીને કનાડ સુધી સંઘની સામે મોકલ્યા. પાલીતાણેથી ધનો શેઠ તથા જેતો બારોટ વગેરે પણુ સાથે ગયા અને પરસ્પર સંબંધ વધાર્યો. સંઘે લલીતસાગર તળાવ પાસે પડાવ નાંખીને યાત્રા કરી.

આ રીતે તીર્થ તથા યાત્રિકોના રક્ષક દૂર ( ગારીયાધાર ) રહે તે કરતાં પાલીતાણામાં જ રહેતા હોય તો ઠીક પડે તેમ આ વખતે ઠાકોર સાથે વાતચીત થઇ, એટલે ગોહેલ પૃથ્વીરાજજી ત્યારથી મોટા ભાગે પાલીતાણે રહેવા લાગ્યા. તેમના પછી

---

૧ સને ૧૬૫૧ નું અસલ લખત જુઓ પાછળ જૈનો તરફથી જવાબ નાં પૃષ્ટ ( ૧૨–૧૩ ). ૨ ગાદી ગારીયાધારમાં રાખી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નોંઘણજી ગોહેલે વહીવટ સંભાળ્યો. દરમ્યાન મુગલનો સુબો અમદાવાદથી ખંડણી ઉઘરાવવા નીકળ્યો. તેને ખંડણી ન ભરી શકાવાથી ગોહેલ નોંઘણજીને ફોજ સાથે લીધા.

મુગલ સુબાની અમદાવાદમાં ગેરહાજરી દરમ્યાન જોધપુરનો રાજા અભયસિંહજી ગુજરાત ઉપર ચઢી આવ્યો. તેણે વડોદરા જીતી અમદાવાદમાં ભંડારી રત્નસિંહને ગુજરાતના સુબા તરીકે મૂક્યો.

તે પછી રત્નસિંહ ભંડારીએ શ્રી શત્રુંજયની યાત્રા અર્થે સોરઠમાં પ્રવેશ કર્યો તે ખબર જાણતાં મુગલ સુબો ખસી ગયો અને નોંઘણજી પાલીતાણે આવ્યા. અને તીર્થનું ભક્તિપૂર્વક રક્ષણ કરી જૈનો સાથે સારો સંબંધ વધાર્યો.

તેમના પછી ઇ. સ. ૧૭૬૪ માં સરતાનજી ગોહેલ આવ્યા; પરંતુ રાજ્યના લોભે તેમના ભાઈ અલુભાઈયે તેમને દગાથી ઘોડારમાં મારી નાંખ્યા. આ ખબરથી તેમના બીજા ભાઈ ઉનડજી કુંડલાના ઓઢા ખુમાણની મદદ લઈ પાલીતાણે ગયા એટલે અલુભાઇ નાસી જવાથી ઉનડજી ગોહેલ ઈ. સ. ૧૭૬૬ માં ગાદીયે આવ્યા.

## મરાઠા-ગાયકવાડ અને પેશ્વા—

ઔરંગજેબના અત્યાચાર, અધર્મ અને ઘરકલેશ પછી મુગલ સત્તા નબળી પડતાં ઇ. સ. ૧૬૬૪ થી દક્ષિણના મરાઠા શીવાજીયે પોતાની સત્તા વધારવા માંડી હતી. તે પછી શાહુએ મોગલોની જડ કાઢી ઈ. સ. ૧૭૨૨ માં પીલાજી ગાયકવાડ તથા કંથાજી કદમબાંડેને સોરઠ ઉપર સર્વોપરી સત્તા પાથરવા મોકલ્યા; પરંતુ તેની પાછળ પેશ્વાઈ સત્તાએ ગુજરાતમાં પ્રવેશ કરવાથી અંદરો-અંદરની અથડામણીમાં તેમણે આગળ જોર ન કરતાં પીલાજી ગાયકવાડે વડોદરા જીતી ત્યાં થાણું નાંખ્યું. પરંતુ જોધપુરના અભયસિંહ રાઠોડે તેને મારી અમદાવાદમાં રત્નસિંહ ભંડારીને ઈ. સ. ૧૭૩૨ માં ગુજરાતના સુબા તરીકે મૂકયો. તે પછી દામાજી ગાયકવાડે બળ વધારી ગુજરાત કબજે લીધું અને ઇ. સ. ૧૭૩૬ માં કાઠિયાવાડ સર કરી મુલકગિરિ ( પેશકસી ) લેવા માંડી. અને મુગલ સત્તાનો સર્વથા લોપ થઇ જતાં જુનાગઢના તેમના ફોજદાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શેરખાન લાલીયે ઇ. સ. ૧૭૪૮ માં નવાબ બહાદુરખાનનું નામ ધારણ કરી સ્વતંત્ર હકુમત સ્થાપી નવાબી જોરતલબી ઉઘરાવવા માંડી.

તે પછી દામાજી ગાયકવાડ ૧૭૫૧ માં પેશ્વાસત્તાને તોડવા જતાં તેમાં પકડાયા અને સોરઠની ઉપજમાં પેશ્વાનો અર્ધો ભાગ કરી દેવો પડયો. જ્યારે મરાઠાયે ૧૭૫૮ માં અમદાવાદ અને ૧૭૮૪ માં ઘોઘામાં પોતાની સત્તા દાખલ કરી હતી તેથી સોરઠનો અમલ નવાબ, ગાયકવાડ, પેશ્વા અને મરાઠા સત્તાના ચોધારા કોકડામાં ગુંચવાઈ ગયો હતો.

## બ્રીટીશ અમલ—

રાણી ઇલિઝાબેગના સમયમાં ઇંગ્લાંડમાંથી એક વ્યાપારી કુંપનીએ મદ્રાસ અને કલકત્તામાં કોઠી નાંખી હતી. તેણે મુગલ-સત્તા નબળી પડતાં એક બીજાને પડખે રહી ધીમે ધીમે બંગાળમાં પોતાની સત્તા પાથરી. તે પછી તેમણે સુરતમાં કોઠી નાંખી અને ફીરંગીઓ પાસેથી મુંબઇનો ટાપુ પહેરામણીમાં લીધા પછી ૧૬૮૭ માં ત્યાં ગાદી નાંખી પેઠા. આ વખતે ગુજરાત તથા દક્ષિણમાં મરાઠા, પેશ્વા અને ગાયકવાડ પોતપોતાની સત્તા વધારવા મથતા હતા.

જ્યારે બ્રીટીશ કંપની તક મળતાં ધીમે ધીમે ગુજરાતમાં આગળ વધ્યે જતી હતી. તેણે ઇ. સ. ૧૭૫૯ માં સુરત અને ૧૭૭૨ માં ભરૂચ મેળવ્યું. દરમિયાન મહીસુરમાં ટીપુ સુલતાન નેપોલીયન બોનાપાર્ટની મદદ લઇ હિંદમાંથી અંગ્રેજ સત્તા ઉખેડી નાંખવાની બાજી રચતો હતો તેથી તેને ગંધ આવવાથી તે તરફ કુંપનીનું ધ્યાન હતું તેવામાં સિંધિયાની સ્હાયથી બાજીરાવ પેશ્વાએ પુના લીધું. આ વાત હોલકર અને તેના પક્ષકારોને રૂચી નહી. તેથી પુનામાં તોફાન ઉઠતાં ઇ. સ. ૧૮૦૧ માં પેશ્વા વસઇ મુકામે કંપ-નીને શરણે ગયો. અને મદદના બદલામાં ધંધુકા, રાણપુર, ઘોઘા, ખંભાત વગેરે ૨૬ લાખની ઉપજના ગામો કંપનીને આપવા કબુલ્યું.

આ પ્રસંગે પેશ્વા દક્ષિણના તોફાનોમાં ગુંચવાઇ ગયા હતા તેથી ઇ. સ. ૧૮૦૦ થી પાંચ વર્ષ માટે ગાયકવાડને ખંડણી ઉઘ-રાવવાનો અર્ધભાગે ઇજારો આપ્યો હતો તેમાં મદદ કરવા ગાયક-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાડે કુંપની પાસે માગણી કરી તેથી મુંબઇ સરકારે વડોદરામાં પોતાના રેસીડેન્ટ કર્નલ વોકરને મોકલ્યો.

કર્નલ વોકરે લશ્કરી મદદ આપવા ઉપરાંત ગાયકવાડ મલ્હારરાવને ખર્ચ માટે મંગળ પારેખ તથા શામળ બહેચરવાળા પાસેથી ૫૦૦૦૦ રૂા જામીન થઇને અપાવ્યા તેથી ગાયકવાડે ખુશી થઇ કુંપનીને ઇ. સ. ૧૮૦૩ માં ધોળકા, માતર, કડી અને કાઠિયાવાડના મળી ૧૧,૧૦,૦૦૦ ની આવકના ગામો લશ્કરી ખર્ચ માટે બ્રીટીશ કુંપનીને આપ્યાં. તેથી કર્નલ વોકરે મોરબી પાસેના ઘોંડુ ગામે કાઠીયાવાડના નાના–મોટાં દરેક રજવાડાના પ્રતિનીધિઓને એકઠા કરી મુલકગીરીના આંકડા નક્કી કર્યા અને પેશ્વાઈ ઇજારો બીજા દશ વર્ષ માટે ગાયકવાડે લંબાવવાથી તેના વતી કંપની ૧૮૦૭ થી ઉઘરાત કરવા લાગી. તે પછી પેશ્વાઇ સત્તા નબળી પડવાથી તેણે સોરઠ તથા ગાયકવાડ સાથેના પોતાના હક્ક કુંપનીને સોંપી દીધા. જ્યારે ગાયકવાડે પણ ઈ. સ. ૧૮૨૦ માં પોતાના ઉઘરાત વહીવટનો કારોબાર કંપનીને હવાલે કર્યો તેથી કાઠિયાવાડની મુલકગીરી ઉઘરાવવાને કેપ્ટન બાર્નવેલને રોકયા. તે પછી જુનાગઢના નવાબે પણ ઇ. સ. ૧૮૨૨ માં પોતાની જોરતલબી ઉઘરાવવા માટે બ્રીટીશો સાથે નક્કી કર્યું તથા ગાયકવાડે પોતાનું અમરેલીનું થાણું કાઢી નાખ્યું એટલે ઇ. સ. ૧૮૨૨ માં કાઠિયાવાડમાં બ્રીટીશ સત્તા તરફથી પોલીટીકલ એજંટ તરીકે કેપ્ટન બાર્નવેલની નીમનોક થઇ. અને ઉઘરાતનો વહીવટ નિયમીત એકહથ્થુ થઇ જતાં માંહોમાંહેના તોફાનોનો અંત આવ્યો.

## વખતચંદ શેઠનો વહીવટ—

ઉપર જોઇ ગયા તેમ કાઠિયાવાડનાં રાજ્યો જ્યારે ચોધારી સત્તામાંથી પસાર થતાં હતાં ત્યારે અમદાવાદનું શેઠ કુટુંબ મરાઠા, ગાયકવાડ, પેશ્વા અને છેલ્લે બ્રીટીશ સત્તાના સંબંધમાં આગળ વધ્યે જતું હતું.

શાંતિદાસ શેઠ તથા લક્ષ્મીચંદ શેઠનો મુગલ શાનશાહત સાથેનો સંબંધ અગાઉ જોવાઇ ગયો છે તે પછી ખુશાલચંદ શેઠના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખતમાં (ઈ. સ. ૧૭૦૫) માં મરાઠાયે અમદાવાદમાં લુંટ ચલાવવી શરૂ કરી ત્યારે તેને મળીને પોતાના દ્રવ્યભંડારના ભોગે તેને રોકયા તેથી અમદાવાદની સમગ્ર પ્રજાયે મળી પોતાના વેપારમાંથી શેઠને સેંકડે ચાર આના લાગો આપવો શરૂ કર્યો.[1]

તે પછી વખતચંદ શેઠ થયા. તેમણે પેશ્વા તથા ગાયકવાડને વખતોવખત મદદ કરી હતી. જેના બદલામાં તેમને પાલખી તથા મશાલનું માન આપ્યું હતું. આ અરસામાં ઇ. સ. ૧૭૯૫ માં ગાયકવાડનો અમલદાર શીવરામ ગાર્દી ખંડણી ઉઘરાવવા શીહોર તરફ આવ્યો ત્યારે ત્યાંના મહારાજા વખતસિંહજી તેના સામે ભાંજગડમાં રોકાયા હતા તેનો લાભ લઇ ગોહેલ ઉનડજીએ શીહોર ઉપર ચડાઈ કરી; પરંતુ તેને પથાભાઇ ગરાસિયાએ હાંકી કાઢયા.

આ ખબર મહા૦ વખતસિંહજીને પડતાં તે પાલીતાણા ઉપર ચડયા એટલે ઠાકોર ઉનડજી શત્રુંજયની ગાળીમાં સંતાઇ જતાં વખતસિંહજીની ફોજે ગારીયાધાર અને આસપાસના ગામોમાં લુંટ ચલાવી. એકંદર આ લડતમાં ગોહેલોને આરબનું મોટું દેવું થઈ ગયું.

તે પછી બ્રીટીશ સરકારે સોરઠના રાજ્યોની ખંડણી બાંધવાનું કામ હાથમાં લીધું; પરંતુ ગોહેલ તેના નિયમીત ભરણાને પહોંચી શકે તેવા સંયોગો ન હોવાથી દેવું વધ્યે જતું હતું. છતાં ઠાકોર ઉનડજી તીર્થનું રક્ષણ કરી રહ્યા હતા; પરંતુ ઇ. સ. ૧૮૨૦ માં તે દેવગત થતાં ઠાકોર ખાંધાજી (દાદભા) ગાદી ઉપર આવતાં તેમણે આરબોના દેવાના બદલામાં ડુંગર સોંપ્યો.

આ ખબર જૈનોને મળતાં આરબને ત્યાંથી ખસી જવાને કહ્યું. પરંતુ તેમણે પોતાના લેણાનું બ્હાનું બતાવ્યું અને રંજાડ કરવા લાગ્યા, તેથી વખતચંદ શેઠના પુત્ર હેમચંદ શેઠ તથા મોતીચંદ અમીચંદ વગેરેયે તે બાબત મુંબઇ સરકારને તા. ૩૧ મી ઓગષ્ટ ૧૮૨૦ ના રોજ અરજ કરી. તેથી મુંબઇ સરકારે કેપ્ટન બાર્નવેલને તપાસ કરવા જણાવ્યું. અને જરૂર પડે તો વડોદરેથી લશ્કર મંગાવવાને પરવાનગી આપી.

---

૧ આ લાગાના બદલામાં બ્રીટીશ સરકાર અત્યારે પણ ૨૧૩૩ રૂપિયા દર વર્ષે આપે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેપ્ટન બાર્નવેલે તે પછી તપાસ કરીને હક–હકુમતનો નિર્ણય કર્યો. તા. ૨૦–૧૨–૧૮૨૦ ના મુંબઈ સરકારને રીપોર્ટ કરતાં " ૧૬૫૭ ના લખાણો કે જેમાં દીલ્હી સરકારની સનંદોનો સ્વીકાર થયેલ છે તે ઉપરથી જણાય છે કે પાલીતાણા પ્રગણું અને શત્રુંજય પર્વત કે જેની ઉપર જૈનોનાં મંદિર આવેલાં છે તે શ્રાવકોને ઇનામ તરીકે બક્ષીસ આપેલ છે. " તેમ જણાવ્યું અને ઇ. સ. ૧૬૫૧ માં ગોહેલ કાંધાજીયે જે ખત કરી આપ્યું હતું તેનો અમલ આ લાંબા સમય સુધી એકધારો જાળવીને ગત ઠાકોરો સંઘનું મલણું–રખોપું કરતા અને સ્થાનિક ચોકીપહોરો જાળવતા તે કામ શરૂ રાખવા માટે ચોક્કસ રકમથી કામ લેવાનો નિર્ણય કર્યો અને ઈ. સ. ૧૮૨૧ માં ગોહેલ કાંધાજી ( ચોથા ) અને જૈનો વચ્ચે તેમના રૂબરૂ ફરી કરાર[1] કરવામાં આવ્યો. જેમાં દરબાર લાગતના રૂા. ૪૦૦૦, ભાટોને રૂા. ૨૫૦ અને રાજગોરોને રૂા. ૨૫૦ બાંધી આપ્યા. અને તેના બદલામાં દરબારે ચોકી–પહેરાની ખબરદારી રાખવા અને કોઇવાતે નુકશાન ન થાય અથવા આફ્ત ફીતુર કે આસમાની સુલતાની થાય તો તે વળતર આપવાને કબુલ્યું.[2]

આ વખતે ગોહેલોના હાથમાં ૪૨ ગામ હતાં જેમાં લગભગ અરધાં ઉજ્જડ હતાં.[3] તેથી તેમને આરબના દેવામાંથી મુકત થવાને બીજો માર્ગ ન રહેતાં ઇ. સ. ૧૮૨૧ માં [4]હેમાભાઈ શેઠને પાલીતાણા પ્રગણું ઈજારે આપી આરબોનો ભાર ઉતાર્યો.

હેમાભાઇ શેઠનો વહીવટ વખતચંદ શેઠના નામથી મુંબઇ, કલક્ત્તા, રતલામ, વડોદરા, ભાવનગર, વઢવાણ, લીંબડી, પાલીતાણા,

---

૧ આ ૧૮૨૧ નો કરાર જૈનોના જવાબના પૃષ્ટ ૧૫–૧૬ ઉપર છે. આ કરાર વખતચંદ શેઠના ભાઇ નથુશા રૂબરૂ થયો હોય તેમ જણાય છે.

૨ આ કરાર મુજબ ઇડરના રાયચંદ પ્રેમચંદની ચોરી થતાં તેનો અવેજ ઠાકોરે ભરી આપ્યો હતો.

૩ રાસમાળા ભાગ ૨ જો જુઓ.

૪ હેમાભાઇ શેઠનો વહીવટ વખતચંદ શેઠના નામે થતો હોવાથી આ ધીરધાર વખતચંદ શેઠે કરી તેમ કહેવાય છે. વખતચંદ ઇ. સ ૧૮૧૪ માં સ્વર્ગવાસી થયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નવાનગર, ધોલેરા, પાલણપુર, શિરોહી વગેરે બહોળા વિસ્તારમાં પથરાયેલો હતો તેથી સર્વત્ર પહોંચી ન શકતાં તેમણે ઈ. સ. ૧૮૩૧ માં પાલીતાણાનો ઈજારો છોડી દીધો. પરંતુ રાજ્ય હજી દેવાદાર સ્થીતિમાંથી મુક્ત થયું નહોતું તેથી ગોહેલ દાદભાયે ફરી તેમને મળી બ્રીટીશ બાંહેધરી નીચે પાલીતાણા પરગણું ઈ. સ. ૧૮૩૫ માં વીશ વર્ષને પટે ઇજારે રાખ્યું. અને તેનો વહીવટ સંભાળવા મોતીકડીયાને રોકયા.[1] તે પછી ઈ. સ. ૧૮૪૦ માં કાંધાજી ( દાદભા ) ગુજરી જતાં તેમના પુત્ર નોંઘણજી ( ચોથા ) ના હાથમાં વહીવટ આવ્યો. તેઓ ટેકી તથા ધર્મપ્રેમી હતા. તેમના અમલ દરમ્યાન તેમના પુત્ર પ્રતાપસિંહજી ઉમ્મર લાયક થતાં રાજકાજમાં રસ લેવા લાગ્યા.

## જૈનો વિરૂદ્ધ પાલીતાણા

પ્રતાપસિંહજી કડક હતા. તેણે ઇ. સ. ૧૮૪૪ માં એક વખત શેઠની પેઢી અને કારખાના વચ્ચે બજારમાં પોતાની ઘોડી તોફાને ચડવાથી તેને ઠાર કરી. આ વખતે તેણે શેઠના કારભારી મોતીકડીયા માટે લાલ આંખ દેખાડવાથી કારભારી અમદાવાદ ગયા. અને શેઠને વાત કરી. શેઠ હેમાભાઇને વહીવટી વિસ્તાર વધારે હોવાથી તે આવા ઇજારાથી કંટાળેલ હતા; તેમજ ઇજારાની મુદત લગભગ પુરી થઇ હતી તેથી તેમણે પોતાનો વહીવટ ખેંચી લેવો દુરસ્ત ધારી ઠાકોરને દેવાથી મુક્ત કર્યા.

ઇજારાની મુદત દરમ્યાન ઠાકોરને પડખે એક એવો વર્ગ ચડ્યો હતો કે જે તેમને રાજાના નામે શૂર ચઢાવી ઉશ્કેરતો હતો. ભોળા નોંઘણજી પાસે ધીમે ધીમે તે વર્ગનું જોર જામતું ગયું. એટલે ઇ. સ. ૧૮૩૬ માં જમીનના વેચાણહક્ક માટે સરકાર પાસે અરજ કરાવી. પરંતુ તે પછી જૈના સાથેનો તેમનો સંબંધ અને રખાયતનો ખ્યાલ આવતાં આ કામ તેમણે શીખવણીથી કર્યું છે તેમ જણાવી ઇ.–સ. ૧૮૩૮ માં અરજી પાછી ખેંચી લીધી હતી.

---

૧ શેઠે ગામને ગઢ કરાવ્યો તથા પોતાની હવેલીમાં જેલ રાખી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છતાં તે પછી ઠાકોરને પડખે ચડેલો વર્ગ ધીમે ધીમે ઝેરના બી વાવતોજ રહેવાથી યુવાન પ્રતાપસિંહને તેની અસર થવાથી ભેદનો પાયો ઈ.-સ. ૧૮૪૪ માં નખાયો તેમ આપણે જોઇ ગયા.

આ રીતે એક બીજાને શરમ છૂટી જવા પછી તુર્ત ઠાકોરે નવા મંદિરો કરનાર પાસેથી નજરાણાની માગણી કરી. તેમજ ડુંગર ઉપર પોલીસ દખલ કરવા માંડી; પરંતુ તેમાં બ્રીટીશ સરકારે ઠરાવ્યું કે "ગઢની હદમાં કે બહાર અત્યારે ઉભેલા કોઈ પણ મંદિર માટે કાંઈપણ રકમની માગણી કરવી નહિ. ગઢની બહાર જો શ્રાવકોને મંદિર બંધાવવું હોય તો જમીનના એક વારે રૂા ૧) મુજબ લઇને ઠાકોરે મંજુરી આપવી તથા ડુંગર ઉપર રહેતા શ્રાવક કોમના કોઇ પણ શખ્સને કાંઇપણ કનડગત કરવી નહિ અને ગઢ અથવા તો પર્વત ઉપર ગઢ સુધી જતા રસ્તાથી ૫૦૦ ફુટની અંદર કોઇ પણ કાયમી પોલીસચોકી રાખવી નહિ." આ ઉપરાંત કર્નલ કીટીંજે એમ પણ જણાવી દીધું કે "આવા તોફાનથી જૈનો તીર્થ છોડી શકશે નહિ; પરંતુ ઠાકોરને પાછું ગારીયાધાર જવું પડશે."

આ ઉપરથી પછી ઈ. સ. ૧૮૨૧ ના કરારમાં 'દશ વર્ષ' ના શબ્દને વળગી રખોપાની રકમમાં વધારો કરવાને માગણી કરી. તેના સામે જૈનોયે વાંધો લેતાં જણાવ્યું કે 'જ્યાં સુધી આ સરત પ્રમાણે જૈનો ભરણું આપતા રહે ત્યાં સુધી તેમાં ફારફેર થઇ શકે નહિ.' આ દલીલને મી. એન્ડરસને ટેકો આપ્યો દરમ્યાન ઠાકોર કાંધાજી તથા તે પછી છ મહિને ઠાકોર પ્રતાપસિંહજી ઇ. સ. ૧૮૬૧ માં ગુજરી ગયા. એટલે પાલીતાણાનો રાજકારોબાર ઠાકોર સુરસિંહજીના હાથમાં આવ્યો.

આ વખતમાં જૈનો અને ઠાકોર વચ્ચે વિક્ષેપ વધારનારનું જોર જામી ગયું હતું તેથી મુળ લડતને પોષણ મળતું જ રહ્યું. અને રકમ વધારવાને પુનઃ બ્રીટીશ સરકારને અરજી કરી. તેથી પોલીટીકલ એજંટ કર્નલ કીટીંજે વચ્ચે પડી રૂા. ૪૫૦૦) ને બદલે ૧૦૦૦૦) આપવાનો ઈ. સ. ૧૮૬૩ માં રીપોર્ટ કર્યો પરંતુ તે સામે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાંધો રજુ થવાથી ત્રણ વર્ષે મુંબઈ સરકારે તેની મંજુરી આપતાં જણાવ્યું કે આ રકમમાં દરબારની તમામ માગણીનો સમાવેશ થાય છે અને ઠાકોર સાહેબ ગમે તે બ્હાને બીજી કાંઈપણ રકમ લ્યે તો તે મજરે લેવી ને ઠાકોરે તેના બદલામાં શ્રાવકોના જાનમાલના પોલીસરક્ષણની બાંહેધરી આપવી.

જૈનોએ આ નિર્ણય સામે વાંધો લઇ ઠરાવેલી રકમ ન ભરતાં હીંદી વજીર ( સેક્રેટરી ઓફ સ્ટેટ ) પાસે અપીલ કરી. જ્યારે ઠાકોરે નવા કરારની રકમ વસુલ અપાવવા પોલીટીકલ એજંટ પાસે દાવો કર્યો જેના પરીણામે એજંટે વચ્ચે પડવાથી વાંધો ઉભો રાખી રૂા. ૧૦,૦૦૦ ભરવા શરૂ કર્યા.

આટલા મતભેદ પછી ઠાકોર અને જૈનો વચ્ચે છેટું પડતું રહ્યું તેથી ગઢના રક્ષણ માટે જૈનોએ ડુંગર ઉપર આરબો રાખ્યા. તે સામે ઠાકોરે વાંધો લીધો; પરંતુ અંગત રક્ષણ માટે જૈનોને તેવો હક્ક છે તેમ બ્રીટીશ સત્તાએ ઠરાવવાથી આ તકરારનો અંત આવ્યો. તે પછી ઠાકોરે ગઢમાં કંઇ કામ કરતાં મંજુરી માગવાને હુકમ કર્યો તેના અંગે નં. ૧૬૪૧ તા. ૧૬-૩-૭૭ થી સરકારે 'પર્વત ઉપરની દરબારસત્તા મર્યાદિત છે. એટલે તેના રાજ્યના બીજા ભાગમાં જેમ દખલગીરી કરવાનો અહીં અધિકાર નથી' તેમ ઠરાવ્યું.

આ અરસામાં શેઠ પ્રેમાભાઇ ઉપર ઠાકોરે ચોરીનો આરોપ ગોઠવ્યો. પ્રેમાભાઈ શેઠે ૧૮૫૬ ના બળવામાં સરકારને ઘણી મદદ કરી હતી. સરકારની ટપાલ બંધ થઇ જતાં શેઠની મધ્ય હિંદ તરફ જતી ટપાલમાં સરકારના જોખમી ઓર્ડરો લઇ જવામાં આવતા તેથી સરકારે તેમને રાવ બહાદુરનો ઈલ્કાબ આપેલો. વળી તેઓ અમદાવાદના નગરશેઠ, મુંબઈ ધારાસભાના સભાસદ, અમદાવાદ મ્યુનીસીપાલીટીના પ્રમુખ તથા ઓનરરી માજીસ્ટ્રેટ હતા. આવો પુરૂષ રાજ્યની ચોરી કરે તેમ કહેવું તેમાં પણ સરકારને ગેરવ્યાજબી લાગ્યું. તેથી ઠાકોરને આવા તોફાનો માટે ઠપકો લખ્યો તથા શેઠ પ્રેમાભાઇની માફી માગવાને જણાવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે પછી ઇ. સ. ૧૮૭૭ માં ઠાકોરે ડુંગર ઉપર હલકા વર્ણનો મેળો ભરાવ્યો અને મહાદેવને નામે દખલનો કેસ કર્યો તેથી બ્રીટીશ સરકારે ઠાકોરને જવાબ આપવા રાજકોટ હાજર થવાને હુકમ કાઢયો. આ ઉપરથી ઠાકોરે શેઠને સમાધાન માટે પાલીતાણે તેડાવ્યા પરંતુ ત્યાં ન જતાં માણસ માર્ફત સમાધાન કર્યું. છતાં સરકારે તેના અંગે 'આ વર્તણુક એક બીજા વર્ગના રાજ્યને નહિ છાજતી અને શ્રાવકોની સાથેના નિર્ણિત કરેલા સંબંધથી વિરૂદ્ધ છે, તેમ શેરો કર્યો. તે પછી પોલીસદખલ વગેરે ઘણાં અડપલાં થયાં. તથા કર્નલકીટીંજે ઠરાવેલ રૂા. ૧૦૦૦૦ની રકમ વધારવાને માગણી કરી. મુંબઈ સરકાર આવા રોજના ભવાડાથી તપી ગઇ હતી. તેથી તેમણે ઠાકોર સાહેબ સુરસિંહજીને પુના મુકામે રૂબરૂ આવવા હુકમ કર્યો. ઠાકોર સાહેબને આ પ્રતિષ્ઠાઘાતક પ્રસંગ લાગ્યો અને તેના આઘાતમાં તેઓશ્રી પુનાની મુસાફરીમાં માર્ગમાંજ દેવગત થઇ ગયા.

તે પછી ઠાકોર સાહેબ માનસિંહજી સાથે રકમના ફારફેરની સમજાવટ કરતાં યાત્રીકોનું પ્રમાણ જોવા પો. એજંટ મી. બાર્ટને સોનગઢની જીલ્લા એજન્સીમાંથી માણસ રોકીને છુટક તપાસ કરી અને તે પછી ઇ.સ. ૧૮૮૬માં ચાલીસ વર્ષ માટે વાર્ષિક રૂા.૧૫૦૦૦ લેવા–દેવાનો પોલીટીકલ એજંટ મી. વેટસન રૂબરૂ કરાર કરવામાં આવ્યો.[૧]

ઠાકોર સાહેબ માનસિંહજી ગાદીએ આવવા પછી ધીમે ધીમે તેમના મન ઉપર જૈનો વિરૂદ્ધની ઉશ્કેરણી આસપાસના વર્ગે શરૂ રાખી તેથી મન મેળવવાને બદલે તેમણે ગુન્હેગારોને સંતાડવાને બ્હાને આણંદજી કલ્યાણજીની પાલીતાણામાં આવેલી પેઢીની જડતી લીધી. આ બાબતમાં રાજકોટથી એજંટ સાહેબ તપાસ માટે આવતાં તેઓ ડુંગર જોવા ઠાકોર સાહેબ સાથે ચઢતા હતા ત્યાં તળાટી પાસે જસકુંવર શેઠાણી સામે મળતાં તેમણે આવા તોફાન માટે ખુલ્લી વાત કરી. તે પછી ગામમાં શેઠા-

---

૧ આ કરાર જૈનોના જવાબના પૃષ્ટ (૨૪–૨૫) ઉપર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ણીની ધર્મશાળા પાસે પડેલો પથ્થર મ્યુનીસીપાલીટી માર્ફત રસ્તો રોકે છે તેમ જણાવી તેના પથ્થર સાથે નખાવ્યો અને બીજે દિવસે તે દરબારી પથ્થર શેઠાણીએ બેસવ્યો છે તેવો પોલીસ કેસ કરી કેદ કર્યા. જોકે તુર્ત ઉપરનું દબાણ થતાં તેઓને છોડી દેવા પડ્યાં હતાં.

તે પછી ઇ. સ. ૧૯૦૩ માં ઠાકોર માનસિંહજી બુટ પહેરી રાખીને ચીરૂટ પીતા પીતા પોતાના માણસો સાથે ગઢ અને દેરાસરો પાસે ફર્યા તેથી પોલીટીકલ એજંટ પાસે ફરીયાદ જતાં તેમને જવાબ દેવા રાજકોટ તેડાવ્યા. ઠાકોર માનસિંહજીયે આ બાબતમાં શેઠ કહે તેમ સમાધાન કરી દેવાને તેડાવનારા સંદેશા મોકલ્યા અને રાજકોટ મુદતો માગી • ઘરમેળે સમાધાન કરવાના પ્રયત્નો કરતા હતા. દરમીઆન ઠાકોર સાહેબ માનસિંહજી ઇ. સ. ૧૯૦૫ માં ગુજરી ગયા. આ વખતે કુમાર બહાદુરસિંહજી નાની ઉમ્મરના હોવાથી રાજ્યવ્યવસ્થા સરકાર ( એડમીનીસ્ટ્રેશન ) ની દેખરેખ નીચે જતાં ઓવન ટયુડર તથા મેજર સ્ટ્રોંગના હાથ નીચે રાજકારોબાર ચાલ્યો. આ મુદત દરમ્યાન કરારની મુદત હજુ પહોંચતી હતી તથા રાજ્ય અને જૈનો વચ્ચે ભેદ વધારનાર મંડળનું તેમના પાસે ઉપજણ ન હોવાથી શાંતિપૂર્વક વખત પસાર થઇ ગયો. ત્યારબાદ ઇ. સ. ૧૯૧૯ માં ઠાકોર બહાદુરસિંહજીને ગાદી મળી.

ઠાકોર બહાદુરસિંહજી વિલાયતના સંસ્કારમાં ઉછરેલા હતા તેથી શરૂઆતમાં સ્વચ્છ દીલથી કારભારની શરૂઆત કરી; પરંતુ તેમની સરલતાનો લાભ લઇને વિક્ષેપક વર્ગ પડખે ચઢી ગયો. અને મંત્રીસ્થાને અમદાવાદના વતની શ્રીમાન ચીમનલાલ ગીરધરલાલભાઈ જોડાયા. તેમણે ૪૦ વર્ષ પુરાં થયે વધારે જોરથી હકુમત સ્થાપવાને ડુંગરના કુંડોના ગાળ નાંખવાને બ્હાને, પાટીયાને બ્હાને, ગઢનું રીપેર કામ અટકાવીને એમ કનડગતના ઘણાંએ કચ્ચાંબચ્ચાંનો જન્મ આપ્યો. અને કરાર પુરો થતાં પહેલાં સર્વોપરીસત્તા પ્રાપ્ત કરવાને મુંડકાને નામે રૂા. ૨) અને ૫) ઉઘરાવવા કે છેવટ રૂા. ૧,૨૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦ સુધી અપાવવા નીચેની અરજી કરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નં. ૬૩૭ સને ૧૯૨૫

**ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી** } તરફથી.
પાલીતાણાના ઠાકોર સાહેબ—પાલીતાણા.

**ઓનરેબલ મી. સી. સી. વૉટસન** } તરફ.
સી. આઇ. ઇ. આઇ. સી. એસ.
પશ્ચિમ હિં૦ રા૦ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ—રાજકોટ.

**પાલીતાણા** તા. ૧૪ મી સપ્ટેંબર. ૧૯૨૫

# બાબત–યાત્રા વેરો.

**મારા મિત્ર !**

નામદાર મુંબઈ સરકારના રાજકીય ખાતાના નં. ૨૦૧૬ તા. ૮-૪-૧૮૮૬ ના ઠરાવથી ખતમ થતા પત્ર વ્યવહારના સંબંધમાં માનપૂર્વક નિવેદન કરવાનું કે એક તરફ મારા પિતા અને બીજી તરફ શ્રાવક કોમના પ્રતિનિધિઓ વચ્ચે થયેલ કરારની મુદ્દત સને ૧૮૮૬ ના તા. ૧ લી એપ્રીલથી વર્ષ ૪૦ ની હોવાથી, સને ૧૯૨૬ ના માર્ચ માસની તા. ૩૧ મીના રોજ પુરી થાય છે. કરારની સરતો ઉપર જણાવેલ ઠરાવની સાથે જોડેલ કરારનામા ( પરિશિષ્ટ **ব** ) માં છે, જેમાંથી ૧ થી ૪ પારેગ્રાફનો ઉતારો ( પરિશિષ્ટ **अ** ) સ્ટેટ તરફ મોકલવામાં આવ્યો હતો.

૨. કરારના ૧ અને ૨ પારેગ્રાફમાં ( પરિશિષ્ટ **ব** ) જૈનોએ યાત્રા-વેરાના બદલામાં સ્ટેટને ભરવાના વાર્ષીક રૂા. ૧૫૦૦૦) નક્કી કર્યા હતા, અને ઉપર પહેલા પારેગ્રાફમાં જણાવ્યા પ્રમાણે તેની મુદ્દત વર્ષ ૪૦ ની હતી.

૩. કરારના નીચે લખેલ પારેગ્રાફ ત્રીજા મુજબ ૪૦ વર્ષ પુરા થયે બન્ને પક્ષકારો કમી–જાસ્તી કરાવવાની માગણી કરી શકે છે. જે જોવાની સુગમતા માટે નીચે ટાંકવામાં આવ્યો છે:—



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" આ ૪૦ વર્ષ પુરા થયે દરેક પક્ષકારને આ કરારનામાના પહેલા પારેગ્રાફમાં જણાવેલ રકમમાં ફેરફાર કરવાની માગણી કરવાની છૂટ છે; પરંતુ બન્ને પક્ષોની દલીલો ઉપર વિચાર કરી તે ફેરફાર માન્ય રાખવો કે નહીં તે **બ્રીટીશ સરકારની મુનસફી ઉપર** રહેશે.

૪. આ કરારથી આ ચાલીશ વર્ષ પર્યંત રાજ્યને પોતાની વ્યાજબી ઉપજના મોટા ભાગની નુકશાની થતી હોવાથી તા. ૩૧ મી માર્ચ સને ૧૯૨૬ થી આ મુદત પુરી થતાં, લેવાણ થતા વાર્ષિક રૂા. ૧૫૦૦૦) ના કરને બદલે સરકારના તા. ૧૭ મી ઓકટોબર ૧૮૮૧ ના ઠરાવ મુજબ બહારના યાત્રાળુઓ પાસેથી યાત્રાળુ દીઠ રૂા. ૨) અને પાલીતાણાના શ્રાવક વતનીઓ માટે વાર્ષીક રૂા, ૫) લેવાની દરખાસ્ત કરવામાં આવે છે. કરારનામા પ્રમાણે ( પરિશીષ્ટ ' બી ' ની કલમ ૩ ) કાંઇપણ ફેરફાર માટે નામદાર સરકારની મંજુરીની જરૂર છે. તેથી વિનંતી કરવાની કે તે મેળવવા આપ મહેરબાની કરશો. સાથોસાથ મારે કહેવું જોઇએ કે આ ફેરફારની દરખાસ્તથી ૧૮૮૬ ના ઠરાવ પહેલાં જે સ્થીતિ હતી તેનું પુનરાવર્તન કરવા માગીએ છીએ, અને કર્નલ કીટીંજે જે સ્થીતિ નક્કી કરી માન્ય રાખી છે અને સિદ્ધાંતો બાંધ્યા છે ( જુઓ પરિશિષ્ટ ' સી ' અને ' ડી ' ) કે જેની ઉપરજ છેલ્લે જણાવેલ ના. સરકારનો ઠરાવ આધાર રાખે છે, તેમાં જરાપણ ફેરફાર કરવા માગતા નથી. કર્નલ કીટીંજનો ચુકાદો કે જે મુંબઇ સરકારે તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરી ૧૮૬૬ અને સેક્રેટરી ઓફ સ્ટેટે ૧૮૬૭ ની ૯ મી ઓગસ્ટે માન્ય રાખ્યો હતો; તે એટલો તો મુદ્દાસર અને સ્પષ્ટ છે કે તેના ફક્ત પારેગ્રાફ ૩ થી ૧૦ સુધીજ મારે નીચે બતાવવાની જરૂર છે:—

૩ પાલીતાણાના દરબાર પોતાના પ્રદેશ ઉપર રાજ્ય કરે છે અને સામાન્ય સંયોગોમાં તેમની હદમાં અને રાજયધાનીની નજદીકમાં મથાળે આવેલ શત્રુંજય ઉપર યાત્રાળુઓને આવવા દેવા અને તેની પાસેથી લેવાના કર બાબતના ધારા ઘડી શકે. "

છતાં શ્રાવક લોકો બે જુદા મુદ્દા ઉપર આપણી દરમીયાનગીરી માગે છે:–

**( ૧ ) તેમની કોમ પૈકીના એક રાજાના ઝવેરી શાંતીદાસને**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દીલ્લી સરકાર તરફથી પાલીતાણા અને ડુંગર બક્ષીશ મળ્યાની સનંદ ધારણ કરનાર તરીકે.

(૨) પોલીટીકલ એજન્ટની રૂબરૂ ૧૮૨૧ ની સાલમાં ઠાકોરે કરી આપેલ ખતને લીધે, કે જે કાયમ માટે બંધનકર્તા હોવાનું તેઓ જણાવે છે.

૪, સનંદની તારીખ શાહજહાનના તખ્તનશીન થયા પછીના ૩૦ મા વર્ષની એટલે આશરે સને ૧૬૫૭ ની છે. દીલ્હી સરકારની કાઠીયાવાડમાં તે વખતે ખરી સત્તા શું હતી અને આવી બક્ષીસ કબુલ રખાવવા કેટલો અધિકાર હતો તે તપાસવું ગમ્મત પડે તેવું છે. મારી તપાસમાં આ બાબતમાં તેવી કાંઇ આધારભૂત માહીતી મળી શકી નથી. તેમ છતાં હું જણાવું છું કે તે બક્ષીસના બરોબર વખતે તે સાલમાં શાહજહાન તેના શાહજાદા ઔરંગઝેબથી પદભ્રષ્ટ થવાથી રાજ્યમાં સંપૂર્ણ અરાજકતા હતી.

૫. પરંતુ ૧૬૫૭ થી ૧૮૦૮ સુધીના વર્ષોમાં ફેરફાર માટે ઘણો વખત હતો, અને એટલી તો હકીકત નિર્વિવાદ છે કે પાછળના વર્ષમાં જ્યારે કર્નલ વૉકરે બ્રીટીશની સત્તા કાઠીઆવાડમાં પ્રથમ વધારી ત્યારે પાલીતાણાના ગોહેલ રજપુત જે જાગીર અત્યારે ધરાવે છે, તે તેના કબજામાં હતી; અને તેને માટે વડોદરાના ગાયકવાડ સરકારને ખંડણી ભરતા, અને ડુંગર ઉપરના દેવળોનાં દર્શને આવતા યાત્રાળુઓ પાસેથી વેરો લેતા. તે વખતમાં પાલીતાણાની જાગીર લગભગ નાશ પામી ગયા જેવી હતી. રાજા પોતાના કામકાજની વ્યવસ્થા કરવાને અશક્ત હતા, પોતાના દીકરા સાથે દુસ્મનાવટ હતી અને શ્રાવકોમાંના એકનું તેના ઉપર મોટું કરજ હતું.

અત્યારની માફક પાછળ જણાવેલ કોમ (શ્રાવક) પોતાની જાતના સંપથી અને અતુલ દ્રવ્ય કે જેનાથી તેઓ ગુજરાતના ઘણાખરા રાજાના લેણદાર હતા તેનાથી મોટી વગ ધરાવતી હતી.

આપણે તેમનાવતી ઘણી વખત વચમાં પડતા, પણ પાલીતાણાના રાજાના હક્ક ઉપર તરાપ મારી શાહજહાનના બક્ષીસની સરતો પાછી અમલમાં લાવવા પ્રયત્ન કરવાની દરખાસ્ત કદીપણ કરવામાં આવી ન હતી.

૬. × × × × ×

× મારા ધારવા પ્રમાણે આ સંજોગો એમ બતાવે છે કે પાલીતાણાના રાજા તરફથી લેવાતા યાત્રી વેરામાંથી શ્રાવકોની મુક્તિનો ખાસ હક્ક સ્થાપિત કરતી દીલ્હી દરબારની સનંદ નામંજુર થવી જોઇએ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૭. ૧૮૨૧ માં કેપ્ટન બાનવેલની રૂબરૂમાં થયેલ લખત બીજા દસ્તાવેજ તરીકે રજુ થયેલ છે અને તેને આધારે દાવાવાળા આપણી દરમીયાનગીરી માગે છે.

૮. × × × × ×

× ઉપર કહ્યા મુજબ પાલીતાણાના ઠાકોર પોતાના મુલક ઉપર રાજ્ય કરે છે. તે વખતની સરતો તથા શ્રાવકોએ તેમની જાગીર ઉપર જે હક્ક બતાવ્યો છે તે નાકબુલ કરે છે અને કહે છે કે ફક્ત ના. બ્રીટીશ સરકારના માનની ખાતર શ્રાવકોને કર ઉઘરાવા દેવાની ઇચ્છા કરે છે. એટલું યાદ રાખવાનું છે કે આ કોમે પાલીતાણામાં માગેલ ઘણા ખાસ હક્કો અને મુક્તિ પૈકીનો આ એક છે.

૯ કેપ્ટન બાર્નવેલે રીપોર્ટ કર્યો કે તેમણે દશ સાલ માટેની ગોઠવણ કરી છે અને દશ સાલના ગેરેંટીથી તે વખતની સરકારે તેમની યોજના મંજુર રાખી.

દરેક વખતે દેશી રાજ્યોએ જાત્રાળુઓ ઉપર કાંઇક કર લેવાના હક્કનો દાવો કરેલ છે, આ મુસાફરોના રક્ષણની જવાબદારી તેમની સંખ્યા ઉપર વધે છે. અને આ હક્ક આપ્યાથી એટલું તો વ્યાજબી છે કે તેની ઉપજ મંદીરે આવતી સંખ્યાના પ્રમાણમાં હોવી જોઇએ.

૧૦ મારા ૧૮૬૩ ના એપ્રીલની તા. ૨૫ મીના રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે મેં સરકારની ગેરેંટી બંધ કરી ઠાકોરને આ ફેરફારથી ઠાકોર ઉપર વિશ્વાસ મુકવામાં આવે તેનો ગેરઉપયોગ થાય તો સરકારનો વચમાં આવવાનો હક્ક રાખી ઘણી ખુશીથી તેમનું કામ સંભાળવાની મંજુરી આપી હોત, પરંતુ આ રીપોર્ટની શરૂઆતમાં ટાંકેલ હુકમોમાં સુચવ્યું હતું કે પક્ષકારોનું સમાધાન પોલીટીકલ એજંટની દરમીયાનગીરીથી થવું જોઇએ. તેથી પક્ષકારોને બોલાવવામાં આવ્યા.

**નોટ—આ સંબંધમાં ૧૮૮૧ ના ૧૭ મી ઓકટોબરના સરકારના ઠરાવ નં. ૫૦૩૪ માં છાપેલ કાઠીયાવાડના પોલીટીકલ એજંટના ૧૮૮૧ ના ૨૩ મી એપ્રીલના પત્ર નં. ૧૩૫ તરફ ધ્યાન ખેંચવામાં આવે છે–" આ યાદી 'જ' ઠાકોર સાહેબે જણાવ્યા પ્રમાણેના મતમાં તે ( પો. એજંટ ) છે કે 'અમદાવાદીઓને માન્ય રાખવાની ના કહેવાથી આ તકરારનો જલદીથી અંત આવશે.' અને તેઓને કહેવું જોઇએ કે ઠાકોર સાહેબના તાબામાં અને તેમની સત્તા નીચે તેઓએ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ કરવો જોઇએ.**

૫. એટલું તો સ્પષ્ટ છે કે કર્નલ કીટીંજ જેવા અનુભવી અને બાહોશ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અધિકારીએ દરમીયાનગીરીને અયોગ્ય ગણી હતી; અને તે વખતે (૧૮૯૩ માં) સરકારની જામિનગીરી બંધ કરી તે વખતના રાજાને "તેમના કામની વ્યવસ્થા કરવા દેવાને" તૈયાર હતા (જુઓ ઉપરનો પારેગ્રાફ ૪ ) અને ૧૮૮૧ માં તે વખતના પોલીટીકલ એજંટે તેમના પત્ર નં. ૧૩૫ તા. ૨૩ મી એપ્રીલ ૧૮૮૧ માં કહ્યું છે કે જો આણંદજી કલ્યાણજીના પ્રતિનીધીઓને " કહેવામાં આવે કે તેઓએ પેઢીનો વહીવટ ઠાકોર સાહેબના તાબામાં અને તેમની સત્તા નીચે ચલવવો જોઇએ, તો તકરારનો અંત આવશે " (જુઓ ઉપર કહેલ સરકારનો ઠરાવ નં. ૫૦૩૪ તા. ૧૭મી અકટોબર ૧૮૮૧ ) કર્નલકીટીંજના વચમાં પડવાનું કારણ એજ કે તેમ કરવાની ના. સરકારની ઇચ્છા હતી, નહીં કે સંયોગો ઉપરથી કે ન્યાયદષ્ટીથી દરમીયાનગીરીની તેમને જરૂર લાગી. તેથી પોતે તો તે વખતના રાજાને સ્વતંત્રતા આપવાની તરફેણમાં હતા. શ્રાવકો માટે ખાસ વર્તનની જરૂરીયાતવાળી કોઇપણ જાતની રાજદ્વારી સ્થિતિ–પ્રથમથી હોવાનું સ્થાપીત થયેલ નથી. ( જુઓ ઉપર પારેગ્રાફ ૪ માં ટાંકેલ પારા. ૩–૪–૫ અને ૬ ). પારેગ્રાફ ૬ ના અંતમાં કર્નલ કીટીંજ કહે છે કે:—" × × × કોઇપણ જાતનો ખાસ હક્ક સ્થાપીત કરતી દીલ્હી દરબારની સનંદ કબુલ રહેવી જોઇએ નહિ. × × " બીજી તરફથી પારેગ્રાફ ૩ અને ૫ (ઉપર બતાવેલા) માં કર્નલ કીટીંજ કહે છે કે પાલીતાણાના રાજાઓ કર્નલ વોકરના ઠરાવ પહેલાથી દેવળો ઉપર આવતા તમામ જાત્રાળુઓ પાસેથી કર લેતા હતા અને સામાન્ય સંયોગોમાં જાત્રાળુઓના કરના અને શત્રુંજયગિરિ ઉપર આવવા દેવા સંબંધીના નિયમો ઘડે.

કર્નલ કીટીંજે ૧૪ મા પારેગ્રાફમાં જણાવ્યા પ્રમાણે ( જુઓ પરિશિષ્ટ " સી " ) દરમીયાનગીરીનું મૂળ કારણ વગવાળી મોટી કોમની ધાર્મીક લાગણીનો સવાલ હતો. તે અધિકારીએ પોતે જણાવ્યા પ્રમાણે પાલીતાણાના રાજ્યકર્તાની રાજદ્વારી સ્થીતિનો પણ સામે વિચાર કરવાનો છે. બીજા રાજ્યો સ્વતંત્રતાથી જેમ દરેક યાત્રાળુઓ પાસેથી કર લે છે તેવા કર લેવાણના રાજ્યના



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આંતર્વહીવટમાં સરકારની દરમીયાનગીરીથી તે સ્થીતિ ઉપર કાંઇ અસર થાય છે કે કેમ તે જોવાનો એક ગંભીર પ્રશ્ન છે. જ્યારે (રાજ્યોની) અંદરની શાંતિનો ભંગ થતો હોય ત્યારેજ સાર્વભૌમ સત્તા વચમાં આવે છે." હિંદુસ્થાનના બંધારણના સુધારાને લગતા નાο વાઇસરાય અને સેક્રેટરી ઓફ સ્ટેટના રીપોર્ટમાં દેશી રાજ્યોના પ્રકરણ ૧૦ ના પારેગ્રાફ ૨૯૭.

૬. એમ દલીલ થઇ શકે કે કર્નલ કીટીંજ તેમના ઉપર જણાવેલ ફેસલાના ( પરિશિષ્ટ ' સી ' ) ( જુઓ ઉપરનો પારેગ્રાફ ૪ ) પાંચમા પારેગ્રાફમાં જણાવે છે કે શ્રાવકોની વતી સરકારની દરમીયાનગીરી કાયમ હતી; છતાં એમ કહેવું જોઇએ કે તે અધિકારીનો એમ કહેવાનો આશય એ હતો કે નીરંતર દરમીયાનગીરા છતાં શાહજહાનની કહેવાતી સનંદની સરતોના આધારે જૈનોએ માગેલ ખાસ હક્કો-પાલીતાણાના રાજાના હક્ક ઉપર તરાપમારી સજીવન કરવાને કદી પણ વિચાર કરવામાં આવેલ નથી. કર્નલ કીટીંજ સરકારના ૧૮૬૩ ના નં. ૧૫૨ ધરાવતા પોતાના તા. ૧૫ એપ્રીલ ૧૮૬૩ ના રીપોર્ટમાં સંજોગોનું સંપૂર્ણ વર્ણન આપે છે. ( જુઓ પરિશિષ્ટ ' ડી ' ). અગાઉ ૧૯૪૬ માં શેઠ વખતચંદ ખુશાલને લખી આપેલ પાલીતાણા રાજ્ય આખાનું ગીરોખત કે જે ૧૮૪૩ માં ખતમ થયું તેના ઉપર રીપોર્ટ કરતાં મી. મેલેટે ( Mr. Malet ) બીજી બાબતો સાથે કહ્યું હતું કે:— (૧) જણાવેલ ખતથી બીજા સોદાઓ માફક ઘણોજ ગુંચવાડો ઉભો થયો. ( ૨ ) જો કે મુદત પુરી થઇ છે તોપણ સને ૧૮૦૦ થી શેઠ હેમચંદ વખતચંદ ( વખતચંદ ખુશાલચંદના દીકરા ) પાલીતાણામાં સર્વ સત્તા ધરાવતા હતા. ( ૩ ) રાજા અને શ્રાવકો વચ્ચે ઘણી તકરારો થઈ હતી, જેનું મૂળ ઈજારાના વખતમાં હોવાનું જણાય છે; કારણકે એટલું તો કબુલ કરવું પડે કે શ્રાવકોને મજકુર શેઠની વગથી મહેરબાની દેખાડવામાં આવી હતી.

૭. કર્નલ કીટીંજ પાલીતાણા રાજ્ય અને ઉપર કહેલ ઈજારદારની



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થીતિનું વર્ણન કરતાં કહે છે કે–મુંબઈ સરકારના સેક્રેટરીએ તા. ૮–૧–૧૮૨૧ ના રોજ મેજર બેલનટાઇન ( Major Ballantine ) ઉપર લખેલ પત્ર એમ બતાવે છે કે:–પાલીતાણાના રાજા આ બાબતમાં સ્વતંત્ર પ્રતીનિધિ નહોતા. અને સાવચેતી આપે છે કે આ દાવા સંબંધના ભવિષ્યના ફેસલામાં આ હકીકત ધ્યાનમાં રાખવી જોઇએ. પાલીતાણા રાજ્ય અને શ્રાવકો વચ્ચેના સમાધાનમાં લશ્કરની હાજરીનો લાભ લેવા અને જો પક્ષકારો સમાધાની ઉપર ન આવે તો એક પક્ષને ફરજ પાડવાનું લેફ્૦ કર્નલ સ્ટેનહોપને ( Lieut Colonel Stanhope ) કહેવાની મેજર બેલનટાઇનને સરકારે સત્તા આપી હતી. એ દેખીતાં રીતે ફરજ પાડ્યા જેવું હતું. કર્નલ કીટીંજે છેવટમાં કહ્યું કે:—" પત્ર વ્યવહાર વાંચવાથી એમ અસર થાય છે કે પાલીતાણામાં શ્રાવક–વાણીયાની તરફેણમાં આપણી દરમીયાનગીરી અને જામીનગીરી નિરંતર હતી, પણ તે તદ્દન નિરૂપયોગી હતી. હાલના રાજા જુવાન અને ઘણાજ સારા વલણવાળા છે. જાગીર આબાદ થતી જાય છે અને કરજમાંથી મુક્ત છે. કાઠીઆવાડમાં શ્રાવકોની સત્તા દરેક પ્રગતીની અને યુરોપીયનોના આગમનની વિરૂદ્ધમાં છે. તેથી હું યુવાન રાજા ઉપરજ આ વાત છોડવાની મજબુત રીતે ભલામણ કરૂં છું. તેના પ્રદેશમાં તેમણે સંપૂર્ણ દીવાની અધિકાર અને તેમની પ્રજાને દેહાંત દંડની સજા કરવાની સત્તા મેળવેલ છે. જેથી યાત્રાળુઓ પાસેથી ચોક્કસ પ્રીના લેવાણ જેવી બાબતોમાં જામીનગીરીનો ડોળ કરવો એ મને સલાહકારક લાગતું નથી.

સરકારની પ્રજા સેંકડોબંધ દર વર્ષે પાલીતાણા જાય છે. અલબત તેમની બીજી પ્રજાની માફક જુલમ અને અત્યાચારમાંથી રક્ષણ કરવાની સરકારને સત્તા છે અને તેનો ઉપયોગ કરશે; અને જરૂર જણાયે ગમે તે વખતે ઠાકોરને ફરજ પાડી શકે. અત્યારે મને તો સારો રસ્તો એ જણાય છે કે તેમને આ બાબતમાં સ્વતંત્રતા આપવી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮. ઉપરના ઉતારામાં મારે માત્ર એટલુંજ કહેવાનું પ્રાપ્ત થાય છે કે, તે ૧૮૬૩ લગભગ લખાયેલ છે; કે જ્યારે કર્નલ કીટીંજ દરેક યાત્રાળુઓ પાસેથી લેવાની રકમ નક્કી કરવાનું મારા પિતામહ ઉપર છોડવાને તૈયાર હતા; પણ ફક્ત મુંબઇ સરકારની ઇચ્છાને માન આપી તેઓએ વચમાં પડી રકમ નક્કી કરી દખલગીરીના વ્યાજબી કે ગેરવ્યાજબીપણાની હકીકત બાજુ ઉપર રાખી. મુંબઇ સરકારે ૧૮૮૧ માં મંજુર રાખેલ અને ૧-૪-૧૮૮૬ કે જ્યારે હાલનો ઠરાવ અમલમાં આવ્યો ત્યાં સુધી ચાલેલ પદ્ધત્તિ આ પ્રસંગે ધારણ કરવા રાજ્યની ઇચ્છા છે.

૯. ઉપરાંત ઉપર કહેલ સને ૧૮૬૩ ના ૧૫ મી એપ્રીલના રીપોર્ટમાં જો રાજા ગેરવર્તણુક ચલાવે તો તેને ફરજ પાડવાની સરકારની સત્તા સંબંધી કહેતાં કર્નલ કીટીંજ **પેનલ્ટી ક્લૉઝ** ઉમેરે છે. છતાં મને કહેવાને મગરૂરી થાય છે કે ઉશ્કેરણીના ઉદ્દેશથી ઉભી કરેલ અચોક્કસ હકીકતો સિવાય સરકારને વચમાં પડવું વ્યાજબી જણાય તેવું કોઇ પણ ચોક્કસ તહોમત રાજ્યવિરૂદ્ધ સિદ્ધ થયેલ નથી, તેવી દફ્તર ઉપરથી ખાત્રી થશે. પાંચમા પારેગ્રાફમાં ( જુઓ ઉપરનો પારા ૪ ) કહ્યા મુજબ અત્યારની માફક શ્રાવકો તેઓના અંદરના સંપ અને ઘણી જ લક્ષ્મી-કે જેનાથી તેઓ ગુજરાતમાં ઘણા ખરા રાજાઓના લેણદાર હતા-તેનાથી ઘણી વગ ધરાવે છે, તેઓએ રાજ્યની મીલ્કત ઉપર ત્રાપ મારી, રાજ્યના હુકમોનો અનાદર કર્યો અને રાજ્યના વહીવટના સામાન્ય નિયમ પ્રમાણે વર્તવાની ના પાડી. કર્નલ કીટીંજે તેના ૮ મા પારેગ્રાફમાં આ વલણની બાબતમાં ટુંકમાં કહ્યું છે કે—" એટલું યાદ રાખવું જોઇએ કે આ દાવો પાલીતાણામાં જૈનો તરફથી માગણી થયેલ ખાસ હક્કો અને મુક્તિ પૈકીનો એક છે."

૧૦. સંપૂર્ણ સત્યતાથી કહેવું જોઇએ કે આ વલણ અદ્યાપિ પર્યંત ચાલુ રહ્યું છે, અને જાહેર વર્તમાનો ઉપરથી જણાશે કે ઉશ્કેરણીથી આ કોમે પાલીતાણામાં મેળવેલ ફતેહનું એ પરીણામ આવ્યું કે જ્યાં જ્યાં જૈનોના દેવળો હતાં ત્યાં ત્યાં દરેક



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ્યોમાં અને જાગીરોમાં તેવી હીલચાલ તેઓએ ચલાવી. ઉપર જણાવેલ કૃત્યો અને વલણના દાખલા પુરતા ટાંકી શકાય તેવા છે, પણ તે અહીં જરૂરના નથી. નિર્વિવાદીત રીતે મારે કહેવું જોઇએ કે, શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનીધિઓને પુષ્કળ સંપત્તિ, શ્રદ્ધા, વિદ્વાન અને કેળવાયેલ માણસો, તરફેણ ધરાવતા છાપાઓ અને વિશેષમાં મજબુત શ્રાવકોનો સંપ અને વ્યવસ્થિત હીલચાલ વિગેરે તમામ સાધનો છતાં, રાજ્યે લ્યાનત લગાડે તેવું કૃત્ય કર્યાનો કોઇ પણ દાખલો તેઓ રજુ કરી શકયા નથી. તે કાંઇ અનિચ્છાથી કે ક્ષમાના સાધુ વિચારોને લીધે ન હતું; કારણ કે મારા ગાદી ઉપર આવ્યા પછી એજન્સી પાસે કેટલીક હકીકત ઉલટા સ્વરૂપમાં મુકવાને પ્રતિનીધિઓએ પોતાથી બનતું કર્યું છે, અને એવાં પગલાં લીધાં કે જેથી રાજ્યના નોકરો ઉશ્કેરાય અને પગલાં લેવાની જરૂર પડે. જેને મોટું સ્વરૂપ આપી જુલમ થાય છે તેવું બહારમાં લાવી એજન્સીને વચમાં પડવાની માગણી કરે. મારા પિતાશ્રીના રાજ્ય દરમીયાન એક બે કીસ્સામાં એજન્સી વચમાં આવી અને કેટલાક ફોજદારી કામો બંધ રહ્યાં. જેને પરીણામે મુદત જતાં ગુન્હેગાર છટકી જવા પામ્યા.

૧૧. શ્રાવકોએ આવા આવા કેટલા પ્રયત્નો કર્યા તે ગણી, બતાવવાની અમારી કાંઇ ઇચ્છા નથી; કારણ કે સેક્રેટરી ઓફ સ્ટેટ પાસેની તેઓની અપીલમાં પ્રતિનીધિઓએ લગભગ બધી હકીકતનો પોતાને અનુકુળ સ્વરૂપમાં સમાવેશ કરતાં એમ બતાવ્યું છે કે જ્યાં શ્રાવકોનો સંબંધ હોય ત્યાં પાલીતાણા રાજ્ય જુલમી અને તેઓનો સામાન્ય અધિકારનો ઉપયોગ કરવાને નાલાયક છે. કાઠીયાવાડના એજંટ ટુ ધી ગવર્નરો, મુંબઇ સરકાર અને સેક્રેટરી ઓફ સ્ટેટનો તે લોકોની હુશીયારી ભરેલી ગોઠવણ અને ઉશ્કેરણીને બરોબર તપાસી વચમાં આવવાની ના પાડવા ખાતર પાલીતાણા સ્ટેટ આભાર માને છે. હીંગારશા પીર, રસ્તા સુધારણા અને શત્રુંજય ગિરિના સંબંધમાં નામદાર શહેનશાહના સેક્રેટરી સાહેબે મુંબઇ સરકારના તા. ૯-૧૦-૧૯૨૪



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ના કાગળના ૧૨૮૧ બી થી લખેલ હુકમો જુઓ. દરેક બાબતમાં રાજ્ય તરફથી કાઢેલ હુકમો અને લેવાયેલ પગલાં ધોરણુસર હતાં. ન્યાયના ફેંસલા જોઇએ તો ન્યાય ખાતામાં ન્યાયી અને સમદ્રષ્ટિનું માન ધરાવતા અનુભવી અને પદવી ધરાવતા માણસો હોવાથી શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓ તેઓની વિરૂદ્ધમાં કાંઈપણ આળ મૂકી શકયા નથી, કે તેની પદ્ધતિ કે ફેંસલાની અનિયમીતતાના સંબંધમાં કાંઇ પણ સૂચના કરી શકયા નથી.

૧૨. ટુંકાણમાં આટલી લાંબી મુદતમાં સરકારને વચમાં આવવાની જરૂર જણાય તેવો એક પણ પ્રસંગ ઉભો થયો નથી. જોકે શ્રાવકોએ એવી સ્થિતી ઉભી કરવાને પોતાથી બનતું કર્યું છે કે જે સ્ટેટના અયોગ્ય અને અન્યાયી કાર્ય તરીકે બતાવી શકાય.

૧૩. ઉપર જણાવવામાં આવ્યું છે કે યાત્રાવેરો ઉઘરાવવાનો અને તેનો આંતરવહીવટ ચલાવવાનો રાજ્યનો હક્ક સરકારે માન્ય રાખ્યો છે અને આટલા વર્ષોમાં રાજ્યે સરકારને તેમની સર્વ સત્તાનો ઉપયોગ કરી બળ વાપરવાનો જરા પણ પ્રસંગ આપ્યો નથી. કર્નલ કીટીંજના શબ્દોમાં કહેતાં એમ જણાવવાનું કે દર યાત્રીએ લેવાના રૂા. ૨) તે અધિકારીને ભુતકાળમાં પાલીતાણાના રાજાઓ તરફથી વર્ષો સુધી લેવાએલ કરની સરેરાશ રકમ લાગી હતી. પરિશિષ્ટ " સી " ના પારેઆફ ૧૨-૧૩ આ નીચે ટાંકવામાં આવ્યા છે:—

" ૧૨—કેપ્ટન બાર્નવેલ (C. Barnwell) તેના સરકાર ઉપરના તા. ૨૦–૧૨–૧૮૨૦ ના પત્રના ચોથા પારેઆફમાં જણાવે છે કે, સને ૧૭૮૮ પૂર્વે ઠાકોર તરફથી વ્યાજબી કર લેવાતો હતો, પણ તે પછી તે ઘણો વધારી દેવામાં આવ્યો હતો. આ કરો શું હતા તે શોધવાને મેં પ્રયત્ન કર્યો અને માલુમ પડ્યું કે મુખ્ય યાત્રાવેરાને ' કર ' કહેતા હતા, પણ બીજા પરચુરણ લેવાણો જેવા કે ' મુલનું ' ' નજરાણો ' અને વળાવા વિગેરે નામથી લેવાતા તે ફક્ત વહીવટ તરીકેના હતા. સને ૧૭૫૦ નો કરાર ફક્ત ' મુલનું ' ના સંબંધમાં હતો. ૧૭૮૮ પૂર્વેના કરોના ખરા દર નક્કી કરવા હીસાબ માગતાં શ્રાવકોના પ્રતિનિધિઓએ કહ્યું કે–તે વખતનો તેઓ પાસે કાંઇ હીસાબ નથી. પાલીતાણાના ઠાકોરે ચોપડા રજુ કર્યા હતા. "



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૩—તે ચોપડા અનિયમીત હોવાનું કારણ બતાવી તે કોમના પ્રતિનિધીઓએ વાંધો લીધો હતો, પણ દેશીઓની એક કમીટી પાસે આ હકીકત રજુ કરતાં તેઓએ નક્કી કર્યું કે પુરાવા તરીકે તે મુકવામાં કાંઇ વાંધા જેવું તેમાં પુરતું કારણ નથી. "

" જે હિસાબ તપાસાણો તે સં. ૧૮૩૧ થી ૧૮૫૦ એટલે સને ૧૭૭૪ થી ૧૭૯૩ સુધીનો હતો. "

" તેમાં લખેલ કરનો વધારેમાં વધારે સરેરાશ સં. ૧૭૩૩ માં ૫૮૭ યાત્રાળુઓ પાસેથી લેવાયેલ દર રૂ ૪–૯–૯ હતો. ઓછામાં ઓછો ૧૮૩૫ માં ૨,૪૫૧ યાત્રીઓ પાસેથી લેવાયેલ દર રૂ ૧–૧–૪ હતો. "

" હિસાબમાં લેવાયેલ ચોપડામાં નામું ૨૪,૪૫૪ યાત્રાળુઓનું છે અને તમામ પાસેથી લેવાયેલ સરેરાશ દર રૂ. ૨–૬–૫ છે. દેવળો ઉપર આવતા યાત્રાળુઓની અટકળે સંખ્યા મળી શકતી નથી."

૧૪. કર્નલ કટીંજે દર યાત્રી દીઠ રૂ ૨) નો દર નક્કી કર્યો (પારેગ્રાફ ૨૫, પરિશિષ્ટ 'સી') અને તેના પારેગ્રાફ ૧૩ ના છેવટમાં જણાવ્યા પ્રમાણે યાત્રીઓની સંખ્યાનો આશરો જાણી નહીં શકાયાથી ૧૮૨૧ ની ગોઠવણના દાખલાના આધારે ૧૮૭૪ ના પહેલી જાન્યુઆરીથી દશ વર્ષ માટે અજમાયશ દાખલ રૂ ૧૦,૦૦૦) ની રકમ નક્કી કરી (પરિશિષ્ટ 'સી' નો પારેગ્રાફ ૧૬) અને એ વર્ષ ચલાવ્યા બાદ ફેરફાર કરવાનો અવકાશ રાખ્યો (પરિશિષ્ટ 'સી' નો પારેગ્રાફ ૧૭).

૧૫. કર્નલ કીટીંજે ભય દર્શાવ્યો હતો કે (પરિશિષ્ટ 'સી' ના પારેગ્રાફ ૨૨) યાત્રાવેરામાં ભવિષ્યમાં ફેરફાર કરાવવા માટે દેવળો ઉપર આવતા–યાત્રાળુઓની સંખ્યા વધારવા કે ઘટાડવા માટે અનુચીત પગલાં લેવાશે. કર્નલ કીટીંજનો ભય સાચો પડયો, અને અમુક સાલ રૂ ૧૦,૦૦૦) લીધા બાદ મારા પિતામહ ઠાકોર સાહેબ સુરસિંહજીને ફરી ગણત્રી કરવાની માગણી કરવાની જરૂર પડી હતી. સરકારને ખાત્રી થઇ કે ગણત્રીની કાંઇ પણ અસર થતાં શ્રાવકો ઈરાદાપૂર્વક અટકાયત કરતા હતા (જુઓ રાજકીય ખાતાના સરકારના તા. ૭–૩–૧૮૮૧ ના ઠરાવ નં ૧૦૫૬ ના પારેગ્રાફ ૩) અને કર્નલ કીટીંજના ઉપરના ઠરાવના આધારે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેઓના રાજકીય ખાતાના તા. ૧૭-૧૦-૧૮૮૧ ના ઠરાવ નં. ૫૦૩૪ ના પારેગ્રાફ ૭ માં હુકમ કર્યો કે વાર્ષીક રૂા ૧૦,૦૦૦ ને બદલે ઠાકોરે ડુંગર ઉપર આવતા દરેક યાત્રાળુઓ પાસેથી રૂા ૨) અને પાલીતાણામાં રહેતા શ્રાવકો પાસેથી રૂા ૫) પાંચ લેવા.

૧૫. આથી એમ બતાવવામાં આવ્યું છે કે બહારના યાત્રાળુઓ દીઠ રૂા. ૨) અને સ્થાનિક શ્રાવકો પાસેથી વાર્ષીક રૂા. ૫) પાંચ પ્રમાણેનું લેવાણુ કરવા દેવાની જે દરખાસ્ત છે તે સ્વેચ્છા મુજબનો કે તપાસ્યા વગરનો દર નથી, પણુ કર્નલ કીટીંજના ઠરાવના આધારે મુંબઇ સરકારે મંજુર રાખેલ દર છે. તે દર ૧૮૮૬ ના ૩૧ મી માર્ચ સુધી ચાલુ હતા અને તે મુજબ નીયમીત કામ ચાલ્યું હતું.

૧૬. જે ફેરફાર મંજુર રાખવાની ના. સરકારને સ્ટેટ અરજ કરે છે તે ફક્ત ૧૮૮૬ પહેલા જે સ્થીતિ હતી તે સજીવન કરવાની જ છે અને ફેરફાર કરવાના કારણો નીચે મુજબ છેઃ—

( અ ) કર્નલ કીટીંજ કહે છે કે-( જુઓ પરિશિષ્ટ 'સી' ના પારેગ્રાફ ૯ અને ઉપરના પારેગ્રાફ ૪ ) "કર વસુલ કરવાનો હક્ક એક વખત આપ્યાથી દેવળો ઉપર આવતા યાત્રાળુઓની સંખ્યાના પ્રમાણમાં ઉપજ હોવી જોઇએ." વળી પારેગ્રાફ ૨૫ માં તે જણાવે છે કેઃ-"દરેક યાત્રાળુ રૂા ૨) યાત્રાવેરા કે કર તરીકે આપે છે તેમ ધારી રકમ નક્કી કરવાની છે." અત્યારે તે હકીકત નથી અને ઘણા વર્ષો હતી પણ નહીં. ઉપરાંત ૧૮૮૧ માં ( જુઓ સરકારના તા. ૧૭-૧૦-૮૧ ના ઠરાવ નં ૫૦૩૪નો પારિગ્રાફ ૬ ) સરકારે જણાવ્યું હતું કે કરની ઉપજ રેલ્વે બંધાવાથી વધવી જોઇએ. ( વઢવાણ અને ભાવનગર વચ્ચેની રેલવેના સંબંધમાં કહેલ છે, કે-જ્યારે યાત્રાળુઓ સોનગઢ ઉતરી પાલીતાણે પગ રસ્તે આવતા ) મુખ્ય લાઈન અને પાલીતાણાની શાખા ઘણા વર્ષોથી એટલે અનુક્રમે ૧૮૮૦ અને ૧૯૧૦ થી ચાલુ છે; છતાં કર તો તેજ રહ્યો છે. જરૂર હોય તો છેલ્લા ૧૫ વર્ષોની મુસાફરોની સંખ્યાના આંકડા રજુ થઇ શકશે. છેલ્લા ટાંકેલ સરકારના હુકમના દ૪ા પારેગ્રાફમાં સરકારે લખ્યું છે કે-કર્નલ કીટીંજના



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૮૬૩ના ઠરાવ અનુસાર ઠાકોરને દરેક યાત્રી દીઠ રૂા ૨) એનો યાત્રા-વેરો લેવાનો હક્ક છે. તે ઠરાવમાં સરકારે ગણત્રી કરવાના પદ્ધતિ નક્કી કરી છે. જેનું પરિણામ એમ સુચવે છે કે જો સંખ્યા ૫૦,૦૦૦, ૬૦,૦૦૦ અથવા ૧,૦૦,૦૦૦ હોય તો પાલીતાણા રાજ્યને અનુ-ક્રમે રૂા. ૧,૦૦,૦૦૦,–૧,૨૦,૦૦૦ અથવા ૨,૦૦,૦૦૦ મળી શકે. આની અંદર પાલીતાણામાં રહેતા સ્થાનિક શ્રાવકો પાસેથી વાર્ષિક લેવાતા રૂા ૫) નો સમાવેશ થતો નથી. આવી રકમને બદલે સ્ટેટને ફક્ત વાર્ષીક રૂા ૧૫૦૦૦) મળે છે તે ઘણી ઓછી છે. આવી રીતે રાજ્યને ચાલુ વિના કારણની ઘણી મોટી નુકશાની થઈ છે.

( ब ) સરકારના દફતર ઉપરથી જણાશે કે ( જુઓ ૧૮૮૧ નો સરકારનો ઠરાવ નં ૫૦૩૪નો પારેગ્રાફ ૬) ગણત્રી કરી વ્યાજબી વાર્ષીક રકમ નક્કી કરવાના બધા પ્રયત્નો આણંદજી કલ્યાણજીની પેઢીની યુક્તિઓથી નિષ્ફળ નિવડયા હતા, અને તેથીજ બહારના દરેક યાત્રાળુઓ પાસેથી રૂા ૨) મુજબ અને પાલીતાણામાં વસતા શ્રાવકો પાસેથી વાર્ષીક રૂા ૫) લેવાની રાજ્યને મંજુરી આપવાની સર-કારને ફરજ પડી હતી, અને તે ૧ લી એપ્રીલ ૧૮૮૬ કે જ્યારે હાલની ગોઠવણ કરવામાં આવી હતી ત્યાં સુધી તે પ્રમાણેનો વહીવટ હતો.

૧૭. હું આશા રાખું છું કે કરના નક્કી કરેલ રકમ, રૂા. ૧૫૦૦૦) માં ફેરફાર કરવાના પુરતા કારણો છે તેવું સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે અને અત્યારે તો રાજ્યને વ્યાજબી રસ્તો તો તેમનો યોગ્ય હક્ક–એટલે કે જે રસ્તો ૧૮૮૧માં મુંબઇ સરકારે માન્ય રાખ્યો હતો તે–મળવો જોઇએ.

૧૮. પરિશિષ્ટ बમાં જણાવેલ કરાર માન્ય રાખતાં અહીં આપના ધ્યાન માટે તેના સંજોગો જણાવવાની જરૂર છે, કે જે ધ્યાનમાં લેવાથી પરિશિષ્ટ ' સી ' ની ૩ જી કલમમાં જણાવેલ કીંમત ન્યાય પુરઃસર નક્કી થઇ શકે:–

( अ ) જ્યારે કરાર કરવામાં આવ્યો ત્યારે એટલે સને ૧૮૮૬ માં મારા પિતાશ્રી મર્હુમ ઠાકોર સાહેબ, બીન અનુભવી અને નાની ઉમ્મરના હતા અને તાજેતરમાં તેમને ગાદી મળી હતી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ब ) તેમને વિશ્વાસુ સલાહકારક ન હતા.

( क ) તેમના ભાઇની દુશ્મનાવટથી તેમને હેરાન કરવામાં આવતા હતા.

( ड ) તે વખતના પ્રાંત ઓફીસર કેપ્ટન ફોરડીસ ( C. Fordyce ) તરફથી તેમને એમ કહેવામાં આવ્યું હતું કે નામદાર સરકારની એવી ઇચ્છા હતી કે ગાદીએ બેઠા પહેલાં તેમણે લેખીત એવી કબુલત આપવી કે તેમના ભાઇ સામંતસિંહજી અને બ્હેન કેસાબાઈની મીલ્કતમાં વચમાં આવશે નહીં. જુઓ પરિશિષ્ટ " " કેપ્ટન ફોરડીસના તા. ૯—૧૨—૧૮૮૫ ના કાગળની નકલ.

૧૯. મારા પિતાશ્રીના ગાદી નશીનના સવાલોની ચર્ચાના અરસામાં તેમને તા. ૬ ઠી ડીસેંબર ૧૮૮૫ ની તારીખનો મી. મેલવીલ ( Mr. Melvill ) તરફથી એક કાગળ મળ્યો, જેમાં તેના ગાદી નશીનની સામાન્ય હકીકત જણાવતાં લખ્યું છે કે "તમારી ગાદીની શરૂઆતમાં એટલું તો ઇચ્છિવાજોગ છે કે શત્રુંજયગીરીના સંબંધમાં તમારે એવી ગોઠવણુ કરવી જોઇએ કે જેથી તમારા મર્હુમ પિતાશ્રી અને શ્રાવકો વચ્ચે જે કાયમી કજીયો અને કડવી લાગણી ચાલુ છે તેનો સદંતર અંત આવે. .... .... .... ....

" જુઓ પરિશિષ્ટ " એફ " ના કાગળની નકલ. શત્રુંજયના સવાલની હકીકત તો ફક્ત હીત—સલાહ તરીકેની હોવી જોઇએ, પરંતુ અહીં ઘણી ખરાબ તબીયત વચ્ચે અને સખ્ત સંધીવાથી પીડાતા બીમાર યુવાન—કે જેણે ૧૪ માસના દેશવટાની મુશ્કેલીઓ ભોગવી હોય, બીનઅનુભવી અને વિશ્વાસુ સલાહકાર વિનાના હોય અને જે સંપૂર્ણ વૈર ધરાવતા પોતાના ભાઇ સામંતસિંહજી પ્રત્યે લાગણી ધરાવતા માણસોથી ઘેરાયેલા હોય, તેના મન ઉપર શું અસર થાય તેજ મુદ્દો જોવાનો છે. અહીં લંબાણથી કહેવાની જરૂર નથી કે—કલ્પી શકાય તેવી તેના મગજની સ્થીતિથી મુંબઈ સરકારના એક મેંબર તરફથી મળેલ પત્રે મારા પિતાશ્રીને એવા ભયભીત કરી દીધા હોવા જોઇએ કે તેમને એમ લાગ્યું કે જો સરકારની ઇચ્છા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણે નહીં કરવામાં આવે તો તેમાંથી કંઇ ભયંકર પરીણામ નિપજશે. આપ એક રાજકીય ખાતાના અધિકારી તરીકે સારી રીતે કલ્પી શકો કે તેમની આસપાસ રહેતા રાજ્યદ્રોહી મનુષ્યોએ મી. મેલવીલના શબ્દો એ સરકારની મરજી છે, તેવું તેમના મન ઉપર ઠસાવેલું હોવું જોઇએ. મારા પિતાશ્રીની ચાલુ રહેલ નાદુરસ્ત–તબીયતથી સ્થીતિનું સ્વરૂપ ઘણું વધી ગયું. જુઓ તા. ૯–૨–૧૮૮૭ ના નં. ૧૨૮૯ થી ખતમ થતો રાજકીય ખાતાનો પત્ર વ્યવહાર, અને તેમાં ખાસ કરીને મારા પિતાશ્રીનો તા. ૧૦–૨–૧૮૮૬ નો ખાનગી કાગળ, અને તા. ૧૭–૩–૧૮૮૬ ના સરકારનાં ઠ. નં. ૧૬૦૧ સુધી ચાલેલ પત્ર વ્યવહાર.

૨૦. ચાલીશ વર્ષની મુદત અને ગોઠવણમાં કાંઇપણ ફેરફાર કરવાના ઠરાવમાં સરકારના ઉપર હાથની કલમ અસાધારણ છે. દેખીતી રીતે આગળના પારેગ્રાફમાં જણાવેલ મગજના સ્થીતિનું પરીણામ છે. આ મુદ્દાનું બહુ વિવેચન કરવાની જરૂર નથી. એટલું કહેવું બસ છે કે કોઇપણ રાજા તેમની રાજ્યધાનીની જાત્રાએ આવતા યાત્રાળુઓનું પ્રતિનીધિત્વ ધરાવતી કમીટીની સાથેના સમાધાનમાં ત્રીજા પક્ષને–એટલે સરકારને આવી ઘરગથુ બાબતમાં છેવટનો નિશ્ચય કરનાર પક્ષ તરીકે સ્વીકાર કરવાની કલમ દાખલ કરવાને કબુલ નહીં થાય. આગળના દાખલા જોતાં કદીપણ ૪૦ વર્ષની મુદત હદ બહારનો વધારે છે. કર્નલ કીટીંજના રીપોર્ટ ( પરિશિષ્ટ "સી" અને "ડી" ) કે જેની ઉપર અત્યારસુધી સરકારે પોતાની પદ્ધતિ રાખી છે તેની ઉપરથી જણાશે કે સને ૧૮૨૧ માં કેપ્ટન બાર્નવેલે કરારની મુદત ૧૦ વર્ષનો નક્કી કરી હતી અને ૧૮૬૩ માં કર્નલ કીટીંજે તે પ્રમાણે કર્યું, અને તે બન્ને વખતે ફેરફારનો અવકાશ રાખ્યો હતો. કર્નલ કીટીંજે પહેલા બે વર્ષના કામકાજ પછી ફેરફાર થઈ શકે તેવી કલમ રાખેલ હતી. આવી હકીકત જોતાં ૪૦ વર્ષ જેવી લાંબી મુદત કબુલ રાખવાનું મારા પિતાશ્રીને શું કારણ હતું તે સમજી શકાતું નથી. ફક્ત જીંદગી પર્યંત સંબંધના નિયમ ઉપરથી આ જીંદ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગીની ૪૯ વર્ષની મુદત અનુમાની તે દૃષ્ટીથી કરેલ હોવું જોઈએ. તેની મુંઝવણને પરીણામે આ ઘણું અવિચારી કાર્ય ગણાય.

૨૧. મારા પિતાશ્રીએ સ્વતઃ અથવા તો ખરી ગર્ભીત અગર મનાતી પાડવામાં આવેલ ફરજથી આ સ્થીતિનો સ્વીકાર કર્યો હોય, તો પણ તેમાં લખેલ પારેગ્રાફ ૩ જા સહીતનો કરાર મુંબઈ સરકારમાં રજુ કરતાં સરકારની તેમણે સ્વીકારેલ દરમીયાનગીરી, કોઈપણ રીતે મારા રાજ્યહક્ક તરીકેના યાત્રાવેરા જેવી મારા પ્રદેશના અંદર ખાનગી બાબતની વ્યવસ્થા કરવાનો મારો સ્થાપીત હક્ક છીનવી શકે નહીં.

૨૨. મારા પિતાશ્રીએ કરાર પાછો ખેંચી લેવાને પ્રયત્ન નહીં કર્યો તેનું કારણ અમુક અંશે રાજા તરીકે પોતાના બોલેલ શબ્દોનું માન, તેના ભાઈ સાથેના કજીયાનો કડવો અનુભવ અને અમુક અંશે શ્રાવકો તરફથી કાયમ ચાલુ રખાતી તકરારો હોવું જોઈએ. આપ જાણો છો કે મારા પિતાશ્રી શાંતિને ચાહનાર રાજા હતા, તેમના વચનોનું બહુમાન અને રાજા તરીકેના પોતાના મોભાનો તેમને બહુ ચાહ હતો. એટલું તો નિર્વિવાદ છે કે, પાલીતાણામાં–વધુ કહું તો કાઠીયાવાડમાં મારા પિતાશ્રી તેમના પછીના કેટલાક એડમીનીસ્ટ્રેટરો અને અમલની રૂએ પાલીતાણા સાથે સંબંધ ધરાવતા:મોટા અધિકારીઓને લાગ્યું છે કે ૧૮૮૬ ના કરારની બાબતમાં પાલીતાણા રાજને ઘણું છેતરવામાં આવ્યું છે.

૨૩. અહીં જણાવવાની જરૂર નથી કે આ કરાર સ્ટેટના હીતને ઘણોજ નુકશાનકર્તા અને વિચિત્ર સંયોગોમાં કરાયેલ હોવાના કારણથી જેના ઉપર કોઇપણ વખત સવાલ ઉઠાવી શકાત. તે કરાર મારા પિતાશ્રીના મૃત્યુ પછી હવે અસરકર્તા નથી. વળી તેની મુદત પુરી થઇ છે, અને વિશેષમાં જ્યારે ૧૮૨૧ નો ઇજારો કાયમ માટે બંધનકર્તા છે તેવી શ્રાવકોની દલીલના જવાબમાં કર્નલ કીટીંજે જે રદીયા આપ્યા હતા તેનો અર્થ અહીં આ સ્વાલમાં પણ સંપૂર્ણ રીતે લાગુ પડે છે. (પરિશિષ્ટ 'સી' ના પારેગ્રાફ ૫ થી ૯)



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે પણ ( એટલે ૧૮૬૩ માં ) શ્રાવકો કહેતા હતા કે ૧૮૨૧ નું લખત રાજ્યને કાયમને માટે બંધનકર્તા છે.

૨૪. કર કોણે ઉઘરાવવો તે સવાલ કર્નલ કીટીંજ પરિશિષ્ટ ' સી ' ના નીચે જણાવેલ પારેગ્રાફ ૧૪ અને ૧૫ માં ચર્ચ્યો છે.

" ૧૪—પક્ષકારોનો એક બીજા સાથેનો વિચિત્ર સંબંધ ધ્યાનમાં રાખી અને એક તરફ પાલીતાણાના રાજાની રાજ્યદ્વારી સ્થીતિ અને બીજી બાજુ એક મોટી વગવાળી કોમની ધાર્મિક લાગણી લક્ષમાં લઇ હું નીચેનો ઠરાવ કરૂં છું:—

" ૧૫—યાત્રાવેરો ઉઘરાવવાનું શ્રાવકો પાસે રહેશે, પણ પાલીતાણાના ઠાકોર સાહેબને આપવાની રકમ દર દસ વર્ષે ફેરવી શકાશે. "

૨૫ કર્નલ કીટીંજના ૧૫ પારેગ્રાફના સંબંધમાં ખુલાસો કરવાનો કે કર્નલ કીટીંજ જેને યાત્રાવેરો ઉઘરાવવાનું કહે છે, તેનો થતા અમલ પ્રમાણે અર્થ–કરની જે રૂ. ૧૫૦૦૦) ની રકમ નક્કી થઇ હતી તે એકઠી કરવાને ઉઘરાણું કરવાનો થાય છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કેટલેક નામે ઉઘરાણું થાય છે તે પૈકીનો આ યાત્રાવેરો એક છે. તેઓ સાથેની તે પેઢી તરફથી અપાયેલ પહોંચ ( પરિશિષ્ટ " આઇ " ) માં જણાવવામાં આવ્યું છે. તે ઉપરથી જોવાશે કે યાત્રાવેરાને તેઓ " રખોપું " કહે છે, અને ઉઘરાણાને તેઓ " રખોપાની ટીપ " તરીકે વર્ણવે છે. તેઓ સરકાર તરફથી માન્ય રહેલ અને મંજુર થયેલ રાજા તરીકે લેવાતો " યાત્રાવેરો " શબ્દ ભવિષ્યનો પુરાવો ઉભો કરવાની ઇચ્છાથી ઈરાદાપૂર્વક વાપરતા નથી. તે ( રખોપાની ટીપ ) ખાતાના જે જે નામે ઉઘરાણું કરવામાં આવે છે તે પૈકીનું એક ખાતું છે. તેનો કાંઈ મુકરર દર લેવાતો નથી, પણ જુદા જુદા ભરનારા જેટલું આપવા લલચાવી શકાય તેટલું લેવાય છે. જો કે પેઢીના નોકરો તરફથી જૂદે જૂદે ખાતે જેટલું મેળવી શકાય તેટલું લેવા પ્રયત્નો થાય છે. પેઢી મુકરર કરેલી રકમ એકઠી કરી શકે છે, બલ્કે વધારો રહે છે. અલબત્ જ્યારે મોટલે રકમ નકકી કરવામાં આવી હોય ત્યારે તે કોણ આપે છે તે રાજ્યને જોવાનું નથી. આથી જણાશે કે કર્નલ કીટીંજે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉઘરાણું કરવાની જે પદ્ધતિ નકકી કરી છે તે આપવાની ઉચક રકમને લાગુ થાય છે; નહીં કે રૂા. ૨) એ પ્રમાણે યાત્રી દીઠના લેવાણને. બદલાયેલ સંયોગોથી કર્નલ કીટીંજના ઠરાવના પારેગ્રાફ ૧૪ અને ૧૫ અહીં વધારાના અને નહીં લાગુ પડતા છે.

૨૬. કર્નલ કીટીંજે દર્શાવેલ ભય પ્રમાણે ગણત્રી કરવાના ઉદ્દેશને નિષ્ફળ કરવાને જૈનો તરફથી લેવાયેલ ગેરવ્યાજબી ઈલાજોની જ્યારે મુંબઇ સરકારને ખાત્રી થઇ ત્યારે તેમણે પણ તેજ અર્થ કર્યો જણાય છે. ભવિષ્યના યાત્રાવેરાની રકમ નકકી કરવાના આધારભૂત આંકડા એકઠા કરવાને માટે પોલીટીકલ એજન્ટના હુકમ મુજબ પાલીતાણા રાજ્યના ખર્ચે જુદું ખાતું ચલવવા હુકમ થયો. તા. ૧૭–૧૦–૧૮૮૧ નો સરકારના ઠરાવ નં, ૫૦૩૪ નો પારેગ્રાફ ૭.

ગણત્રી કરવાનું કારણ ભવિષ્યના ઉપયોગ માટેના આંકડા પુરા પાડવાનું હતું. કારણ કે કર્નલ કીટીંજના ઠરાવના ( પરિશિષ્ટ “ સી ” ) પારેગ્રાફ ૧૩ માં જણાવ્યા મુજબ દેવળો ઉપર આવતા યાત્રાળુઓની અટકળે સંખ્યા જાણી શકાય તેમ નહતી. આ કારણ હવે રહેતું નથી. મુસાફરોની સંખ્યા ભાવનગર સ્ટેટ રેલ્વે પાસેથી સહેલાઇથી મળી શકે તેમ છે. જરૂર પડયે આ આંકડા ઉપરથી યાત્રાળુઓની આશરે સંખ્યા સહેલાઇથી કાઢી શકાય તેમ છે. વિશેષમાં સ્ટેટ યાત્રાવેરાની ટીકીટો કાઢશે. એક બીજાથી અલગ બન્ને રસ્તેથી મળેલ આંકડા જ્યારે રાજ્યની કે શ્રાવકોની આશામી દીઠ કરને બદલે ઉચક રકમ કરવા ઇચ્છે ત્યારે તે રકમ નકકી કરવાને આધારભૂત સાધન રહેશે. તેથી જુદી એજન્સી માર્ફત ગણત્રી કરાવવી તે કારણ વગરની, બીન જરૂરી અને રાજયની ખાનગી બાબતમાં અયોગ્ય દખલગીરીવાળી છે.

૨૭. સામાન્યત: અહીં ઉમેરવું જોઇએ કે, યાત્રાળુઓ તરીકે પાલીતાણે આવતા શ્રાવકોના પ્રશ્નને અંગે મુંબઇ સરકારની રાજનીતિ સેંકડો વર્ષ પહેલાં આર્થીક મુંઝવણને લીધે રાજ્ય વગવાળા શ્રાવક નાણાવટીનાં પંજામાં પડેલ અને તેને છોડવવા સરકારની



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દરમ્યાનગીરી જરૂરની હતી. તે હકીકત ઉપરથી ઉપસ્થિત થયેલ સંયોગોથી લગભગ દોરવાઇને અત્યારની નીતિ ગ્રહણ કરેલ જણાય છે. આવા ઐતિહાસિક કારણો હવે નથી.

પોતાના આંતર વહીવટમાં સંપૂર્ણ અધિકાર ભોગવતાં હીંદી રાજ્યો માંહેનું પાલીતાણા રાજ્ય એક છે, તેના રાજાને નવ તોપનું માન છે અને તેના સંપૂર્ણ અધિકાર અને સ્વતંત્રતાની સરકારે જામીનગીરી આપી છે. તેઓ રાજાઓની સભા (ચેમ્બર ઓફ પ્રીન્સ) ના મેમ્બર છે; અને સામાન્ય રીતે એટલે કે પરિશિષ્ટ બી. (એગ્રીમેન્ટ) ની ૩ જી કલમ ન હોત તો રાજ્યે પોતાની વસુલાતના વહીવટના ભાગ તરીકે તે રકમમાં ફેરફાર કરવા પગલાં લીધા હોત.

આવા પ્રકારની બાબતોમાં પોતે પોતાનો વહીવટ કરતાં ઘણાં રાજ્યો છે, અને આશા છે કે એટલું તો કબુલ થશે કે રાજ્યની તેમના વહીવટની આ બાબતની વ્યવસ્થા કરવાની માગણી કાંઇ વધારે પડતી નથી.

કર્નલ કીટીંજના ઠરાવના ૮ મા પારેગ્રાફમાં ( ઉપરના પારેગ્રાફ ૪ ) જણાવ્યા પ્રમાણે પાલીતાણા સ્ટેટ નામદાર બ્રીટીશ સરકાર તરફ જે માન ધરાવે છે તેની ખાતર જ કર ઉઘરાવવામાં શ્રાવકોને વચમાં આવવા દેવામાં આવ્યા હતા.

૨૮. ઉપરના પારેગ્રાફ ૨૫ તથા ૨૬ માં જણાવવામાં આવ્યું છે કે, રેલ્વેને લીધે બહારની એજન્સી તરફનો હીસાબ નીરૂપયોગી છે, અને જ્યારે માથા દીઠ કર લેવાનો છે એટલે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે જે કાયમી ઉઘરાણાની ટીપ રાખે છે તેનું કામ બંધ થાય છે.

૨૯. કર્નલ કીટીંજે ૧૮૬૩ માં અને પોલીટીકલ એજન્ટે ૧૮૮૧ માં જણાવેલ વિચારોના બળથી હું કહું છું કે જ્યારે મુંબઇ સરકારે યાત્રાવેરો વસુલ કરવાને ખાતું સ્થાપવા હુકમ કર્યો ત્યારે, જો કે જુદા જુદા ઠરાવો મુજબ યાત્રાળુઓ પાસેથી ઉઘરાવી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી અપાતી ઉચક રકમને બદલે સ્ટેટના માથા દીઠ કર લેવાની શરૂઆતથી કાંઇપણ પ્રસંગ બન



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાની ભીતીનાં કારણ હતાં, તેમ આપણે કબુલ કરીએ. પણ હવે તેવાં કાંઇ કારણ નથી. ઉપરાંત સ્ટેટ નીયમો મુજબ કર વસુલ કરવા માગે છે. ( પરિશિષ્ટ 'જી' ) જે ઘણે ખરે અંશે કર ઉઘરાવવાની સંસ્થાની કલમ સિવાય. ૧૮૮૦ ના એપ્રીલની તા. ૧૫મી ના નિયમોને મળતા છે; કે જે નાયમો ૧૮૮૬ ના માર્ચની તા. ૩૧ મી સુધી અમલમાં હતા. ૧૮૮૦ ના નિયમો મુંબઇ સરકાર તરફથી મળેલ સત્તાના આધારે તે વખતના કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ તરફથી મંજુર થયા હતા. વળી માગેલ મંજુરી મળેથી તરતજ આ નીયમો જાહેર કરવામાં આવશે અને તેના સંબધમાં કાંઇ વાંધો કે સુચના કરવાની હોય તે કરવાને વ્યાજબી વખત આપવામાં આવશે, જે તે મુદત બાદ ધ્યાનમાં લેવામાં આવશે.

૩૦. મને ખાત્રી છે કે કર્નલ કીટીંજનો ઠરાવ અને ઉપરના પારેગ્રાફ ૪ ના હાંસીયામાં ટાંકેલ ૧૮૮૧ ના સરકારના ઠરાવમાં જણાવેલ વિચારો એટલા સ્પષ્ટ હોવાથી અને મુંબઇ સરકારે માન્ય રાખેલ સિદ્ધાંતો ઉપર મારી અરજ ઘડાયેલ હોવાથી, નામદાર સરકાર આ પ્રસંગે સવાલની વ્યવસ્થા કરવાનું મારા ઉપર છોડશે. અને ભવિષ્યમાં જન્મહક્ક તરીકે ક્ષત્રીયોને વંશ પરંપરાની સંપૂર્ણ રાજ્યસત્તા હોવાથી એટલું કબુલ રહેશે કે, એક તરફ મારા હક્કો અને બીજી તરફ મારી ફરજનું ત્રાજવું સરખું રાખવાના મારા સિદ્ધાંતો ખાતર મને મારી પોતાની આબરૂની કુદરતી રીતે ફીકર રહેશે. મારે ફરીથી જણાવવું જોઇએ કે કર્નલ કીટીંજ જેવા અધિકારીઓની ચેતવણી છતાં ભૂતકાળની મુંબઇ સરકારની દરમ્યાનગીરીથી તેઓને અને પાલીતાણા સ્ટેટ વચ્ચે નકામી અને છોડી શકાય તેવી મુશ્કેલીઓ ઉભી થઇ છે, અને સ્ટેટ સત્તા ઉપર ત્રાપ મારવા, તે કમી કરવા અને તેમની વગસગનો નાશ કરવાની આશામાં શ્રાવકોના પ્રતિનીધિઓને ઉત્તેજન મળ્યું છે. આ મુદ્દો હું વધારે નહીં ચર્ચું. હું જે કહું છું તેની સત્યતાનો પુરાવો સરકારના દફતર ઉપરથી પુરતો મળી શકશે. હું ફક્ત ઉપરના પારેગ્રાફ ૧૦ તરફ ધ્યાન ખેંચીશ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેમાં બતાવવામાં આવ્યું છે કે પાલીતાણામાં તેઓની લોક-લાગણી ઉશ્કેરવાની નીતિને ફત્તેહ મળવાથી જ્યાં જ્યાં દાવો કરવાનું બાનું મળ્યું ત્યાં આખા હિંદુસ્તાનમાં તે લાગુ પાડી અમલમાં લાવવા મંડ્યા.

૩૧. સારાંશમાં જણાવવાનું કે:—

૧. પાલીતાણા રાજ્યને તેમની રાજ્યસત્તાના આધારે યાત્રા-વેરો વસુલ કરવાનો હક્ક છે.

૨. બહારના યાત્રાળુ દીઠ કરનો સરેરાશ દર રૂા. ૨) છે.

૩. સ્ટેટને દરેક યાત્રીઓ પાસેથી કર લેવાનો હક્ક હોવાથી તે કરનું લેવાણ કે વસુલાત યાત્રાળુઓની સંખ્યાના પ્રમાણમાં કરશે.

૪. કર્નલ કીટીંજ અને મુંબઇ સરકારે ઠરાવ્યું કે રેલ્વે બંધાવાથી લેવાતી કરની રકમ યાત્રીઓ વધવાથી વધવી જોઈએ.

૫. નામદાર સરકારને ખાત્રી થઈ હતી કે ગણત્રી કરવાના વખતમાં સામાન્ય રીતે ડુંગર ઉપર આવતા યાત્રાળુઓને અટકાવવાને શ્રાવકો તરફથી અનુચિત ઉપાયો લેવાયેલ હતા અને તેઓએ ડુંગર ઉપર આવતા દરેક યાત્રાળુઓ દીઠ રૂા. ૨) અને પાલીતાણામાં રહેતા દરેક શ્રાવક પાસેથી વાર્ષીક રૂા. ૫) પાંચનું લેવાણ મંજુર કર્યું હતું.

૬. પાલીતાણે આવતા યાત્રીઓની અટકળે સંખ્યા મળી શકે તેમ નહીં હોવાથી પાલીતાણા રાજ્યને ખર્ચે પ્રાંત ઓફીસર તરફથી ખાતું નીમવા હુકમ થયો, કે જે કર ઉઘરાવે અને ડુંગર ઉપર આવતી સંખ્યાની નોંધ રાખે. ખરી રીતે ગણત્રીનું કારણ તો ભવિષ્યમાં કરની વ્યાજબી ઉચક રકમ નક્કી કરવાનો આધાર રાખી શકાય તેવા સાધન તરીકે ઉપયોગ કરવા માટે હતું. તે વખતે રેલ્વે હતી નહીં.

૭. ૧૮૮૬ ની રકમ માન્ય રાખેલ સિદ્ધાંતો પ્રમાણે નહોતી. પરંતુ તે વખતે સવાલ થઇ શકે તેવા સંયોગો હતા. ખરી રીતે તે એવી ગોઠવણ હતી કે તેની મુદત દરમ્યાન તેમાં કોઈપણ વખત વાંધો ઉઠાવી શકાય.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮. વધારામાં તે કરાર ૧૯૨૬ ના માર્ચની ૩૧ મી તારીખે ખતમ થાય છે અને યાત્રાવેરાના લેવાણુની બાબતમાં રાજ્યના હક્કને અમલમાં મુકવાની નવી ગોઠવણ કરવાની છે.

૯. રાજ્ય તા. ૧–૪–૧૯૨૬ થી પોતેજ બહારના યાત્રાળુઓ દીઠ રૂા. ૨) અને પાલીતાણામાં રહેતા શ્રાવક પાસેથી નીયમો મુજબ અમુક અપવાદો સીવાય દર વર્ષે દર આસામી દીઠ રૂા. ૫) પાંચ લેવાની દરખાસ્ત કરે છે. ( પરિશિષ્ટ ‘ જી ’ ) જે તા. ૧૫–૪–૧૮૮૦ ના નીયમોને ( પરિશિષ્ટ ‘ એચ ’ ) ઘણા ખરા મળતા આવે છે. અને તે નીયમો ૧૮૮૬ ના માર્ચની તા. ૩૧ સુધી અમલમાં રહેલ.

૩૨. જો કે આપ જેવા અનુભવી, લાગણીવાળા, ન્યાયી અને રાજ્ય તેમજ રાજાઓની ઈજ્જત માટે લાગણી ધરાવતા અધિકારીને લખતાં એવું કહેવાની જરૂર નથી, પણ ઉપરના કાગળનો સાર જણાવતાં કાંઇ પણ નહીં છોડવાના સબબથી મારે ઉમેરવું જોઇએ કે, જ્યારે હું મારા સ્ટેટની ઉપજની વસુલાતનો બંદોબસ્ત કરવાની દરખાસ્ત કરૂં છું, ત્યારે જે બીજા સ્ટેટો અત્યારે કરે છે અને આ વગ ધરાવતી શ્રાવક કોમે સરકારને વચમાં પડવાને સમજાવી તે પહેલાં મારા વડીલો કરતા હતા, તે મુજબ કરવાનો ઇરાદો રાખું છું. ભુતકાળની દરમીયાનગીરીના સંયોગો તપાસવા બીનજરૂરી છે; પણ પદ્ધત્તિસરના અને ન્યાયી રસ્તા તરફના મારા ચાહને લીધે હું ખાત્રીપૂર્વક જણાવું છું કે તે વખતના જણાવેલ સંયોગો મારી અને મારા રાજ્યની બાબતમાં ઉપસ્થિત થવા સંભવ નથી. અને મને પૂરતો વિશ્વાસ છે કે આ બાબતમાં આપના તરફથી મને સંપૂર્ણ ટેકો મળશે.

આપ જોઇ શકયા હશો કે ઉપરની દરખાસ્તમાં તેજ દર ( એટલે રૂા. ૨) અને ૫) રાખવા માગું છું. જો કે ૧૮૬૩ અને ૧૮૮૧ કે જ્યારે આ દરો દાખલ કરવામાં આવ્યા હતા તે વખત કરતાં રૂપીયાની કીંમત ઘણીજ ઓછી થઇ ગઇ છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩૩. છેવટમાં માનપૂર્વક મારે આગ્રહથી કહેવાનું કે, લાગતા વળગતા મનુષ્યોની ઉશ્કેરણી ગમે તેટલી મજબુત હોય તોપણ સ્થાપિત હક્કો ઉપર જઇ શકે નહીં. અને હીંદુસ્થાનના સુધારાના રીપોર્ટના દેશી રાજ્ય સંબંધના પ્રકરણ ૧૦ ના પારેગ્રાફ ૨૯૭ માં જણાવેલ બાબત કે—" તે ( સાર્વભૌમ સત્તા ) જ્યારે તેઓના રાજ્યોની અંદરની શાંતિ બહુજ ભયમાં હોય ત્યારેજ વચમાં પડે છે. " તે ધ્યાનમાં લઇ, મને ખાત્રી છે કે, નામદાર વાઇસરોય મારી–મારા રાજ્યની યાત્રાવેરા જેવી આંતર્બાબતની મને વ્યવસ્થા કરવા દેવાની ઉપર જણાવેલ માગણી કૃપા કરી વેલાસર મંજુર કરશે.

હું છું

તમારો સાચો સ્નેહી

( સહી ) બહાદુરસિંહજી

પાલીતાણાના ઠાકોર સાહેબ.

## ૧૮૮૬ નો બ્રીટીશ ન્યાય—

ઠાકોર સાહેબની અરજી સાથે નીચે મુજબ પુરવણીપત્રો મુકવામાં આવ્યા છે.

**પુરવણી. એ**—સને ૧૮૮૬ નો છેલ્લો કરાર કર્નલ જે. ડબલ્યુ વોટસન રૂબરૂ નક્કી થવા પછી તેમણે નં. ૧૧૭ સને ૧૮૮૬ નો રીપોર્ટ પાલીતાણા મુકામેથી તા. ૧૯ મી માર્ચ ૧૮૮૬ ના રોજ મી. જે. બી. રીચી. સી. એસ. આઇ રાજકીયખાતાના સરકારી ચીફ સેક્રેટરી ઉપર કર્યો હતો. તે મંજુર કરતાં નામદાર મુંબઇ ગવર્મેન્ટના સેક્રેટરી સાહેબે આપેલી મંજુરી પૈકી પહેલી ચાર કલમ આ પુરવણી (એ)માં નીચે મુજબની બતાવી છે.

નં. ૨૦૧૬ **પોલીટીકલડીપાર્ટમેન્ટ.**

**કીલ્લે મુંબઇ**

તા. ૮ મી એપ્રીલ ૧૮૮૬

ઠરાવ—પાલીતાણાના ઠાકોર સાહેબ અને શ્રાવકોની કોમ વચ્ચે થયેલ કોલ કરાર મંજુર રાખતાં ના. ગવર્નરને સંતોષ થાય છે, અને તે પ્રમાણે અસલ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરારનામામાં સહી કરવા પોલીટીકલ એજન્ટને સત્તા આપવામાં આવે છે. આવી રીતે બહાલ રહેલ કરારનામાની નકલ સરકારને દફતરે રહેવા મોકલવી.

૨. બીજી બાબતો કે જેમાં ઠાકોર સાહેબે શ્રાવકો સાથે સમાધાની કરી છે તે સરકારના હુકમનો વિષય નહીં હોવાથી ગવર્નરની મંજુરીની જરૂર નથી, પરંતુ પોલીટીકલ એજન્ટના પારેગ્રાફ ૮ અને ૯ માં જણાવેલ સરતોને વળગી રહેવાની ઠાકોર સાહેબની પોલીટીકલ એજન્ટે કબુલાત લેવી.

૩. મસલતમાં ઠાકોર સાહેબે સંપૂર્ણ ઉદારતા અને વ્યાજબીપણું બતાવ્યું છે અને ફકત તેમને લઇનેજ કરાર ફત્તેહમંદ રીતે પૂરો થયો હતો તે જાણી ગવર્નરને બહુ સંતોષ થાય છે. શ્રાવકોની સાથે મૈત્રી બાંધવાની ઠાકોર સાહેબે વહેલી તક લીધી તે ઘણુંજ પ્રશંસનીય છે અને તે નિભાવી રાખવામાં તેમનું હીત છે.

૪. નામદાર ગવર્નર અંતઃકરણથી ઇચ્છે છે કે શ્રાવકના નેતાઓ કે જેમણે ઠાકોર સાહેબની પ્રીતિ સંપાદન કરી લેવાની વખાણવા લાયક ઇચ્છા રાખી છે, તેઓ તેને નિભાવી રાખવા પોતાથી બનતું કરશે.

ગવર્મેન્ટના સેક્રેટરી.

આ પુરવણીમાં પાંચમી કલમ ના. પોલીટીકલ એજંટે આ મસલતમાં મુશ્કેલીઓ વટાવવા પાછળ બજાવેલી કીમતી સેવાની પ્રશંસા કરી છે તે પુરવણીમાં આપેલ નથી; તેમજ ઠરાવનો આગલો ભાગ પણ લીધો નથી તે નીચે પ્રમાણે છે.

કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટના તા. ૧૯ માર્ચ ૧૮૮૬ ના નં. ૧૧૭ ના પત્રમાં જણાવ્યું છે કે–એક બાજુથી પાલીતાણાના ઠાકોર સાહેબ અને બીજી બાજુથી જૈન કોમ વચ્ચે પાલીતાણા પ્રદેશમાંના શત્રુંજય ગિરિ ઉપર આવતા જૈનો પાસેથી યાત્રાવેરો લેવાના ઠાકોરના હક્ક સંબંધમાં શાંતીભર્યા કોલકરાર થયા છે, બન્ને પક્ષોએ પોતાના મુકર્દમા પાછા ખેંચી લીધા છે અને પગલાં કેસ તથા શાંતિદાસના વંશજોની યાત્રાવેરામાંથી મુક્તીની માગણીનું સમાધાન થયું છે. વળી જણાવવામાં આવ્યું છે કે પોતાની બીજી પ્રજા પ્રમાણે જ જૈનો પાસેથી જકાત લેવાનું ઠાકોર સાહેબે વચન આપ્યું છે અને મર્હુમ ઠાકોરના વખતના જુલ્મી દર ખેંચી લેવામાં આવ્યા છે અને પાલીતાણા શહેરની નજદીકમાં મકાન માટે વ્યાજબી ભાવે જૈનોને જમીન આપવાનું ઠાકોરે કબુલ કર્યું છે. તેમાં ઉમેરવામાં આવ્યું છે કે મસલત દરમીયાન ઠાકોર સાહેબે સંપૂર્ણ ઉદારતા અને વ્યાજબીપણું બતાવ્યું છે અને ફક્ત તેમને લઇનેજ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરાર ફતેહમંદ રીતે પુરો થયો હતો, અને શ્રાવકોના પ્રતિનીધિઓએ પણ બન્ને ભાગે સામાને મેળવી લ્યે તેવું ક્ષમાનું વલણ રાખ્યું હતું. તેમાં આશા રાખવામાં આવી છે કે સરકાર પક્ષો વચ્ચે થયેલ આ ગોઠવણ બહાલ રાખશે. અસલ કરારનામું મંજુરી માટે રજુ કરવામાં આવ્યું છે અને તે દફતરે રહેવા પાછું મોકલવા વિનંતી કરવામાં આવી છે.

આ હુકમમાં નં. ૮-૯ ના પારેગ્રાફ માટે ના. ઠાકોર સાહેબની કબુલાત લખાવી લેવાને જણાવ્યું છે. તે ના. પોલીટીકલ એજંટનો રીપોર્ટ નીચે મુજબ હતો.

**નં. ૧૧૭ સને ૧૮૮૬.**

**કર્નલ જે. ડબલ્યુ. વૉટસન**
પોલીટીકલ એજન્ટ.
કાઠીયાવાડ.
} તરફથી.

**મી. જે. બી. રીચી.**
સી. એસ. આઇ.
રાજકીય ખાતાના સરકારી ચીફ સેક્રેટરી
} તરફ.

પાલીતાણા તા. ૧૯ માર્ચ ૧૮૮૬

**સાહેબ,**

માનપૂર્વક જણાવવાનું કે એક તરફથી પાલીતાણાના ઠાકોર સાહેબ અને સામે જૈન કોમ વચ્ચે પાલીતાણાના પ્રદેશમાં આવેલ પવિત્ર શત્રુંજયગિરિના દર્શને આવતા જૈન યાત્રાળુઓ પાસેથી લેવાતા યાત્રાવેરાના ઠાકોરના હક્ક બાબત શાંતિથી કોલકરાર થયા છે.

૨. અત્યાર સુધી આ સ્થીતિના ખંડીયા રાજાને જે સરકારને લેવાનો હક્ક છે તે બ્રાટીશ પ્રજા પાસેથી પણ લેવા દેવામાં સાર્વભૌમ સત્તાએ ઉદારતા બતાવી છે; પરંતુ છેલ્લાં છેલ્લાં જૈનો અને પાલીતાણાના મર્હુમ રાજા વચ્ચે એવી મોટી તકરાર ઉભી થઇ કે-જો **આ કોલકરાર ન થયા હોત તો સરકારને વધારે સીધી રીતે વચમાં આવવાની જરૂર પડત.**

૩. આ કોલકરાર કર્નલ કીટીંજે ૧૮૬૩ માં કરેલ ગોઠવણનું થોડા ફેરફારવાળી સ્થીતિમાં પુનરાવર્તન છે. જેના સિદ્ધાંતો નીચે મુજબ છે.

" પાલીતાણા દરબારને જૈનો તરફથી આપવાની વાર્ષીક ઉધડ રકમ રૂા. ૧૦,૦૦૦ ને બદલે રૂા. ૧૫૦૦૦ ની ઠરાવવામાં આવી છે. આ ગોઠવણ અમ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લમાં રહેવાની મુદત તા. ૧૫ એપ્રીલ ૧૮૮૬ થી ૪૦ વર્ષની રાખવામાં આવી છે. જ્યારે કર્નલ કીટીંજના તા. ૫ મી ડીસેમ્બર ૧૮૬૩ના લખાણમાં ૧૦ વર્ષની હતી."

૪. કદાચ આ મુકરર કરેલ રકમમાં કાંઇપણ વધારો કરવાને ના. સરકાર નાખુશ હોય તેથી આ નક્કી થયેલ રકમમાં કાંઇપણ ફેરફાર કરવાની **કુલ સત્તા ફક્ત બ્રીટીશ સરકારનીજ** રાખવામાં આવી છે.

૫. જૈન કોમના નીચેના ૧૦ નેતાઓ પ્રતિનીધિ તરીકે હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | આજમ શેઠ પ્રેમાભાઇ હેમાભાઇ | ૬. | આજમ રાઇ બદ્રીદાસ બહાદુર |
| ૨. | ,, શેઠ જેસીંગભાઇ હઠીસંગ | ૭. | ,, શેઠ બાલાભાઇ મંછારામ |
| ૩. | ,, શેઠ ઉમાભાઇ હઠીસંગ | ૮. | ,, શેઠ તલકચંદ માણેકચંદ |
| ૪. | ,, શેઠ મનસુખભાઇ ભગુભાઇ | ૯. | ,, શેઠ દલપતભાઇ ભગુભાઇ |
| ૫. | ,, શેઠ પરસોતમદાસ પુંજાશા | ૧૦. | ,, શેઠ ચુનીલાલ કેશરીસંગ |

આ તમામે અસલ દસ્તાવેજમાં સહી કરી છે.

૬. પાલીતાણા દરબાર અને શ્રાવકો વચ્ચે આવી સુલેહ થયાથી બન્ને પક્ષોએ પોતપોતાના મુકર્દમા પાછા ખેંચી લીધા છે અને પગલાં કેસ અને શાંતિ દાસના વંશજોની યાત્રાવેરામાંથી મુકતીની માગણી વિ. નું સમાધાન થઇ ગયું છે.

૭. નવી ગોઠવણ ૧૮ એપ્રીલથી શરૂ થતી હોવાથી ઠાકોર સાહેબે ૧૦ મી માર્ચથી ૧૮ મી એપ્રીલ સુધીનો કર માફ કર્યો અને ડુંગર ઉપર આવવાના કરની મુકતીનો સંખ્યાબંધ શ્રાવકોએ લાભ લીધો હતો. ઠાકોર સાહેબનું આ કૃત્ય તદ્દન સ્વાભાવિક હતું.

૮. ઠાકોર સાહેબે તેમની બીજી રૈયત પ્રમાણેજ જૈનો પાસેથી પણ જકાત લેવાનું વચન આપ્યું છે અને મર્હુમ ઠાકોર સાહેબના વખતના જુલમી દરો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

૯. ઉપરાંત ઠાકોર સાહેબે પાલીતાણા શહેરની નજદીકમાં **મકાન માટે વ્યાજબી ભાવે જમીન આપવાનું** કબુલ કર્યું છે.

૧૦. મસલત દરમીયાન ઠાકોર સાહેબે સંપૂર્ણ ઉદારતા અને વ્યાજબીપણું બતાવ્યું છે અને ફકત તેમને લઇનેજ આ કરાર ફતેહમંદ રીતે પુરો થયો હતો. શ્રાવકોના પ્રતિનીધિઓએ પણ ઘણે ભાગે સામાનું મન મેળવી લે તેવું અને ક્ષમાનું વર્ત્તન રાખ્યું હતું. મને ભરોંસો છે કે પક્ષકારો વચ્ચે થયેલ ગોઠવણ જે મંજુરી માટે અસલ આ સાથે રજુ કરવામાં આવી છે તે નામદાર સરકાર માન્ય રાખશે.

૧૧. વિનંતી કે અસલ કરાર અત્રે દફતરે રહેવા મોકલવા મહેરબાની થશે.

(સહી.) **જોન–ડબલ્યુ–વોટસન.**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પુરવણી. બી**—માં ૧૮૮૬ ના કરારની નકલ છે (આ કરાર 'જૈનો તરફથી જવાબ' ના પૃષ્ટ (૨૪–૨૫) માં આપેલ છે.)

**પુરવણી. સી**—મેજર કીટીંજનો રીપોર્ટ તથા શ્રાવક કોમ તરફથી શેઠ ડાહ્યાભાઇ અનોપચંદ તથા શા. ઠાકરશી પૂજાભાઇ અને પાલીતાણાના ઠાકોર સાહેબ વચ્ચે થયેલ રૂા ૧૦૦૦૦ નો કરાર (આ રીપોર્ટ તેના પૃથક્કરણ સાથે "શત્રુંજય પ્રકાશ. ઉત્તરાર્ધ." માં આપેલ છે. જ્યારે તેના પેરેગ્રાફ ૩ થી ૧૦ અંદરના કેપ્ટન બાર્નવેલના શબ્દો કાઢી નાખીને ઠાકોર સાહેબની અરજીમાં પૃષ્ટ [૨–૩–૪] ઉપર છે. એથી અહીં આપેલ નથી)

**પુરવણી. ડી**—પાલીતાણા સ્ટેટે ઉપરોકત પોલીટીકલ એજંટ કર્નલ કીટીંજને તે પ્રસંગે અરજી કરેલા. તેના ઉપર મી. કીટીંજે નં. ૧૧૪૬ તા. ૧૫–૪–૧૮૬૩ નો રીપોર્ટ કરીને ના. સરકારને મોકલ્યો હતો તેની નકલ આપી છે. તે આ પ્રમાણે—

સરકાર નં. ૧૫૨/૧૮૭૩ નં. ૬૭

# પાલીતાણાની અરજ ઉપરનો રીપોર્ટ.

**તા. ૧૫–૪–૧૮૬૩ ના નં. ૧૧૪૩ થી રીપોર્ટ માટે મોકલાયેલ.**

૧૮૪૬ના જાન્યુઆરીની ૩૦મી તારીખે મી. મેલટે પાલીતાણાના રાજાએ પોતાની આખી જાગીરનું શ્રાવક વાણીયા શેઠ વખતચંદ ખુશાલચંદને કરી આપેલ ગીરોખત ૧૮૪૩ માં ખતમ થયાનો રીપોર્ટ કર્યો. બીજા સોદાઓની માફક આ ખતથી ઘણા ગુંચવાડા ઉભા થયા પણ મને સકારણ લાગે છે કે હજુ તેમાંના થોડા છે.

ઉપર જણાવેલ રીપોર્ટમાંથી નીચેના બે પારેગ્રાફો લેવામાં આવ્યા છે:—

" એન અને વી કેસો ઉપર ફેસલો આપવામાં ધ્યાનમાં રાખવાનું છે કે સં. ૧૮૬૫ (સને ૧૮૦૯) થી અત્યાર સુધી જો કે ઇજારો પુરો થયો છે તોપણ પાલીતાણામાં મહુંમ કાંધાજી અને હાલના રાજા નોંઘણજી પોતાનું કામ કાજ ચલાવવાને અશકત હોવાથી શેઠ હેમચંદ વખતચંદ સર્વ સત્તાધારી હતા. યુવરાજ પ્રતાપસિંગ જુદી વ્યકિત છે અને હાલમાં ચાલતી અફીણની બદીમાંથી તે મુકત રહી શકે તો, મને આશા છે કે તે જાગીરનો વહીવટ સંતોષકારક રીતે ચલાવી શકશે. "



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"આથી ના. સરકાર સમક્ષ ઇજારામાંથી ઉભી થયેલ ઠાકોર અને ઇજારદારની તકરારો મુકવા મેં પ્રયત્ન કર્યો છે, પણ ઠાકોર અને શ્રાવકો વચ્ચેના તકરારના બીજા ઘણા મુદ્દા છે, જેમાંના કેટલાક ઇજારાના વખતમાં ઉભા થયા જણાય છે, કારણ કે એટલું તો કબુલ કરવું જોઇએ કે ઇજારદારની વગથી તેઓ તરફ કેટલી મહેરબાની કરવામાં આવી છે, જે બીજા સંયોગોમાં નજરાણા અગર વાર્ષિક લેવાણુ કર્યું હોત.

મેજર એન્ડરસને આ વિષય ઉપરના પોતાના નં. ૧૨/૬ તા. ૧૫-૧-૧૮૬૩ ના રીપોર્ટમાં પોતાના અભિપ્રાયના સારા કારણો બતાવ્યા છે કે શ્રાવક કોમે રજુ કરેલ દસ્તાવેજ ખરો છે અને પહેલા પાલીતાણા કુટુંબથી પણ તેમ ગણાતો. આ કેસના તેના અભિપ્રાય સાથે હું મળતો થાઉં છું, પણ અત્યારે કહેલ લખાણના શબ્દોને વજન આપવા હું સરકારને ભલામણ કરતો નથી.

આ વિષયના સંબંધનું સેક્રેટરીએટમાં ઘણો પત્રવ્યવહાર છે જેની નકલો આ ઓફીસને પુરી પાડવામાં આવી છે. તે ૧૮૨૦ અને ૧૮૨૧ની સાલનું છે.

તે ઉપરથી અને ઉપર જણાવેલ મી. મેલટના રીપોર્ટ ઉપરથી મને લાગે છે કે પાલીતાણાનો મુલક ત્યાંના રાજ્યકર્તાની અવ્યવસ્થાને લીધે ઘણો જ દુઃખી સ્થીતિમાં હતો ૧૮૪૩ માં પુરો થતો ઇજારો ફક્ત વાર્ષિક રૂ. ૪૨૦૦૧ થી હતો. પાલીતાણાની ઉપજ અત્યારે રૂ બે લાખથી વધારે ગણાય છે અને દરસાલ વધતી જાય છે. તા. ૮-૬-૧૮૨૧ ના મુંબઇ સરકારના સેક્રેટરીના પત્ર ઉપરથી જણાશે કે આ બાબતમાં પાલીતાણાનો રાજા સ્વતંત્ર ન હતો અને હું ધારૂં છું કે આ દાવા સંબંધના ભવિષ્યના ફેસલામાં આ બાબત યાદ રાખવી જોઇએ.

**જે. બી. સીમસન**
**સરકારના સેક્રેટરી.** } તરફથી

**મેજર ટી. ડી. બેલનટાઈન**
**વિ. વિ.** } તરફ

તા, ૮ જાન્યુઆરી ૧૮૨૧

પાલીતાણા અને ત્યાંના દેવળોની હાલની સ્થીતિ સંબંધનું આપનું આ મહિનાની તા. ૫ મીનું લખાણ મળ્યું છે.

બન્ને પક્ષોના વ્યાજબી હક્ક ઉપર ધ્યાન આપી પાલીતાણાના ચાલતી તકરારનું સમાધાન કરવામાં લેફ. કર્નલ સ્ટેનહોમના તાબાના લશ્કરની હાજ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતો ઉપયોગ કરવાનો આપને ના. ગવર્નર અધિકાર આપે છે. આપના ઠરાવ પ્રમાણે વર્તવાનું સમજાવવાને આપની નજદીકનું બળ કમતી હોય તો બન્ને પક્ષોએ વર્તવાની શું સરતો છે તે હકીકત તે અધિકારીને લખી જણાવશો જેથી તે તેમ કરવાની ફરજ પાડશે. શ્રાવકોને સંતોષ થાય તેવી રીતે ડુંગર સંબંધી ગોઠવણુ કરવાની આ અનુકુળ તક છે. તેઓની પૂજામાં આવતાં વિધ્નો દૂર કરવા અને જો ગાયકવાડ સરકાર તેમની ખંડણીમાંથી તે કમી કરવા ન આપે તો દેવળ તરફથી મળતી વાર્ષીક રકમ તમારી માર્ફત ભરે તેવી જામીનગીરી લેશો.

કેંપ માળીયા
તા. ૮–૧–૧૮૨૧.

(સહી) હું છું વિ.
જે. બી. સીમસન
સેક્રેટરી ગવર્નમેન્ટ.

કેપ્ટન બાર્નવેલના રીપોર્ટની તારીખ અગીયાર માસ પછીની છે. જે પાલીતાણાના રાજાની અરજીમાં સાચો ટાંકેલ છે, અને તે વર્ષની ગોઠવણુની બાબતનો છે, અને તેવો જ તે મુંબઇ સરકારના નં. ૧૭૭૨ તા. ૨૪–૧૨–૧૮૨૧ થી મંજુર થએલ છે. આ રાજ્ય સંબંધીના પત્રવ્યવહારથી આપણુને લાગશે કે પાલીતાણામાં શ્રાવક વાણીયાના વર્ગ તરફથી આપણી દરમીયાનગીરી અને જામીનગીરી કાયમ પણ તદ્દન બીનઉપયોગી હતી.

હાલનો રાજા જુવાન અને સારા વલણવાળો છે. જાગીર આબાદ અને કરજયુક્ત છે. કાઠીયાવાડની અંદરના શ્રાવકોની સત્તા પ્રગતી અને દેશમાં યુરોપીયનોના આવાગમનની વિરૂદ્ધ છે. હું તેથી નામદાર સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરૂં છું કે આ બાબત યુવાન ઠાકોર ઉપર છોડી દેવી.

તેમના પોતાના પ્રદેશની અંદર સંપૂર્ણ દીવાની અધિકાર અને તેમની પ્રજાને દેહાંત દંડની સજા કરવાની સત્તા છે, જેથી યાત્રીઓ પાસેથી ફીના લેવાણની રકમ જેવી જીણી બાબતમાં જામીનગીરી આપવાનો આપણો ડોળ મને સલાહ ભરેલો જણાતો નથી.

સરકારની સેંકડોબંધ પ્રજા દરસાલ પાલીતાણા જાય છે. અલબત્ બીજી રૈયતની માફક જુલ્મ અને હેરાનગતિમાંથી તેઓનું રક્ષણ કરવાનો સરકારને હક્ક છે અને તે અમલમાં પણ મુકશે, અને જરૂર પડે ગમે તે વખતે રાજાને દબાણ કરી શકે. અત્યારે તો મારી માન્યતા પ્રમાણે સારો રસ્તો તો તેમાં દખલગીરી કર્યા સિવાય છોડી દેવું. છાપેલ અરજ રાખવામાં આવી છે.

કાઠીયાવાડ પોલી૦ એજન્સી.
રાજકોટ ૧૫ એપ્રીલ ૧૮૬૩

(સહી) આર. એચ. કીટીંજ
પોલીટીકલ એજન્ટ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પુરવણી. ઈ**—ના. ઠાકોર સાહેબ ઉપરની મી. આર્થર ફોર્ડીસના નીચે મુજબ ખાનગી ચીઠી આપી છે.

પાલીતાણા

તા. ૯, ડીસેંબર ૧૮૮૫

# પાલીતાણાના ઠાકોર સાહેબ તરફ.

**મારા વ્હાલા ઠાકોર સાહેબ,**

મને જણાવવાને આનંદ થાય છે કે તમારા ગાદીનશીનની ના. સરકાર મંજુરી આપશે, પણ તેઓની ઇચ્છા છે કે ગાદીનશીનની ક્રીયા પહેલાં તમારે લેખીત કબુલત આપવી કે તમે તમારા ભાઇ સામતસિંહ અને બ્હેન કેશાબાઇની મીલ્કતમાં વચમાં નહીં આવો. હાલમાં સીલ થયેલ નજરબાગની મીલ્કતની કેસરબાઇ તરફથી માગણી કરવામાં આવે તો હું તેનું તમારી રૂબરૂમાં લીસ્ટ કરીશ. મહેરબાનીથી આનો મને તરત જ જવાબ લખશો.

હું છું

તમારો સાચો સ્નેહી,

( સહી ) **આર્થર ફોર્ડીસ.**

**પુરવણી. એફ**—ના. ઠાકોર સાહેબ ઉપરનો એમ. મેલવીલનો નીચેનો ખાનગી પત્ર આપેલ છે.

મહાબળેશ્વર

તા. ૬ ઠી ડીસેંબર.

**મારા વ્હાલા ઠાકોર સાહેબ,**

આપે આપના સર્ટીફીકેટોની મોકલેલ નકલો માટે આભારી છું. તેઓ આપની ઠાકી જાત, કેળવણી અને સારા ગુણો માટે એટલું બધું કહે છે કે મને ખાત્રી છે કે આપનો રાજ્ય કારોબાર ઉજવળ નીવડશે અને પ્રજાને સુખ મળશે.

હું આશા રાખું છું કે થોડા વખતમાં કદાચ આપની ઓળખાણ કરવાનું બને.

થોડા દીવસ પહેલાં આપનો તાર મળ્યો જેનો જવાબ આપવામાં આવ્યો છે. આપના પિતાશ્રીના અચાનક મૃત્યુના ગભરાટમાં પૈસાની વેડફેડ થવાનો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંભવ અટકાવવા ખાતર તેજુરીને સીલ કરવાનું વ્યાજબી જણાયું, પણ આપ ગાદી ઉપર આવશો કે તરત જ સીલ ઉઘાડી દઇ બધું આપને સુપ્રત કરી દેવામાં આવશે.

હું આશા રાખું છું કે આપ મી. ગોપીનાથ સદાશીવને આપના દીવાન તરીકે રાખશો. તેનું જ્ઞાન અને બહોળો અનુભવ જરૂર આપને આપની નવી સ્થીતિમાં ઉપયોગી થશે.

એટલું તો ઇચ્છવા યોગ્ય છે કે શત્રુંજયગિરિના સંબંધમાં આપની રાજ્યની શરૂઆતમાં આપે એવી ગોઠવણ કરવી કે જેથી આપના મર્હુમ પિતા અને શ્રાવકો વચ્ચે કાયમ ચાલુ રહેલ તકરાર અને વેરભાવનો અંત આવે. જો મૈત્રીભાવથી બન્ને પક્ષો તરફ તકરારની બાબત ચર્ચાય તો સંતોષકારક ઠરાવ ઉપર આવવું મુશ્કેલ નથી; કારણ કે રાજ્ય તેમજ દેવળોના માલીકો બન્નેના હીતની બાબત છે કે યાત્રાળુઓને ડુંગર ઉપર આવવા આકર્ષવા જોઇએ અને તેઓને સગવડતા આપી સુખી કરવા જોઇએ.

કર્નલ વેસ્ટને બદલે કર્નલ વોટસનની નીમનોક થઇ છે અને મને ખાત્રી છે કે તેઓ આપને સારી સલાહ આપી બનતી મદદ કરશે.

હું છું

**આપનો સાચો સ્નેહી,**

( સહી ) **એમ મેલવીલ.**

---

**પુરવણી. જી–તથા એચ.** યાત્રાવેરો વસુલ કરવાના નિયમો–કે જેમાં ટીકીટ લેવા–બતાવવા અને યાત્રાએ જતાં–આવતાં યાત્રાળુઓને તાબેદારી ઉઠાવવાના કાયદાનો ખરડો છે. આ ખરડાની મજબુતી માટે સને ૧૮૮૦ માં યાત્રીકોની આવરેજ જાણવા કામચલાઉ વર્ગીકરણ કરવાને પોલીટીકલ એજંટ ઓનરેબલ મી. બાર્ટને ધારો ઘડયો હતો. તેને મુકાબલા માટે સાથે મુકયો છે.

ઉપરની અરજી ના. ઠાકોર સાહેબે તા. ૧૪ મી સપ્ટેમ્બર ૧૯૨૫ ના દિવસે એજંટ–ટુ–ધી ગવર્નર જનરલ મી. વોટસનને કરી. આજ સુધી એવું ધોરણ હતું કે બ્રીટીશસત્તા પાસે આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતાં તેઓ પક્ષકાર તરીકે શેઠ આણંદજી કલ્યાણજીને ખબર આપતા; પરંતુ આ વખતે ઠાકોર સાહેબની અરજીની નકલ માગતાં તે ઠાકોર સાહેબ પાસેથી મેળવવી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેવો એ. મી. વોટસને ઠાકોર સાહેબ માર્ફત જવાબ આપ્યો. પેઢી ચાલતી પદ્ધત્તિનો ફેરફાર નિષ્પ્રયોજન સ્વીકારી શકે નહિ તેથી ઘણી ઘણી રાહ જોઇને અંતે તા. ૨૭ જાન્યુઆરી ૧૯૨૬ ના રોજ અમદાવાદ ખાતે શેઠ આ×ક. ની પેઢી દ્વારા હિંદના મહા સંઘે એકત્ર મળી આ કાર્ય માટે સાત જણની કમિટિ ચુંટી. દેશાવરનો સંઘ રાજનીતિના આ ફેરફારથી કચવાઇ જતાં ના. એજંટ તથા ના. વાઇસરૉય તરફ ધાર્મિક સ્વતંત્રતાના રક્ષણ માટે સંદેશા મોકલ્યા. તે પછી તા. ૧૦–૩–૧૯૨૬ ના રોજ શેઠ આ×ક ની પેઢીને સ્ટેટની અરજીની નકલ આપવામાં આવી અને તે પણ પંદર દિવસમાં જવાબ આપવાની સરતે અપવાદ નોંધીને આપી.

સ્ટેટની અરજી જોતાં તેમાં રખોપાની રકમ ઉપરાંત સત્તાના વહીવટની નવી નવી માગણીઓ કરેલી હોવાથી જવાબ તૈયાર કરવાને એક મહિનાની મુદત માગવી પડી.

જો કે આ મુદત આડકતરા દબાણ વચ્ચે આપવામાં આવી, છતાં જવાબ સાંભળવા કે કેસનું સ્વરૂપ નિહાળવા વિના ૧૮૮૬ ના કરારની મુદત તા, ૩૧ થી માર્ચની મધ્યરાત્રે પુરી થતાં તા, ૧ લી એપ્રીલ ૧૯૨૬ થી યાત્રાળુઓને પાસ આપવાને ઠાકોર સાહેબને સત્તા આપી દીધી.

જૈનો આ ઉતાવળા હુકમથી રાજ્યાશ્રિત થવા તૈયાર નહોતા તેથી તા. ૧ લી એપ્રીલ ૧૯૨૬ના પ્રાતઃકાળ અગાઉ દરેક યાત્રાળુ પાલીતાણાની સરહદમાંથી પસાર થઇ ગયા. અને શ્રી શત્રુંજય તીર્થની સ્વતંત્રતા અને પવિત્રતા આડે સત્તાના વાદળાં છવાઇ ગયાં હતાં તે વીખરાય ન જાય ત્યાંસુધી પવિત્ર તીર્થના પ્રેમને હૃદયમાં રાખી દુભાતા દીલે **યાત્રાત્યાગ** કર્યો.

ત્યારબાદ તા. ૨૩ મી એપ્રીલ ૧૯૨૬ના રોજ શ્રી જૈન સંઘ ( શેઠ આણંદજી કલ્યાણજી ) તરફથી નીચે મુજબ જવાબ આપવામાં આવ્યો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ઓનરેબલ મી. સી. સી. વૉટસન.

સી. આઇ. ઇ. આઇ. સી. એસ.

પશ્ચિમ હીંદુસ્તાની રાજ્યોના એજંટ ટુ ધી ગવર્નર જનરલ તરફ

**અમદાવાદ** તા. ૨૩ એપ્રીલ ૧૯૨૬

## બાબત—હિંદુસ્તાનની જૈન કોમ તરફથી પાલીતાણાને અપાતો અવેજ.

**માનવંતા સાહેબ !**

અમો નીચે સહી કરનાર શેઠ આણંદજી કલ્યાણજીના કાર્યવાહક પ્રતિનીધિઓ અમોને તા. ૧૦ મી માર્ચે અપાયેલ નકલ મુજબની પાલીતાણા દરબારે આપ નામદારને કરેલ અરજનો જવાબ આપની નીઘાહમાં નીચે મુજબ રજુ કરવા રજા લઇએ છીએ.

૨. નકલ મળ્યા અગાઉ અમોને એવો ખ્યાલ હતો કે દરબારે ફક્ત ૧૮૮૬ ના કરારમાં નક્કી થયેલ રકમમાં ફેરફાર કરવાની અરજ કરી છે, અને તેને લીધેજ અમારી તા. ૯ માર્ચની મુલાકાત વખતે તા. ૨૫ મી માર્ચે અમારો જવાબ રજુ કરવાનું કહેણુ માન્ય રાખવામાં આવ્યું હતું. તે વખતે જરા પણ અમારી ધારણામાં ન હતું કે ૧૮૮૬ નો કરાર તા. ૧ લી એપ્રીલ ૧૯૨૬ થી સદંતર રદ છે. તેવી અઘટીત કલ્પના કરવા પાલીતાણા દરબાર પગલાં ભરશે, અને કરારને આવી રીતે રદ ગણી જૈન કોમ અને દરબાર વચ્ચેના સંબંધનો અને શત્રુંજય ગિરિ ઉપર હિંદુસ્તાનની જૈન કોમના હક્કો અને સ્થીતિનો સવાલ ફરી નવેસરથી ઉપસ્થિત કરશે. નામદાર સરકારના પરાપૂર્વના અનુરોધી વલણની સામે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઇ રખોપાની રકમ અને તેના લેવાણની રીત નક્કી કરવાની પોતાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવાનો દાવો કરવાનું પાલીતાણા દરબાર સાહસ કરશે એવો અમોને વિચાર પણ આવ્યો ન હતો. ૧૮૮૬ નો કરાર છતાં રખોપાની રકમ આપવા સંબંધીની તમામ વ્યવસ્થામાં નામદાર બ્રીટીશ સરકારની મંજુરીની અપેક્ષા બતાવી જૈન કોમના હીતનું રક્ષણ કરવા નામદાર બ્રીટીશ સરકારે હવે વચમાં આવવું ન જોઇએ તેવો દરબાર દાવો કરશે તેવી અમોને બીલકુલ કલ્પના પણ ન હતી.

૩. અમારે કહેવું જોઇએ કે દરબારની અરજ વસ્તુસ્થીતિના તદ્દન ભુલ ભરેલા ખ્યાલ ઉપર દોરવી જાય છે, અને ૧૮૮૬ ના કરારની સરતો મુજબ અસ્વીકાર્ય છે, જે મુજબ કોઇ પણ પક્ષને તે કરારથી વાર્ષીક આપવાની નક્કી થયેલ રકમમાં ફક્ત ફેરફાર કરવાની મંજુરી માગવા ના૦ બ્રીટીશ સરકારને અરજ કરવાની છૂટ છે. બ્રીટીશ સરકારની દરમીયાનગીરીથી થયેલ અને ખાસ કરીને મુંબઇના ગવર્નર ઇન કૌંસીલથી બહાલ રહેલ ૧૮૮૬ ના કરારમાં બન્ને પક્ષોએ એટલે કે દરબાર અને જૈન કોમે કબુલ કર્યું હતું કે બીજાએ પહેલાને મુકરર કરેલ વાર્ષીક રકમ ભરવી. આવી રીતે માન્ય રહેલ રકમ ૪૦ વર્ષ માટે રૂા. ૧૫૦૦૦) રાખવી.

૪. સદરહુ કરારની કલમ પહેલીમાં પક્ષકારોએ છેવટે હવે પછી ભરણું નક્કી થયેલ વાર્ષીક રકમમાં ભરવું અને તે વાર્ષીક રકમમાં દરબારના તમામ લાગાનો સમાવેશ થયેલ હોવાથી જૈન કોમ પાસેથી બીજી કોઇ જાતનું લેવાણ ન કરવું તેવી ગોઠવણ કબુલ રાખી હતી.

૫. તે કરારની કલમ ૩ માં નીચે મુજબ જણાવેલ છે:—

"આ ૪૦ વર્ષની મુદ્દત પુરી થયે ગમે તે પક્ષને આ કરારના પહેલા પારેગ્રાફમાં જણાવેલ વાર્ષીક રકમમાં ફેરફાર કરવાની માગણી કરવાની છૂટ છે. આવો ફેરફાર બહાલ રાખવો કે નામંજુર કરવો તે બન્ને પક્ષકારોની દલીલો વિચારણામાં લઇ ના૦ બ્રીટીશ સરકાર નક્કી કરશે."

અમો ખાત્રીપૂર્વક નિવેદન કરીએ છીએ કે કરારમાં જણાવેલ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાર્ષીક નક્કી થએલ રૂા. ૧૫૦૦૦) ની રકમમાં ઘટાડો કે વધારો કરવાની ના૦ બ્રીટીશ સરકારને અરજ કરવાની કોઈ પણ પક્ષને છૂટ છે. બધી બાબતો સમાવેશ કરતી નીયત વાર્ષીક રકમ આપવા સંબંધીની સરત પુરતો તે કરાર બન્ને પક્ષોને કાયમને માટે બંધનકર્તા છે. અને ફેરફાર તો ફક્ત બ્રીટીશ સરકારની ઇચ્છાનુસાર નક્કી કરેલ વાર્ષીક રકમમાંજ તે સરત મુજબ થઈ શકે. આપવાની વાર્ષીક રકમ સિવાયની બીજી દરેક બાબત ફેરફાર ન થઈ શકે તેવી છે. રખોપાની રકમ વસુલાત કરવાની રીત કાયમને માટે એવી હતી કે દરબારે મુકરર કરેલ રકમ જૈન કોમ પાસેથી તેઓના નીમાયેલ પ્રતિનીધિઓ માર્ફત વસુલ કરવી, નહીં કે યાત્રાળુઓ પાસેથી. ૪૦ વર્ષ પુરા થયે જાણે બન્ને પક્ષો વચ્ચે કોઇ પણ જાતનો કરાર નથી તેમ ગણી ૧૮૮૬ ના કરારમાં લખાયેલ રખોપાના નાણાં સંબંધની તમામ જવાબદારીમાંથી મુક્ત થઇ તે રકમ અને તે વસુલ કરવાની રીત નક્કી કરવાની સ્વતંત્રતાનો દરબાર દાવો કરે તેવો જરા પણ આશય હતોજ નહીં, તેમજ ૧૮૮૬ ની કબુલતની સરતો પણ છૂટ આપતી નથી. દરબારને ફક્ત એટલીજ છૂટ છે કે તે ફેરફારના વ્યાજબી કારણો બતાવી કરારમાં જણાવેલ વાર્ષીક રકમમાં ફેરફાર કરવાનું તે ના૦ બ્રીટીશ સરકારને કહી શકે. મુખ્ય બે બાબતોમાં તો સદરહુ કરાર નિશ્ચિત છે, એક તો **અવેજ મુકરર વાર્ષીક રકમમાંજ હોવો જોઇએ** અને બીજું **તે રકમ ફક્ત બ્રીટીશ સરકારજ નક્કી કરે.** ઉપર મુજબ રખોપાની રકમના સવાલના નિર્ણયની રીત નક્કી થયા પછી સર્વાધિકાર અને દેશી રાજ્યના આંતર્વહિવટમાં અનંતરાગમના શુદ્ધ સિદ્ધાંતો જણાવવા નિરર્થક છે. તે બાબત કાયમને માટે નક્કી થઇ ગઈ છે. જેના સબળ કારણો પૈકીના ઘણા આ જવાબના પાછળના ભાગમાં જણાવવામાં આવ્યા છે. જ્યારે ના૦ બ્રીટીશ સરકારે વચમાં પડી ૧૮૮૬ ના કરાર પ્રમાણે વચન આપેલ છે ત્યારે અમે આશા રાખી શકીયે કે ના૦ સરકાર તેઓના અપાયેલ વચન વિરૂદ્ધમાં દરબારને કાંઈ પણ બોલવા કે કરવા નહીં દે. દરબારની આ અરજ તેમને અપાયેલ છૂટ પ્રમાણે નહીં કરતાં જે સવાલો ઉપસ્થિત



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવાનો પોતાનો હક્ક નથી તેવી તદ્દન અસંગત અને જુઠી બાબતો ઉપર દોરવી જાય છે.

૬. આમ્પણે નિશ્ચિત થયેલ સંબંધો અને સ્થીતિને અવ્યવસ્થીત કરવાના ઉદ્દેશથી દરબારની અરજ મોટા સવાલો ફરી ઉપસ્થીત કરે છે. અને મુકરર કરેલ રકમના સવાલને સામાન્ય રીતે અને ઘણા મોઘમ શબ્દોમાં ચર્ચે છે. અમારે હીંમતથી કહેવું જોઇએ કે ઉપર જણાવ્યા પ્રમાણેના ખરા દ્રષ્ટીબિંદુ તરફ આપ નામદારનું ધ્યાન ખેંચાયેલ હતે તો દરબારની આ અરજ ધ્યાન ઉપર લેવાની આપે પ્રથમથીજ ના પાડી હતે.

૭. રૂા. ૧૫૦૦૦) ની વાર્ષીક રકમ વધારવાને દરબારે ખરેખર કાંઈ દલીલ કરેલ નથી જેથી જૈન કોમને તે બાબત ઉપર સામે કાંઇ કહેવાપણું રહેતું નથી.

૮. ઉલટું આ અવેજની નિ:શંક ઉત્પત્તિ, પ્રકાર અને ઇતિહાસ તથા યાત્રાળુઓના રક્ષણના દરબાર ઉપરના નામનાજ બોજાના સંયોગો જોતાં ન્યાય પુર:સર જૈન કોમ આગ્રહથી કહી શકે કે જે રૂા. ૧૫૦૦૦) ની રકમ દરબારને મળે છે તે ઘણી વધારે પડતી છે.

૯. પરંતુ અમારે જણાવવાનું કે કોઈ પણ રીતે ગેર સમજુતી કરાવવા અમારી ઇચ્છા નથી. જોકે અમો નિશ્ચયપૂર્વક કહીએ છીએ કે દરબાર ઘણે ભાગે અપ્રાસંગિક મુદ્દાઓ અને વિવેચનનું ઉત્થાપન કરે છે અને આપ નામદારે તે વિચારણામાંથી કાઢી નાંખી હાલની રૂા. ૧૫૦૦૦) ની રકમને બદલે શું વાર્ષીક રકમ નક્કી કરવી તે તરફ ધ્યાન આપવું જોઇએ, છતાં દરબારે રજુ કરેલ તમામ મુદ્દા અને વિવેચન ઉપર અમારો જવાબ પુરતો છે અને આ આખો સવાલ સંપૂર્ણ ચર્ચી દરબારની તકરાર કેવી ખોટી છે તે બતાવવાને તૈયાર છીએ.

૧૦. તેથી મુકરર કરેલ વાર્ષીક રકમમાં ફેરફાર કરવાની માગણી કરવાને કોઈ પણ પક્ષને છૂટ છે, તેવા ઉપર રજુ કરેલ અમારા મુદ્દા તરફ કોઇ પણ જાતના દુરાગ્રહ વગર દરબારે ઉઠાવેલ તમામ સવાલો ચર્ચવાનું યોગ્ય ધારીએ છીએ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"રખોપાના અવેજને વસુલાતીના વહીવટની આંતર્બાબત
ગણવાની ખોટી ભ્રમણા."

૧૧. અમારે જણાવવાનું કે દરબારની અરજ પૂર્વના ઇતિહાસ અને સ્થાપિત સ્થીતિની અવગણના કરવાનો યત્ન કરે છે અને તદ્દન ખોટા મુદ્દા ઉભા કરે છે, તે દરબારમાં રાજ્યાધિકાર અને સર્વ સત્તાના આધારે રખોપાની રકમ નક્કી કરી તેની વ્યવસ્થા કરવી, તે તેના વસુલાતી વહીવટની આંતર્બાબત છે એમ ગણી સંપૂર્ણ સ્વતંત્રતા હોવાનો દાવો કરે છે. આ હકીકત આગળ ધરવામાં શત્રુંજયગિરિ ઉપરના જૈનકોમના હક્કને માન્ય રાખતા અને તે દરબારના અધિકારની હદ બાંધતા નામદાર બ્રીટીશ સરકારના સત્તાયુકત જાહેરનામા અને ચુકાદાઓને સદંતર ભુંસી નાખવા માગે છે અને નવેસરથી શરૂઆત કરવાની બ્રીટીશ સરકાર રજા આપે તેમ ઇચ્છે છે.

૧૨. રખોપાના અવેજના સવાલને વસુલાતી વહીવટની આંતર્બાબત ગણવાનો યત્ન કરતા પવિત્ર દસ્તાવેજોની સરતો પ્રમાણે નક્કી થયેલ અવેજની ઉત્પત્તિ, સ્થીતિ અને નામદાર બ્રીટીશ સરકારના હુકમોને દરબાર તદ્દન ભુલી જાય છે. આ અવેજનું વર્ણન કરતાં વખતો વખત ગમે તે અચોક્કસ શબ્દો વપરાયેલ હોય તો પણ તેની ઉત્પત્તિ અને સ્વરૂપ એટલા સર્વ પ્રસિદ્ધ છે કે—આધિપત્ય હક્કોનો અમલ કરવામાં તેને ઉપજ માટેના સામાન્ય કર જેવો ગણવો તે તદ્દન ખોટું છે. અત્યારે માગેલ સ્થીતિના આધારમાં કર્નલ કીટીંજે ૧૮૬૩માં કહેલ કેટલીક વાતો રજુ કરે છે. પણ **તે પ્રસંગે કર્નલ કીટીંજનો મત સરકારે માન્ય રાખ્યો ન હતો.** અને ૧૮૬૩ની પહેલા અને પછી પણ સરકારે પાલીતાણા દરબારને જે સ્વતંત્રતાની કર્નલ કીટીંજે ભલામણ કરવાનો તે દાવો કરે છે તેની નિરંતર ના કહેલ હતી તે વાત તેઓ ધ્યાનમાં લેતા જણાતા નથી. કર્નલ કીટીંજના સદરહુ લખાણ બાદ નામદાર બ્રીટીશ સરકારે તેની સત્તાયુક્ત પુર્ણ તપાસ કરી ડુંગરના સંબંધની દરબારની સત્તા મર્યાદિત કરતા અને દરબાર અને જૈનકોમ વચ્ચેના સંબંધને વ્યવસ્થિત કરવાના સિદ્ધાંતો નક્કી કરતા હુકમો બહાર પાડયા.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૩. દરબાર એમ ઇચ્છે છે કે જે પદ્ધતિ કેટલાક ખાસ કારણોને લીધે અજમાયસ દાખલ કરવામાં આવી હતી તે હવે કાયમ તરીકે દાખલ થવી જોઇએ, પણ તેઓ ભુલી જાય છે કે તે બંધબેસતી નહીં આવવાથી તરતજ અનાદર કરવામાં આવ્યો હતો, અને ૧૮૮૬ની ગોઠવણથી જેણે મુકરર વાર્ષીક રકમની રીત કાયમને માટે સ્થાપીત કરી. વિશેષમાં રખોપાની રકમ સંબંધી ગોઠવણ કરવાનો વહીવટ પોતાના હસ્તક લેવાને બ્રીટીશ સરકારના યોગ્ય કાર્ય સામે વાંધો ઉઠાવે છે. અમારે કહેવું જોઇએ કે આ બાબતમાં સરકારની સ્થાપિત નીતિમાં તદ્દન ફેરફાર કરવાનું કહેવું તે હવે ઘણુંજ મોડું છે.

૧૪. ૧૮૮૬નો કરાર બ્રીટીશ સરકારના અયોગ્ય દબાણથી તેમને પરાણે કબુલ રાખવો પડયો હતો તેમ જણાવે છે અને દલીલ કરે છે કે કોઇ પણ રીતે તે હાલના રાજાને બંધનકર્ત્તા નથી. રખોપાની રકમ સંબંધના કરારોમાં પાલીતાણાનો આ કાંઈ પહેલો વાંધો નથી. અને આ મુદ્દા ઉપરની દરબારની અરજ ફકત ૧૮૨૧ના દસ્તાવેજના સંબંધમાં જે યત્નો થયા હતા તેનું પુનરાવર્તન છે. ૧૮૨૧ના કરાર સંબંધના દરબારના આક્ષેપો જેટલાજ અત્યારના આક્ષેપો સાબીત ન થઈ શકે તેવા અને પાયા વગરના છે.

દરબારની રાજ્યકીય સ્થીતિ અને રાજદ્વારી હકુમતની
દલીલની તપાસ અને તેનું ખંડન.

૧૫. પ્રથમમાં રખોપાના અવેજની રકમ અને તે વસુલ કરવાની પદ્ધતિના સંબંધમાં માગેલી સ્વતંત્રતાને અંગે દરબારે તેની રાજ્યકીય સ્થીતિ અને રાજદ્વારી હકુમતને આગળ ધરી છે. તે દલીલનો વિચાર કરતાં શત્રુંજયગિરિની બાબતમાં દરબાર અને જૈનકોમની વિલક્ષણ સ્થીતિનો ઇતિહાસ બને તેટલો ટુંકમાં જોવાની જરૂર છે.

ડુંગરની બાબતમાં દરબાર અને જૈનો વચ્ચેનો વિલક્ષણ સંબંધ.

૧૬. જૈન કોમ પરાપૂર્વથી શત્રુંજયગિરિને તેઓના તમામ ધાર્મીક સ્થાનોમાં વિશેષ પવિત્ર ગણે છે. ઇતિહાસમાં નોંધ લેવાયેલ છે કે સને ૪૨૧ના અરસામાં ઘણા જુના અને સર્વોત્કૃષ્ટ કારીગરી-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાળા દેવાલયો હતાં. આ ડુંગર ઉપર જૈનોનો કબજો અને હકુમત માન્ય રાખનારી સનંદો મોગલ બાદશાહો તરફથી ઉત્તરોત્તર આપવામાં આવી હતી. કેપ્ટન બાર્નવેલે તેના સરકાર તરફના તા. ૨૦–૧૨–૧૮૨૦ના રીપોર્ટમાં કહ્યું છે કે:—

**"—૧૬૫૭ના કાગળ ઉપરથી જણાય છે કે પાલીતાણા પ્રગણું અને શત્રુંજય પર્વત કે જેની ઉપર દેવળ બાંધવામાં આવેલ છે તે જૈનોને ઇનામી બક્ષીસ તરીકે અર્પણ થયેલ છે તેવી દીલ્હી સરકારની સનંદ તેમાં કબુલ રાખવામાં આવી હતી."**

૧૭. ગોહેલો કે જે રજપુતોના વંશના પાલીતાણાના રાજાઓ છે. તેઓ કાઠીયાવાડમાં ૧૩માં સૈકામાં આવેલ છે. આ વંશે પહેલી માંડવી ગામમાં ગાદી સ્થાપી, પછી ગારીયાધાર અને પાછળથી પાલીતાણા મોડા આવ્યા.

૧૮. કાઠીયાવાડમાં દીલ્હી દરબારની ખરી સત્તા નહોતી અને તેઓનો ખાત્રીઓ અને જામીનગીરી કબુલ રખાવવાનો અધિકાર નહોતો તથા બક્ષિસ વખતે સલ્તનતમાં અરાજકતા હતી તેથી કર્નલ કીટીંજની ટીકા ઉપર પાલીતાણા દરબાર તેની અરજમાં આધાર રાખે છે. કર્નલ કીટીંજની આ ટીકા ઉપર આધાર રાખવો અને મુંબઇ સરકારના હુકમથી પૂર્ણ ન્યાયયુકત તપાસ પછી ૧૮૭૭માં મી. કેન્ડીએ કરેલ નિર્ણય ઉપર લક્ષ ન આપવું તે ભુલાવો ખવરાવે તેવું છે. મી. કેન્ડીએ આ સનંદો સંબંધના રજુ થયેલ પુરાવા તપાસ્યા પછી અને કર્નલ કીટીંજના અભીપ્રાયને ઘટતું વજન આપીને આ સનંદો ખરી હતી તેવા નિર્ણય ઉપર આવતાં તેમણે કહ્યું હતું કે:—

**"શ્રાવકોએ રજુ કરેલ સનન્દોનું જે આ બધું કહેવામાં આવ્યું તેમાં ઠાકોરે તેઓના ખરાપણા સામે કદી પણ કહેલ જણાતું નથી. તેના દેખાવ ઉપરથી તે ખરેખર સાચી જણાય છે, તે દેખાતા જુના કાગળ ઉપર લખેલી છે અને ઉપર અદ્‌ભુત રીતે ચીતરેલ સીલનો નંબર છે જે ભાગ્યેજ નકલ કરી શકાય. તેથી હું એમ ગણીશ કે દસ્તાવેજો સાચા છે."**

**૧૯. જે વખતે સનંદો આપવામાં આવી ત્યારે મોગલ દરબારને**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેનો અમલ કરાવવાની સત્તા ન હતી તેવી કર્નલ કીટીંજની સુચના વિષે મી. કેન્ડી નીચે મુજબ કહે છેઃ—

"મને લાગે છે કે તે વખતે ગોહેલવાડ સંયુક્ત સૌરાષ્ટ્ર મોગગલોના સીધા કાબુમાં હતો અને દિલ્હીના બાદશાહને અથવા અમદાવાદના તેના સુબાને ફરમાન બક્ષવાની અને તેવા ફરમાન કબુલ રખાવવાની સત્તા હતી."

મી. કેન્ડીએ દરેક સનંદના પુરાવા બહુજ વિગતથી ચર્ચી વિચારેલ છે, અને શત્રુંજય સંબંધીનું મી. બર્ગેસનું પુસ્તક કે જેમાં મોગલ બાદશાહોની સનંદો અને બક્ષીસોનો નોંધ થયેલ છે તેમાં જણાવેલ ડુંગરા ઉપરના શીલાલેખો બાબત કહેલ છે. પોલીટીકલ એજન્ટ મી. પીલે મી. કેન્ડી સાથે સંમત થઇ કહ્યું કેઃ—

"દિલ્હી બાદશાહોના ફરમાનથી પહેલાં આ પવિત્ર ડુંગર શ્રાવકોના કબજામાં હતો. જો તે જમીન ત્યારબાદ કાયમ સનંદદારના કબજામાં અવિચ્છિન્ન રહેલ હોય તો આ ફરમાનો તેના હક્કના ખરા પુરાવારૂપ દસ્તાવેજો ગણી શકાય."

મુંબઇ સરકારના ૧૮૭૭ના હુકમો ડુંગર સંબંધીમાં
દરબારની સત્તા રાજ્યના બીજાના સંબંધમાં
હોય તેવી નહીં.

૨૦. મી. કેન્ડીના રીપોર્ટ ઉપરથી હુકમો કરતાં ના. મુંબઇ સરકાર વસ્તુસ્થીતિને અંગે કહે છે કેઃ—

"ઠાકોરે પાલીતાણામાં પોતાની રાજધાની સ્થાપી તે અગાઉ સૈકાઓથી શ્રાવકો એટલે જૈનધર્મના અનુયાયીઓનાં દેવાલયો હતાં, તેમના જાત્રાઓના સ્થળોમાં શત્રુંજયગિરિ એક ઘણુંજ પવિત્ર સ્થળ હતું. અને તે જગો માટે તેઓનું અત્યંત માન હતું તેમ ઇતિહાસ બતાવે છે."

ત્યારબાદ તેઓએ જણાવ્યું કે–" ડુંગરના સંબંધમાં પાલીતાણા દરબારને પોતાની જાગીરના બીજા ભાગો માટે જેવી રીતે દખલગીરી કરે તેવી રીતે અહીં કરવાને અધિકાર ન હતો." તેઓ આગળ જણાવે છે કે—" અત્યારે જે હક્કો હાલના ઠાકોરે રજુ કર્યા છે તે તેના કોઇ પણ પૂર્વાધિકારીએ કરેલ નહોતા."



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૧. મુંબઈ સરકારે નીચેના હુકમ પસાર કર્યા.—

**૧. ગઢની અંદર ફક્ત પોલીસ માટેનીજ ઠાકોરની સત્તા ગણાશે. ગઢની અંદરની ટુંકમાં બંધાતા કોઇ પણ નવા દેવાલય માટે કાંઇ પણ રકમ તે માગી શકશે નહીં.**

**૨. હાલના મકાનોમાં જેઓનું હીત છે તેઓના હક્કોને કાંઇ પણ નુકશાન ન થાય તેમ શ્રાવક કોમની ધાર્મિક લાગણી વિરૂદ્ધ રીતે ડુંગરના કોઈ પણ ભાગનો ઉપયોગ કરવાની મના કરવામાં આવે છે.**

**૩. ગઢની બહાર કે અંદર હાલ જે મકાનો છે તે માટે કાંઇ પણ લેવાણનો દાવો કરવો નહીં.**

**૪. ગઢની બહાર શ્રાવકો દેવાલય બંધાવવા માગે તો જમીન માટે દર ચોરસવારે રૂા. ૧) એક મુજબ લઈ ઠાકોર તરફથી રજા આપવામાં આવશે.**

**૫. ડુંગર ઉપર રહેતા શ્રાવક કોમના સદ્‌ગૃહસ્થોને કાંઇપણ હેરાનગતિ કરવી નહીં અને ગઢ તથા ડુંગર ઉપર જવાના ગઢસુધીના રસ્તાની બાજુમાં ૫૦૦વાર સુધીમાં કાયમી પોલીસ બેસારવા નહીં.**

૨૨. અમે જણાવવાની રજા લઇએ છીએ કે આ હુકમોનો મુખ્ય આશય અને અર્થ એ છે કે પાલીતાણા દરબારને પોતાના મુલકના બીજા ભાગ ઉપર જેવા હક્કો છે તેવા નિરંકુશ સર્વ સત્તાના હક્કો શત્રુંજય પર્વત ઉપર નથી. આ હુકમો એમ જણાવે છે કે ડુંગર આસપાસ અમુક હદમાં દરબારને કાયમી સીપાઇ બેસારવાની છૂટ નથી, અને દરબારની સત્તા ફક્ત પોલીસના કામ પુરતીજ છે બીજી નથી, અને ડુંગર ઉપર જૈનોને જરૂર પડતી જમીન અમુક સરતોથી દરબારે આપવી એમ તે ફરજ પાડે છે, જેમાં જૈનોની ધાર્મીક લાગણી વિરૂદ્ધ કોઇ પણ ભાગનો ઉપયોગ કરવાની મના કરે છે. તેનાથી ( આ હુકમોથી ) દરબારની સત્તા અને ડુંગર ઉપરનો અધિકાર ઓછો કરવામાં આવેલ છે.

૨૩. તા. ૧૭ ઓકટોબર ૧૮૮૧ ના સરકારના ઠરાવ નં. ૫૦૫૪ માં નીચેનો ફકરો છે:—

**“ ઠાકોરને યાદ દેવાની જરૂર છે કે તા. ૧૬ માર્ચ ૧૮૭૭ ના**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઠરાવની પુરતી તપાસ પછી સરકારથી એમ નક્કી થયું છે કે ડુંગર ઉપરની તેની સત્તા મર્યાદિત હતી અને તેના રાજ્યના બીજા ભાગમાં કરે તેવી રીતે તે સંબંધમાં દખલગીરી કરવાનો તેમને અધિકાર ન હતો. "**

૨૪. ઉપરની હકીકત અને સંયોગોને લીધે અમારે જણાવવાનું કે દરબારની તેના પ્રદેશમાં સર્વ સત્તા અને રાજકીય સ્થીતિ અને તે સંબંધે કર્નલ કીટીંજની ટીકાનો અહીં આશ્રય લેવો એ અસ્થાને છે. ખરો મુદ્દો તો એ છે કે—દરબારની સત્તા અને અધિકારને અંગે બ્રીટીશ સરકારની સત્તાથી વખતોવખત નક્કી થયેલ છે કે 'ડુંગરની બાબતની દરબારની સત્તા મર્યાદિત છે અને તેની જાગીરના બીજા ભાગ ઉપર છે તેવી સત્તા અહીં નથી.' કર્નલ કીટીંજે જે સ્થીતિ બતાવી છે અને જેનો આ અરજમાં આધાર લેવામાં આવેલ છે તે કોઇ પણ વખતે માન્ય રખાયેલ કે તે મુજબ અમલ થયેલ નહોતો. એટલું સ્પષ્ટ છે કે કર્નલ કીટીંજે પોતે હકીકત જાહેર કર્યા પછી તરતજ ડુંગર ઉપર દરબારની સ્થીતિ સંચિકુત હોવાની બાબત ઉપર વજન આપ્યું હતું. ૧૮૬૩ ના ડીસેંબરમાં જૈનોના ડુંગર ઉપર હથીયારબંધ આરબો રાખવા સામે વાંધો ઉઠાવ્યો હતો, અને દરબારે ડુંગર ઉપર અને તળાટીએ રસ્તા ઉપર પોલીસ બેસારવાની રજા આપવાનો દાવો કર્યો હતો. આ સંબંધમાં જૈનોના વાંધા ઉપરથી કર્નલ કીટીંજે ઠરાવ્યું હતું કે જૈનોને તેઓના રક્ષક રાખવાને કાંઇ અડચણ નથી અને તળાટી ઉપર દરબારને સીપાઈ બેસારવાની ના કહી હતી. આ પ્રસંગે કર્નલ કીટીંજે લખ્યું છે કેઃ—

**" જો સાચી સલાહ માન્ય રાખવાને બદલે કોઈ પણ પક્ષ તકરાર ઉપર આવશે તો પરીણામ એવું આવશે કે તે કોમ ડુંગરમાં પોતાનું હીત છોડી દેવાને બદલે ઠાકોરને પાલીતાણા છોડી પોતાની જુની રાજ્યધાનીમાં જવું પડશે. "**

૨૫. અમે જણાવવા રજા લઇએ છીએ કે "સર્વાધિકારના હક્કો" અને " સર્વસત્તા " વિગેરે શબ્દોનો આવી જાતની બાબતના સંબંધમાં બહુજ અસ્પષ્ટપણે ઉપયોગ થાય છે અને જુદા જુદા સંબંધમાં જુદો જુદો અર્થ થાય છે. પાલીતાણા દરબારને તેના રાજ્યની આંત-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાબતની વ્યવસ્થામાં સર્વ સત્તા હશે, પણ જો એમ દાવો કરવામાં આવે કે જે બાબતો માટે સરકાર તરફથી ખાસ સંભાળ અને લક્ષ રાખવામાં આવતું હોય અને જેમાં દરબારની સત્તા સંકુચિત જાહેર થયેલ હોય તેવી બાબતોમાં પણ પોતે સ્વતંત્ર છે તો તેવો દાવો પાયા વગરનો ગણાય.

૨૬. કર્નલ વોકરે પોતાના રીપોર્ટમાં જણાવ્યું છે કે:—

**"૧૮૦૫ ની તપાસ ઉપરથી જણાયું છે કે કાઠીયાવાડના રાજાઓ જેને ખંડણી ભરતા તેનેજ સાર્વભૌમ સત્તા માનતા." (એઈટચીઝન્સની ટ્રીટીઓ, વોલ્યુમ ૬, પાનું ૩૬૬). કાઠીયાવાડના રાજાઓનો રાજ્યાધિકાર બ્રીટીશ સરકારની સાર્વભૌમ સત્તાના તાબાનો છે, જે શ્રેષ્ઠ સત્તાની રૂએ ફક્ત બ્રીટીશ હિંદુસ્તાનના નહીં; પરંતુ હિંદુ રાજ્યોથી વહિવટ થતા મુલકની પણ સુલેહ અને સુવ્યવસ્થાને માટે જવાબદાર છે. અને આના જેવી બાબતો કે જે સરકારની પ્રજા ઉપર અસરકર્તા છે તેની ગોઠવણ કરવાને સત્તા છે."**

૨૭. ખંડણી ભર્યાથી તે ભરનારની સ્વતંત્રતા જતી રહેતી નથી એવો જે મી. કેન્ડીએ ભાવ લીધો છે તે કાઠીયાવાડના અનેક નાના નાના રાજાઓ કે જેણે મોગલ અને મરાઠાઓની રાજ્યસત્તા કબુલ રાખી હતી તેઓને ભાગ્યેજ લાગુ થઇ શકે.

૨૮. બ્રીટીશ પ્રજાના બહોળા સમૂહના હીતનું રક્ષણ કરવા માટે ડુંગર ઉપરના દરબારની સત્તાની મર્યાદા બાંધવાનો બ્રીટીશ સરકારને સ્વાભાવિક બંધારણ અનુસાર હક્ક છે, અને તે મુજબ સૈકા ઉપર બ્રીટીશ સરકારે કર્યા પછી સર્વ સત્તાના સામાન્ય અને મોઘમ સિદ્ધાંતોનો આધાર બતાવી આ સ્થાપીત સ્થીતિ દરબાર ભુંસી શકે તેમ નથી. મી૦ કેન્ડીએ બતાવ્યા પ્રમાણે ૧૮૨૧ ના કરારની સરતો સ્પષ્ટ જણાવે છે કે ઠાકોરે ડુંગર ઉપર સંપૂર્ણ અધિકારનો કદી દાવો કર્યો નથી. જો તેમ છે તો કર્નલ વોકરના ૧૮૦૮ ના બંધારણ વખતે ડુંગર ઉપર તેમની રાજકીય હકુમત હતી નહીં તેમ માગી પણ નહોતી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## રખોપાના અવેજની ઉત્પત્તિ, સ્થીતિ અને ઇતિહાસ.

૨૯. હવે અમો રખોપાના અવેજની ઉત્પત્તિ ભાવના અને ઇતિહાસ તરફ ધ્યાન ખેંચવાની રજા લઈએ છીએ, જે ઉપરથી સ્પષ્ટ થશે કે તેને દરબારના વસુલાતી વહિવટના પેટાનો એક સામાન્ય કર જેવો ગણવો તે ભુલ ભરેલું છે, અને આ ડુંગરમાં બ્રીટીશ પ્રજાના એક મોટા સમૂહના હીતના રક્ષણ માટે આ અવેજની રકમ અને તેવી રીતની ગોઠવણ કરવાનું બ્રીટીશ સરકારે કાયમ પોતા ઉપર લીધેલું છે.

દરબાર અને જૈનો વચ્ચેનો સને ૧૬૫૧નો કરાર. દરબારે તે અવેજના બદલામાં યાત્રાળુઓની સંભાળ અને રક્ષણ કરવાનું અને બીજા કામ કરવાનું કબુલ કર્યું. અને તેના બરોબર અમલને માટે જામીનો આપ્યા. રખોપાનો અવજ તે રાજ્યસત્તાનો કર નહીં.

૩૦. જૈન કોમ કે જે અનાદિ કાળથી શત્રુંજયગિરિની માલીક હતી અને જે માલીકી હક્ક તેમજ કબજો મોગલ બાદશાહોની સનંદોથી કબુલ રાખવામાં આવ્યો હતો, તેઓએ ડુંગર ઉપર આવતા યાત્રીઓના ચોકી-પહેરાની ગોઠવણ કરવાનું ધાર્યું. મોગલ સલ્તનતની પડતીની અંતેના તોફાની વખતને લીધે દેશમાં પુષ્કળ અરાજકતા પ્રસરી અને બારવટીયા બહુજ લુંટફાટ કરતા. તેથી જૈન કોમે ગારીયાધાર રહેતા દરબારના કુટુંબ સાથે કોલ-કરાર કર્યા જેમાં ગોહેલોએ રોકડ અને બીજી ઉત્પન્નના અવેજના બદલામાં ડુંગર ઉપર આવતા જૈન યાત્રાળુઓનું રક્ષણ કરવાનું માથે લીધું.

સને ૧૬૫૧ (સંવત ૧૭૦૭) માં થયેલ કરાર નીચે મુજબ છે:—

॥ ૬૦ ॥ સંવત ૧૭૦૭ વર્ષે કાર્તિક વદિ ૧૩ ભોમે ગોહિલ શ્રી કાંધાજી તથા ભારાજી× તથા હમીરજી તથા બાઇ પદમાજી તથા પાટમદે જત લખતં આમા શ્રી સેત્રંજાની ચોકી પુહરૂં કરૂં છું તથા સંઘની ચોકી કરૂં છું. તે માટે તેનું પરઠ કીધો છે. શાહ શાંતિદાસ સહસકરણ તથા શાહ રતનસૂરા તથા સમસ્ત સંઘ મળી શ્રી સેત્રંજી સંઘ આવઇ તથા છઠીઆં છઠ ત્રિહિવા આવિ તથા પાલુ લોક આવિ તેનું અમિ કરાર દીધું છે. તે અમો બાપના બોલશું પાળવું, તેની

× અસલ લેખમાં નારાજી નામ છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વગત્ય. શ્રી સેત્રંજઈ સંઘ આવી તેની ચુકી પહુરૂ કરવો. જે સંઘ આવિ તે પાસિ મલણું કરી લેવું તેની વગત. સૂખડી મણ ૧ તથા લુગડાના જામિ રાા. મોટી સંઘિ છઠીઆ તથા પાલુ સંઘ આવિ તે પાસિં મલણું ન લેવું. ગાડી ૧ જામી રાા અંકે અઢી લેવી. મોટા સંઘ મધે પ્યાદા હુઅિ તેનું ન લેવું. બીજુ છઠવીવા આવિ તેની માણસ ૧૦૦, જામી ૬૦ લેવા. માલણું માગવું નહીં. વલી બીજું માણસ પાલુ આવિ તે જણ ૧ ની જામી ાા અંકે અરધી લેવી. અદકૂં કાંહી ન લેવૂં. સંઘ શ્રી સેત્રંજી જાત્રા કરવા આવિ તે પાસિથી એ કરારિ લેવૂં. ગચ્છ ૮૪ ચોરાસીનું એ કરારિ લેવું. તથા એ કરાર બાપના બોલશું પાળવું તથા શ્રી આદિશ્વરની સાખી પાલવું. રણછોડજીની સાખી પાલવું. કારખાના પાસિ ન લેવું તપાગછનિ. ાા શ્રી ાા

અત્ર મતૂ એ લખું તે પ્રમાણું છે.

૧ ગોહેલ કાંધાજી 卐

૧ બાઈ પદમાજી

૧ બાઇ પાટમદે 卐

લખતં દો. કડવા નાથા

એ લખું ન પાલિ તો

શ્રી અમદાવાદ મધે

જબાપ કરીએ.

અત્ર સાખ્ય.

૧ ગો. ગેમલજી

૧ ગો. લખમણજી

૧ સા. ભીમજી

૧ સા. જાદવ[1]

૧ સા. જગમલજી[2]

૧ ઠા. પરભાતજી[3]

૧ ડોસા કડવા.[4]

લખતં ભાટ પરબત નારાયણએ લખુ
પાલિ નહિ તું અમિ જમાન છું. અમદાવાદ
મધે જબાપ કરૂં સહિ ાા તથા ભાટને અગડ
કરા છે તે પળાવું સહી સહી ાા

એક કર તરીક અવેજ અપાય છે તેવી સુચના કરાર કાઢી નાખે છે. તે કરાર રાજા અને રૈયત વચ્ચે હતો તેનો મી. કેન્ડી ઇન્કાર કરે છે.

૩૧. ઉપરના કરારથી શત્રુંજય ઉપર આવતા સંઘનો ચોકી–પેરો કરવાનું, તેઓને સામા લેવા જવાનું અને પછી કરારમાં જણાવેલ વીગતે રોકડ રકમ કે બીજી રીતે અવેજ લેવાનું ગોહેલ શ્રી કાંધાજી અને બીજાઓએ કબુલ કર્યું. નીમકહલાલીથી કરાર પ્રમાણેના પોતાના વર્તન માટે ગોહેલોએ જામીન આપ્યા, જેઓએ ગોહેલોના

૧ અરજીમાં આ નામ નથી. ૨ અસલમાં જગપાલ છે. ૩ અસલમાં પરબત નામ છે. ૪ અસલમાં દો. કડવા નામ છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બરોબર વર્તન માટે અમદાવાદને જવાબદાર ગણવાની કબુલત આપી. આવી રીતે આવા કરારને લીધે જૈનો અને ગોહેલો સંબંધમાં આવ્યા. એ કરારની સરતો અને સંયોગો બતાવે છે કે આ અવેજ દરબારની રાજ્યસત્તાની રૂએ ઉપજ–કર તરીકે લેવાયેલ છે. તેવી સુચના કરવાની કોઇ જગ્યાજ રહેતી નથી.

દરબારે મી. કેન્ડીની તપાસમાં આ સ્થીતિ પ્રાપ્ત કરવાને પ્રયાસ કર્યો હતો પણ તેનો મી. કેન્ડીએ પુરતા તપાસ પછી ઇન્કાર કર્યો. તેના વડવાઓએ રાજા તરીકે પોતાની કોઇ પ્રજા સાથે કરાર કર્યો છે તેવું કરાર ઉપરથી જણાય છે, તેવી દરબારની દલીલ ખોટી છે તેમ કહી એવો અર્થ કર્યો કે દસ્તાવેજ એમ બતાવે છે કે:--

**" ગોહેલો કે જેઓ ઘણે ભાગે ગારીયાધાર અને પાલીતાણાના જમીનદાર હતા અને જૈનો કે જેઓ તે વખતે શત્રુંજય ગિરિના કબજેદાર હતા તેઓ વચ્ચેનો ( આ ) કરાર ( હતો. )"**

૩૨. અમારે કહેવાનું કે કરારમાં જણાવેલ રોકડ કે બીજો અવેજ અમુક નોકરીના બદલાનો હતો તે તો નિર્વિવાદ છે.

૩૩ ગોહેલો અને જૈનો આ કરાર પ્રમાણે સને ૧૭૮૮ સુધી વર્ત્યા જ્યારે પાલીતાણાના રાજા યાત્રીઓ પાસેથી ગેરવ્યાજબી લેવાણ કરવા મંડયા અને વિશેષમાં તેમણે જૈનો તરફથી મળતો અવેજ કોઇ આરબોને ગીરો લખી આપ્યો, કે જેઓ તે ઉપરથી ડુંગર ઉપર આવતા જૈન યાત્રાળુઓ ઉપર પુષ્કળ જુલ્મ ગુજારવા મંડયા. આને લીધે ૧૮૨૦ માં કાઠીયાવાડમાં બ્રીટીશ એજન્સી સ્થપાણી ત્યારે પક્ષકારો વચ્ચે ઘણોજ વિક્ષેપ પડી ગયો.

## ૧૮૨૦ માં એજન્સીની સ્થાપના, કેપ્ટન બાર્નવેલનો રીપોર્ટ.

૩૪. મુંબઇ સરકારને જૈન કોમે અરજ કરી તે ઉપરથી કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ કેપ્ટન બાર્નવેલે તજવીજ કરી ને ૧૮૨૦ ના ડીસેંબરની ૨૦ મી તારીખે રીપોર્ટ કર્યો. કેપ્ટન બાર્નવેલ પોતાના રીપોર્ટમાં નીચે મુજબ કહે છે:–

**" છેક સને ૧૭૫૦ ના અરસામાં + શ્રાવકોના મુખીઓ અને**

+ આ ઇ. સ. ૧૬૫૧ ના કરારની વાત છે. એ જોતાં ૧૭૫૦ લખવામાં દૃષ્ટિદોષ થયો લાગે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાલીતાણાના હાલના રાજાના વડવાઓ વચ્ચે કોલ કરાર થયા હતા જેમાં રક્ષણના બદલામાં સાધારણ રકમ લખાણમાં નક્કી થયેલ હતી જે અપાય છે. લેવાણનો આ દર સં. ૧૮૪૫ ( સન ૧૭૮૮ ) સુધી ચાલ્યો જ્યારે તે ઘણો વધારવામાં આવ્યો હતો. ”

રખોપાના અવેજનો આરબોને હવાલો આપ્યા ઉપરથી ઉપસ્થીત થયેલ તકરારો સંબંધી જણાવ્યા પછી કર્નલ બાર્નવેલે એવી ભલામણ કરી કે પાલીતાણાના રાજા ગાયકવાડના ખંડીયા હોવાથી વડોદરાના રેસીડન્ટ માર્ફત ગોઠવણ કરવી લાભદાયક છે. જેમાં અમુક વાર્ષીક રકમ નક્કી કરવામાં આવે અને તેના બદલામાં ભવિષ્યમાં પાલીતાણાના દરબારે યાત્રાળુઓ પાસેના તમામ લેવાણો બંધ કરવાં અને દેવાલયની મુલાકાત લેતા યાત્રાળુઓનું નિયમ મુજબ રક્ષણ કરવું. તેમણે એવી સુચના કરી કે આવી નક્કી થયેલ રકમ રૂા. ૪૦૦૦) ની હોવી જોઇએ અને પાલીતાણાના રાજા તરફથી ભરાતી ખંડણીમાં તેટલી રકમ કમી કરવાનું ના. ગાયકવાડ સરકારને સમજાવવામાં આવે તો યાત્રાળુઓ પાસેથી કાંઇ પણ લેવાણ થવું ન જોઇએ, છતાં વ્યાજબી રક્ષણની જવાબદારી તો રાજાના ઉપર ઉભી છે; પરંતુ ના. ગાયકવાડ સરકારે સુચવણી મુજબ ખંડણીની રકમ કમી કરવાની ના કહેવાથી દરબાર અને જૈન કોમ વચ્ચેની તકરારનો નિકાલ એજન્સીએ લાવવાનો રહ્યો.

એજન્સીના દરમીયાનગીરીથી દરબાર અને જૈનો વચ્ચે થયેલ
૧૮૨૧ નો કરાર.

દસકત ગોહેલ કાંધાજી સહી.
સહી. દસકત નોઘણજી.

લી. ગોહેલ શ્રા કાંધાજી તા. કુંવર નોંઘણજી જત શેઠ આણંદજી કલ્યાણજી રહેવાસી પાલીતાણા જત સાવકનો સંઘ તથા પરચુરણ આદમી પાલીતાણે જાત્રાને આવે છે તે ઉપર અમારી રખોપણાની લાગત છે. તે કુલ અમારી બાબત ડુંગર સમંધી તથા ભાટ તથા રાજગર તા—નોકર—વેપારીઓ વગેરે તથા બીજી દરોબસ્ત લાગત સુધાં ઉચક દર વરસ ૧ એકે રૂા. ૪૫૦૦) અંકે પસતાલીસ સેહે પુરા તેની વગત છે.

| | |
|---|---|
| ૪૦૦૦ દરબારના દેવા | ૨૫૦ રાજગરને દેવા |
| | ૨૫૦ ભાટ સમસ્તને દેવા |

જમલે ૪૫૦૦



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ પરમાણે વરસ દસનો સંવત ૧૮૭૮ ના કારતગ શુદ ૧૫ થી તે સં. ૧૮૮૮ ના કારતગ શુદ ૧૫ સુધી રૂ. ૪૫૦૦૦) અંકે પસતાલીસ હજાર પુરા સકાઈ માટે શ્રી સરકાર હુંનરાબલ કુંપની બાહાદુરની સવત આજમ કપતાન બારનવેલ સાહેબ પુલેટીકલ એજંટ પ્રાંત કાઠીઆવાડના સાહેબની વીદમાને તમોને આપું છે તે ઉપર લખા પ્રમાણે દર સાલ વરસ ૧૦) દસ સુધી ભરતા જજો. સંઘ અગર પરચુરણ લોક જાત્રાને આવસે તેની ચોકી પોરાની ખબરદારી અમે સારી પેઠે રાખીસુ. ને જાત્રાલુ લોકને કશી વાતે બીજા પોચવા દેસુ નહી. અગર કોઇ લોકનું નુકસાન ચોરીથી થાસે તો તેનું વલતર કરી આપીસું. આફત ફતુર આસમાની સુલતાની મુજરે આપીસું તેના રૂ. કરાર પ્રમાણે આગલ ઉપર લઇસું તથા અવધ પુરી થઆ પછી કરાર પ્રમાંણે રૂા. આગલ સાલ આપસો તાં સુધી ચાલુ પાલીસુ. કરાર પ્રમાણે. બીજુ-શેઠ સાંતીદાસનું વંશવાળાની બે તરફથી જાત્રાની માફી સદામત થાએ છે તે તમારે પણ કરવી. એ રીતે લખી આપું છે તે સ્હી છે.

મતી સં. ૧૮૭૮ ના વરખે માગશર સુદ ૧૫ તા. ૯ માંહે ડીસેમ્બર ૧૮૨૧ અંગરેજી.

[1]અત્ર ____________ સહી છે. ૧ અત્ર સાખ શ્રી જુગદીસ

ગોહેલ કાંધાજી તથા નોંધણજીની સહી ઉપર છે.

૧ ગોહેલ અજાભાઇ ઉનડજીની શાખ

૧ લા. મના ગગજી

૧ દ. ખમ ખસળ સ્હી.

૧ દેવાંણી ખોડાભાઈ સાખ.

૧ ગોહેલ વીસાભાઈ ઉનડજી સાખ.

૧. લી. મેતા કસળજી જગદીસ.

આ બંદોબસ્ત પક્ષકારોએ માહારી રૂબરૂમાં કરેલો છે. અને સરવે પક્ષકારોના વ્યાજબી હુકો તેથી જળવાશે એમ જણાય છે.

( સહી ) આર. બારનવેલ ( અંગ્રેજી )

પો. એ. કા.

---

૧ સહી તથા શાખની વિગત અરજીમાં છાપી નથી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩૬. આ કરારના શબ્દો આ અવેજનું ખરૂં સ્વરૂપ સ્પષ્ટતાથી બતાવે છે. તેમાં કહે છે કે—

" અમો શ્રાવકોની પેઢી અને યાત્રાએ આવતા જુદા જુદા લોકોનું સંપૂર્ણ રક્ષણ કરશું અને યાત્રીઓને કોઇ પણ જાતની કનડગત થવા દેશું નહીં. કોઇ પણને લુંટફાટથી કાંઇ નુકશાની થાય તો તે અમે વાળી આપશું બળવાથી, કુદરતી કોપ કે રાજાઓ કે સરકારના કાર્યોથી કાંઇ પણ દુઃખો થાય તો તેનો અમો બદલો કાપી આપશું જેના બદલામાં એટલે નુકશાની પામેલ મીલ્કતના બદલામાં કરાર કરતાં વધારે રકમ હશે તો તે વધારો ભવિષ્યને માટે જમે આપશું."

જો રાજકીય હકુમતના ધોરણો લેવાણુ થતા કર જેવો આ અવેજ હોય તો આવા કોલ કરાર અસંભાવ્ય ગણાય. આ ગોઠવણુ તો સ્પષ્ટ રીતે દરબાર અને બહારનાઓ વચ્ચેના કોલ કરારની બાબત છે. એમ જણાય છે કે કરારમાં જણાવેલ દરબારને આપવાની રૂ. ૪૦૦૦) ની રકમ ઘણા લોકો વચ્ચે વહેંચી દેવાની હતી, આ વહેંચણુ સંબંધી તકરાર થઇ અને તેનું કેપ્ટન બાર્નવેલે સમાધાન કર્યું જે ફરી વખત બતાવે છે કે આ અવેજ તે કાંઇ કર નહોતો પણ કામના બદલા તરીકેની રકમ હતી.

## કોલકરાર ૪૦ વર્ષ સુધી ચાલ્યા.

૩૭. આ કરારનામાની મુદત ૧૦ વર્ષની હતી, પણ તેમાં દરબારે જણાવ્યું હતું કે–" મુદત પુરી થયા પછી ભવિષ્યના વર્ષોમાં જ્યાં સુધી કરાર પ્રમાણે તમે રૂપીયા ભરશો ત્યાં સુધી અમે એટલે ઠાકોર કરાર પ્રમાણે વર્તશું. ઉપરના કોલકરાર લગભગ ૪૦ વર્ષ સુધી ચાલ્યા અને દર સાલ એકજ રકમ એટલે રૂા. ૪૫૦૦) આપવામાં આવ્યા હતા.

૩૮. ૧૮૫૨ માં દરબારે મુકરર કરેલ વાર્ષિક રકમ લેવાની ના પાડી અને તેથી આણંદજી કલ્યાણજીની પેઢીએ તે વખતના કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ કર્નલ લેંગને તે રકમ મોકલી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેમણે પાલીતાણા દરબારને આ રકમ ફરી વખત આપવા જવા જૈનોને કહ્યું અને દરબારને નીચે મુજબ લખ્યું:—

"મારે લખવાનું કારણ તમોને જણાવવાનું કે અસલ મુતાલીબો તપાસતાં મને તદ્દન સ્પષ્ટ જણાયું છે કે તેમાં જણાવેલ કરાર કેપ્ટન બાર્નવેલની દરમીયાનગીરીથી અને તેની રૂબરૂમાં કરવામાં આવ્યો હતો અને વિશેષમાં તેમાં જણાવેલ વાર્ષીક રકમ વર્ષો વર્ષ નિયમીત ભરાયાથી તે કરારપત્ર કાયમ અમલમાં રહેવો જોઇએ. આ અને બીજી બાબતો મુતાલીબમાં છે અને તેથી શેઠના માણસને હુંડીઓ પાછી મોકલી તે તરતજ તમોને રજુ કરવાનું સુચવ્યું છે, તે રકમ તમોને વહેલી નહીં અપાવામાં તદ્દન તમારી ભુલજ કારણ ભૂત છે, જેથી જ્યારે યાત્રીઓ એકઠા થાય ત્યારે તેઓને કોઈ પણ જાતની અડચણ કે કનડગત નહીં કરવા તમોને ફરમાવવામાં આવે છે. આને સખ્ત સાવચેતી ગણશો.

૩૯. ૧૮૬૦ માં દરબારે કરારને રદ કરવાનું ધાર્યું અને ૧૮૬૩ માં દરબારે મુંબઇ સરકારને અરજ કરી, જેમાં દરબારે દલીલ કરી કે ૧૮૨૧ નું કરારપત્ર રખોપાના અવેજના કાયમપણાના સ્વરૂપમાં ન હતું. પણ ફક્ત ૧૦ વર્ષ માટેજ કરાર હતો. જ્યારે સામેથી જૈનોએ એવી દલીલ કરી કે કરાર મુજબ તે ગોઠવણ હંમેશ માટેની હતી. આ બાબતની કર્નલ એન્ડરસને તપાસ કરી ૧૮૨૧ ના કરારના ખરાપણા માટે તેમણે નીચે મુજબ પોતાનો અભિપ્રાય જણાવ્યો:—

કર્નલ એન્ડરસન અને કર્નલ કીટીંજના વિચારો.

"૧૮૬૨ ના ચોમાસામાં હાલના પાલીતાણાના રાજા ગોહેલ સુરસિંહજી મને રાજકોટ મળ્યા અને ડુંગર ઉપરના પોતાના દાવા સંબંધીની અરજી રજુ કરી" "તે દસ્તાવેજ અમુક મુદત માટેના ગીરો કે ઇજારાખત જેવો ગણી શકાય અને તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેવી તેની દલીલ સંપૂર્ણ ખરી નથી; કારણ કે તેમની હાજરીમાં તે કામ માટેની મીટીંગમાં શ્રાવકો તરફથી તે દસ્તાવેજ રજુ થયો તે તપાસતા ખરો માલુમ પડ્યો હતો. જે કલમનો તેમણે વાંધો લીધો છે, કે–શ્રાવકો સરખી રીતે પૈસા આપવાનું જારી રાખે તો રાજા કરાર પ્રમાણે વર્તશે, તે કલમ દસ્તાવેજમાં બીજા લખાણની



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રીતેજ રીતસર લખાયેલ છે. કેપ્ટન બાર્નવેલની સહી તેમજ યાદી તેમના હસ્તાક્ષરની છે અને તે બનાવટ હોવાની કાંઇ નીશાની નથી."**

કર્નલ કીટીંજે રૂા. ૧૦,૦૦૦) નક્કી કર્યા.

૪૦. ૧૮૨૧ ના દસ્તાવેજના ખરાપણા અને અસર વિષે કર્નલ કીટીંજે મેજર એન્ડરસનના વિચારો કબુલ રાખ્યા, પણ તેમણે એવી ભલામણ કરી કે સરકારે લખાણના શબ્દાર્થ ઉપર અવલંબન રાખવું ન જોઇએ. જે ઉપરથી સરકારે રખોપાના ભવિષ્યના અવેજના સવાલનું નિરાકરણ કરવા કર્નલ કીટીંજને કહ્યું. કરારના ચિરસ્થાઈ સ્વરૂપના સંબંધમાં કર્નલ કીટીંજે કહ્યું કે—**" જો કે તે સંબંધના શબ્દો સ્પષ્ટ છે, પણ જો સામાન્ય કાયદા નીચેના બે પક્ષકારો વચ્ચેનો કેસ હોય તો તેને એટલુંજ નક્કી કરવાનું કે જ્યાં સુધી પટાદાર નીયમીત રીતે પોતાનો અવેજ ભર્યે જાય ત્યાં સુધી તે પટો તેની અંદરની સરતો મુજબ કાયમ ચાલુ રહે, પરંતુ પક્ષકારો વચ્ચેના વિચીત્ર સંયોગો અને સ્થીતિને અંગે કાંઈક સમદર્શી ગોઠવણ થવી જોઇએ."** એમ તેમને લાગ્યું તેથી તેમણે વાર્ષીક રકમ રૂા. ૧૦,૦૦૦) ની ઠરાવી અને બે વર્ષ સુધી ફેરફાર નહીં કરતાં પછીથી તે રકમમાં ફેરફાર કરવાની માગણી કરવાને બન્ને પક્ષોને છૂટ આપી કે જેમાં તેમણે જણાવેલ મુકરર સિદ્ધાંતો ઉપર બારીક તપાસ કરી સરકાર રકમ નક્કી કરે અને તે નિર્ણય દશ વર્ષ અથવા પક્ષકારો ઇચ્છે તેટલા વધારે વર્ષ ચાલુ રહે. અહીં કહેવું જોઇએ કે કર્નલ કીટીંજે નક્કી કરેલ રૂા. ૧૦,૦૦૦) ની રકમ ફક્ત ડુંગર ઉપર આવતા યાત્રીઓની સંખ્યા ઉપરથીજ નક્કી થઈ ન હતી.

કર્નલ કીટીંજનો ફેંસલો સરકારે અમાન્ય કર્યો ને કાયમી અવેજની રકમ નક્કી કરવાનું અને તેને લગતા તમામ સવાલોનું નિરાકરણ કરવાનું પોતાને માથે લીધું.

૪૧. ઉપર ટીકા કર્યા મુજબ દરબાર, કર્નલ કીટીંજના ફેસલા ઉપર ભાર દે છે. તે વખતે કર્નલ કીટીંજે જાતે ગમે તે અભિપ્રાય બાંધ્યો હોય પણ તેમણે જણાવેલ નીતિ સરકારને અનુકુળ જણાઇ નહીં ને તે કાયમ એવા સિદ્ધાંતોથી વર્ત્યા છે કે દરબાર અને જૈનો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વચ્ચેના વિચીત્ર સંબંધ અને બ્રીટીશ પ્રજાના એક મોટા સંઘના હીતને લીધે વચમાં પડી રખોપાના અવેજ તરીકે જૈનો તરફથી અપાતી રકમ વખતો વખત નક્કી કરવાની અને પક્ષકારો વચ્ચે આ અથવા બીજી બાબતો ઉપરની તકરારનો ફેંસલો કરવાની બ્રીટીશ સરકારની ફરજ છે.

૪૨. એટલું નોંધી લેવા જેવું છે કે કર્નલ કીટીંજે પોતે ૧૮૬૪ ના મે.માસમાં યાત્રાળુઓની ફરીયાદ લેવા અને સાંભળવાની સત્તાવાળા થાણદાર મુકવાની વિનંતી સહીતની શ્રાવકોની સરકાર ઉપરની અરજને અંગે કહ્યું છે કે—" **શ્રાવક યાત્રીકો ઘણે ભાગે બ્રીટીશ રૈયત હોવાથી રક્ષણ માગી શકે અને જો તેઓ ખર્ચ આપવા રાજી હોય તો તેઓનું હીત સંભાળવા એક સરકારી એજંટ તે જગ્યો ઉપર રાખવાને કાંઈ વાંધા જેવું નથી** " અને તેમણે પક્ષકારોની વચ્ચે પડી શકે તેવા બહુ ડાહ્યા માણસને મુકવાની ભલામણ કરી હતી.

૪૩. જૈનોએ રૂા. ૧૦,૦૦૦) ની રકમ નક્કી કરનારો કર્નલ કીટીંજના ફેસલા સામે અપીલ કરેલ હોવાથી સરકારે કાંઇ સત્તાયુકત ઠરાવ બહાર પાડયો નહીં અને તેઓના તા ૧૮, માર્ચ, ૧૮૬૫ ના ઠરાવમાં પક્ષકારો વચ્ચે ધીમે ધીમે સમાધાનીવાળી ગોઠવણ કરવા પોલીટીકલ એજંટને સુચવ્યું. આ મુદત દરમીયાન તેઓની સરકારને કરેલ અપીલનો નીકાલ થયેલ નહીં હોવાથી રૂા. ૧૦,૦૦૦) ની રકમ આપવાની ના પાડી અને જણાવ્યું કે તેનો નીકાલ થતા સુધી તેઓ રૂા. ૪૫૦૦) ની મુળ રકમ ભરશે. આ બાબત પાલીતાણા દરબારે એજન્સીને ફરીયાદ કર્યાથી એજન્સીએ રકમ વસુલ કરવા માટે એજન્સીની કોર્ટમાં ધારાસર દાવો કરવાનું દરબારને કહ્યું. દરબારે આવો દાવો કરી હુકમનામું મેળવ્યું. અહીં અમો જણાવવાની રજા લઇએ છીએ કે ઉપરનો બનાવ એમ બતાવે છે કે પાલીતાણા દરબાર અને જૈન કોમ બન્ને સમાન પક્ષે છે અને તેઓની તકરારનો નિર્ણય એજન્સી સત્તાએ કરવાનો છે તેમ બ્રીટીશ ગવર્મેન્ટ અને એજન્સી કાયમ ગણતા.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રખોપાના અવેજ બાબતમાં મુંબઇ સરકારના ૧૮૬૬ ના
હુકમો બ્રીટીશ સરકારના મંજુરી વિના કોઇપણ
કર લેવાની મનાઇ કરે છે.

૪૪. મુંબઈ સરકારે છેવટે ૧૮૬૬ ના ફેબ્રુઆરીની ૬ ઠ્ઠી તારીખે તેમનો ચુકાદો આપ્યો. તેઓએ કર્નલ કીટીંજનો ઠરાવ બહાલ રાખ્યો. તેમ કરતી વખતે તેઓએ કહ્યું કે—**"ઠરાવેલ રકમમાં શ્રાવક પાસેની દરબારની તમામ માગણીનો સમાવેશ થાય છે. અને ઠાકોર સાહેબ ગમે તે બાને બીજી કાંઇ પણ રકમ તેઓ પાસેથી લે તે રકમ શ્રાવકોને મજરે મળે અને આ રકમને બદલે શ્રાવકોને તેઓના જાન માલના પોલીસ રક્ષણ માટેની બાંહેધરી આપવી."** તેઓએ આગળ કહ્યું કે—**" આરોગ્યતાના કામ માટે કાંઇ પણ કર નાખવામાં આવે તો, મારે કહેવું જોઇએ કે, આવો કર બ્રીટીશ સરકારની મંજુરીથી નાખવો, અને પાલીતાણા ઠાકોરની અંગત ઉપજ તરીકે ગણવા દેવામાં નહીં આવે પણ જે કામ માટે તે લેવામાં આવ્યો હોય તેજ કામમાં તેનો ઉપયોગ થવો જોઇએ.**

આ હુકમોનાં આશયો અને તેના અસર.

૪૫. અમો જણાવીએ છીએ કે વળી આ હુકમો શત્રુંજય ગિરિ ઉપર દરબારની સંપૂર્ણ રાજકીય હકુમત નથી અને બ્રીટીશ પ્રજાના મોટા સમૂહના તેમાં રહેલ હિતનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી કબુલ કરે છે તે સ્થીતિ સ્પષ્ટરીતે ભારપૂર્વક બતાવે છે. વિશેષમાં તે એમ પણ બતાવે છે કે—**રખોપાની રકમ તે કાંઈ ઉપજ માટેનો કર નથી** પણ અમુક કામ કરવા બદલનો અવેજ છે.

શ્રાવકોને તેણે આપવાની રૂા. ૧૦,૦૦૦) ની રકમના બદલામાં તેના જાનમાલનું સંપૂર્ણ પોલીસ રક્ષણ કરવાની બાંહેધરી આપવી તે સરત ઉપરથી આ વાત સ્પષ્ટ થાય છે. **યાત્રાળુઓને કાંઈપણ નુકશાન થાય તેનો બદલો વાળી આપવાની જે હકીક્ત છે**



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**તેથી પણ રખોપાનો અવેજ તે કર નહોતો તેમ સિદ્ધ થાય છે.**

૧૮૭૪ માં એક યાત્રાળુને નુકશાની થઇ જેના બદલામાં પોલીટીકલ એજંટ પાસે કામ ચાલ્યા પછી દરબારે ૧૮૭૬ માં તે યાત્રાળુને રૂા. ૪,૩૦૦) આપ્યા હતા. તેમાં એમ પણ માગેલ છે કે આરોગ્યતાને માટે કાંઇપણ કર લેવાનો હોય તો તે બ્રીટીશ સરકારની મંજુરીથી લઈ શકાય, અને જે કામને માટે તે લેવામાં આવ્યો છે તે માટે જ તેનો ઉપયોગ થયો છે કે કેમ તે તેઓ જોશે. આ બધી હકીકત ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે પાલીતાણા દરબાર સાથેના સંબંધમાં જૈન કોમના સંપૂર્ણ રક્ષણની જવાબદારી બ્રીટીશ સરકારે સ્વીકારી છે.

તે રાજ્યની વહીવટી આંતર્બાબત છે તેવા કર્નલ કીટીંજના અભિપ્રાય ઉપરથી પાલીતાણા દરબારે સેક્રેટરી ઓફ સ્ટેટને કરેલ અપીલ નામંજુર થઇ હતી.

૪૬. પાલીતાણા દરબારે મુંબઇ સરકારના હુકમો ઉપર સેક્રેટરી ઓફ સ્ટેટને અપીલ કરી. જેમાં જણાવ્યું હતું કે 'દરબારના રાજ્યાધિકાર સંબંધના કર્નલ કીટીંજના અભિપ્રાય વિરૂદ્ધમાં આ બાબતમાં વચમાં આવવામાં મુંબઈ સરકારે ખોટું પગલું ભર્યું છે' અને વિનંતી કરી કે 'તેઓની માગણી મુજબ આ અવેજની રકમ અને તે વસુલ કરવાના રીત તે તેના આંતર્વહીવટની બાબત છે તેમ ગણી તેઓ ( દરબાર ) ઉપર છોડવી જોઇએ.' કર્નલ કીટીંજે આ સ્થીતિ અને તે સંબંધના કર્નલ કીટીંજના વિચારો સ્વીકારવા ના કહી અને મુંબઇ સરકારના ૧૮૬૬ ના હુકમો બહાલ રાખ્યા, જે ૧૮૮૧ સુધી અમલમાં રહ્યા. આ મુદત દરમીયાન દરબાર અને જૈન કોમ વચ્ચે અનેક તકરારો થઇ જેનો નીકાલ એજન્સી સત્તાથી લાવવામાં આવ્યો હતો.

૪૭. ૧૮૭૪ માં ડુંગર ઉપર નવા દેવળ બાંધવા માટે જૈનોથી ઉપયોગમાં લેવાતી જમીનના પૈસા લેવાના દરબાર હક્ક બાબત તકરાર ઉપસ્થીત થઇ. જે ઉપરથી ઉપર જણાવેલ મી. કેન્ડી તરફથી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન્યાયી તપાસ થઇ અને ૧૮૭૭ના મુંબઇ સરકારના હુકમો બહાર પડયા. જે હુકમો સેક્રેટરી ઓફ સ્ટેટે ૧૯૭૯ માં મંજુર રાખ્યા.

૪૮. ૧૮૭૯ માં દરબારે કર્નલ કીટીંજથી નક્કી થયેલ રૂા. ૧૦,૦૦૦) ની રકમમાં ફેરફાર કરવાની માગણી કરી અને તે ઠરાવ મુજબ ગણત્રી કરવાનો દાવો કર્યો. બારીક તપાસ કેટલોક વખત ચાલ્યા બાદ યાત્રાળુઓની સંખ્યા ઘટાડવાના પ્રયત્નો થાય છે તેવી પાલીતાણા દરબારે ફરીયાદ કર્યાથી તે તપાસ વધારે વખત ચલાવવા નો હુકમ થયો હતો.

૧૮૮૧ માં રખોપાની રકમ એજન્સીથી યાત્રીઓ પાસેથી પરભારી
લેવાની રીત શરૂ થઇ. યાત્રાળુઓ ઉપર ઘણોજ જુલ્મ,
કનડગત તથા દરબાર અને જૈન વચ્ચેનો ઝગડો.

૪૯. જે પછી સરકારે ડુંગર ઉપર આવતા દર યાત્રી દીઠ રૂા. ૨) મુજબ લેવાની દરબારને છૂટ આપવાની યુકતી અજમાવવા નક્કી કર્યું; પરંતુ તેમ છતાં યાત્રાળુઓ પાસેથી દરબારને વસુલાત કરવા દેવામાં આવી ન હતી પણ એજન્સીથી નીમાયેલ અને તેના હુકમ મુજબ કામ કરતા ખાસ ખાતા તરફથી કરવામાં આવ્યું હતું.

અનુભવથી સિદ્ધ થયું કે આ રીત ચાલી શકે તેમ ન હતી, તેનો ઘણો ગેરઉપયોગ થાય તેમ હતું અને યાત્રાળુઓને ઘણીજ કનડગત અને મુશ્કેલી કરનાર હતી. જ્યારે એ રીત ચાલુ હતી ત્યારે દરબાર અને જૈન કોમ વચ્ચેનો વિક્ષેપ ઘણાજ સખ્ત સ્વરૂપમાં હતો એમ જણાય છે. ૧૮૮૬ નું કરારપત્ર સરકારની અનુમતી માટે મોકલતી વખતે કર્નલ વોટસનની ટીકા ઉપરથી તે સ્પષ્ટ થાય છે. જેમાં તેણે નીચે મુજબ કહ્યું:—

"પાછલા વર્ષોમાં જૈન કોમ અને પાલીતાણાના મહુંમ રાજા વચ્ચે એટલો બધો વિખવાદ થયો કે જો આ કરાર કરવામાં આવ્યો ન હોત તો સરકારને સીધી રીતે વચમાં પડવાની જરૂર પડી હોત"

પદ્ધતિ છોડી દેવામાં આવી અને ન ચાલી શકે તેવી અને
મુકરર વાર્ષીક રકમનો ઠરાવ થયો.

૫૦. ઉપરની સ્થીતિ ઉત્પન્ન થવાથી અને યાત્રીઓ પાસેથી રકમ વસુલ કરવાની પદ્ધત્તિ જો કે તે વસુલાત એજન્સીના ખાતા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરફથી થતી હતી તોપણુ ન ચાલી શકે તેવી લાગવાથી એજન્સી અને ગવર્મેન્ટને ચોક્કસ થયું કે મુકરર વાર્ષીક રકમની જુની ગોઠવણને અનુસરવું તે જ ફક્ત ઇચ્છવાજોગ રસ્તો હતો. જેથી પક્ષકારોને ભેગા થઈ તેજ રસ્તે નિર્ણય કરવાનું કહેવામાં આવ્યું. જેને પરીણામે કોલકરાર થયા.

૧૮૮૬ નો કરાર.

૫૧. જણાવેલ ૧૮૮૬ના કરારથી વાર્ષીક રકમ રૂા. ૧૫૦૦૦) નક્કી કરવામાં આવી અને એમ કબુલ થયું કે બીજા કોઇ પણ જાતના લેવાણ કરવા નહીં. તે કરાર નીચે મુજબ છે:—

૧. પાલીતાણાના ઠાકોર સાહેબ વાર્ષીક રૂા. ૧૫૦૦૦) લેવાને અને જૈન કોમ આપવાને કબુલ કરે છે, પાલીતાણા ઠાકોરને દર વર્ષે ભરવાની આ રકમના અવેજમાં જાત્રાળુના કર તરીકે જૈન કોમ પાસેથી કાંઇપણ રકમ નહીં લેવા પાલીતાણાના ઠાકોર કબુલ થાય છે. આ રૂા. ૧૫૦૦૦) દર વર્ષની તા. ૧ લી એપ્રીલે લેણા થશે, તેમાં પોલીસ રક્ષણ " માલનું " વિ૦ નો સમાવેશ થાય છે.

૨. તા. ૧ લી એપ્રીલ ૧૮૮૬ થી ૪૦ વરસ સુધી આ ગોઠવણ ચાલુ રાખવા ઠાકોર સાહેબ ખુશી છે અને જૈન કોમ સમ્મતિ આપે છે.

૩. આ ૪૦ વર્ષ પુરા થયા બાદ કોઇપણ પક્ષકારને આ કરારનામાના પહેલા પારામાં મુકરર કરેલ વાર્ષીક રકમમાં ફારફેર કરવાની માગણી કરવાને છૂટ છે; બન્ને પક્ષોની દલીલો ઉપર વિચાર કરીને આવી છૂટછાટ આપવી કે કેમ ? તે બ્રીટીશ સરકારની મુનસફી ઉપર રહેશે.

ઉપરનો મજકુર પાલીતાણાના ઠાકોર સાહેબ અને શ્રાવકોના નેતાઓને જાતે સમજાવ્યો છે, જેની કબુલાત બદલ બન્ને પક્ષોએ આ નીચે પોતાની સહીઓ કરી છે.

| શ્રાવક નેતાઓની સહી. | દરબારની સહી. |
|---|---|
| પ્રેમાભાઈ હીમાભાઇ સહી. | ગોહેલ શ્રી માનસંઘજી |
| જેસંઘભાઈ હઠીસંગ (સહી). | ઠાકોર સાહેબે મારા રૂબરૂ. |
| ( સહી ) ઉમાભાઇ હઠીસંગ. | J. W. W. |
| (સહી) Mansookhbhai Bhagoobhai | પોલી. એ. કાઠીયાવાડ |
| ( સહી ) પરશોતમદાસ પુંજાશા. | પાલીતાણા તા. ૮—૩—૧૮૮૬ |



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(સહી) બદ્રીદાસ (બંગાળી ભાષામાં).
( સહી ) બાલાભાઇ મંછારામ.
( સહી ) તલકચંદ માણેકચંદ.
( સહી ) દલપતભાઈ ભગુભાઇ.
( સહી ) ચુનીલાલ કેશરીસીંઘ.
પ્રેમાભાઇ હીમાભાઈ, ઉમાભાઈ હઠીસીંગ, ચુનીલાલ કેશરીસંગ સીવાય બધાએ મારા રૂબરૂ સહી કરી છે, અને તેઓયે અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર રૂબરૂ સહી કરી છે.

સહી જોન ડબલ્યુ વોટસન.
પોલીટીકલ એજન્ટ કાઠીયાવાડ

આ કરારનામું નામદાર ગર્વનરના નં. ૨૦૧૬ તા. ૮-૪-૨૬ ( પોલીટીકલ ડીપાર્ટમેન્ટ ) થી મંજુર થયું છે.

કેંપ ગોપનાથ
તા. ૧૩-૪-૧૮૮૬

સહી. જોન. ડબલ્યુ વોટસન.
પોલીટીકલ એજન્ટ કાઠીયાવાડ.

૫૨. ઉપરનો કરાર મુંબઇ સરકારે મંજુર રાખ્યો. જણાવેલ કરારની ત્રીજી કલમમાં છે કે:—

"૩. આ ૪૦ વર્ષ પુરા થયા બાદ કોઈપણ પક્ષકારને આ કરારનામાના પહેલા ફકરામાં મુકરર કરેલ વાર્ષીક રકમમાં ફેરફાર કરવાની માગણી કરવાને છૂટ છે. બન્ને પક્ષોની દલીલો ઉપર વિચાર કરીને આવી છૂટછાટ આપવી કે કેમ ? તે બ્રીટીશ સરકારની મુનસફી ઉપર રહેશે."

ભવિષ્યમાં રકમમાં વધારો કરવા નહીં દેવાનો કર્નલ વોટસનનો અભિપ્રાય. કારણકે રખોપું તે રક્ષણનો બદલો હોવાથી સાર્વભૌમસત્તાના સંરક્ષણથી અને રેલ્વે મુસાફરીની સગવડતાથી દરબારને રક્ષણનો ખર્ચ નામનોજ થતો.

૫૩. ૧૮૮૬નો કરાર સરકારની મંજુરી માટે મોકલતાં ચોથા પારેગ્રાફમાં કર્નલ વોટસને આવો ફેરફાર મંજુર કરવો કે નહીં તેની સત્તા સરકારના હાથમાં રાખવાનું કારણ બતાવ્યું છે. તેમણે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહ્યું કે-**કદાચ નક્કી કરેલ રકમમાં હવે પછી કાંઇ વધારો કરવા દેવા સરકાર નારાજ હોય** તેથી આ મુકરર કરેલ વાર્ષિક રકમમાં કાંઇ ફેરફાર કરવાની સત્તા સંપૂર્ણ રીતે બ્રીટીશ સરકારને સોંપવામાં આવી છે.

૫૪. નક્કી કરેલ રકમમાં વધારો કરવો ઇચ્છવા યોગ્ય નથી. તેવો કર્નલ વોટસનનો અભિપ્રાય એ વિચારથી બંધાણો હતો કે રખોપાનો અવેજ તે ફકત ડુંગર ઉપર આવતા યાત્રાળુઓના જાન માલનું રક્ષણ કરવાના બદલા તરીકેનો હોવાથી આવા બદલાના પ્રમાણનો સંબંધ રક્ષણને માટે કરવા પડતા ખર્ચ સાથે હોવો જોઈએ અને હાલ બ્રીટીશ સરકારની સાર્વભૌમ સત્તા નીચે કાઠીયાવાડમાં માણસના જાન માલને સંપૂર્ણ સહી સલામતી હતી અને રેલ્વે મુસાફરીની સગવડતા થયાથી દરબારને યાત્રીઓના રક્ષણ માટે ફકત નામનુંજ ખર્ચ કરવું પડતું. અમે માનીએ છીએ કે અત્યારે પાલીતાણા સ્ટેટના આખા પોલીસ ખાતાનું ખર્ચ ૧૮૬૬ના કરાર પ્રમાણે જે રકમ દરબારને હાલ મળે છે તેનાથી વધતું નથી.

<u>આવી રકમ દરબારને લેવા દેવાની બ્રીટીશ સરકારની મહેરબાની.</u>

૫૫. કર્નલ વોટસને પોતાના કાગળના બીજા પારેગ્રાફમાં પોતાનો વિચાર સપ્ષ્ટ રીતે જણાવ્યો છે કે **આવી જાતની કાંઇ પણ રકમ દરબારને લેવા દેવામાં સરકારે ઘણીજ કૃપા દર્શાવી છે,** અને તેવા વિચારથી ઉપર કહ્યા મુજબ ચોથા પારેગ્રાફમાં પોતાનો ઇરાદો જણાવ્યો કે-**હવે પછી તે રકમમાં સરકારે કાંઇ પણ વધારો થવા દેવો નાહ.**

૫૬. મુંબઇ સરકારે ૧૮૮૬નું કરારપત્ર મંજુર કરતાં સુચવ્યું કે પોલીટીકલ એજન્ટે કર્નલ વોટસનના ૮ અને ૯મા પારેગ્રાફમાં જણાવેલ સરતો મુજબ વર્તવાની પાલીતાણા દરબારની કબુલત લેવી. જેમાં **ત્રાસદાયક જગાત લેવી નાહ અને પાલીતાણા શહેરની નજદીકમાં મકાનો માટે જમીન જૈનોને વ્યાજબી ભાવે આપવી.**

૫૭ અમારે જણાવવું જોઇએ કે ૧૮૬૬નો કરાર કરાવવાની



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીત, તેના છેવટ અને ખરાપણુા માટે સરકારની મંજુરીની આવશ્યકતા, બન્ને પક્ષોની દલીલો ધ્યાનમાં લઇને મુકરર કરેલ રકમનો ફેરફાર મંજુર કે નામંજુર કરવાનો સરકારનો સંપૂર્ણ અધિકાર એ તમામ પોતાને યાત્રીઓ પાસેથી પોતાની ઉપજ માટેના કર તરીકે વેરો વસુલ કરવાનો રાજ્યાધિકાર હોવાનો દરબારનો હાલનો દાવો નિષ્ફળ કરે છે.

૫૮. ૧૮૮૬નો ફેસલો સ્પષ્ટ રીતે એવી સ્થીતિ સ્થાપાત કરે છે કે રખોપાની રકમ અને તે વસુલ કરવાની રીત બ્રીટીશ સરકારની સંમતીથી ફકત પક્ષકારો વચ્ચેના કરાર પત્રથીજ નક્કી કરવાની હતી અને રકમના કાંઇ પણ ફેરફારની મંજુરી સરકારજ આપી શકે. આ બાબત કાંઇ પાલીતાણાના દરબાર અને તેની પ્રજા વચ્ચેની ગણુવામાં આવી ન હતી, પણ પાલીતાણા દરબાર અને બ્રીટીશ પ્રજાના એક સમૂહ કે જેના શત્રુંજય ડુંગર ઉપરના હીત અને હક્કોનું રક્ષણ કરવાનું બ્રીટીશ સરકારનું પુરતું લક્ષ હતું, તેના વચ્ચેના કોલ-કરારની રૂએ થયેલ સંબંધની ગણુવામાં આવી હતી.

<u>મુકરર વાર્ષીક રકમનો સિદ્ધાંત કાયમને માટે સ્થાપીત રહ્યો.</u>

૫૯. વિશેષમાં ૧૮૮૬ની ગોઠવણુથી કાયમને માટે એવી સ્થીતિ સ્થાપિત થઇ કે જૈનોએ ફકત દરબારને અમુક વાર્ષીક રકમ આપવી, કે જે ૪૦ વર્ષ માટે રૂા. ૧૫૦૦૦) ત્યારબાદ બ્રીટીશ સરકાર નક્કી કરે તેટલી વધારે ઓછી રહે. એટલું પણ નક્કી થએલ છે કે મુકરર કરેલ વાર્ષીક રકમમાં કાંઇ પણ ફેરફાર કરવાની બાબતમાં બ્રીટીશ સરકાર મુખ્ય કર્તા હર્તા ગણાય, જેની પાસે કોઇ પણ પક્ષ એટલે કે દરબાર કે હિંદુસ્તાનની જૈન કોમ સીદ્ધા જઈ શકે.

૧૮૮૬નો કરાર દબાણ અને ખોટી સમજુતીથી થયેલ છે તેવી
<u>દરબારની દલીલનું ખંડન.</u>

૬૦. દરબાર એમ બતાવે છે કે ૧૮૮૬નો કરાર સ્વેચ્છાથી કરવામાં આવ્યો ન હતો પણ સીધા કે આડકતરી રીતેના દબાણ અને કેટલીક જુઠી હકીકતથી થયેલ છે. અમારે જણાવવું જોઇએ કે તે વાત ખોટી છે, દરબારે મુંબઇ સરકાર અને સરકારના જવાબદાર



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ્યદ્વારી અધિકારીઓ વિરૂદ્ધમાં તેવી પાયા વગરની હકીકત જણાવવાનું વ્યાજબી ધાર્યું તેજ ઘણું શોચનીય છે. આ હકીકતમાં જરા પણ અંશે સત્યતા હોય તો હાલના ઠાકોર સાહેબના પિતાએ તેમના મૃત્યુ પર્યંત (૧૯૦૮) કોઇ પણ પ્રસંગે તેવી જાતની કાંઇ પણ ફરીયાદ કેમ ન કરી? આ સંબંધમાં દરબાર ૧૮૮૫ના ૧૯ ડીસેંબરના કાગળનો હવાલો આપે છે કે જે તે વખતના ઠાકોર સાહેબ ઉપર મી. મેલવીલે લખ્યાનું કહેવાય છે. આવો કાગળ કયા સંજોગોમાં લખવામાં આવ્યો તે અમો જાણતા નથી. પણ જો તેવો કાગળ લખાણો હોય તો તેમાં કાંઈ નવાઇ જેવું નથી. અને જ્યારે એટલું તો ધ્યાનમાં હોય કે બ્રીટીશ સરકારે શત્રુંજય ડુંગર ઉપરનું બ્રીટીશ પ્રજાના બહોળા સમૂહના હીતનું રક્ષણ કરવાની અને દરબાર અને જૈનો વચ્ચેનો સંબંધ બરોબર કરવાની જવાબદારી કાયમ સ્વીકારતા હોય ત્યારે દબાણ તરીકેના પુરાવામાં તે આપી શકાય નહીં. મી. મેલવીલે તે વખતના ઠાકોર સાહેબને જે કહ્યું કે શત્રુંજયગિરિના સંબંધમાં એવો બંદોબસ્ત કરવાની આવશ્યકતા છે કે જેથી કરી તમારા મર્હુમ પિતા અને શ્રાવકો વચ્ચેની કાયમની તકરારો અને દુશ્મનાવટનો અંત લાવે તેમાં પણ કાંઈ આશ્ચર્યકારક નથી.

૬૧. એમ કહેવામાં આવ્યું છે કે '૧૮૮૬ના કરારથી નક્કી થયેલ ૪૦ વર્ષની મુદત અને ગોઠવણના કાંઈ પણ ફેરફારના નિર્ણયની અંતિમ સત્તા બ્રીટીશ સરકારને આપતી કલમ ત્રીજી ઘણી નવાઇ પમાડે તેવી છે. અને એમ બતાવે છે કે તે વખતે ઠાકોર સાહેબ તેમાં સ્વતંત્ર કર્તા ન હતા' ને એમ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે 'કોઇ પણ રાજા પોતાની રાજધાનીમાં આવતા યાત્રાળુઓ પ્રતિનીધિ મંડળ સાથે સમાધાન કરવામાં ચોખ્ખી ખાનગી વહીવટની બાબતનો નીર્ણય કરવાની સત્તા ત્રીજા પક્ષને (સરકારને) આપવાની કલમ દાખલ કરવાનું કદી પણ કબુલ થાય નહીં.'

આ દલીલ ખોટાં અનુમાનો અને ભુલોથી ભરપુર છે. જે માણસો સાથે સમાધાન કરવામાં આવ્યું તે યાત્રાળુઓ તરફની એક કમીટી ન હતી, પણ સમસ્ત બ્રીટીશ હિંદુસ્તાનની જૈન કોમના



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચુંટાયેલા પ્રતિનિધિઓ હતા, અને પાલીતાણા દરબાર કમીટી સાથે કાંઈ આ પહેલ વહેલો કરાર કરતા ન હતા. અગાઉ વર્ણવ્યા પ્રમાણે પાલીતાણા દરબાર અને જૈનો વચ્ચેનો આ કરારી સંબંધ તો સને ૧૬૫૧ના અરસાથી શરૂ થયો અને ત્યારબાદ વખતો વખત અનુક્રમે પક્ષકારો વચ્ચે કરારો થયા હતા.

૬૨. બ્રીટીશ સરકારને આ બાબતમાં કાંઇ સંબંધ કે સ્થાન ન હોય તેવો ત્રીજો પક્ષ ગણવો તે ભુલ ભરેલું છે. ઉલટું બ્રીટીશ પ્રજાના મોગલ બાદશાહો અને ત્યારબાદ બ્રીટીશ સરકાર પોતાથી માન્ય રખાયેલ હક્કોનું રક્ષણ કરવાનો બ્રીટીશ સરકારને હક અને ફરજ હતી. બ્રીટીશ સરકાર કાઠીયાવાડમાં આવી ત્યારથી ધોરણસર આ બાબતની વ્યવસ્થા કરવાનું કાયમ માથે લીધેલ છે. અને ૧૮૮૬માં બ્રીટીશ સરકારે દરબાર અને જૈન કોમ વચ્ચેનો કરાર મંજુર રાખી ફેરફારની સંપૂર્ણ સત્તા પોતાની પાસે રાખવામાં પોતાની નીતિથી કોઇ પણ જાતનું વિરૂદ્ધ વર્ત્તન કર્યું નથી. રખોપાના અવેજની બાબતને તદ્દન ખાનગી બાબત ગણવી તે ખોટું છે, આ મુદ્દાને અંગે અમોએ અગાઉ કહ્યું છે તેની અહીં પુનરાવર્ત્તન કરવાની જરૂર નથી. એવી સુચના કરવામાં આવી છે કે ૧૮૮૬ના કરારમાં જે ૪૦ વર્ષ જેવી લાંબી મુદત નક્કી થયેલ છે તે એમ બતાવે છે કે કાંઇ અસામાન્ય સંયોગોમાં આ કરાર થયેલ હોવો જોઇએ. ૧૮૨૧ના કરારમાં તેના શબ્દો બારીકીથી જોતાં કર્નલ કીટીંજે પોતે કહ્યું તેમ કાયમને માટેનોજ ભાવ હતો અને સ્થીતિમાં અવ્યવસ્થા અટકાવવાની ખાતર પુરતી લાંબી મુદત નક્કી કરવાનો દેખીતો વિચાર હતો તે હકીકત ભુલાઇ ગઇ જણાય છે.

૧૮૮૬નો કરાર હાલના રાજાને બંધનકર્તા નથી તેવી દલીલ તોડવામાં આવી.

૬૩. એક નવાઇ જેવું એવું અનુમાન કરવામાં આવ્યું છે કે ૪૦ વર્ષની મુદત જીંદગી-હીતના સિદ્ધાંત ઉપર નક્કી થયેલ હતી. મુંબઇ સરકારને ફેરફારની તમામ સત્તા આપતી. ૧૮૮૬ ના કરારની કલમ ત્રીજી હાલના ઠાકોર સાહેબનો પોતાની ખાનગી બાબતની વ્યવસ્થા કરવાનો હક્ક છીનવી શકતી નથી, તેવી દલીલ કરતી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખતે પણ આ મુદ્દાની પુનરોક્તિ થયેલ છે. અમો ખાત્રીપૂર્વક કહેવાની રજા લઇએ છીએ કે જો હિંદના દેશી રાજ્યની ગાદી ઉપર આવનારને અગાઉ સ્થાપિત થયેલા મહત્વભર્યા નિર્ણયોના બંધન પરત્વે તેમજ વાસ્તવિકતાને અંગે સવાલ કરવા દેવાની છૂટ આપવામાં આવે તો એક ઘણોજ વિનાશકારક સિદ્ધાંત દાખલ થશે. ૧૮૮૬નો કરાર તે વખતના પાલીતાણાના ઠાકોર સાહેબનો જાતનો કોલ કરાર ન હતો. પણ તે જૈન કોમ અને રાજ્ય વચ્ચેની સરકારથી મંજુર રહેલ સંધી હતી, કે જેના બંધનકર્તાપણાનો પછીથી સવાલ કરવાની કોઇપણ પક્ષને છૂટ ન હતી. ૧૮૮૬ના કરારથી તમામ લેવાણને બદલે જૈનોએ દરબારને અમુક નક્કી કરેલ વાર્ષીક રકમ આપવાનો સિદ્ધાંત છેવટ કાયમને માટે ઠર્યો અને ફેરફારની છૂટ તો ફકત આવી રીતે નક્કી થયેલ રકમ પુરતી હતી. દરબારનો યાત્રી દીઠ કાંઇપણ લેવાણ કરવાનો દરેક દાવો કાયમને માટે નામંજુર રહ્યો હતો અને જણાવ્યું છે કે દરબારે હાલમાં યાત્રાળુઓ પાસેથી સુચવેલ દર પ્રમાણે લેવાણનો કરેલ દાવો ન્યાયના સિદ્ધાંત મુજબ માન્ય રહી શકે નહીં.

હવે રખોપાના અવેજ સંબંધમાં સરકારના દખલગીરી નહીં હોવાની દરબારના દલીલ તોડવામાં આવી. કાયમની સરકારની દરમીયાનગીરીના કારણો, તેનું વ્યાજબીપણું અને ભવિષ્યમાં જારી રાખવાની જરૂરીયાત.

૬૪. દરબાર એમ જણાવે છે કે 'રખોપાના અવેજની બાબતમાં હવે પછી સરકારની દખલગીરી ન હોવી જોઇએ ?' આ બાબતમાં સરકારની દરમીયાનગીરીના કારણો વિષેના દરબારના સંબંધવગરના ખુલાસાઓ ઇતિહાસથી માની શકાય તેવા નથી. પવિત્ર શત્રુંજયગિરિ ઉપરનો જૈન કોમનો કબજો અને અધિકાર ગોહેલોના આવ્યા પહેલાંથી હતો અને તે મોગલ બાદશાહોની માનનીય સનંદોથી કબુલ રહેલ છે જેમાં શ્રાવકોની આ ડુંગરની સંપૂર્ણ માલીકી અને કબજાની કબુલત આપવામાં આવી હતી. એટલું તો નિર્વિવાદ છે કે હાલના રાજ્યકર્તા કુટુંબના વડવાઓએ જૈન કોમ સાથે કોલ કરાર કર્યો અને રખોપાનો અવેજ અમુક કામ કરવા બદલનો હતો અને તેવો કાયમ ગણાએલ છે. જ્યારે બ્રીટીશ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરકારે સાર્વભૌમ સત્તા મેળવી ત્યારે તેઓએ મોગલ બાદશાહોના અનુગામી તરીકે ડુંગર સંબધમાં જૈન કોમનું હીત અને ખાસ સ્થીતિ વ્યાજબીરીતે કબુલ રાખી અને ખાસ કરીને બ્રીટીશ પ્રજાનો મોટો ભાગ તે હીત અને સ્થીતિ ભોગવતો હોવાથી તેને અભંગરીતે ટકાવી રાખવાની પોતાની ફરજ સમજી બ્રીટીશ સરકારે તમામ જગ્યોએ એક સરખીજ નીતિ રાખી અને ૧૯૨૦ માં કાઠીયાવાડ એજન્સી સ્થપાયા પછી, દરબાર અને જૈન કોમ વચ્ચેની તમામ તકરારોનું કામ એજન્સી સત્તાએ ચલાવ્યું હતું. અને રખોપાના સંબંધમાં બ્રીટીશ સરકારે કાયમ સ્વીકાર્યું છે કે તેની દરેક બાબત તેમણે ( બ્રી. સરકારે ) નકકી કરી ગોઠવણ કરવાની છે. એટલું તો તદ્દન ખરૂં છે કે જૈન કમીટીએ તેઓના ઘણા પાવત્ર ધર્મસ્થાન સંબંધના બહુ ઇચ્છીત હક્કોનું રક્ષણ કરવામાં બ્રીટીશ સરકારની જરૂરીયાત અને ન્યાય માટે વખતો વખત વ્યાજબી રીતે બ્રીટીશ સરકારને આગ્રહ પૂર્વક અરજો કરી છે.

સરકારની દખલગીરીની જરૂર જણાતાં દરબારના કૃત્યોના દાખલા.

૬૫. શત્રુંજયગિરિ ઉપરના જૈનકોમના હકકો અને ખાસ સ્થીતિનું રક્ષણ કરવામાં બ્રીટીશ સરકારના સંપૂર્ણ ઉત્સાહની પુરતી જરૂર હતી, તે જણાવેલ હકકોનો જુલ્મી અને અયોગ્ય દખલગીરીથી નાશ કરવાના દરબારના સતત પ્રયત્નોના લાંબા ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાશે. દરબારના કૃત્યોના દુઃખદાયક બનાવો કે જેની બ્રીટીશ સરકારને ફરીયાદો કરવામાં આવી હતી તે ફરી ગણાવવા અમારી ઇચ્છા નથી.

૬૬. ૧૮૭૬ માં દરબારે જૈન કોમના માનનીય મુખી અમદાવાદના નગરશેઠ અને જૈન કોમના વ્યવસ્થાપક મંડળના તે વખતના પ્રમુખ નગરશેઠ પ્રેમાભાઇ ઉપર લુંટ ને મદદ કરવાનો આરોપ મુકયો. મુંબઇ સરકારે તે બાબતમાં વચમાં પડી ઠરાવ્યું કે—**" ઠાકોરે મી. પ્રેમાભાઇ સામે કોઇ પણ જાતના વ્યાજબી પુરાવા વગર લુંટફાટને ઉત્તેજન આપવાનો આરોપ મૂકયો છે."** અને તેઓએ પોલીટીકલ એજન્ટના માર્ફત મી. પ્રેમાભાઇ પાસે દીલગીરી બતાવવાનું ઠાકોરને કહ્યું, જેમણે તેમ કર્યું.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬૭. ૧૮૭૬ માં તે વખતના ઠાકોર સાહેબે ડુંગર ઉપર હલકી કોમના લોકોનો મેળો ગોઠવ્યો. બ્રીટીશ સરકારને વચમાં આવવું પડયું અને તપાસ કરી ઠરાવ્યું કે—“ **શત્રુંજય ઉપર ઢેઢ લોકોનો ભરવામાં આવેલ મેળો જે શ્રાવકોને હેરાન કરવાની ખાતર દરબારે નવીન ઉભો કરેલ હતો. આવી વર્તણુક એક બીજા વર્ગના રાજાને અણછાજતી અને શ્રાવકો સાથેના સંબંધના સરકારે કરેલ નિયમોથી વિરૂદ્ધ હતી.** મુંબઇ સરકારે તેઓના ૧૮૭૭ ના હુકમોમાં પક્ષકારોની અરસપરસ લાગણીની હકીકત દોરવી છે.

૬૮. પછીથી ઘણા પ્રસંગો બન્યા કે જેમાં શત્રુંજયગિરિ ઉપર જૈનકોમના સંબંધમાં દરબારના કૃત્ય માટે સરકારને વચમાં પડવાની જરૂર પડી. ૧૯૦૩ ના ફેબ્રુઆરીમાં તે વખતના ઠાકોર સાહેબ અને તેના માણસો બીડી પીતા જોડા સહીત જૈન કોમની ધાર્મિક લાગણી ઉપર ત્રાપ મારીને ગઢની અંદર ટુંકમાંથી ચાલ્યા. બ્રીટીશ સરકારને તરતજ વચમાં પડવું પડયું અને હવેથી તેવું કાર્ય કરતા અટકવા ઠાકોર સાહેબને કહ્યું.

૬૯. જૈન કોમને તેઓ તરફના પાલીતાણા દરબારના વલણ સંબંધની દુઃખદ યાદદાસ્ત તાજી કરવાની ઇચ્છા નથી પણ સરકારની દખલગીરી વ્યાજબી જણાય તેવું કોઇપણ કાર્ય દરબાર વિરૂદ્ધ સાબીત થયું નથી તેમ દરબારે જણાવ્યાથી ભુતકાળની હકીકત અમારે દીલગીરી સાથે જણાવવાની જરૂર પડી હતી.

૭૦. ૧૯૦૮ માં ઠાકોર સાહેબ માનસિંહજીના અવસાનથી તે સાલથી ૧૯૨૦ સુધી બ્રીટીશ એડમીનીસ્ટ્રેશન હતું. આ મુદતમાં સ્વતત્વના અભાવે દરબાર અને જૈનો વચ્ચેની તકરારમાં શાંતિ હતી. હાલના ઠાકોર સાહેબ ૧૯૨૦ માં ગાદી ઉપર આવ્યા પછી વિશેષ ઉત્સાહી અધિકારીઓએ જુની તકરાર ઉભી કરવામાં અને અગાઉનાં વિખવાદમાં બળતામાં ઘી હોમવાનું પોતાથી બની શકે તેટલું કર્યું છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## જૈનો તરફ દરબારનું વલણ બતાવનારા અન્યાયી અને બીન-જરૂરી દખલગીરીના કૃત્યોથી અવિશ્વાસ અને દુશ્મનાવટ થવાનો સંભવ.

૭૧. ૧૯૨૧ના સપ્ટેંબરમાં જ્યારે જૈનો કેટલુંક સમારકામ કરતા હતા અને કુંડો સાફ કરાવતા હતા, ત્યારે મુખ્ય કારભારીએ ગઢની આંતરિક વ્યવસ્થામાં દખલ કરનારા કેટલાક હુકમો કાઢ્યા. ગઢની અંદર આવેલ મહાદેવના નાના દેવાલયના કબજા અને વ્યવસ્થાના સંબંધમાં પણ હુકમો કાઢ્યા. જો કે ૧૮૭૫–૭૭ની તપાસમાં તે દેવળ જૈનોના કાબુમાં ગણાયું હતું. આ બાબતના મુખ્ય કારભારીના હુકમોના શબ્દો તરફજ જોવાનું છે જે ઉપરથી જણાશે કે તેમાં અંકુશ અને સભ્યતાનો કેટલો અભાવ છે. અને એમ સમજાશે કે વર્ત્તમાન સ્થીતિમાં દખલ કરી પહેલાંની અવિશ્વાસ અને દુશ્મનાવટની સ્થીતિ ઉભી કરવાનો નિશ્ચય છે. જૈનો સાથે દરબાર કેવી રીતે વર્તે છે તે (ઉપરની) ઉત્પન્ન કરેલી તકરારોની ટુંક હકીકતથી સ્પષ્ટ થશે.

## ગઢની દીવાલના સમારની તકરાર.

૭૨. સરકારના ૧૮૭૭ના હુકમોમાં કહ્યું છે કે "ગઢની અંદર" ઠાકોરનો પોલીસના કામ સિવાયનો કોઇપણ જાતનો અધિકાર ગણાશે નહીં. તેથી દરબારે એવો અર્થ લીધો છે કે ગઢ કાંઇ જૈનોનો નથી. જો કે સરકારના ૧૮૭૭ના ઠરાવમાં ટાંકેલ મી. કેન્ડી અને મી. પીલના ઠરાવો સ્પષ્ટ બતાવે છે કે–**ગઢની અને તેની અંદરની જમીનની માલીકી જૈનોની છે.** જ્યારે ગઢની અંદર જૈનોની પૂર્ણ સત્તા છે અને ગઢની બહાર પણ આખા ડુંગરમાં તેઓનો એવો હક્ક છે કે શ્રાવકોની ધાર્મિક લાગણી વિરૂદ્ધ તેના કોઇપણ ભાગનો ઉપયોગ ન થઇ શકે, ત્યારે ગઢની દીવાલ જૈનોની નથી તેવી દલીલ કરવી તે કેટલી મુર્ખાઇ ભરેલી ગણાય! અને જૈનોએ દરબારની અગાઉથી મંજુરી લીધા સિવાય ગઢનું કોઇપણ જાતનું સમારકામ ન થઇ શકે તેવો દાવો કરવો તે ગેરવ્યાજબી છે; છતાં હકીકત એવી છે કે તેવો દાવો કરવામાં આવ્યો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે અને તે માટે હજુ આગ્રહ થાય છે, જો કે ગઢમાં શેનો સમાવેશ થાય છે તે માટે કાંઇ શંકા લઇ શકાય તેમ નથી.

મહાદેવનું દેવળ અને મુસલમાનની મસ્જીદ.

૭૩. **સરકારના ૧૮૭૭ ના હુકમોમાં ગઢની હદ સ્પષ્ટ રીતે નક્કી કરી હતી તે હકીકતનો લાભ લેવામાં** આવે છે અને પ્રસંગને બંધ બેસતું થાય તેમ અમુક દેવળ અથવા જગ્યા ગઢની અંદર છે કે નહીં તે દરબારથી જણાવાઇ છે. ઘણા જુના વખતથી ગઢની અંદર મહાદેવનું એક દેવાલય છે જે સંબંધી મી. કેન્ડી સમક્ષના કેસમાં કહેવામાં આવ્યું છે કે **ગઢની અંદર એકંદર જૈનેતર ધર્મના ૧૨ દેવાલયો છે, તેમાં એક મુસલમાનની મસ્જીદ પણ છે.** મી. કેન્ડી આ દેવાલયો સંબંધીની હકીકત સંભાળ પૂર્વક તપાસીને એવા ઠરાવ ઉપર આવ્યા કે **આ દેવળો જૈનોએ બીજી કોમ તરફ ધર્મભાવની મીત્રતા બતાવવા માટે બંધાવ્યાં હતાં અને તેના અસ્તિત્વથી જૈનોના ગઢની અંદરના સંપૂર્ણ સ્વામીત્વને અને માલીકીપણાને કાંઇ પણ અડચણ કર્તા નથી.** મુસલમાનની મસ્જીદના સંબંધમાં તેમણે કહ્યું કે–“ મસ્જીદનું મૂળ ગમે તે હોય તો પણ તે જૈનોનાજ અધિકાર નીચે જણાય છે અને તેના ડુંગર ઉપરના અસ્તિત્વપણાથી શ્રાવકોનું હીત કાંઇ બાધ કરતા નથી.

૭૪. આમ છતાં દરબારે આ મહાદેવના દેવળ અને મુસલમાનની મસ્જીદના સંબંધમાં દખલગીરી કરી છે. કારણો એમ જણાવ્યાં કે મહાદેવનું દેવળ ગઢની અંદર ન હતું. જ્યારે ૧૮૭૭ના કેસમાં અને મુંબઇ સરકારના ઠરાવ સામે સેક્રેટરી ઓફ સ્ટેટને દરબારે કરેલ અપીલમાં ગઢની અંદર તમામ કબજો જૈનોનો છે તેની વિરૂદ્ધના સાધન તરીકે આ દેવળ ગઢની અંદર છે તેમ તેનો આધાર લેવામાં આવ્યો હતો. દરબારે તે વખતે નીચે મુજબ કહ્યું હતું:—“ ગઢની અંદર હિંદુઓના લગભગ ૧૧ દેવળો અને મુસલમાન સાધુની કબર છે તે હકીકત ગઢની અંદરની તમામ જમીનનો કબજો જૈનોનો છે તે વિચારને બાદ કરે છે. ”



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુંડો અને વિશ્રામસ્થાનો. કુંડ સાફ કરવામાં દરબારની મંજુરી લેવાનો આગ્રહ.

૭૫. તેવીજ રીતે ડુંગર ઉપરના કુંડો અને વિશ્રામ સ્થાનોની માલીકી ૧૮૭૭ ના ફેંસલામાં જૈનોની ગણવામાં આવી છે. જુના વખતમાં આ કુંડો સ્વતંત્રતાથી સાફ કરાવાતા. તળાવમાંથી નીકળેલ કાદવ નજદીકની જગ્યામાં નાખવોજ પડે. ૧૯૧૯માં નજદીકની જમીન દરબારની હોવાના બ્હાના નીચે એવો મમત કરવામાં આવ્યો હતો કે તે ઉપર કાદવ ફેંકવાની મંજુરી મેળવવી જોઇએ. બીનજરૂરી તકરાર અટકાવવા રજા માંગવામાં આવી અને મળી. તેવીજ મંજુરી ૧૯૨૧ માં આપવામાં દરબારે એવી અર્થની ભાષા વાપરી કે કુંડ સાફ કરવામાં મંજુરીની જરૂર છે તેમ કુંડોની માલીકી જૈનોની હોવા સંબંધમાં શંકા કરી. જૈન કોમે હુકમના સ્વરૂપ સામે વાંધો ઉઠાવ્યો. કારણ કે તેનો એવો અર્થ નીકળતો હતો કે કુંડો ઉપરના જૈનોના માલીકી હક્ક સામે વાંધો ઉઠાવ્યો ગણાય, અને સ્થીતિ વધારે સ્પષ્ટ કરવા કુંડ ઉપર પાટીયા ચોડવામાં આવ્યા. જેને પરીણામે લાંબો કનડગતવાળો પત્રવ્યવહાર ચાલ્યો, દરબારે બળાત્કારે કુંડ ઉપર ચોડેલ પાટીયા ઉખેડી નાંખી કુંડ ઉપર રહેતા જૈનોના નોકરોને પકડી, કેસ ચલાવી શિક્ષા કરી. ગઢની અંદરના તળાવોના પણ ઉપયોગમાં સ્વચ્છતા રાખવા સુચના કરતાં પાટીયા બળાત્કારે ઉખેડી નાખવાની હદ સુધી દરબાર આગળ વધ્યા. આ અયોગ્ય દખલગીરીના વધારામાં દરબારે તે પાટીયાં ખસેડવાનો ખર્ચ ભરી દેવા જૈનોને હુકમ કર્યો, અને તે વસુલ કરવાને મંદિરનું વાસણ જપ્ત કરી જાહેર હરરાજીથી વેચી નાખ્યું.

કુંડમાં પાણી દેતા ધોરીયા.

૭૬. કુંડમાં ઘણા કુદરતી રસ્તાઓથી પાણી આવે છે અને કુદરતી ધોરીયા કે જેનાથી કુંડને પોષણ મળે છે તેને પણ સુધરાવવાની જૈનોને મના કરે છે.

૭૭. ઉપર વર્ણવેલ દરબારના તાજેતરના કૃત્યો અને વલણ દરબારને લાંછન લગાડે તેવાં છે. તે દરબારની અરજીમાં તેમના એક



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ કૃત્યનો દાખલો ટાંકી શકાય તેમ નથી. તેવો કરેલ દાવો તદ્દન નાપાયાદાર હોવાનું બતાવે છે.

૭૮. મુંબઈ સરકાર અને સેક્રેટરી ઓફ સ્ટેટે આવાં કામોને અંગે જૈનોની અરજ ઉપરથી વચમાં પડવા ના પાડી તેમ કહેવાથી કાંઇ આ કૃત્યો માટે જવાબદારીમાંથી છૂટી શકાતું નથી. તે અધિકારીઓએ ફરીયાદના ગુણ ધ્યાનમાં લીધા વગર બ્રીટીશ સરકારને અપીલ કરતાં પહેલાં પ્રથમ દરબારની કોર્ટમાં જવાનું કહ્યું. આ હુકમો સ્થીતિના ખોટા ખ્યાલથી કરવામાં આવ્યા હતા કે જે (ખ્યાલ) દુર કરવાને જૈનો પગલાં લે છે; પરંતુ આ હુકમોને વળગીને એમ સાબીત થઇ શકતું નથી કે આ કૃત્યો રાજ્યને લાંછનકર્તા નથી; તેમજ રજુ ન થઈ શકે તેવી દલીલને કાંઇ આધાર આપતી નથી.

૭૯. ઉપર જણાવેલ કૃત્યોનો તમામ હેવાલ જૈનો તરફ દરબારનું વલણ કેટલું ત્રાસદાયક અને દુશ્મનાવટ ભરેલું છે તે સ્પષ્ટ બતાવે છે. ઉપરની હકીકત છતાં ધોરણસર અને ન્યાયી રસ્તા અને રીતો તરફ ચાહ હોવાની મગરૂરી લેવી તે ખરેખર આશ્ચર્યજનક છે.

### દરબાર સાથે મૈત્રીભાવની જૈનોની ઇચ્છા; પરંતુ તેઓના હક્કો સાબુત રહેવા જોઇએ.

૮૦. દરબારના અગાઉના કૃત્યો અને હાલના વલણની યાદદાસ્ત દેવાની જરૂર નથી. તેમ દરબાર તરફ અમોને કાંઇ વૈરભાવ પણ નથી. કોઈ પણ રીતે દરબારની આબરૂ અને દરજ્જાને ખલેલ પહોંચાડવા તેમ તેમની વ્યાજબી સત્તા ઉપર અંકુશ મુકાવવા અમે ઇચ્છતા નથી, પણ અમારો મક્કમપણે આગ્રહ છે કે પરાપૂર્વથી ચાલ્યા આવતા અને દર વખતે માન્ય રહેલ અમારા હક્કો રહેવા અને કાંઇ પણ ભંગ થયા વિના બ્રીટીશ સરકારથી રક્ષાવા જોઇએ, અને તેટલા સારૂ અમો ઇચ્છીએ છીએ કે દરબાર અને જૈનો વચ્ચે રહેલ ખાસ સંબંધ સંતોષકારક રીતે ચલાવવાને માટે બ્રીટીશ સરકારે તેની વ્યવસ્થા કરવી જોઇએ. તે પહેલાંની ચાલુ રહેલ પ્રથા અમલમાં રહેવી જોઇએ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮૧ આ ખાસ બાબતમાં રખોપાનો અવેજ તેનો દર અને રીત પક્ષકારો વચ્ચેના બ્રીટીશ સરકારથી મંજુર રહેલ કોલ કરારથી અથવા બ્રીટીશ સરકારના સીદ્ધા હુકમથી અત્યાર સુધી નક્કી થયેલ છે.

રખોપાના અવેજની વ્યવસ્થા બ્રીટીશ સરકારથી કાયમ થયેલ છે.

૮૨. ૧૮૨૦ પછીથી જ્યારે એજન્સીની સ્થાપના થવાથી બ્રીટીશ સરકારની દરમીયાનગીરીથો પક્ષકારો વચ્ચે કોલ કરાર કરવામાં આવ્યા ત્યારે આ બાબત બ્રીટીશ સરકારે પોતાના હાથમાં રાખી હતી અને વસુલાતી વહીવટની આંતર બાબત તરીકે કદી પણ ગણવા દેવામાં આવી નહતી. જ્યારે કેટલાક કારણોને લીધે યાત્રીઓની ગણત્રી અને યાત્રાળુ દીઠ અમુક લેવાનું દાખલ કરવામાં આવ્યું હતું ત્યારે પણ આવી ગણત્રી અને રખોપાના અવેજની વસુલાત દરબારને કદી પણ કરવા દેવામાં આવી નહોતી. આ બધી વ્યવસ્થા એજન્સીના તાબામાં અને સીધી દેખરેખ નીચે કરવામાં આવી હતી અને એજન્સી નોકર વર્ગનો પગાર વસુલાતમાંથી લઈ બાકી રહે તે દરબારને આપતી.

૮૩. બ્રીટીશ સરકારને ત્યારે ખાત્રી થઇ કે યાત્રી દીઠ લેવાણ કરવાની રીતથી યાત્રાળુઓને બહુજ અગવડતા અને કનડગત થાય છે, અને બંને પક્ષો વચ્ચે તકરાર થવાના કાયમ એવા પ્રસંગો આવે છે કે એક બીજા પક્ષો તરફ આક્ષેપો કરવા મંડે છે, ત્યારે ઉધડ વાર્ષીક રકમ નક્કી કરીને કોલ કરાર કરવાની બંને પક્ષોને ફરજ પાડી. ૧૮૨૦ માં રૂા ૪૦૦૦) ની રકમ ઠરાવવામાં આવી હતી. ૧૮૬૩ માં રૂા ૧૦૦૦૦) ને ૧૮૮૬ માં તેના રૂા ૧૫૦૦૦) ૪૦ વર્ષ માટે ઠરાવવામાં આવ્યા. ૧૮૮૧ માં જે એજન્સીએ યાત્રાળુઓ પાસેથી સીધા લેવાણ કરવાની ગોઠવણ કરી હતી તે અસાધારણ સંયોગોને લઇને હતું જે ૧૮૮૬ ના કોલ કરારથી રદ થયેલ છે.

૧૮૮૬ ના કોલ કરારથી કાયમની ગોઠવણ કરવામાં આવેલ તેમાં
દરબારના હાલના દાવાનો સમાવેશ થઇ શકતો નથી.

૮૪. ૧૮૮૬ ના કરારની સરતો ઉપરથી એટલું સ્પષ્ટ જોઇ શકાય છે કે તેથી ( કરારથી ) દરબાર અને જૈનો વચ્ચે રખોપાના અવેજની કાયમી ગોઠવણ કરવાનો બ્રીટીશ સરકારનો ઈરાદો હતો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલું તો નિ:શંક નક્કી થયું છે કે હવે પછી કાયમને માટે અવેજ ઉધડ વાર્ષીક રકમમાં હોવો જોઇએ અને કરાર પ્રમાણે ૪૦ વર્ષને માટે જે રકમ નકકી કરવામાં આવી હતી તેમાં કાંઇ પણ ફેરફાર કરવાની કોઇ પણ પક્ષની અરજ સરકાર સાંભળી શકે, સ્થાપીત ધોરણમાં કાંઇ પણ ફેરફાર કરી સ્ટેટ પોતે યાત્રી દીઠ વેરો ઉઘરાવી શકે અને સરકારની દરમીયાનગીરી બંધ કરી સરકારની મંજુરી વિના ભવિષ્યમાં રખોપાની ગોઠવણ દરબારના હાથમાં મુકવામાં આવે તેવી રજા આપવાનો સરકારનો ઇરાદો કે કરારની સરતમાં જરા પણ નથી.

દરબારને ઉપજમાં નુકશાની થાય છે તે દલીલ તોડવામાં આવી.
રખોપાના અવેજને જુદા સ્વરૂપમાં બતાવેલ તે કર
નથી પણ કામગીરીનો બદલો છે.

૮૫. દરબાર એવી દલીલ કરે છે કે ૧૮૮૬ ના કરારની ૪૦ વર્ષની મુદત દરમીયાન દરબારને ઘણીજ નુકશાની થઇ છે અને હવે તે કરાર મુજબ મુદત પુરી થાય છે દરબારને સુચવ્યા પ્રમાણેના દરથી યાત્રી દીઠ લેવાણ કરવાની છૂટ મળવી જોઇએ. આ દલીલના આધારમાં એમ કહેવામાં આવ્યું છે કે હાલના વર્ષોમાં યાત્રાળુઓની સંખ્યામાં ઘણો વધારો થયો છે.

અમારે જણાવવાનું કે દરબારની આ દલીલ રખોપાના અવેજનો હેતુ અને સ્વરૂપના ખોટા ભાવાર્થ ઉપર છે. ઉપર કહ્યા મુજબ આ કાંઇ સામાન્ય રીતનો ઉપજ માટેનો કર નથી. કોલકરારના પરીણામે જૈનોએ પૈસા આપવા શરૂ કર્યા કે જે મુજબ તે અવેજના બદલામાં દરબારે યાત્રાળુઓના જાનમાલનું રક્ષણ કરવાનું માથે લીધું. અને આવો કોલકરારનો સંબંધ વખતોવખત તાજો કરવામાં આવ્યો હતો.

રક્ષણનો ખર્ચ દરબારને વધવાને બદલે ઘટયો છે.

૮૬. કોલકરારનો સંબંધ અને તેનાથી આવતી જવાબદારી એટલી પણ હતી કે યાત્રાળુઓને કાંઇ પણ નુકશાન થાય તો તે ભરી આપવાનો દરબાર ઉપર બોજો હતો અને ઘણે પ્રસંગે આવી નુકશાની દરબારે ભરી આપી હતી. ૧૮૭૪માં એક જાત્રાળુનો રૂા. ૪૩૦૦ની કિંમતનો માલ ગુમ થવાથી એજન્સી માર્ફત તપાસ થયા બાદ ૧૮૭૬માં તે રકમ દરબારે ભરી હતી. આ રૂા. ૧૦૦૦૦)ની



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાર્ષીક રકમ નક્કી કરતા કર્નલ કીટીંજના ૧૮૬૩ના હુકમો પછી બન્યું હતું. આ અવેજના પ્રમાણનો સંબંધ યાત્રાળુઓના જાન માલનું રક્ષણ કરવાના કામના પ્રમાણ સાથે છે. અને ઉપજ માટેના એક કરના સાધનરૂપ કદી ગણવામાં આવેલ નથી. જો કે યાત્રાળુઓની સંખ્યા વધી છે પણ તેથી કાંઇ તેના રક્ષણ માટેના ખર્ચમાં કાંઇ વધારો થયો નથી. ઉલટું શાંતિનો જમાનો, સાર્વભોમ સત્તા તરફથી થતું સંપૂર્ણ રક્ષણ, રેલવેની સગવડતાથી પગ અને ગાડીની મુસાફરીની બીનજરૂરીયાત વિગેરે જોતાં દરબારને ખર્ચમાં વધારાને બદલે ઘટાડો થયો છે. યાત્રાળુઓ પાલીતાણા સ્ટેશને ઉતરે ત્યાં સુધી દરબારને રક્ષણનું કાંઇ કામ આવતું નથી. અને ડુંગર ઉપર ચડવું શરૂ કરે તે ક્ષણથી તેઓનું ધ્યાન શેઠ આણંદજી કલ્યાણજીના નોકરો તરફથી રાખવામાં આવે છે.

૮૭. સેક્રટરી ઓફ સ્ટેટથી બહાલ રહેલ મુંબઇ સરકારનાં ૧૮૭૭ના હુકમો મુજબ દરબારને ગઢમાં, ડુંગર ઉપર અથવા ડુંગર ઉપર ગઢ સુધી જતા રસ્તાની આજુ બાજુ ૫૦૦ વાર સુધીમાં કોઇ પણ ઠેકાણે કાયમી પોલીસચોકી રાખવાની મના થયેલ છે. યાત્રાળુ ડુંગર ઉપર ચડાવા મંડે ત્યારથી અને ડુંગર ઉપર હોય ત્યાં સુધીના તેઓના રક્ષણ માટે આણંદજી કલ્યાણજીને ઘણો ખર્ચ કરવો પડે છે. તથી યાત્રાળુઓ સ્ટેશને ઉતરે ત્યારથી ડુંગર ઉપર ચડે ત્યાં સુધીજ યાત્રાળુઓના રક્ષણનું ધ્યાન રાખવાનું ફકત દરબારને માથે આવે તેમ ગણી શકાય. કદાચ જો કાંઈ પણ ખર્ચ તે માટે કરવામાં આવતો હોય તો તે નામનોજ હોવો જોઇએ. અને દરબારને મળતી રકમ જેટલો ન હોઇ શકે; કારણ કે એટલું ધ્યાનમાં લેવા જેવું છે કે આખા સ્ટેટના પોલીસોનો ખર્ચ રૂ. ૧૫૦૦૦) ઘણે ભાગે નહીં હોય.

૮૮. ૧૮૮૬માં નક્કી કરેલ રૂા. ૧૫૦૦૦)ની રકમ ડુંગર ઉપર આવતા યાત્રાળુઓની સંખ્યા ઉપર નક્કી થયેલ છે એવી ખોટી ધારણા કરી શકાય નહીં. તેમ ૧૮૨૧ની ઉધડ રકમ રૂા. ૪૦૦૦) અને ૧૮૬૩ની રૂા. ૧૦૦૦૦) પણ યાત્રાળુઓની સંખ્યા ઉપર હતી નહીં.

હાલમાં અપાતી રૂા. ૧૫૦૦૦ની રકમ કર્નલ વોટસને વધારે પડતી ગણી હતી અને તેણે ધાર્યું કે તે વધારવી ન જોઇએ.

૮૯. પહેલાના કરારો અને હુકમોથી નક્કી રકમ ઠરાવવામાં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગમે તે હકીકત ધ્યાનમાં લેવાણી હોય, પણ મુખ્ય બાબત એ છે કે ૧૮૮૬ના કરારે અગાઉની બધી ગોઠવણ રદ કરીને રખોપાના અવેજ સંબંધમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ છેવટ નક્કી કર્યો તે પછી કાયમ ઉધડ વાર્ષિક રકમ હોવી જોઇએ અને આવી રીતે નક્કી થયેલ રકમનો ફેરફાર બ્રીટીશ સરકારના મરજીથી થવો જોઇએ. એ કર્નલ વોટસનના કાગળ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેમણે દરબારને મળતા રૂા. ૧૫૦૦૦) ને સારી રકમ ગણી હતી અને ધાર્યું કે બ્રીટીશ સરકાર દરબારને તથી કાંઇ વધારે લેવા દેવા નહીં ઇચ્છે.

દરબારનો યાત્રાળુઓ પાસેથી ગણત્રી ઉપર સીધા લેવાણથી વિશ્વાસ ભંગ અને કનડગતનું મુળ થશે.

૯૦. ૧૮૮૬ પછી જૈનોએ વ્યાજબીસર માન્યું છે કે યાત્રાળુઓ પાસેથી સીધું લેવાણ દરબાર તરફથી કદી પણ કરવામાં નહીં આવે, પણ દરબારને આણંદજી કલ્યાણજી તરફથી વાર્ષીક ઉધડ રકમ આપવામાં આવશે. યાત્રાળુઓ પાસેના સીધા લેવાણથી તેની ગણત્રીથી થતી અગવડતા અને કનડગતનો ભય નહીં રહેવાના ભરોસાથી સંખ્યાબંધ જૈનો આ પવિત્ર ડુંગરે જવા ટેવાયા છે અને અમારે જણાવવું જોઇએ કે દરબારની અરજ મુજબ યાત્રાળુઓ પાસેથી સીધ્ધું માથા દીઠ લેવાણ કરવા દેવાથી આ સમજણ અને વિશ્વાસનો ભંગ થશે.

આડકતરી રીતે થતા દરબારને ફાયદા.

૯૧. એટલું યાદ રાખવું જોઈએ કે પાલીતાણામાં જૈન યાત્રાળુઓના આવવાથી દરબારને આડકતરી રીતે ઘણા ફાયદા મળે છે. યાત્રાળુઓ પાસેથી લેવાતી જગાતથી રાજ્યધણીને ઉપજ આવે છે ઉપરાંત યાત્રાળુઓના ઉપયોગ માટે આયાત થતી ચીજો ઉપરની જગાતથી પણ ઉપજ મળે છે. દર વરસે પુષ્કળ યાત્રાળુ આવવાથી પાલીતાણાના વતની ઘણો વેપાર કરી શકે છે.

દરબારની દરખાસ્ત ગરીબ યાત્રાળુઓ ઉપર ત્રાસકર્તા થશે.

૯૨. દરબારની એવી સૂચના છે–દરબારના યાત્રાળુઓ પાસેથી સીધા લેવાણથી એ થશે કે જે ઉધરાતનું કામ અત્યારે આણંદજી કલ્યાણજી કરે છે તે હવે પછી તેમને બદલે દરબાર



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરશે. પરંતુ હાલની વસ્તુસ્થીતિથી તે હકીકત ખોટી છે. આણંદજી કલ્યાણજી કોઇ પાસેથી ફરજીયાત લેવાણુ કરતા નથી. અને આવી વસુલાત કરવા માટે ગણત્રીની કે પાસોની કાંઈ રીત નથી. આણંદજી કલ્યાણજીને પોતાના ભંડોળમાંથી વરસે રૂ.૧૫૦૦૦) આપવાના હોય છે, અને ભંડોળ બરોબર રાખવા માટે યાત્રાળુઓને તે ફંડમાં ઇચ્છા મુજબ ભરવાનું કહેવામાં આવે છે. આવી રકમ કાંઇ આપવી કે નહીં તે પુરતી રીતે યાત્રાળુઓની ઇચ્છા ઉપર છે અને તેથી તેઓને સ્વતંત્રતાથી હરવા ફરવામાં કાંઇ બાદ આવતો નથી. હાલની રીત પ્રમાણે ઓછા સાધનવાળા માણસો યાત્રા કરી શકે છે, જ્યારે માગેલ રીતમાં તો દરેક યાત્રાળુને શક્તિ હોય કે ન હોય પરંતુ દરબારને પૈસા ભરવાની સગવડતા કરવીજ પડશે. જેને પરિણામે સંખ્યાબંધ શ્રદ્ધાળુ જૈનો ડુંગર ઉપરના પવિત્ર દેવાલયોના દર્શનનો લાભ લેતા અટકી જશે.

દરબારનો હાલનો દાવો ટકી શકે તેવો નથી

૯૩. અમો જણાવીએ છીએ કે ઉપરની હકીકત અને દલીલોથી અમે સ્પષ્ટ કર્યું છે કે હવે પછી યાત્રાળુઓ પાસેથી સીદ્ધા રૂ. ૨) પ્રમાણે લેવાની અને સરકારની કાંઈ પણ દખલ વગર તે ઉપજ માટેની આંતરબાબત હોય તેમ લેવાણુની રકમ અને રીત નક્કી કરવાની રજા આપવા સંબંધીની દરબારની અરજ ટકી શકે તેમ નથી.

દરબાર ઉપરથી ભાર ઓછો થયો છે.

૯૪. વિશેષમાં એટલું દેખીતું છે કે આ અવેજ ઉત્પત્તિ, પ્રકાર અને ઇતિહાસ જોતાં શત્રુંજય ઉપર આવતા યાત્રાળુઓના રક્ષણના કામ માટેનો બદલો છે. અને તેના પ્રમાણનો સંબંધ આ બાબતમાં જૈનો સાથે થયેલ કોલકરાર પ્રમાણેના કામના બોજા સાથે છે. એટલું તો નિર્વિવાદ છે કે ૧૮૮૬થી મુસાફરીની સગવડતા અને શાંતિયુકત સંજોગો એટલા બધા બદલાઇ ગયા છે કે યાત્રાળુઓના રક્ષણનો બોજો ઘણો ઓછો થઇ ગયો છે.

ન્યાયથી જોતાં રકમમાં ઘટાડો થવો જોઇયે. હવે જે ઉધડ રકમ ઠરાવવામાં આવે તે કાયમી થવી જોઇયે.

૯૫. ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં જણાશે કે આ રકમ કે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે વધારે પડતી છે તેમાં વધારો કરવાની કાંઇ માગણી નથી. અને ન્યાય પુરઃસર ઉલટી ઘટવી જોઈએ. જેથી અમો વિનંતી કરીએ છીએ કે તેવી ઘટાડેલી રકમ આપને વ્યાજબી લાગ્યા મુજબ આપ નક્કી કરવા મહેરબાની કરશો. અને વિનંતી છે કે હવે જે દરબારને આપવાની ઉચ્ચક રકમ નક્કી કરવામાં આવે તે કાયમને માટેની થવી જોઇએ. આ રસ્તાથી ભવિષ્યમાં તકરારો થતી અટકશે અને પક્ષકારો વચ્ચે સંપ કરાવશે.

૯૬. દરબારની અરજના બધા મુદ્દા અને દલીલો અમોએ ચર્ચી છે અને અમારી તરફની હકીકત અને દલીલો મુકેલ છે; છતાં બધી આશા રાખવી નકામી છે અને આપને અમે નહીં ધાર્યા હોય તેવા કેટલાક વિચારો અને દ્રષ્ટિબીંદુઓ અગત્યના જણાય જેથી અમે ઇચ્છીએ છીએ કે આપ નામદાર પક્ષકારોને સાંભળશો જેથી આપ નામદારના મનની શંકાનું સમાધાન કરી શકીએ અને જરૂરના મુદ્દાની ચોખ કરી શકીએ.

૯૭. છેવટે વફાદાર અને શાંતિપ્રિય સંખ્યાબંધ બ્રીટીશ પ્રજાનો સમાવેશ કરતી જૈન કોમવતી અમારી વિનંતી છે કે અમારી અરજ ધ્યાન અને દયાની દ્રષ્ટિથી વિચારશો અને અરજ કરીએ છીએ કે બ્રીટીશ સરકારના પ્રતિનીધિ તરીકે આપ નામદાર તરફથી તેઓના હક્કો અને હિતને સંપૂર્ણ રક્ષણ મળશે.

આ મહેરબાની અને ન્યાય માટે આપનો ઘણો આભાર માનશું.

મુત્સદ્દો કર્તા,
**સર ચીમનલાલ એચ. સેતલવાડ**
કે. સી. આઇ. ઇ.
નાઇટ બી. એ. એલ. એલ. ડી.
એડવોકેટ હાઇકોર્ટ
મુંબઇ

અમે છીએ
સાહેબ
આપના આજ્ઞાંકિત સેવકો
**સહી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ**
**સહી માણેકલાલ મનસુખભાઇ**
**સહી સારાભાઇ ડાહ્યાભાઇ**
શેઠ આણંદજી કલ્યાણજીના
કાર્યવાહક પ્રતિનિધિ
અમદાવાદ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રજુઆત—

જૈનોની જાગૃતિને જળસિંચન કરવા ના. એજંટ મી. વોટસન સાહેબે બન્ને પક્ષોને તા. ૨૧ મી મે, ના રોજ આબુ કેમ્પ ઉપર હાજર થવા ફરમાન કાઢયું. જૈનોને આ ફરમાન પાલીતાણા સ્ટેટ માર્ફત મોકલીને તેમણે પાછા સીધા વહેવારને ઝોક ખવરાવ્યો હતો છતાં આવી જીણી વાત જૈનોએ જતી કરી.

તા. ૨૧ મીએ આબુ ઉપર રજુઆત થઇ જેમાં ઠાકોર સાહેબના વકીલે મુળ અરજીના મુદ્દાઓ ઉપર ટુંકમાં વિવેચન કરતાં ૧૮૮૬ ના કરારની ત્રીજી કલમથી દરબારશ્રીનો કર નાખવાનો હક્ક ડુબી જતો નથી. તેમ જણાવી તે માટે પોતાની સર્વોપરી સત્તા સ્થાપીત ગણવા અરજ કરી તથા ભાવનગર રેલવે માર્ફત શીહોર પાલીતાણા રેલવેની ટીકીટોના વેચાણનું પત્રક નવું દાખલ કરી તે ઉપરથી ૮૦૦૦૦ યાત્રીકોનાં આંક કાઢી બતાવ્યો અને છેવટે જણાવ્યું કે એ બધું ગમે તેમ હોય; છતાં પાલીતાણાના ઠાકોરને બ્રીટીશ સરકાર રાજા તરીકે સ્વીકારે છે જ્યારે જૈનો તેમને રાજા તરીકે ન સ્વીકારે તો તેમાં બ્રીટીશ સરકારનું અપમાન છે. માટે ઠાકોર સાહેબને સર્વોપરી સત્તા મળવી જોઇએ. તેમ જણાવી છેવટની સત્તા સાર્વભૌમ સરકાર પાસે રહેવાના ધોરણને સંમત્તિ આપી.

જૈનો તરફથી ધારાશાસ્ત્રીયે જવાબમાં જુના પુરાવા તથા બ્રીટીશ દરમ્યાનગીરીમાં થયેલા હુકમો રજુ કરીને જણાવ્યું કે—

આ કરાર કંઇ રાજ્યની આંતરીક બાબતને લગતો નહોતો; પરંતુ પાલીતાણા દરબાર અને બ્રીટીશ પ્રજાના બહોળા સમૂહના પવિત્ર સ્થળને લગતો હતો. મુદ્દે પરરાજ્યમાં વસ્તી બ્રીટીશ પ્રજાને અંગે પણ જો આવી પરિસ્થીતિ ઉભી થઇ હતે તો તેવા પ્રસંગે પણ દેશ પરદેશના કાયદાની રૂએ બ્રીટીશ સરકારે પોતાના પ્રજાજનોના લાભ સાચવવાને પોતાની ફરજ વિચારી હતે.

પાલીતાણા દરબારને રાજ્યનો કબજો મળ્યો તે પહેલાં સૈકાઓથી શત્રુંજય માટે જૈનોયે સ્થાપીત હક્કો મેળવેલા છે. એટલે રાજ્યમાં દરબારને ગમે તેવા હક્ક હોય છતાં શત્રુંજયને અંગે તો દરબારનો હક્ક મર્યાદિત છે. ના. વોટસને સ્ટેટનો અધિકાર મર્યા-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિત હોવાનો અભિપ્રાય આપ્યો હતો તથા સને ૧૮૭૭ ના માર્ચની ૧૬ મી તારીખના ઠરાવમાં મુંબઈ સરકાર જણાવે છે કે–દરબારને પોતાના રાજ્યના બીજા ભાગમાં જેવી રીતે વચ્ચે પડવાનો હક્ક છે તેમ આ વિષયમાં વચ્ચે પડી શકે નહિ, જ્યારથી રાજ્યસ્થાનમાં બ્રીટીશ એજન્સીની સ્થાપના કરવામાં આવી છે, ત્યારથી ડુંગરને અંગે દરબારને મરજીમાં આવે તેમ કર નાખવાનો કે વસુલ કરવાનો હક્ક બ્રીટીશ સરકારે કદી પણ બહાલ રાખ્યો નથી. તેમજ સને ૧૮૬૭ માં કર્નલ કીટીંજે કબુલ કર્યું છે કે આ બાબત દરબારની સત્તા મર્યાદિત હતી.

જ્યારે રેલવેઓ નહોતી અને ચોર–લૂંટારાઓનો ભય હતો ત્યારે (અશાંતિના સમયમાં) દરબાર રક્ષણ કરતા હતા, તેના બદલામાં આ ભરણું જૈનોએ મુળમાં સ્વીકાર્યું હતું. પરંતુ હવે રેલવેની સગવડ થતાં તે મામલામાં ઘણો સુધારો થયો છે એટલુંજ નહિ પણ હજારો યાત્રાળુઓનો અવરજવર થવાથી દરબારને આડ-કતરી રીતે ઘણા લાભ થયા છે તે જો જાત્રાળુ યાત્રાર્થે જતા બંધ થાય તો પાલીતાણાની અગત્યતા ભાંગી પડે.

યાત્રિકોની સંખ્યા વધવાનું કારણ રજુ કર્યું છે; પરંતુ તેના અંગે ઠાકોરને ખર્ચ વધ્યો છે તેમ પુરવાર કરવામાં આવે નહિ ત્યાંસુધી રકમમાં વધારો કરવાની દલીલ નભી શકતી નથી.

કરારની મુદત માટે એજંટ સા. પ્રશ્ન કરતાં ઠાકોર સા. ના ધારાશાસ્ત્રીએ ટુંકી મુદત માગી ત્યારે જૈનોના ધારાશાસ્ત્રીએ તે કાયમી અથવા દીર્ઘકાળની ઠરાવવા કહ્યું. કેમકે જો તે ફક્ત ૫–૧૦ વર્ષ રાખશો તો જે ઉદ્દેશથી આટલા વર્ષો સુધી આ મુદ્દાને ના. સરકારે વ્યવસ્થિત કર્યો હતો તે ઉદ્દેશ ઉપર પાણી ફરી જશે અને તેના પરીણામે દરબાર તથા જૈનો વચ્ચે વધારે ને વધારે ઘર્ષણ અને ઝગડા ઉભા થશે.

ઉપરની રજુઆત થવા પછી ઓન. મી. વોટસને આબુ ઉપરથી તા. ૧૨–૭–૧૯૨૬ ના રોજ નીચેનો ઠરાવ લખીને ઠરેલે પેટે વિલાયત તરફ વિદાય લીધી છે. જ્યારે એ કાગળો રાજકોટ નોંધાઇને તા. ૧૫ મી એ પાલીતાણાના ઠાકોર સાહેબ માર્ફત પેઢીને મળ્યા. તેમાં જણાવ્યું છે કે—



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## એ. મી. વોટસનનો ઠરાવ.

નં. પી. ૫૯/૧૯૨૬.

રાજકોટ તા. ૧૨ જુલાઇ, ૧૯૨૬

૧૮૮૬ ના કરારની કલમ ૩ મુજબ નામદાર બ્રીટીશ સરકારના પ્રતિનીધિ તરીકે માનવંતા એજંટ–ટુ–ધી ગવર્નર જનરલને પાલીતાણાના દરબાર તરફથી કરવામાં આવેલી તા. ૧૪ મી સપ્ટેંબર, ૧૯૨૫ ની નં. ૬૩૭ ની અરજ વાંચવામાં આવી, જેમાં એવી માગણી કરવામાં આવી છે કે તે કલમમાં જણાવેલ ઉધડ વાર્ષીક રકમને બદલે પક્ષકારો વચ્ચે કોલકરાર થયા પહેલાં મુંડકાવેરાનો જે રીવાજ હતો તે ચાલુ કરવા દેવો, અને તેની વસુલાત એજન્સી માર્ફત નહિ કરતાં પોતાના અધિકારીઓ માર્ફત કરવા દેવાની મંજુરી આપવી. વિગેરે વિગેરે.

શેઠ આણંદજી કલ્યાણજીના કાર્યવાહક પ્રતિનીધિઓ તરફનો તા. ૨૩ મી એપ્રીલ, ૧૯૨૬ નો પ્રત્યુત્તર વાંચવામાં આવ્યો.

તેઓના વકીલો માર્ફત પક્ષકારોની રજુઆત કરવામાં આવી અને કેસના કાગળો પણ વાંચવામાં આવ્યા.

**હુકમઃ**— ૧૮૮૬ માં મુંબઇ સરકાર તરફથી તેમના સ્થાનિક પ્રતિનીધિ માર્ફત અપાયેલ સલાહ મુજબ પાલીતાણાના ઠાકોર સાહેબે શત્રુંજય ઉપરના દેવાલયોના દર્શને પાલીતાણા આવતા યાત્રીઓ પાસેથી લેવાતા મુંડકાવેરાનો પોતાનો હક્ક ૪૦ વર્ષની મુદત માટે વાર્ષીક રૂા. ૧૫૦૦૦) ની ઉધડ રકમને સાટે અદલ બદલ કરવાનો કરાર જૈન કોમનું પ્રતિનીધિત્વ ધરાવતી આણંદજી કલ્યાણજીની પેઢી સાથે કર્યો.

૧૮૮૬ પહેલાનાં ચાર વર્ષો દરમ્યાન કાઠીયાવાડના પોલીટીકલ એજન્ટ તરફથી રોકવામાં આવેલ ખાતા માર્ફત બહારના યાત્રી દીઠ રૂા. ૨) અને પાલીતાણાની શ્રાવક વસ્તી પાસેથી વાર્ષીક રૂા. ૫) પાંચ મુજબ યાત્રાવેરો લેવામાં આવ્યો હતો. કાઠીયાવાડના પોલીટીકલ એજંટ કર્નલ કીટીંજે–કે જેના તરફથી ૧૮૬૩માં યાત્રીઓ ઉપરના વેરાનો દરબારનો હક્ક અને તેના લેવાણના દર



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાબત બહુજ બારીક તપાસ કરવામાં આવી હતી, તેમણે ઉપરનો દર વ્યાજબી રીતે નક્કી કર્યો હતો. ૧૮૮૬ નો કરાર ૧૯૨૬ ના એપ્રીલ માસની ૧ લી તારીખે પુરો થાય છે અને તે ઉપરથી આ મુકર્દમો ઉપસ્થીત થયેલ છે.

### કરારની સરતો નીચે મુજબ છે:—

"વાર્ષીક રૂા. ૧૫૦૦૦) ની ઉચક રકમ પાલીતાણા ઠાકોર સાહેબ લેવાને અને જૈન કોમ ભરવાને કબુલ થાય છે."

"૧–પાલીતાણાના દરબારને આપવાની વાર્ષીક રકમના બદલામાં કોઇપણ જાતનો બીજો યાત્રાવેરો જૈનો પાસેથી નહીં લેવાનું પાલીતાણા દરબાર કબુલ કરે છે. આ રૂા. ૧૫૦૦૦) ભરવાની મુદત ક્રમાનુયાયી વર્ષની ૧લી એપ્રીલે થશે, અને તેમાં પોલીસ રક્ષણ, મલણું વિગેરેનો સમાવેશ થાય છે"

"૨–ઠાકોર સાહેબ સંમત્તિ આપે છે અને જૈન કોમ કબુલ થાય છે કે આ વ્યવસ્થા ૧૮૮૬ ના એપ્રીલની ૧લી તારીખથી ૪૦ વર્ષ સુધી અમલમાં રહેશે."

"૩–ચાલીશ વર્ષની મુદત પુરી થયે કરારનામાની પહેલી કલમમાં જણાવેલ ઉધડ વાર્ષીક રકમમાં ફેરફાર કરાવવાની કોઇપણ પક્ષને છુટ છે. બન્ને પક્ષોની દલીલો ધ્યાનમાં લીધા પછી આવો ફેરફાર મંજુર રાખવો કે નહીં તે બ્રીટીશ સરકારની ઇચ્છા ઉપર રહેશે."

૨—કરારની ત્રીજી કલમ મુજબ બ્રીટીશ સરકારના પ્રતિનીધિ તરીકે મને પાલીતાણા દરબારે લેખિત અરજ કરેલ છે, જેમાં માગણી કરવામાં આવી છે કે–' તે પારિગ્રાફમાં જણાવેલ ઉધડ વાર્ષીક રકમનો ફેરફાર એવો થવો જોઇએ કે પક્ષકારો વચ્ચે કોલકરાર થયા પહેલાં મુંડકાવેરાની જે પદ્ધત્તિ ચાલતી હતી તે ચાલુ કરવા દેવા, અને વેરાનું લેવાણુ એજન્સીના નોકરોદ્વારા નહિ, પરંતુ પોતાના અધિકારીઓ માર્ફતજ થવું જોઇએ.' તેના લખાણમાં દરબારે તેથી પણ આગળ વધીને ' તે દસ્તાવેજ દબાણથી કરાવવામાં આવ્યો હતો, અને તેમના પિતાના વારસ તરીકે તે પોતાને બંધનકર્તા નથી.' તેમ જણાવી દસ્તાવેજના કાયદેસરપણા ઉપર હુમલો કર્યો છે. તેઓએ એવી પણ માગણી કરી છે કે વ્યાજબી અને ત્રાસદાયક ન ગણાય અથવા નામદાર બ્રીટીશ સરકારની દરમ્યાનગીરીની જરૂર પડે તેવી અવ્યવ-



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થા ન જણાય તેવી રીતે યાત્રાવેરો લેવામાં નિરંકુશ સ્વતંત્રતા તેઓને મળવી જોઇએ; પરંતુ આ વધારાનો દાવો મારી રજુઆત વખતે છોડી દેવામાં આવ્યો હતો. કરારની સરતો મુજબ આ પ્રસંગે ના. બ્રીટીશ-સરકારનો વચમાં આવવાનો અધિકાર કબુલ રાખવામાં આવ્યો હતો અને "દબાણુની દલીલ (દોષારોપ) ના સંબંધમાં પછી એમ દાવો કરવામાં આવ્યો હતો કે નામદાર બ્રીટીશ સરકારે ૪૦ વર્ષ જેટલી લાંબી મુદતનો કરાર કરવામાં સારો ઇરાદો છતાં અજાણુમાં દરબારને ઘણી નુકશાની કરેલ છે. જવા-આવવાની સગવડતાના વધારા સાથે તે મુદત પુરી થયા પહેલાં ઘણાં વખતથી હાલ જેમ યાત્રાળુઓની સંખ્યામાં પુષ્કળ વધારો થયો છે તેમ થશે તે સરકાર જાણી શકી નહોતી. દરબારે કરના લેવાણુમાં પોતાની સ્વતંત્રતાની માગણી છોડી દીધી છે. અને એમ માગ્યું છે કે ૬૦ વર્ષ પહેલાં કર્નલ કીટીંજે જે દર નક્કી કર્યો હતો તે પ્રમાણે તેઓને લેવાણુ કરવા દેવું.

બીજી તરફથી જૈનો એવો દાવો કરે છે કે-૧૮૮૬ નો કરાર કરોના બદલામાં આપવાની ઉધડ રકમના ફેરફાર સિવાય નિરંતર બંધનકર્તા છે. તેઓ એમ જણાવે છે કે રકમના વધારા માટે કાંઈ વ્યાજબી કારણ નથી; કારણકે આવવા જવાના સાધનોના સુધારાથી અને બ્રીટીશ રાજ્યના મુલકની અંદર કાયદા અને સુવ્યવસ્થાની વૃદ્ધિથી અત્યારે સંખ્યાબંધ યાત્રાળુઓ ડુંગર ઉપર આવે છે; છતાં યાત્રાળુઓના રક્ષણને અંગે દરબારની જવાબદારી વધવાને બદલે ઘટી છે. તેઓ માને છે કે રકમનો યાત્રીઓની સંખ્યા સાથે સંબંધ ન હોવો જોઇએ, પણ યાત્રાળુઓના રક્ષણુ માટે પોલીસનો દરબારને જે ખરેખરો ખર્ચ થતો હોય તે ઉપરથી નક્કી થવી જોઇએ. છેવટે તેઓ નિવેદન કરે છે કે-જો ૧૮૮૬ નો કરાર બંધનકર્તા ગણુવામાં ન આવે તો. પ્રથમ મુંબઈ સરકારે મંજુર રાખેલ ગોઠવણુ ઉપર પાછા જવાની દરબારને છૂટ મળવી ન જોઇએ, પણુ દરબારના હક્કનો આખો સવાલ શરૂઆતથી તપાસાવો જોઇએ અને તેઓ તરફથી જે અવેજ ભરવામાં આવે છે તે રાજા તરીકેના હક્કનો કર નથી; પંરતુ પોલીસરક્ષણુ માટે પરસ્પરની સમજુતીથી નક્કી થયેલ બાબત છે એમ ઠરવું જોઇએ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩–બન્ને પક્ષોની દલીલો સંપૂર્ણ વિચાર્યા બાદ હું એવા નિશ્ચય ઉપર આવ્યો કે; આ કેસનો ચુકાદો મારે ૧૮૮૬ ના કરારને આધારે આપવો જોઇએ. તે દસ્તાવેજ અસ્પષ્ટ રીતે લખાયેલ છે અને નિયમીત ન્યાયની અદાલતમાં તેની કાંઇ અસર થાય કે નહીં તે શંકાસ્પદ છે, પણ આ એક રાજદ્વારી અદાલત છે કે જ્યાં લાક્ષણિકત્વ ધ્યાનમાં લેવાની જરૂર નથી, અને આ દસ્તાવેજ એક રાજા અને બ્રીટીશ હીંદની એક મોટી અને વગસગ ધરાવતી કોમના પ્રતિનીધિઓ વચ્ચેનો છે, અને ૪૦ વર્ષ સુધી બન્ને પક્ષોએ તેનું વફાદારીથી પાલન કર્યું છે, અને બની શકે તેટલી બાબતમાં તે અમલમાં મુકાવું જોઇએ.

એટલા માટે તેનો ખરો અર્થ કરવાપણું રહે છે, તેથી હું કોઇ પક્ષના અંતિમ વિચારો ગ્રહણ કરી શકું તેમ નથી. પાલીતાણા દરબારનો જે દાવો છે કે—" કરારના છેલ્લા પારેગ્રાફમાં જણાવેલ ઉધડ વાર્ષીક રકમના ફેરફારમાં ઉધડ રકમથી ઉલટું જુદી રીતે જ સીધો મુંડકાવેરો વસુલ કરવાનું ધોરણ દાખલ થઇ શકે." તે કલમ ત્રીજીનો વ્યાજબી અર્થ જણાતો નથી. ભાષાના સામાન્ય અર્થ અને સાધારણ બુદ્ધિ પ્રમાણે એવો અર્થ નીકળી શકે કે, હાલ જે ઉધડ રકમ જણાવી છે તેને બદલે બીજી રકમ નક્કી કરી શકાય. બીજી તરફથી જૈનોની જે દલીલ છે કે વાર્ષીક રકમના ફેરફાર સિવાય ૧૮૮૬ નો કરાર કાયમ અમલમાં રહે તેવા ભાવનો હતો, તે પણ હું માન્ય રાખી શકતો નથી. આ એક એવી મહત્ત્વની વાત છે કે એક રાજ્યકર્ત્તા પોતાના અને તેની પછી ગાદીએ આવનારના લાભો જોતાં તે તેવો હક્ક આપે એ બનવાજોગ નથી અને તે છતાં જો સ્પષ્ટ શબ્દોમાં બતાવવામાં આવ્યું હોય તોજ તે કોઇ પણ રાજદ્વારા અદાલત માન્ય રાખે. કરારમાં ભવિષ્યના વર્ષોની મુદત માટે કાંઇ પણ લખવામાં આવ્યું નથી, તેથી વાર્ષીક રકમનો હવે પછીનો ફેરફાર કાયમ માટેનો છે એવી જૈનોની જે દલીલ છે તે ઉપલી દલીલ કરતાં ઓછી વજનદાર છે. ૧૮૨૧ માં બન્ને પક્ષકારો વચ્ચે થયેલ લખતનો ૧૮૬૩ માં અર્થ કરતાં કર્નલ કીટીંજે એવો ચુકાદો આપ્યો હતો કે, કાયમ માટે અમલમાં રહેવાનો ભાવાર્થ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે દીવાની અદાલતમાં ખરો માનવામાં આવ્યો હોય તે એક રાજ્યદ્વારી તપાસમાં એક રાજકર્ત્તા સામે ટકી શકે નહીં. ૧૮૮૬ માં બન્ને પક્ષો કર્નલ કીટીંજના આ ઠરાવથી વાકેફગાર હોવા જોઇએ, અને કોલકરાર કાયમ રહે તેવો જો ઇરાદો હોત તો હું નથી ધારતો કે તેવું સ્પષ્ટ શબ્દોમાં કેમ લખવામાં આવ્યું ન હોત.

તેથી મારે અત્યાર સુધી પાલીતાણા દરબારને દર વર્ષે અપાતા રૂા. ૧૫૦૦૦) ને બદલે આપવાની વાર્ષીક ઉધડ રકમ નક્કી કરવાનું, અને હાલના સંજોગોમાં તે રકમ કેટલા વરસ સુધી અપાવી જોઇએ તે વ્યાજબીપણે ઠરાવવાનું રહે છે. અને તે મુદત પુરી થયા બાદ કઇ પદ્ધત્તિ રાખવી તે કહેવાને હું સ્વતંત્ર છું.

૪ આ મુદ્દા નક્કી કરવા પહેલાં રકમનો પ્રકાર અને પાલીતાણા દરબારના રાજદ્વારી હક્ક સંબંધી દલીલો જે આગળ લાવવામાં આવી છે તે વિષે સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. જૈન કોમ મોટી અને બહોળા ભાગમાં પથરાએલી હોવાથી આ સવાલે ઘણી આતુરતા ઉત્પન્ન કરી છે. જૈનોએ પોતાનાં નાણાંની મદદવડે ખાસ મુદ્દાઓ સંબંધી ભ્રમણા ફેલાવવાને અને આ સવાલનો જેમને નિર્ણય કરવાનો છે તે બ્રીટીશ સત્તાવાળાઓ ઉપર દબાણ લઇ જવાના હેતુથી કેટલાક વર્તમાન પત્રોમાં તેમના લાભનું વિસ્તૃત પ્રચારકાર્ય ચલાવવામાં આવતું રહ્યું છે. એક દીવાની અદાલતમાં ચલાવવામાં આવે તેવો જો એક દીવાની સ્વરૂપનો આ મુકર્દમો હોત તો આમાંના કેટલાક પત્રો ખચીત જ કોરટના તીરસ્કારના ગુન્હા માટે ગુન્હેગાર ઠરત. આ લડતમાં ઘણી ખોટી હકીકતો, ઘણા અર્ધસત્યો અને સંબંધ વિનાના અવતરણોનો ખાસ ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે ઉપરથી ખોટાં અનુમાનો ખેંચવામાં આવ્યાં છે. આ મુકર્દમાની મારી સુનાવણી દરમ્યાન આમાંના કેટલાક મારી પાસે રજુ થવાથી બને તેટલા સુધારવાની જરૂર છે.

૫ પહેલાં તો એવી દલીલ કરવામાં આવી છે કે દરબારને અપાતી રકમ એ કર નહીં પણ બંને પક્ષોએ પરસ્પરના લખતમાં ઠરાવ્યા પ્રમાણે કરાતી સેવાનો બદલો છે. આના ટેકામાં મોગલ શહેનશાહોની સનંદોનો અને હાલના ઠાકોરસાહેબની પહેલાંના રાજકર્ત્તા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને કેટલાક જૈનો વચ્ચે થયેલા સને ૧૬૫૧ ના કરારનો આધાર લેવામાં આવ્યો છે. અહીં જણાવવાની જરૂર છે કે કર્નલ કીટીંજ સન્મુખની તપાસ દરમ્યાન ૧૮૬૩ માં આ દલીલો કરવામાં આવી હતી અને તે સંગીન ન હોવાનો તેણે નિર્ણય આપ્યો હતો.

દરબારને આવો કર લેવાનો હક્ક છે અને કર્નલ વોકરનું સેટલમેન્ટ કે જે કાઠીયાવાડમાં રાજદ્વારી હક્કો અને ચાલતા આવેલા રીવાજનું મંડાણ છે તે પૂર્વે તેમને લેવાનો હક્ક હતો એમ કર્નલ કીટીંજે ઠરાવ્યું છે. તેણે ઠરાવ્યું હતું કે "યાત્રાળુઓ ઉપર કંઇક પણ કર લેવાનો દાવો દેશી રાજ્યો કરતા આવ્યા છે; આ યાત્રાળુઓના રક્ષણની જોખમદારી તેમની સંખ્યા વધવા સાથે વધે છે, અને એક વખત કર નાંખવાનો હક સ્વીકારાયો તો પછી મહેસુલ યાત્રાળુઓની સંખ્યાના પ્રમાણમાં રહે તે વ્યાજબી થઇ પડશે.

દરેક યાત્રાળુ રૂા. ૨) નો કર આપે તે આધારે શરૂમાં વાર્ષીક કરની રકમ રૂા. ૧૦૦૦૦ ના તેણે ઠરાવી અને પાલીતાણાની જૈન વસ્તીએ–યાત્રાળુએ દર યાત્રાએ આપવાના રૂા.૨) ને બદલે વર્ષે રૂા. ૫) આપવા એમ નક્કી કર્યું. કર્નલ કીટીંજના આ નિર્ણયને મુંબઇ સરકારે બહાલી આપી અને તે સરકારે એક કરતાં વધારે વખત તપાસીને તેને ફરી ન ઉથલાવવાને નં. ૧૦૫૬ તા. ૭ મી માર્ચ ૧૮૮૧ નો ઠરાવ કર્યો અને તે પછી ૧૮૮૧ ની તા. ૧૭ મી અકટોમ્બરના ઠરાવમાં તેજ વાત ફરીને કહી અને કોઇ પણ ચોક્કસ મુદતમાં કેટલા યાત્રાળુઓ યાત્રાએ આવે તે અડસટો કાઢવાનું મુશકેલ હોવાથી કર્નલ કીટીંજે ઠરાવેલા માથાવેરા અનુસાર તે વેરો લેવા ઠાકોરસાહેબને રજા આપવામાં આવી. તેથી દરબારના રાજકર્ત્તા તરીકેના હક્કો ઉપર કશી અસર થઈ નહીં, કારણકે સંભવીત તકરાર કમી કરવા મુંબઇ સરકારે ઠાકોર સાહેબને એવી સલાહ આપી કે તેમણે એજન્સીએ સ્થાપેલા પણ જેનો પગાર દરબાર આપે તેવા એક સાધનદ્વારા કર લેવો. રખોપું એ કર નથી પણ સેવાના બદલારૂપ રકમ છે એવો જૈનોનો દાવો હેઠો પડે છે; કેમકે કર્નલ કીટીંજના વખતથી આ આખા સવાલનો નિર્ણય થઈ ચૂકયો છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬. બીજું 'આ કરને જુલ્મી અને ધાર્મીક તટસ્થતા જાળવવાનું રાણી વીકટોરીઆએ પોતાના શાહી ઢંઢેરાદ્વારા જે જાહેર કર્યું છે તેનો ભંગ કરનારો જણાવવામાં આવ્યો છે.' આ બેહુદું છે. કર્નલ કીટીંજે જણાવ્યા પ્રમાણે યાત્રાળુઓપરનો કર લેવાનો દાવો દેશી રાજ્યોનો છે, અને ઘણાએ રાજ્યો તે લે છે. વળી બ્રીટીશ હીંદમાં યાત્રાળુઓ મોટી સંખ્યામાં એકઠા થાય છે. ત્યાં તેમને અંગે સ્થાનિક સત્તાવાળાઓને જે ખરચ કરવો પડે છે તેને પહોંચી વળવા તેઓ તરફથી યાત્રાકર નાખવામાં આવે છે. દાખલા તરીકે અલ્હાબાદ, બનારસ અને અજમેરના મેળાઓ વખતે રેલ્વે ટીકીટનો દર વધુ રાખી તે વસુલ કરવામાં આવે છે. બેશક, મૂળમાં તો તે રક્ષણ બદલજ કર લેવાતા; પરંતુ વખતના જવા સાથે અને વહીવટી રક્ષણ અર્થે તે નંખાયા છે, પણ વખતના વહેવા સાથે અને વહીવટી રીતો બદલાતાં પોલીસના રક્ષણદ્વારા જ તેને વ્યાજબી ઠરાવવામાં આવ્યો નથી, પણ પાણી પુરૂં પાડવાની અને સુખશાંતિની મ્યુનીસીપલ સગવડો માટે તે લેવાનું વ્યાજબી ઠરાવવામાં આવ્યું છે.

આ અસાધારણ નથી એ વાત એટલા ઉપરથી પુરવાર થાય છે કે ખુદ જૈન યાત્રાળુઓએ પોતે આબુ ઉપરના દેલવાડા અને અચલગઢના દેવળોની મુલાકાત લેતાં દરબારને તે ભર્યા છે. બીજો દાખલો દાંતામાં અંબાજી માતાનો, કે જ્યાં વરસો સુધી સ્થાનિક યાત્રાળુઓની શ્રીમંતાઇના પ્રમાણમાં તે લેવાય છે. વડોદરામાં દ્વારકાની યાત્રાએ જનાર યાત્રાળુઓ પાસેથી તે યાત્રાનો લાભ લે તે પહેલાં રૂા. ૫–૨–૦ લેવામાં આવે છે. આ સઘળું જોતાં યાત્રાળુકર અસાધારણ કે જુલ્મી છે એમ કહી શકાય તેમ નથી.

૭. 'ત્રીજો મુદ્દો કરના સંબંધમાં દરબારને રાજા તરીકે તે લેવાનો હક્ક નથી તે વિષે ગેરસમજુતી છે.' એવી દલીલ કરવામાં આવી છે કે છેલ્લા એકસો વરસમાં જૈન કોમ સાથે દરબારને સમજુતી કરાવવામાં બ્રીટીશ સરકાર ત્રણ વખત વચ્ચે પડી, તેથી દરબારને તે કર લેવા સત્તા નથી. મૂળ વસ્તુસ્થીતિ વિષે કેટલી ગેરસમજુતી છે તે આ બતાવે છે. જ્યારે પણ દેશી રાજ્યોમાં રાજાઓના જુલ્મ તરફ તેનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે ત્યારે સર્વોપરી સત્તા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરીકે બ્રીટીશ સરકાર ઘણા લાંબા કાળથી સલાહદ્વારા વચ્ચે પડવાનો પોતાનો હક્ક ધરાવતી આવી છે. કેવા જુલ્મ કે ગેરવહીવટ વખતે વચ્ચે પડવું તે બ્રીટીશ સરકાર ઠરાવે છે. મુંબઇ સરકાર અને કાઠીયાવાડના તેના અમલદારો રાજકર્તાના અધિકાર કે જવાબદારી તરફ ન જોતાં જેની ઉપર જુલ્મ થતો જણાતો હોય તેની તરફેણ પહેલેથી કરતા આવ્યા છે. દુર્બળતા પ્રત્યેની સ્હાનુભૂતિમાંથી જન્મતી જે પક્ષની તરફેણ કરવામાં આવે છે તે પક્ષ ન્યાય માટે દરબાર ભણી જોવાનું પડતું મેલે છે અને પછી અપીલના જોરે સામે થનારા અને જીદ્દી બને છે. અને પોતાનો ચુકાદો ફેરવશે એમ ધારીને દરબાર પણ પોતાની જોખમદારી ભુલી જઇ પોતાના હક્ક કરતાં વધુ માગે છે, એવી આશામાં કે અપીલ પછી પણ તેને કંઇક તો લાભ રહેજ. અત્યારે એ સ્થીતિ છે એમ હું કહેવા માંગતો નથી, પણ એ શક વિનાનું છે કે કાઠીઆવાડમાં ઘણી ખટપટોનું તે સ્વરૂપ સમજાવે છે. દરબારની સત્તાની વચ્ચે આવવાથી પક્ષકારો વચ્ચેની કડવાશ જે એક પેઢી દરમિયાન શમી જવી જોઇએ તેને બદલે તે વધવા પામે છે.

પાલીતાણાના જૈનોનો હાલનો મુકર્દમો પણ તેવોજ છે અને જો પક્ષકારો વચ્ચેજ સમાધાની માટે તે ગયો હતે તો બીજા રાજ્યોમાં થયું છે તેમ અહીં પણ રકમ બાબતમાં બહુ ઓછું સંઘર્ષણ થતે. ઉપર હું કહી ગયો તેમ છાપાદ્વારા જે પ્રચાર કાર્ય થયું છે તેમાં એજ દેખાડવામાં આવ્યું છે કે દરબારેજ આ વાંધામાં પહેલ કરી જુલ્મ ગુજારવાથી શાંતપ્રિય અને સુલેહને ચાહનારા જૈનોના હક્ક પર તરાપ મારી છે. ઐતિહાસીક સત્યથી આ વાત વિરૂદ્ધ જાય છે. નં. ૧૬૪૧ તા. ૧૯ મી માર્ચ ૧૮૭૭ ના મી. કેન્ડીના રીપોર્ટ ઉપર મુંબઇ સરકારે ઠરાવ કરતાં શ્રાવકો અને ઠાકોર વચ્ચેના કડવાશભર્યા સંબંધને અંગે નીચે પ્રમાણે વિવેચન કર્યું છે.

"શ્રાવક અને ઠાકોર વચ્ચેના સંબંધની વિચિત્ર સ્થીતિ અને તેમ થવાના કારણ સંબંધે અહીં કહેવું જરૂરનું છે, કારણ કે તે ઉપરથી જાણી શકાય કે તેઓ વચ્ચે સુલેહ ભરેલી લાગણીની આશા રાખવી કેટલે અંશે નિરાશાજનક છે."



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સને ૧૮૦૯ માં તે વખતના ઠાકોર કાંધાજી પોતાની જાગી-રનો વહીવટ કરવાને અશક્ત હોવાથી પોતાનો તાલુકો શ્રાવક કોમના એક મેંબર, અમદાવાદના અગ્રગણ્ય શેઠ અને હાલમાં શેઠ પ્રેમાભાઈ હેમાભાઇના નામથી ચલાવવામાં આવતી પેઢીના તે વખ-તના મુખ્ય શેઠ વખતચંદને ઇજારે આપ્યો હતો. વખતચંદ પાસે ઇજારો ૧૮૪૩ સુધી એ હપ્તે રહ્યો, જ્યારે હાલના રાજાના પિતા નોંઘણજી ગાદી ઉપર હતા. વખતચંદ દર વર્ષે આશરે રૂા. ૪૭,૦૦૦) આપતા. તેમણે ગીરોખતથી કેટલાક મૂળ ગરાશીયાના હક્કનો કબજો મેળવ્યો અને આવી રીતે તાલુકામાં મુળ સત્તાધારી થયા અને પોત્તાની ઈચ્છા પ્રમાણે વર્તન ચલાવી શકતા અને ચલાવતા. હવે આ ઈજારો રદ કરી ઠાકોરે પોતે તાલુકાની વ્યવસ્થા હાથમાં લીધાથી શ્રાવકોમાં અગ્રેસર ગણાતા વખતચંદ શેઠની પેઢીને દુઃખકારક બનાવ બન્યો. કારણ કે તેની સરતો મુજબ તેઓને પુષ્કળ નફો હતો, અને આ નુકશાનીને લઇનેજ ઠાકોર તરફ અને તેમાં ખાસ કરીને હાલના રાજા કે જેમણે બુદ્ધિ અને સામાન્ય સુવ્યવસ્થાથી ઉપજ રૂા. ૩) લાખ સુધી વધારી, તેથી ઠાકોર તરફ તેમને બહુજ ઉંડું વેર શરૂ થયું. જ્યારે શ્રાવકો આવી રીતે પોતાની નુકશાની ઉપર વિચાર કરે છે, ત્યારે બીજી બાજુ પોતાની મીલ્કત ઉપર તાગડધીન્ના કરેલ શખ્સો તરીકે અને તેમની ગાદી વખતે જે પૈસા પોતાની ટ્રેઝરીમાં આવત તેના ઉપભોક્તા તરીકે ઠાકોર તેઓને જુએ છે.

આ સ્થીતિના પરીણામોને અત્યારે પણ વળગી રહેલા જણાય છે. જે હદમાં શત્રુંજયનો ડુંગર આવી જાય છે અને જેને અંગે ઘણા ઘણા ન્હાના ઝગડા ઉભા થવા પામ્યા છે તે હદ ઉપર દરબારનો સંપૂર્ણ અધિકાર છે એમ હિંદી પ્રધાને સ્પષ્ટપણે જણાવેલું છે; છતાં જૈનો તેનો સ્વીકાર કરવાની ના પાડે છે. જ્યાંસુધી જૈનો તે હુકમો માન્ય કરવાની ના પાડશે અને તેઓ હાલ કરે છે તેમ હીંદી સરકાર અને હીંદી પ્રધાનને તેમાં ફેરફાર કરવા અરજીઓ કરે છે ત્યાંસુધી પોતાની પ્રતિષ્ઠા જાળવવા દરબારે જૈનોનું કૃત્ય ગમે તેવું નાનું હોય છતાં તે તેમને મુંબઈ સરકારે અને હીંદી પ્રધાને આપેલી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સત્તાની વચ્ચે આવે છે એવું ગણી તેની સામે વાંધો લીધા કરશે. મુંબઇ સરકારે તા. ૧૭ મી અકટોબર ૧૮૮૧ ના દિને એક એવી મતલબનો ઠરાવ કર્યો હતો કે–" ઠાકોરને યાદ આપવાની જરૂર છે કે તા. ૧૬ મી માર્ચ ૧૮૭૭ના ઠરાવની અંદર પુરેપુરી રીતે તપાસ ચલાવ્યા બાદ સરકારે એવું ઠરાવ્યું છે કે–" ટેકરી પરની તેમની (ઠાકોરની) સત્તા મર્યાદિત પ્રકારની છે અને તેઓ પોતાના રાજ્યના બીજા ભાગોની અંદર જે રીતે વચ્ચે પડી શકે તેવીજ રીતે આ ટેકરીના બાબતમાં વચ્ચે પડવાની તેમને (ઠાકોરને) સત્તા નથી." એ ઠરાવ વાંચવાથી જણાઇ આવશે કે તેમાં ડુંગર ઉપરના મંદિરોની વ્યવસ્થાપક કમિટિ નીમવાની સત્તામાં ઠાકોરની દખલ સામે હદ દોરી હતી અને મુંબઇ સરકારે વ્યાજબી રીતે ઠરાવ્યું હતું કે મી. કેન્ડીના ચુકાદાથી જૈનોને જે માલેકીનો અને વહીવટનો હક્ક આપવામાં આવ્યો હતો તેમાં આવી દરમ્યાનગિરી કઢંગી ગણાય. મી. કેન્ડીયે ગઢની બહારના નવા મંદિરો ઉપર નજરાણું લેવાના હક્ક અને ટેકરી ઉપરની દરબારી હકુમત સંબંધે જે ઠરાવ આપ્યો છે તેને આ સાથે સંબંધ નથી. ૧૮૮૧ ની તા. ૧૭ મી અકટોબરના ઠરાવ સાતમાના પેરેગ્રાફમાં ઠાકોરને જે મુંડકાવેરો લેવાનો હક્ક ફરીથી જાહેર કરવામાં આવ્યો છે તેને તો આ સાથે મુદ્દલ સંબંધ નથી.

રાજકીય ખાતાના લખાણ નં. ૩ તા. ૧૬ મી મે ૧૯૨૪ માં હિંદી વજીરને મુંબઈ સરકારે જણાવ્યું હતું કેઃ–

" અમારો એવો મજબુત અભિપ્રાય છે કે મુંબઇ સરકારના તા. ૧૬ મી માર્ચ, ૧૮૭૭ ઠરાવ નં ૧૬૪૧ માંના હુકમો મુજબ (જુઓ મેમોરીયલનું પરિશિષ્ટ–એચ.)

" (अ) આખા ડુંગર ઉપર સર્વોપરી સત્તા ઠાકોર સાહેબની છે.

" (ब) દીવાની અને ફોજદારી હકુમત ઠાકોર સાહેબની છે.

" (क) મ્યુનીસીપાલ અને બીજી બાબતની વ્યવસ્થાનો અધિકાર પણ ઠાકોર સાહેબનો છે."

" ગઢની અંદરના દેવળો અને કુંડોના માલીકીપણાનીજ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફક્ત જૈનોને ખાત્રી આપવામાં આવી. આ કરતાં કાંઇ વિશેષ તેઓને આપવામાં આવ્યું હતું તેમ માનવાને કાંઇ પણ કારણ નથી. એટલું તો સત્ય છે કે આવા કીસ્સાઓમાં દરબાર પોતે પોતાના કેસમાં ન્યાયાધીશ બને છે, દેશી રાજ્યોમાં જો કે આ એક સામાન્ય લક્ષણ છે. તો પણ કાયદાસરની હકુમત ભોગવવાનો હકક ઓછો થતો નથી. પાલીતાણા રાજ્ય દીવાની અને ફોજદારી હકુમત સંપૂર્ણ ધરાવે છે. અને હાલની તકરારો રાજ્યની આંતર્વ્યવસ્થામાં સમાય જાય છે. પ્રથમ તો પાલીતાણા રાજ્યની કોર્ટે જૈનોના દાવા ચુકાવવા જોઇએ. સને ૧૮૭૭ ના ઠરાવમાં આપેલ મુંબઇ સરકારના હુકમોનો અર્થ માન્ય રાખવો જોઈએ. જો અદાલતો ખરો ન્યાય આપી શકે નહીં અથવા તે હકુમતનો ખોટો અર્થ કરે, તો જૈનો અન્યાય પામેલ બીજાઓની જેમ રાજકીય દરમ્યાનગીરી માટે એજન્સીને અરજ કરી શકે. પછી કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી વચમાં પડી દરબારને સલાહ આપી શકે. ”

૧૯૨૪ ના. સપ્ટેંબરની ૧૮ મી તારીખના ( રાજદ્વારી ) નં. ૨ ના લખાણમાં આ પ્રમાણે સેક્રેટરી ઓફ સ્ટેટે વિચારો જણાવ્યા હતા. જોકે શત્રુંજય પર્વત સંબંધની તકરારોના સંબંધમાં તે જણાવવામાં આવ્યા છે; પરંતુ જે યાત્રાવેરાના સંબંધમાં દરબારની સર્વોપરી સત્તાને સર્વાંશે લાગુ પડે છે કે જેનો કર્નલ કીટીંજે પ્રથમ ઠરાવ્યા પ્રમાણે મી. કેન્ડીના રીપોર્ટમાં સમાવેશ થયેલ નથી. દરમ્યાનગીરીનો ખરો બંધારણપૂર્વકનો અર્થ તા. ૧૬ મી મે સને ૧૯૨૪ ના ખરીતામાં મુંબઇ સરકાર તરફથી હિંદી વજીરને મોકલાવેલ નં. ૨ ના સંદેશામાં જૈનોની વતી નીચે પ્રમાણે બતાવ્યો છે. હું તેનો ત્રીજો પારેગ્રાફ અહીં ટાંકું છું.

“ ૩. અરજી વિચારતાં ધ્યાનમાં રાખવાનો અગત્યનો મુદ્દો એ છે કે શત્રુંજયગિરિના ભાગો કે તેની ઉપરના દેવાલયોની માલીકી સંબંધી ગમે તેવા હુકમો થયા હોય તો પણ આખા ડુંગર ઉપરની પાલીતાણા રાજ્યની સર્વોપરી સત્તા સંબંધી કદી પણ સવાલ થયેલ નથી અને તે શંકા રહીત છે. આખા ડુંગર ઉપરનો અધિકાર સંપૂર્ણ રીતે દરબારનો છે કે જે એક બીજા વર્ગનું રાજ્ય છે અને તમામ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દીવાની હકુમત ધરાવે છે. અરજદારોને કોઇ પણ વ્યક્તિ કે જન સમૂહથી વિશેષ રાજ્યસત્તાનો અનાદર કરવાનો જરા પણ હક્ક નથી. જો તેમને ન્યાય આપવામાં ન આવે તો સાર્વભૌમ સત્તા તરીકે બ્રીટીશ સરકાર તેમનામાં રહેલ રાજ્યદ્વારી દેખરેખના અધિકારની રૂએ વચમાં આવી ઠાકોર સાહેબને સલાહ આપી શકે. પણ જ્યાં સુધી આવું ન બને ત્યાં સુધી સરકારની દખલગીરીનું કાંઇ પણ કારણ નથી. ૫૦ વર્ષ પહેલાં ૧૮૭૭ માં અતિશય તકરારને લીધે બ્રીટીશ સરકારને વચમાં આવવું પડયું હતું, એટલે અત્યારે પણ જ્યારે સંજોગો તદ્દન બદલાઇ ગયા છે અને આવી બાબતોમાં બ્રીટીશ સરકારની રાજ્યદ્વારી પદ્ધત્તિની સ્પષ્ટ રીતે હદ બાંધવામાં આવી છે ત્યારે ફરીથી એવી દરમ્યાનગીરી કરવાને કાંઇ કારણ નથી. તેથી અમારો એવો અભિપ્રાય થાય છે કે અરજી કાઢી નાખવી જોઇએ."

આ સંદેશમાં મુંબઇ સરકારે જે વિચારો દર્શાવ્યા હતા તે હીંદી પ્રધાને સ્વીકારેલા છે. એ વિચારોપરથી ખુલ્લી રીતે દેખાય છે કે અગાઉ વચ્ચે પડવા દેવામાં આવ્યા તે પરથી કાંઇ જૈનોને હાલની ફેરવાયલી સ્થીતિમાં અને ભવિષ્યમાં વચ્ચે પડવાનો હક્ક મળી જતો નથી. અલબત, જ્યાં જ્યાં ગંભીર જુલમ કે અવ્યવસ્થા લાગે ત્યાં ત્યાં સર્વોપરી સત્તાની દરમિયાનગીરી માગવાનો દરેક બ્રીટીશ રૈયતને હક્ક છે; પરંતુ દરેક કેસમાં વચ્ચે પડતી વખતે તેના ગુણ–દોષ ઉપરથી નિર્ણય થવો જોઇએ. પણ અગાઉ કોઇ વખતે હાલ કરતાં જુદા સંજોગો વચ્ચે તેવો હક્ક સ્વીકારવામાં આવેલો હોય તો તેથી કાંઇ એમ ઠરતું નથી કે તેવા હક્કની માગણી પાછી થઇ શકે.

કાઠીયાવાડમાં એવો ચાલ છે કે રાજ્યદ્વારી તપાસોને નિયમીત કેસો તરીકે ગણવા અને તેના ચુકાદાઓ અને હુકમનામા આપવાં. આવા ચાલને લીધે બેશક ગુંચવાડો ઉભો થયો છે. જ્યારે હાલની રીતિ અને ચાલ મુજબ ખરેખરો અર્થ તો એમ છે કે કાઠીયાવાડના કોઇ રાજકર્ત્તાના ચુકાદાથી જ્યારે સર્વોપરી સત્તા જુદી પડે અને વચ્ચે પડવાના કામને વ્યાજબી વિચારે ત્યારે તેવી સર્વોપરી સત્તા તે રાજકર્ત્તાને તેના ચુકાદામાં ઘટતો ફેરફાર કરવાને સલાહ આપે છે. જો કે રાજકર્ત્તા સર્વોપરી સત્તાના કહેવા મુજબ વર્તે છે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે છતાં એવી રીતે ફેરવેલા હુકમો તે રાજકર્તાનાજ હુકમો ગણાય છે. પોલીટીકલ એજંટે રાજકર્તાને ચોક્કસ સુધારો કરવાની સલાહ આપી તેથી તેમાં તે ઠરાવ કે હુકમોની અંદર પોતાની સત્તા ઘુસાડી છે એમ ઠરતુંજ નથી.

હવે એટલી વાત તો ઉઘાડી છે કે જાત્રાળુકર ઉઘરાવવાની બાબતમાં દરબારની સર્વોપરી સત્તા સંપૂર્ણ છે અને મુંબઇ સરકારની સલાહથી જૈનો સાથે કરવામાં આવેલા કોઈપણ કરારથી ઉપલા સિદ્ધાંતને હરકત પહોંચતી નથી. આ બાબતપર જે રીતની મોટી ગેરસમજુતી ફેલાયેલી છે તે તરફ જોતાં આવો મત આપવાની જરૂર છે.

૮. મારી પાસે સુનાવણી પ્રસંગે જે દલીલો રજુ કરવામાં આવી હતી. તેની સાથે આને કશો સંબંધ નથી. અને ૧૮૮૬ ના કરાર પ્રમાણેજ મારે વિચારવાનું રહે છે.

( ૧ ) હાલ આપવામાં આવતી વાર્ષીક રૂ. ૧૫ હજારની રકમ વધારીને દરબારને કેટલી રકમ અપાવવી ?

( ૨ ) એ રકમ કેટલી મુદત માટે નકી કરવી ?

( ૩ ) અને તે મુદતની આખરીએ કઇ રીતે કામ લેવું ?

[ ૧ ] હું એમ ધારૂં છું કે કર્નલ કીટીંજે જે રકમ આપી હતી તેની સાથે હાલ નકકી કરવામાં આવનારી રકમનો કંઇક સંબંધ જળવાવો જોઈએ, ૧૮૬૩માં જો જાત્રાળુ દીઠ રૂ. ૨)ની રકમ વ્યાજબી ગણવામાં આવતી હોય તો હાલમાં જ્યારે રૂપીયાની ખરીદીની કીંમત અરધી જેટલી ઘટી ગઇ છે તેવા વખતમાં તે રકમ વધારેજ વ્યાજબી ગણાય. પણ તે છતાં ડુંગર ઉપર જેટલા જાત્રાળુઓ આવે તેટલા પાસે બરાબર દરેક જણ દીઠ રૂા ૨) ની ફ્રી લેવી એવી રકમ હું નક્કી કરવા માગતો નથી.

યાત્રીઓની સંખ્યા વધવાથી તે પ્રમાણે દરબારને ખર્ચમાં વધારો થતો નથી. એ જૈનોની દલીલમાં સહેજ વજન છે. ૧૮૮૬ માં જે-રૂા. ૧૫૦૦૦) ની રકમ નક્કી કરવામાં આવી હતી તે કરારની પહેલાંના ચાર વરસમાં બે રૂપીયા મુજબ જે વાર્ષીક રકમ એકઠી થતી તેના કરતાં કંઇક ઓછી હતી.

નાની રકમ નક્કી કરવામાં આવે તો જૈનોને સ્વીકારવામાં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે અનુકુળ થાય, અને વળી અમુક તારીખે વરસ દિવસે ચોક્કસ રકમ મળતી હોવાથી મુંડકાવેરાના ઉઘરાણા કરતાં દરબારને પણ અનુકુળ થઇ પડે. યાત્રાળુઓને પણ વ્યાક્તગત ઓછી હાડમારી થાય અને દરબારને પણ દરવર્ષે બજેટ ઘડવામાં ચોક્કસ આંકડો ઉપયોગી થાય. જાત્રાએ આવતા યાત્રાળુઓનો સરેરાશ નક્કી કરવાને ભાવનગર–પાલીતાણા રેલ્વેના ટ્રાફીક ખાતાના આંકડા ઉપર આધાર રાખવો જોઇએ તે આંકડા આ પ્રમાણે છે.

| | આવનારા | પાછા જનારા |
|---|---|---|
| ૧૯૨૨–૨૩ | ૧૦૬૧૬૪ | ૧૦૭૯૪૦ |
| ૧૯૨૩–૨૪ | ૧૦૪૮૭૫ | ૧૦૯૭૭૪ |
| ૧૯૨૪–૨૫ | ૧૦૪૭૭૪ | ૧૦૯૭૩૦ |

બ્રીટીશ સરકારે નીમેલી ૧૯૧૬ ની મુંબઇ પીલગ્રીમ કમીટીના રીપોર્ટના પૃષ્ટ ૮૭–૮૯ માં જણાવવા પ્રમાણે પાલીતાણાની મુલાકાત લેતા યાત્રાળુઓની સંખ્યા લગભગ ૮૦,૦૦૦ ની હોવાનો અડસટો કર્યો છે. પાલીતાણા સ્ટેટની એકંદર સ્થાનિક વસ્તી ફક્ત ૬૦,૦૦૦ ની છે તે જોતાં ૧૯૨૨ અને ૧૯૨૫ વચ્ચેના આંકડાની આવરેજનો અડસટો આશરે ૮૦૦૦૦ નો જણાવવામાં આવ્યો છે તે વાસ્તવિક છે. અને કોઈપણ વર્ષમાં ૫૦૦૦૦ થી ઓછા યાત્રાળુ ન જ આવતા હોય તેમ ચોક્કસ થાય છે. એટલે કરનો આંકડો નક્કી કરતાં માણસ દીઠ રૂા. ૨) પ્રમાણે ઠરાવતાં ઓછામાં ઓછી સંખ્યા ધ્યાનમાં લઇશ. અને દરબારને યાત્રાળુવેરો ઉઘરાવવાનાં તેના હક્ક બદલ એકલાખ રૂપીયા લેવાને મંજુર કરીશ. મર્યાદા ઉપરાંતના સંખ્યાના વધારાથી ખર્ચમાં થતો બચાવ અને દરબારને વાર્ષિક બાંધી રકમની સગવડ જોતાં ૮૦૦૦૦ ની સરાસરી અને ૫૦૦૦૦ ની ઓછામાં ઓછી સંખ્યા વચ્ચેનો તફાવત જવા દેવો જોઇએ.

આ ગોઠવણ દશ વર્ષને માટે અમલમાં રહેશે. હાલની ચળવળથી બન્ને પક્ષ વચ્ચે જે વિરોધ ઉભો થયો છે તે દૂર થવાને અને પાછો મીત્રાચારીનો સંબંધ જોડાવાને માટે પુરતો સમય પસાર થવો જોઇયે. આટલી મુદત દરમ્યાન જૈનો સમજતા થશે કે હિંદી પ્રધાનનો ચુકાદો તેઓએ સ્વીકારવો જોઇયે. અને જ્યારે જૈનો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દરબારના સર્વોપરી હક્કો સામે વધુ વખત વિરોધ નહિ કરશે ત્યારે દરબાર જૈનોના ખાસ હક્કો ઉપરના અંકુશ ઉઠાવી લેશે. તેટલા માટે ટુંકી મુદત રાખવા તે ઝઘડાને ભાગ્યે જ શાંત કરી શકે. તકરારના સ્વરૂપના ફેરફારને માટે પાંચ વર્ષ બસ થઈ પડે. જ્યાંસુધી બન્ને પક્ષ વચ્ચે સંતોષકારક સમાધાન ન થાય ત્યાંસુધી દશ વર્ષ કરતાં વધારે મુદત બાંધવી તે નહિ ઇચ્છિવાયોગ્ય છે. બનવાજોગ છે કે આ ગોઠવણથી જૈનો વધારે મોટી સંખ્યામાં પાલીતાણાની મુલાકાતે આવે, અગર તો બીજી દૃષ્ટિયે જોતાં અણધાર્યા સંજોગો ઉપસ્થિત થતાં આ દહેરાંઓ પ્રત્યેની લોકપ્રિયતા કેટલેક અંશે ઘટી જવા પામે.

દશવર્ષ પછી કેવી રીતે કામ લેવું તે હું સ્પષ્ટ કરવા માગતો નથી. તેમ આમાં કંઇ સુધારો કરવો કે નહિ તે સર્વોપરીસત્તાના હાથમાં રહેશે કે કેમ તે પણ હું કહી શકતો નથી. હાલના રાજ બંધારણની પરિસ્થીતિ તરફ જોતાં કર્નલ કીટીંજે યાત્રાવેરા માટે ઠરાવેલ દર ચાલુ કરવાને દરબાર સંપૂર્ણ અંશે તૈયાર હશે કે કેમ તે હું કહી શકતો નથી. દશ વર્ષ પછી બન્ને પક્ષ વચ્ચેનો સંબંધ જો સર્વોપરી સત્તાને વચ્ચે પડવાને જરૂર જણાય તેવો હશે તો જ આ પ્રશ્નમાં તે વચ્ચે પડશે; પરંતુ તે વખતે દરમ્યાનગીરી કરવા જેવી સ્થીતિ હશે કે કેમ તે હું હાલ કહી શક્તો નથી. અને વળી હિંદના રાજ્યદ્વારી પ્રકરણમાં હવે પછી થનારા ફેરફારો ધ્યાનમાં લેતાં આજથી દશ વર્ષ પછીની સ્થીતિ કેવી હશે તે બાબત અત્યારથી અગમચેતી કરવી એ મને તો અશક્ય દેખાય છે.

આ હુકમનો અમલ ૧૯૨૬ ના એપ્રીલની પહેલી તારીખથી થશે અને પહેલું ભરણું ૧૯૨૭ ના એપ્રીલની પહેલી તારીખે ભરવું જોઇશે. જો જૈનો આ રકમ ભરવાને ના પાડે તો ટેકરીની મુલાકાતે આવતા યાત્રાળુઓ ઉપર કર્નલ કીટીંજે મુકરર કરેલો દર વસુલ કરવાને દરબારને છૂટ રહેશે. અર્થાત્ ૧૮૮૯ અગાઉની સ્થીતિનું પુનરાવર્તન થશે. અને તેમાં કરની વસુલાતનું થાણું એજન્સી માર્ફત નહિ નાખવાનો ફેરફાર કરવામાં આવશે. મારા મત મુજબ પાલીતાણાના રાજકીય કારોબારનું હાલનું બંધારણ જોતાં આંતર વહીવટનો આ ભાગ ઠાકોર સાહેબને સુપ્રત કરવો સલામત છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આટલું છતાં હું તો એમ માનું છું કે જૈનો મુકરર કરેલી વાર્ષિક રકમ ભરવાનું પસંદ કરશે. મને જૈનોના ઉંચા ચારિત્ર અને પ્રતિષ્ઠા માટે પુરતું માન છે, અને આ કેસમાં મારા ચુકાદાને ભમાવવાના ઉદ્દેશથી જે પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેથી મારૂં મગજ સમતોલપણું ન ખોઇ નાખે તે માટે મેં કાળજી રાખી. છે. બ્રીટીશ હિંદના જૈનો કાયદાને માન આપનારા અને શાંતિપ્રિય શહેરીઓ છે તે હું જાણું છું, પરંતુ હક્ક અને હકુમતના પ્રશ્નને નક્કી કરતી વખતે એક ગરીબમાં ગરીબ, નમ્રમાં નમ્ર તરફ, અને બીજી તરફ બહુ સંખ્યક અને શક્તિવાન તરફ એક સરખી રીતેજ વર્તવું જોઇએ. એક કોમની દોલત અને લાગવગ બીજી રીતે ગમે તેટલી અગત્યની હોય, પરંતુ અદાલત કે જ્યાં બંને પક્ષને ન્યાય આપવાનો હોય છે ત્યાં તેનું વજન પડતું નથી.

તા. ૧ લી. એપ્રીલ ૧૯૨૬થી યાત્રાળુઓની ગણત્રી કરવાનો જે વચગાળેનો હુકમ મેં કર્યો હતો તે આથી રદ કરવામાં આવે છે.

( sd ) C. C. Watson. ( A. G. G. )

\+ \+ \+ \+ \+ \+

## જૈનોમાં જાગૃતિ—

એ. મી. વોટસનનો ઉપરનો નિર્ણય બહાર આવતાં સમગ્ર જૈન પ્રજા જાગી ઉઠી છે. તેમના નિર્ણયમાં જૈનોના સ્થાપિત હક્કો, બ્રીટીશ અધિકારીઓએ સ્વીકારેલા નિર્ણયો અને રજુ થયેલી કાયદાસરની દલીલોને તદન વેગળે રાખીને તમામ એકતરફી ન્યાય તોળાયો છે તેમ સમગ્ર દેશની જનતાએ જાહેર કર્યું. તથા ગામોગામ શ્રીસંઘે મળીને આ ઠરાવ નામંજુર કરવા તથા શ્રીગિરિરાજની સ્વતંત્રતા પુનઃ સ્થાપિત ન થાય ત્યાંસુધી 'યાત્રાત્યાગ' કરવાના નિર્ણય કર્યા. એટલુંજ નહિ પણ સમગ્ર મહાસંઘની એકદીલીથી આગળ પગલાં ભરવાને અશાડ વદી ત્રીજે અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીયે તથા અશાડ વદી સાતમે મુંબઇમાં શ્રી જૈન શ્વે. કોન્ફરન્સે મંત્રણા કરી એ સ્પષ્ટ કરે છે કે—શાશ્વત તીર્થ શ્રી શત્રુંજયની સ્વતંત્રતા જૈનોના સ્થાપીત હક્ક પૈકીની છે અને રહેશે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જૈનોનાં મહાન્ પુરૂષો.

રાજ્યદ્વારી, સામાજીક અને ધાર્મિક ક્ષેત્રમાં
તેઓનું સ્થાન.

નીચે દર્શાવેલ જૈન ઐતિહાસીક ગ્રંથોનાં વાંચનથી તમોને
નવુંજ જીવન પ્રાપ્ત થશે.

| | | |
|---|---|---|
| વીરશીરોમણી વસ્તુપાળ ભાગ ૧ લો. | .... | ૨-૮-૦ |
| ,, ,, ,, ૨ જો. | .... | ૨-૮-૦ |
| અણહિલ્લપુરનો આથમતો સૂર્ય (વસ્તુપાળ ભા. ૩ જો.) | | ૩-૦-૦ |
| ઉપરના ત્રણે ગ્રંથો સાથે લેનાર માટે રૂા. પાંચ. | | |
| આચાર્યશ્રી હીરવિજયસૂરી અને ધર્મ જિજ્ઞાસુ અકબર. | | ૨-૦-૦ |
| વિમળ મંત્રીનો વિજય | ( બીજી આવૃત્તિ ) | ૨-૦-૦ |
| ભાગ્યવિધાયક ભામાશાહ. | ( બીજી આવૃત્તિ ) | ૨-૦-૦ |
| પ્રતિભાસુંદરી .... .... | .... | ૧-૮-૦ |
| ગુર્જરેશ્વર કુમારપાળ સચિત્ર .... | .... | ૪-૦-૦ |
| નવસ્મરણ સચિત્ર .... .... | .... | ૨-૦-૦ |
| મહીલા મહોદય ભાગ ૧ લો. | ( ત્રીજી આવૃત્તિ ) | ૨-૦-૦ |
| ,, ભાગ ૨ જો. | ( બીજી આવૃત્તિ ) | ૨-૦-૦ |

લખોઃ—**જૈન પત્રની ઓફીસ-ભાવનગર.**

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું
સ્ટેશન રોડ—**ભાવનગર.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી શત્રુંજય પ્રકાશ અને
# જૈનો વિરૂદ્ધ પાલીતાણા.

## આ ઐતિહાસિક

બુકની હજારોની સંખ્યામાં ફેલાવો કરી શ્રી શત્રુંજયને લગતી જુની અને ચાલુ-તાજી ચટમાળથી જૈન તથા જૈનેતરોને માહેતગાર કરવાની ફરજ આવી પડી છે !

હરેકે હરેક જૈન બંધુના ગૃહમાં આ ઉપયોગી બુકને સ્થાન મળવું જોઇએ ! તેની મહત્વતા અને ઉપયોગીતા તરફ ખ્યાલ કરતાં તેનો છુટે હાથે ફેલાવો થાય ! પ્રભાવના કે લ્હાણી થાય એ ઇચ્છવાયોગ્ય છે.

છેવટ તમારા મિત્રો અને સંબંધીઓને આ બુક તરફ લક્ષ ખેંચવાને ચૂકશો નહીં ! એટલું જ નહિ પણ પોતાના ઘરના દસ્તાવેજ કરતાં પણ આ જરૂરી અને મુદ્દાવાળી બુકની સારામાં સારી રીતે સાચવણી કરવાને બેદરકારી સેવશો નહીં !

કીં. રૂ. ૧-૦-૦ વિના મૂલ્યે ગામડાઓમાં ફેલાવો કરનાર પાસેથી કોપી સોના રૂ. ૮૦). લખોઃ—

**જૈન પત્રની ઓફીસ.**
**ભાવનગર.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com